Scan OK 3/8/24
1500039

22973
22973

ગાંધી સ્મૃતિ ગ્રંથાલય
ભાવનગર

P
050
SHI-17
22973

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક



તરફથી ભેટ

આ પુસ્તક.....દિવસ સુધી રાખી શકાશે.

30 JUL 2007
04 DEC 2008
07 MAR 2009

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

વર્ષ ૧૭ | ૧૯૬૯ | :: કાર્યાલય :: દાદર, મુંબઈ ૧૪ | અંક ૧ | ફાગણ

યુદ્ધ અને બાળકો

અમારી શાળામાં બાળકો સાથે યુદ્ધ વિષયક વાતો કરતી વખતે એમ દેખાઈ આવ્યું કે ઘેર ઘેર જુદી જુદી જાતનું વાતાવરણ છે. તેનું પ્રતિબિંબ બાળકોની વાતોમાં દેખાતું હતું.

હાલ તુરત ઘણા લોકો મુંબઈ છોડીને બહાર ગામ જાય છે. તે બાબતમાં બાળકોને પૂછીએ તો કોઈ બાળક બોલી ઊઠે છે: "બેન, હવે મેળાવડો બેળાવડો રહેવા દો. હવે રજા પાડી દો; અમારે હવે ભાગી જવું છે."

બીજું વળી બોલે છે: "હવે આ મુંબઈમાં કેમ રહેવાય? અમે તો સાતારા ચાલ્યા જવાનાં છીએ."

ત્રીજું કહે છે: "બેન, હવે મુંબાઈ પર તો બૉંબ પડવાના છે. અહીં કેમ કરીને રહેવાય?"

ચોથું કહે છે: "અમને તો બહુ બીક લાગે છે. બધું બળી જવાનું છે. ચોરલૂંટારા લૂંટી લેવાના છે. હવે શું કરીશું?"

બીજી બાજુથી આમ કહેવાવાળાં પણ કોઈ કોઈ નીકળી આવે છે: "છટ! અમે નથી કયાંઈ જવાનાં. અમે તો અહીંજ રહેવાનાં." કોઈ વળી કહે છે: "બીક વળી શાની? અમને તો જરાયે બીક લાગતી નથી." કોઈ કહે છે: "શું કરીએ? અમને જવું નથી ગમતું. પણ બા લઈ જાય છે: એટલે જવું પડે છે."

સાર એ કે જે જાતની વાતો ઘરે થતી હોય ને વાતાવરણ ઊભું કરવામાં આવતું હોય તે જાતની અસર બાળકો ઉપર થયેલી દેખાઈ આવે છે. જ્યાં ઘરનાં માણસો સ્વસ્થ છે ત્યાં બાળકો પણ સ્વસ્થચિત્ત છે. ને જ્યાં ઘરનાં બીધેલાં છે, બીકની ને કાયરતાની જ વાતો કરે છે, તે ઘરનાં બાળકો પણ ગભરાઈ ગયેલાં છે.

હાલનો કાળ અત્યંત વિકટ છે. યુદ્ધ જો પોતાના ગામમાં સાચેસાચ આવે તો અત્યંત ભયંકર હાલત થઈ જશે એમાં શંકા નથી. હાલના યુદ્ધમાં સૈન્યોની વચ્ચે લડાઈ ચાલતી નથી, પણ સર્વસામાન્ય જનતા હેરાન થાય છે. તેમ જ સામસામાં શસ્ત્રો ખખડાવીને લડવાને બદલે પાણી બંધ કરવું, અનાજ બાળી નાખવું, એવી ક્રૂર રીતો ચાલે છે. આ બધું સાચું હોય તોપણ જો સાચેસાચ આપણે બારણે જ યુદ્ધ આવ્યું ન હોય તો આપણે ડરીને કાયર થઈ જવામાં શો સાર છે?

હાથમાં શસ્ત્ર લઈ લડવા જવામાં જ શૌર્યની જરૂર પડે છે તેમ નથી. હાલના યુદ્ધમાં મનની સ્વસ્થતા અને શાંતિ ન ગુમાવવામાં વધારે શૌર્યની અપેક્ષા રહે છે. એવું શૌર્ય આપણે મોટેરાંઓએ બતાવવું જ જોઈએ.

ખાસ કરીને આપણાં ઘરોમાં ને શાળામાં જ્યાં આપણાં નાનાં બાળકો છે, તેમના મનમાં બીક ઉત્પન્ન ન થાય તેવી કાળજી આપણે રાખવી જોઈએ.

બહારગામ જવું હોય તો જવું. પણ તે ગભરાઈ ગયા વગર ને બીક પેસે એવી જાતજાતની વાતો કર્યા વગર જવું. ગમે તેવા ગપાટા આપણે ચલાવવા નહિ ને બીજાં ચલાવે તેનાથી ગભરાવું નહિ. આપણાં બાળકોને ગભરાવ્યા સિવાય આપણે બધું કરી શકીએ છીએ. અને તે કરવું જ જોઈએ. આપણે સુરક્ષિતતા માટે કોઈ પણ પગલું ભરીએ તે પોતે શાંત રહીને અને ઘરનાં માણસોને શાંત રાખીને લઈ શકીએ.

ખરો સંકટકાળ, ખરી કફોડી સ્થિતિ આવે તે પહેલાં જ જો આપણે હતપ્રભ થઈને બેસીએ

તો જ્યારે સાચો વખત આવશે તે કાળે આપણે શું કરી શકવાનાં છીએ ?

અત્યારે આપણને તૈયારીનો વખત મળ્યો છે. આ વખતે માનસિક તૈયારી કરી લેવી આપણા હાથની વાત છે. આપણું ધન જાય, ઘરબાર જાય, સ્વજનો જાય, આપણે અર્ધ ભૂખ્યા રહેવું પડે અથવા બિલકુલ ખાવાનું જ ન મળે, તો યે શું ? એ બધું આપણે શૌર્યથી ને ધીરજથી સહન કરી લેશું—કરવું જ જોઈએ એવી મનની તૈયારી કરવાનો આ વખત છે. મરવું જ છે તો શૂરાનું મરણ મરીએ, કાયરની જેમ તરફડિયાં શું કામ મારવાં ?

આપણા ઉપર આપણા બાળકોની જવાબદારી છે અ ણે પોતે ધીરજથી આગામી સકટની સામે થવાની તૈયારી કરવી જોઇએ અને આપણાં બાળકોની પણ તેવી તૈયારી કરવી જોઇએ

બીજા દેશોમાં માબાપો કેવી રીતે યુદ્ધના કામમા રોકાઈ ગયાં છે, અને તેમના બાળકો કેવા દરિયાપાર એકલાં એકલાં જઈ ગભરાયા વગર રડ્યા વગર આનદમાં ભણે છે અને મોટાં થશે ત્યારે પોતે પણ કેવાં શૂરાં બનશે તેની વાતો કરે છે, વગેરે વાતો આપણે આપણા બાળકોને કહેવી જોઈએ.

જે જાતની તૈયારી કરવાનું આપણા હાથમાં છે તે બહુમોલ—અત્યત કિંમતી છે. અને તેવી તૈયારી કરવાની આપણને તક મળી છે ૯એ આપણા ભાગ્યની વાત છે. હવાઈ બેટોની જેમ એકાએક તો કોઈ આપણા ઉપર તૂટી પડયુ નથી ? આપણને જે આ સુંદર તક મળી છે તેનો ઉત્તમ ઉપયોગ કરી લેવો જોઈએ.

વળી આ તૈયારી એવી છે કે તે કર્યેથી નકામી જવાની નથી. સસારમાં જ આપણું મન રચ્યુ-પચ્યુ રહેતુ, તેમાંથી તેને જરા કાઢી લેવાની અધ્યાત્મિક તક આપણને મળી છે. અત્યત સુરક્ષિત રહેવાની જે આપણને ટેવ પડી ગઈ હતી તેને બદલે સામે મોએ સંકટ જોવાની આપણને તક મળી છે સાધુસંતો કહે છે કે રોજ મોતના ડંકા વાગે છે, આપણને તે સંભાળાતા ન હતા તે હવે સાચેસાચ મોતના ડંકા (સાયરનો) સાંભળ્યા છતા શાતિથી પોતાનુ કામ કર્યે જવાની તક મળી છે. અધ્યાત્મિક બળ મેળવવાનો વખત છે. ચાલુ યુદ્ધનો ઇતિહાસ શુ બતાવે છે ? જેમની પાસે આ બળ હતુ તેઓ જ માત્ર ટકી શક્યા છે બીજા તો શસ્ત્રાસ્ત્રો હોવા છતાં આત્મવિશ્વાસ ને મનની શાતિ ચાલી જતા, કાયરતા ને બીક પેસી જતાં, પડી ગયાં છે. માત્ર મનની શાતિ અને શૌર્ય ટકાવી રાખી શક્યા તેઓ જ પ્રતિકાર કરી શકયાં

હાલ એમ દેખાય છે કે ખાસ કરી બૈરાંઓ જ વધારે બીધા છે, તેઓ જ વધારે બીકની વાતો કરે છે ને ફેલાવે છે, અને પોતાનાં બાળકોને પણ બીવાનું શીખવે છે

ખરું જોતાં તો પ્રાચીન કાળથી પુરુષોએ શસ્ત્રો લઈને યુદ્ધમાં ભાગ લીધો છે અને વીરાંગનાઓએ મનઃશૌર્ય ટકાવી લડતને મદદ કરી છે પુરુષોને પણ શૂરાતન ચડાવવાનુ અને તેમનુ શૌર્ય ટકાવવાનુ કામ સ્ત્રીઓએ કર્યું છે.

આજના યુદ્ધમાં પણ સ્ત્રીઓ પાસે એ જ કામ છે. પોતાનુ અને પુરુષોનુ શૌર્ય ટકાવવુ અને સાથેસાથે બાળકોને કાયર ન બનાવવાં એની જવાબદારી સ્ત્રીઓ ઉપર છે

વળી બાળકોને યુદ્ધની વાતો કહેવી જ નહિ, તેમને સકટનો ખ્યાલ જ આવવા દેવો નહિ ને બધુ સુરક્ષિત જ છે એમ દેખાડ્યા કરવુ, એ રીત બરાબર નથી. અજ્ઞાનની સુરક્ષિતતા નકામી. તેથી

ઊલટો સંકટનો આંચકો વધારે જોરથી લાગે. કશી કલ્પના ન હોય ને બાળક સ્ફોટનો પ્રચંડ અવાજ સાંભળે તો ગાંડું થઈ જાય.

એટલે યોગ્ય રીતે, પૂર્ણ કલ્પના દેવી આવશ્યક જ છે. પણ તે પોતે બીધા વગર અને બાળકોને બીવરાવ્યા વગર દેવી જોઈએ.

બાળકોનાં મન કોમળ હોય છે છતાં તેમાં ઘણું સહન કરવાની તાકાત હોય છે. એટલે એ તાકાત કેળવવી રહી.

આપણે મોટેરાં ઉપર એ જવાબદારી આવી છે. એટલે આજના સમયનો લાભ લઈ આપણે બાળકને ડરપોક નહિ પણ શૂર અને સશક્ત બનાવવાની કોશિશ કરવી રહી.

માતાપિતા અને ગુરુજનો ઉપર આ જવાબદારી છે. આપણે આપણી જવાબદારી ઓળખશું?

તા.

બાલસ્વાતંત્ર્યનો આત્મા*

સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફૂર્તિ અને ઇન્દ્રિયોનો વિકાસ, એ તરફ હવે બાળ કેળવણીના હિમાયતીઓ ઠીક ઠીક ધ્યાન આપતા થયા છે. અને એ બધી રીતે ઇષ્ટ જ છે. પણ આપણે ભૂલી ન જઈએ કે કેળવણીમાં જળવાતું સ્વાતંત્ર્ય એ regulated સ્વાતંત્ર્ય હોય છે, અતંત્ર નથી હોતું. બાળકોની સ્વયંસ્ફૂર્તિ પણ શિક્ષકોએ ઉપજાવેલા વાતાવરણની પ્રેરણાને અનુસરે છે અને એની પાછળ પાછળ જાય છે. જાણે અશ્વમેધ માટે છોડેલો રાજાનો ઘોડો. અને ઇન્દ્રિયોનો વિકાસ પણ શિક્ષણ-શાસ્ત્રની દૃષ્ટિએ ગોઠવેલો અને ક્રમબદ્ધ હોય છે. બાળકેળવણી એ પોતાની મેળે વહેતો પ્રવાહ છે ખરો, પરંતુ એ નદી નથી પણ નહેર છે. વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સમાજહિત, આ બે સાર્વભૌમ જીવનતત્ત્વો વચ્ચેનો વિરોધ કાઢી નાખીએ ત્યારે જ બાળકેળવણી હાથ આવશે. જ્યાં સુધી માણસ કેળવાયેલો નથી અને પોતાનો જ શત્રુ બની શકે છે, ત્યાં સુધી વ્યક્તિ અને સમાજ વચ્ચે વિગ્રહ પેદા થવાનો અને સ્વાતંત્ર્યને નામે વખતોવખત યુદ્ધો પણ ચાલવાનાં.

સ્વાતંત્ર્યને હું જરા બીજી રીતે સમજવા માગું છું. સ્વાતંત્ર્ય એવી વૃત્તિ છે કે જેથી માણસ ન તો બીજાના દબાણ તળે આવવા તૈયાર હોય, ન બીજાને પોતાની શેહમાં રાખવા માગે, ન કોઈનાથી બીએ, ન કોઈને બીવડાવે; ન લાલચમાં ફસાઈને કોઈનો ગુલામ બને અને ન કોઈને લાલચનો ગુલામ બનાવી એનું અપમાન કરે. આવી વૃત્તિ કેળવવી એ જ શિક્ષણશાસ્ત્રનો એક મહત્ત્વનો ઉદ્દેશ હોવો જોઈએ. આવું સ્વાતંત્ર્ય જ્યાં કેળવાય ત્યાં માણસની તમામ વૃત્તિઓ નીરોગી હશે અને એનામાં સામાજિક સદ્‌ગુણોનો ઉત્તમ વિકાસ થશે.

હવે એ તો દીવા જેવું સ્પષ્ટ હોવું જોઈએ કે બાળકોમાં સ્વાતંત્ર્ય બીલવવું હોય તો કેળવણીની પદ્ધતિઓ પણ સ્વાતંત્ર્યને પોષક જ હોય. બાળકો ઉપર કોઈ પણ જાતનો દોર ચલાવીને, એને બધી બાજુથી અંકુશમાં જકડીને એને સ્વાતંત્ર્ય માટે લાયક ન જ કરાય. બીક, લાલચ

---

*[મુંબઈ ભગિનીસમાજના રજત મહોત્સવના પ્રસંગે ટી. એન. બાલમંદિર દિને પૂ. કાકાસાહેબ કાલેલકરે કરેલા ભાષણમાંથી થોડો ભાગ અહીં આપ્યો છે. —તંત્રી.]

કે અધિકારવાદનો એને પરિચય જ ન થાય એ રીતે બાળકોને કેળવવાં જોઈએ.

આજ સુધી દુનિયામાં રાજભક્તિ, ગુરુભક્તિ અને માતપિતા પ્રત્યેની ભક્તિ હઠપૂર્વક કેળવવાની સંસ્કૃતિ પ્રવર્તેલી છે. હું તો હંમેશ કહેતો આવ્યો છું કે આજ્ઞાપાલન એ બાળકોનો કે કોઈનો ધર્મ છે જ નહિ. નોકરે શેઠને વચન આપ્યું હોય, સિપાઈએ સેનાપતિને વચન આપ્યું હોય કે 'હું આજ્ઞાને વશ રહીશ', તો તે આજ્ઞાપાલન વચનપાલનના ધર્મમાંથી ઉત્પન્ન થયેલું હોય છે, સ્વતંત્ર રીતે નહિ. માબાપ અને સાચા શિક્ષકો બાળકો પ્રત્યે પ્રેમ અને આદર રાખે, એમની ઉત્તમ સેવા કરે, એટલે આજ્ઞાપાલન એ બાળકોનો સ્વભાવ થઈ જાય છે. મનુષ્યસ્વભાવની અને ખાસ કરીને બાળસ્વભાવની એ સુવાસ છે. એને આપણે ધર્મ બનાવી બગાડી ન નાખીએ. શું મારો મિત્ર મારી વાત ન માને તો હું એના ઉપર ચીડાઈ શકું છું? મારી આજ્ઞા નથી માનતો એમ કહીને કોઈ મિત્રે પોતાના મિત્ર સાથેનો સંબંધ તોડયો છે?

તો માતપિતા કે શિક્ષક બાળકો પાસેથી આજ્ઞાધારકતાની અપેક્ષા શા માટે રાખે? એ અજ્ઞાન છે તેથી? અસહાય અને આશ્રિત છે તેથી? શિક્ષકો જ્યારે નાનાં બાળકોને મારે છે અને મોટા વિદ્યાર્થીઓથી ડરીને ચાલે છે ત્યારે એવા હિચકારા શિક્ષકોને શિક્ષકોની ન્યાતમાં રાખવા કે કેમ એવી શંકા મનનાં ઉત્પન્ન થાય છે. માબાપથી કે શિક્ષકથી ડરીને ચાલનારાં બાળકો ગુલામી વૃત્તિ કેળવે છે, અસત્ય અને લુચ્ચાઈ કેળવે છે, સ્વાભાવિક સ્વમાન તેઓ જાણતાં જ નથી. દરેક પિતાએ પોતાના મનને પૂછવું જોઈએ કે હું બંડખોર દીકરાનો બાપ કહેવડાવું એ શોભે કે ઘેંશ જેવા ગુલામ બાળકોનો બાપ કહેવડાવું એ શોભે? શિક્ષકો માટે પણ એ જ નિયમ હોવો જોઈએ.

આપણે અધિકારી થવાનો પ્રયત્ન કરીએ છીએ તેથી જ માબાપ અને શિક્ષક મટી બાળકો ઉપર અમલદારનો દોર ચલાવવા માગીએ છીએ, અને બાળકોને બળીઆ સાથે બાથ ન ભીડવાનું વ્યવહારી ડહાપણ શીખવીએ છીએ. બાહ્ય અધિકાર ભોગવવામાં આપણે કેટલા ક્રૂર થઈએ છીએ એ જો શિક્ષકો સમજી જશે તો એમને સ્વાતંત્ર્યનું રહસ્ય સમજાશે. અને પછી તેમને અંદરથી ઊગી નીકળતાં વાર નહિ લાગે કે અહિંસા એ જ સ્વાતંત્ર્યનો આત્મા છે. અને તેથી બાળકેળવણીના પાયામાં અહિંસા હોવી જોઈએ એ વસ્તુ આપણે ભારપૂર્વક આગળ મૂકવી જોઈએ. કેળવણી દરમિયાન બાળકોની કોઈ પણ જાતની હિંસા ન થાય અને બાળકોને પણ કોઈ પણ જાતની હિંસાની પ્રેરણા ન મળે એટલું જો આપણે સાધી શક્યા તો કેળવણીના ક્ષેત્રમાં જગ જીત્યા. આટલું કર્યા પછી સ્વતંત્રતાના અને તેજસ્વિતાના નોખા પાઠ આપવા જ નહિ પડે. સ્વતંત્રતા કેળવવા માટે કોઈનો દ્વેષ કરવાપણું ન હોવું જોઈએ; કોઈ લોકોત્તર બહાદૂરી બતાવવાનું હોય છે એવું પણ બાળકોને ન લાગવું જોઈએ. સ્વાતંત્ર્યવૃત્તિ શ્વાસોચ્છવાસ જેટલી સ્વાભાવિક થવી જોઈએ.

આજની કેળવણીમાં અને આજના ઘણાખર શિક્ષકોમાં અધિકારવાદ હોય છે. એની સાથે ઉચ્ચનીચભાવ પણ હોય છે. એમાંથી જ દંડનીતિ અને હિંસા પરિણમે છે.

બાળકેળવણીમાં અમે સ્વતંત્રતા દાખલ કરી છે એમ કહેનારા શિક્ષકો સમાજમાં કેમ વર્તે છે એ હું બારીકાઈથી જોઉં છું. જો એ શિક્ષકમાં હું દોર ચલાવવાની વૃત્તિ જોઉં અથવા તે

એથી ઊલટું નમાલાપણું, દબ્બુપણું, ખુશામત અથવા આશ્રિતપણું જોઉં તો કેળવણીકાર તરીકે એની કિંમત હું ઝાઝી ન આંકું. પોતાનાં બાળકોને સ્વાતંત્ર્યની કેળવણી મળે એમ ઇચ્છનારાં માબાપો અને સંસ્થાના સંચાલકો પોતાનો શિક્ષકો પ્રત્યે કેવું વલણ રાખે છે એ પણ હું સૂક્ષ્મતાથી જોઉં છું. જો એમનામાં હું દોર, અધિકારલાલસા, જોહુકમી, અનાદર અથવા નરી બેદરકારી જોઉં તો હું અનુમાન કરું છું કે એમને સારા શિક્ષકો મળવાના નથી; ભૂલેચૂકે મળે તો એ ટકવાના નથી, અને ટકે તો એ શિક્ષકો ઊતરી ગયા વગર રહેવાના નથી.

ખાસ કરીને બાળકેળવણીમાં શિક્ષકો, માબાપો અને સમાજ, એ ત્રણેની વચ્ચે એકરાગ હોવો જોઈએ અને તેથી જ વખત મળતો નથી એવી ફરિયાદ કર્યા વગર શિક્ષકોએ માબાપો સાથે ભળવું જોઈએ અને સમાજને વિચાર કરતો કરવો જોઈએ.

ટૂંકામાં બાળકો માટે આપણે એક નવી જ દુનિયા ઊભી કરવી રહી. અહિંસાના આદર્શો, રિવાજો અને વાતાવરણ અત્યાર સુધી આપણે જાણ્યું જ નથી તે બાળકોને નામે, ભવિષ્યકાળને કાજે, ઉત્પન્ન કરવું રહ્યું. શિક્ષકોનો અંદર અંદરનો એકબીજા સાથેનો વહેવાર, માબાપોનો વહેવાર, બાળકોના સંબંધીઓનો વહેવાર, સંસ્થા જોવા આવનાર સજ્જનો સાથેનો વહેવાર સ્વાભાવિક, તેજસ્વી, અને સર્વકલ્યાણકારી અહિંસાથી જ પ્રેરાયેલો હોવો જોઈએ.

આજકાલનાં જાગતિક યુદ્ધોનાં વર્ણનો વાંચી દુનિયાભરની માતાઓને મનમાં થતું હશે કે ગાંડા બનીને જગતભરના યુવાનોની કચૂંબર કરવા માટે જ શું અમે અમારાં બાળકોને જન્મ આપ્યો હતો? દેશરક્ષણને અર્થે પ્રાણ અર્પણ કરવા એ ઉત્તમ છે. શરીરનો મોહ રાખી ગુલામીનું કલંક વહોરી લેવું એમાં માણસાઈ નથી. પણ શું દેશરક્ષણને અર્થે કતલ કરવાની કળા કેળવવી જ જોઈએ? કેળવણીકારોએ આનો જવાબ આપવો જ જોઈએ; નહિ તો કેળવણી જીવનવ્યાપી હોય છે એ દાવો છોડી દેવો જોઈએ. શિક્ષકો રાજદ્વારી બાબતોમાં ન પડે એ બરાબર છે કેમકે રાજકારણ કરતાં મોટું અને વ્યાપક રાષ્ટ્રનિર્માણનું કામ એમણે હાથમાં લીધું છે. પણ નાનાં બાળકો ઉપર કોઈ પણ જાતના એકાંગી સંસ્કારો ન પડે એટલા ખાતર શિક્ષકોનું જીવન અને એમના જીવનના રસો સર્વાંગીણ હોવા જોઈએ.

× × ×

તે જ પ્રસંગે શ્રી. તારાબેને જણાવ્યું કે બાલમંદિરમાં જેમનાં બાળકો જાય છે તે ભાઈબેનો તો બાલમંદિરની ઉપયોગિતા સમજતાં જ હશે. પણ હજી બાલમંદિર તરફ જોવાની વાલીઓની દૃષ્ટિ જેવી હોવી જોઈએ તેવી નથી એમ મને બધે જણાયું છે.

ફી આપીને આપણે બાલમંદિરમાં બાળકને મોકલીએ તો તેના બદલામાં બાલમંદિરે અમારાં બાળકોને જલદી ભણાવી દેવાં જોઈએ એવી આશા તેઓ રાખે છે. ઘણાંઓ કહે છે કે આ કરતાં તો અમે ઘરે ટ્યૂશન રાખીએ તો અમારું બાળક એક વર્ષમાં બે ધોરણો કરીને ઝટ દઈને આગળ જઈ શકે છે. બાલમંદિરમાં જો આટલું યે ન થાય તો તે શા કામનું?

આપણા પીઢ લોકો જાણે છે કે ઉતાવળે આંબા ન પાકે. ને છતાં બાળકોના શિક્ષણ તરફ ધ્યાન આપવું એનો અર્થ એ જ મનાય છે કે તેમને જલદી જલદી એકડો બગડો ઘુંટાવી દેવો ને જલદી જલદી વાંચતાં લખતાં કરી ચોથું ધોરણ પાસ કરાવવું.

બાલમંદિરનું ધ્યેય જુદું છે. તે નથી ઉતાવળ કરવામાં માનતું કે નથી ધીમે ધીમે કરવામાં માનતું. બાલમંદિર તો જેને જેટલો વખત જોઈ એ તેટલો પૂરતો વખત આપવામાં માને છે.

કોઈ જલદી આગળ જતું હોય તેને તેમ જવાની પૂરેપૂરી સગવડ આપે છે. અને કોઈ ધીમે ધીમે આગળ વધતું હોય તો તેમ કરી પાકે પાયે આગળ જવાની સગવડ રાખે છે. તેમાં કોઈ બાળકને નામોશી કે નિરાશા લાગતી નથી. કોઈ ને પોતે બહુ હોશિયાર છીએ એવું ગર્વ થવાનું કારણ મળતું નથી.

એ બની શકે છે એનું કારણ તો અહીં છે સ્વપ્રયત્નને અને વ્યક્તિગત વિકાસને અવકાશ. પોતાના પ્રયત્નથી બાળક આગળ વધે છે અને એકલું એકલું રમે છે. વર્ગમાં સાથે અભ્યાસ કરાવી બધાંને અભ્યાસમાં એકબીજાની સાથે રાખવાનો અજાગતો પ્રયત્ન કરવાનો હોતો જ નથી. તેથી કોઈને અઘરું પડતું નથી કે કોઈને વધારે પડતું સહેલું પડતું નથી.

બીજું અહીં એકલા અક્ષર અને અંક-શિક્ષણને જ શિક્ષણ તરીકે ગણવામાં આવતું નથી. કોઇ બાળક સાવરણી લઈને વાળે છે, કોઇ બુતાન બીડે છે, કોઈ ચિત્ર કાઢે છે, કોઈ ચોપડી વાંચે છે તો કોઇ દાખલા ગણે છે, એવું દૃશ્ય આપને બાલમંદિરમાં દેખાશે. સાથે સાથે એમ પણ દેખાશે કે બાલમંદિરના શિક્ષકો આ બધાં કામોને સરખાં જ મહત્ત્વનાં ગણી દાખલા ગણવાનો પાઠ જેટલી ગંભીરતાથી આપે છે તેટલી જ ગભીરતાથી સાવરણી લઈને કેમ વળવું એનો પાઠ પણ આપે છે.

ટૂંકમાં અહીં સર્વાંગીણ વિકાસ એ સાધ્ય છે. માત્ર બૌદ્ધિક શિક્ષણ અને તે પણ પુસ્તકિયું જ્ઞાન, એ તરફ જ ખાસ ધ્યાન રાખવામાં આવતું નથી.

મનુષ્યને મનુષ્ય બનાવવામાં અક્ષરશિક્ષણ મદદ કરે તેનાથીયે વધારે મદદ તો સ્વાવલંબનનું શિક્ષણ કરી શકે છે.

ટપ ટપ દાખલા ગણતાં આવડ્યાથી બાળકમાં મનુષ્યત્વ આવે તે કરતાં તો સ્વતંત્રતાની હવામાં ફરવાથી આવે. કોઈથી બીધા વગર, કોઈના વ્યક્તિત્વથી અંજાયા વગર, માર કે ઠપકાના ધાકથી દબાયા વગર, અંદરથી વ્યવસ્થિત થઈને બાળક ફરે તેથી તે વધારે સ્વતંત્ર બને છે.

માત્ર ટૂબલ પાસે બેસી લખલખ કરતાં શીખવા કરતાં બાળક પોતાના હાથપગ હલાવતાં ને વાપરતાં શીખે, જાતમહેનતથી કંઈ ઉપજાવતાં શીખે, પોતાની કલ્પનાથી કંઈ નવું નિર્માણ કરતું થાય એ વધારે મહત્ત્વનું છે.

એનો અર્થ એ નથી કે અહીં બાળક લખતાં વાચતાં કે ગણતાં શીખવાનું જ નથી. એ તો શીખશે જ. મારો તો અનુભવ છે કે અહીં બાળક અભ્યાસ ઉપર બહુ વહેલું ચડી જાય છે. પણ એ તો એક સ્વાભાવિક પરિણામ છે. એટલા જ માટે આ નવી શાળાનું અસ્તિત્વ નથી. ઝટઝટ ભણાવીને છોકરાંઓને નાની ઉંમરે ચોથું ધોરણ પાસ કરાવી દેવાનો આ શાળાનો ઉદ્દેશ નથી.

ઉદ્દેશ તો એ છે કે બાળક પોતાની બધી શક્તિ ખીલવી શકે એવું તેને એક સ્થાન આપવું.

મારી આપને એટલી જ વિનંતિ છે કે આ બાલમંદિરમાં શું શું ચાલે છે તે આપ ત્યાં જઈ જાણી લેશો. ઘણા લોકો બાલમંદિરને પ્રાથમિક શાળા જ સમજે છે. અહીં બાળકને મરાતું નથી; રમાડીને બાળકની સાથે મીઠું મીઠું બોલીને એને ફોસલાવીને પટાવી ભણાવવામાં આવે છે, એમ ઘણાં માને છે. સાચી વાત આમ નથી. અહીં બાળકના સર્વાંગીણ વિકાસ ઉપર નજર હોય છે. એ સ્વતંત્ર, નીડર સ્વાવલંબી, અને જાત-મહેનતમાં માનતું એવું મનુષ્ય થાય એ જાતની કેળવણી બાલમંદિરમાં અપાય છે.

બાલમંદિરોના ઉત્સવો

જીવનમાં ઉત્સવો હોવા જોઈએ; શાળાઓમાં પણ હોવા જોઈએ. તે જ પ્રમાણે બાળ-શાળાઓમાં પણ તે અવશ્ય હોવા જોઈએ.

પરંતુ આ ઉત્સવોના હેતુ શુદ્ધ હોવા જોઈએ. ઉત્સવો કરવાની રીત પણ તેવી જ સારી અને યોગ્ય હોવી જોઇએ. નહિ તો નાની દેખાતી વાતોનું ઘોર દુષ્પરિણામ આવવાનો સંભવ હોય છે.

બાલમંદિરોનું વાતાવરણ ઝરણાના પાણી જેવું સ્વચ્છ, પારદર્શક અને ને શુદ્ધ હોવું જોઈએ તેને બદલે કેટલીક વાર ખોટાં તત્ત્વો પેસી જવાથી તે સડેલું ને દુર્ગંધયુક્ત બની જાય છે. આ કારણે જ્યારે જ્યારે બાલમંદિરોમાં ઉત્સવ થાય ત્યારે ચાલકોએ અને શિક્ષકોએ ફરી ફરીથી પોતાનું મન અને વર્તન તપાસી જોવાં જોઇએ; અને પોતાનો હેતુ હોવો જોઇએ તે જ છે કે નહિ, તથા પોતાનું વર્તન તે જ હેતુ પાર પાડનારું છે કે નહિ તે જોતા રહેવું જોઇએ.

ઉત્સવનો હેતુ શો હોવો જોઇએ ને શો ન હોવો જોઇએ ?

ઉત્સવ કરવો એટલે આનંદ કરવો. ઉત્સવમાં જે જે ભાગ લે છે તે બધાં મળી આનંદ કરે, મનનો ઉલ્લાસ વ્યક્ત કરે, અને તેને પરિણામે મનની પ્રફુલ્લતા ને પ્રસન્નતા વધે. ઉત્સવમાં ભાગ લેનારી વ્યક્તિઓ એકબીજીની નજીક આવે, સહકાર્યનો આનંદ મેળવે ને તેને લીધે બધાંનો ઉત્સાહ ને સ્ફૂર્તિ વધે.

આનંદ કરવાના પ્રકારો ને રીતિઓ ભિન્નભિન્ન હોઇ શકે છે. કોઈ વાર ગાયન, વાદન, નૃત્ય, નાટકો કરીને કલાત્મક આનંદ મેળવી શકાય કોઇ વાર જમણ, ઉજાણી વગેરે દ્વારા સહજીવન ને સાથે ખાવુંપીવું, વાતો કરવી એ જાતનો આનંદ લઈ શકાય. કોઇ વાર રમતો, પ્રવાસ દ્વારા શારીરિક હલનચલનનો તો કોઈ વાર ભાષણો, વાર્તાકથન, ચર્ચાઓ વગેરેથી બૌદ્ધિક આનંદ મેળવી શકાય. આ બધા પ્રકારો મનુષ્યજીવનના વિકાસ માટે જેમ આવશ્યક છે, તેમ જ તે શાળાઓમાં પણ આવશ્યક છે.

આ જ કારણસર શાળાઓમાં ગૅધરિંગ્ઝ થાય છે ત્યારે ગાયનો, નાટકો, ભોજન વગેરે હોય છે; રમતો અને સ્પોર્ટ્સ હોય છે. ગણપતિ અથવા શરદોત્સવો થાય છે ત્યારે વ્યાખ્યાનસત્રો રખાય છે. કોઈ ધાર્મિક સ્વરૂપના ઉત્સવો હોય છે તો કોઈ મહાન્ વ્યક્તિની જયંતી કે પુણ્યતિથિઓ ઉજવાય છે.

આવી રીતે શિક્ષણનું એકાંગીપણું જાય ને બાળકના સર્વ બાજુના વિકાસને અવકાશ મળે માટે શાળાઓમાં ઉત્સવોને સ્થાન મળ્યું છે.

જે જાતનો ઉત્સવ હોય તે જાતનો આનંદ તેમાં ભાગ લેનાર સૌ લૂંટી શકે એવી યોજના હોવી જોઈએ તેમ જ તે આનંદ શુદ્ધ સ્વરૂપનો રહે અને બીજા હલકાં અથવા નકામાં તત્ત્વો તેમાં ભળે નહિ તેનું ધ્યાન પણ શિક્ષકોએ રાખવું જોઇએ.

બધાં બાલમંદિરોમાં એક વાર્ષિક મેળાવડો કરવાની પ્રથા પડી ગઈ છે.

આવા મેળાવડામાં માબાપો ને મિત્રો ભાગ લે છે. બાળકો નાટકો, રાસ, ગરબા, નૃત્ય વગેરે કરી બતાવે છે; ગીતો ગાય છે. પોતાનાં માબાપો કે સગાંઓ આવ્યાં છે તે જાણી તેમને આવડત બતાવવાની હોંશ થાય છે. જોનારાઓ પણ પ્રેમ-ભાવથી પોતાનાં બાળકોની નિર્દોષ રમતગમતો જોઇ આનંદિત થાય છે. આ રીતે આ પ્રસંગ સરસ મીઠો પ્રસંગ બની જાય છે.

પરંતુ હાલ આ પ્રકારના મેળાવડાઓમાં કેટલાં-એક અનિષ્ટ તત્ત્વો પેસી ગયેલાં દેખાય છે.

(૧) એક તો એ દેખાય છે કે આવા મેળાવડાઓમાં કિંમતી અને દેખાવડા પોશાકને મુખ્ય સ્થાન આપવામાં આવે છે. તેથી કૃત્રિમ ને બાહ્ય સાધનોથી રૂપાળા દેખાવું એ મુખ્ય અંગ બને છે.

(૨) પોશાક, દૃશ્યો, બત્તીની રચના વગેરે બધું ધંધાદાર લોકોની જેવાં કરવાના પ્રયત્નો થાય છે.

(૩) અભિનય, નૃત્ય વગેરે શીખવી શીખવી મેળાવડાઓ પૂરતાં બાળકોને તૈયાર કરવાની પ્રથા પડી છે.

(૪) સ્વાભાવિક રીતે જે બાળકોને સારું ગાતાં, નાચતાં કે અભિનય કરતાં આવડે છે તેવાં બાળકોને (show-children) પ્રદર્શનનાં બાળકો બનાવાય છે.

(૫) એક ગામમાં એક કરતાં વધારે શાળાઓ હોય છે ત્યાં એકબીજાની સાથે મેળાવડાની શોભા-ઠઠારાને અંગે (Showyness) સ્પર્ધા થાય છે અને મેળાવડાની સફળતા ઉપર શાળાની કિંમત પ્રેક્ષકો પાસે અંકાવવાની શિક્ષકોની લાલસા વધે છે.

(૬) બાળકોના કામ ઉપર શાળાને માટે પૈસા કમાવાનું યોજાય છે.

(૭) અભિનય, નૃત્ય વગેરેમાં બાળકો વચ્ચે સ્પર્ધા કરાવી તે માટે ઈનામો અપાય છે.

આ બાબતોમાં ઘણાખરા શિક્ષકો વિચાર જ કરતા નથી એવું દેખાય છે. એક કરે છે માટે બીજો કરે છે; બીજાના પ્રમાણમાં પોતાનો મેળાવડો બહુ જ સામાન્ય કોટિનો ન દેખાઈ જાય એ બીકથી શિક્ષકો તણાયા કરે છે. કેટલાંએક મૂરેપૂરી સ્પર્ધામાં જ ઊતરે છે ને પોતાની શાળાનું કામ બીજી બધી શાળાઓ કરતાં સારું જહેવડાવવાનો પ્રયત્ન કર્યા કરે છે. જ્યારે કેટલાએક પોશાક વગેરે ટાપટીપથી લોકોને આંજી નાખી સારું કહેવડાવવાનો પ્રયત્ન કરે છે.

બાળકોના હિતની લાલસા રાખનાર શિક્ષકોએ આ બાબતમાં ઝીણવટથી વિચાર કરવો જોઈએ. તથા તેઓએ એમાંથી અનિષ્ટ તત્ત્વો કાઢી નાખી બાળકો શુદ્ધ આનંદ મેળવી શકે એવી યોજના કરવી જોઇએ.

આ દરેક બાબત વિષે વિગતથી વિચારો હવે પછી આપવા ધારું છું. દરમિયાન આ વિષય ઉપર સારી પેઠે ચર્ચા થાય ને શિક્ષકોને માર્ગદર્શન મળે તે જરૂરનું છે; માટે વાચકોમાંથી જેને કંઈ લખી મોકલવું હોય તેમને તેમ કરવાની વિનંતિ છે.

તા૦

ગિજુભાઈ સ્મારક ફંડ

જાણીતા કેળવણીકાર સ્વ. ગિજુભાઈ બધેકાના સ્મારક ફંડનું કામકાજ હવે સમેટી લઈ ભેગી થયેલી કુલ રકમ ટ્રસ્ટ ફંડ તરીકે "નૂતન બાલ-શિક્ષણ સંઘ"ને સોંપવાનું નક્કી થયેલ છે, અને તે ટ્રસ્ટ ફંડમાંથી પ્રકાશન કાર્ય હાથ ધરવામાં આવનાર છે. આથી જાહેર નમ્ર વિનંતિ છે કે:—

(૧) ફંડમાં નાણાં ભરવા ઇચ્છતાં ભાઈ-બહેનોએ તથા નાણાં ભરવાનું વચન આપનાર ભાઈબહેનોએ નીચેને સ્થળે તા. ૧૦–૪–૪૨ ની પહેલાં નાણાં મોકલી આપવાં.

(૨) જેઓ ફંડનાં નાણાં ઉઘરાવવાની પહોંચ બુકો લઈ ગયેલ છે: તેઓએ માર્ચ માસની આખર પહેલાં હિસાબ અને વસૂલ થયેલ રકમ પણ પહોંચતાં કરવાં.

આ પછી સ્મારક સમિતિ હસ્તક સદરહુ ફંડનો હિસાબ બંધ કરવામાં આવશે.

તા. ૧૨–૩–૧૯૪૨

ઠે. હરીશ ટ્રેડ
એજન્સીઝ
ભદ્ર પાસે
રંગીનવાલા બિલ્ડીંગ
અમદાવાદ

ઇંદુપ્રસાદ ભટ્ટ
સહમંત્રી
ગિ. સ્મા. સમિતિ

જ્યાં જુઓ ત્યાં બાલશિક્ષણની નવી દૃષ્ટિ

સામે બંગલે અગાશીનું ધાણું તૈયાર થાય છે. આજે ત્યાં -સીમેન્ટનો રસ પાથરી દેવાનો છે. આખી અગાશીને એકે જ વખતે સીમેન્ટ ન પાથરી શકાય તો કયાંઈક કચાશ રહી જાય અને પછી ધાણું ચોમાસામાં ચૂએ. આથી આજે તો ઇજનેર હાજર છે, મુકાદમો હાજર છે, મજૂરો ખડે પગે છે, ખુદ શેઠ પણ બરાબર તકેદારી રાખે છે. આજનો દિવસ બરાબર સુધરી જવો જોઇએ, નહિતર જિંદગીનું સાલ રહી જશે. ધાણું બેસારનાર પ્રત્યેક પોતપોતાના કામમાં ચીવટવાળા દેખાય છે. સૌમાં સ્ફૂર્તિ છે, તત્પરતા છે, હોશિયારી છે; ખબરદારી છે. બપોર થયા; કામ હજુ ચાલુ જ છે. ખાવાનો સમય થઈ ગયો છે; સૌ થાકયા છે, પરસેવે રેબઝેબ છે. પણ એક જ હિસાકે જો કામ પૂરું ન થાય તો કચાશ રહી જાય એટલે કોઈને ખાવાનું સૂઝતું નથી, થાકની પરવા નથી, બીજું કામ દરેકે કોરે મૂકયાં છે.

એમ કેમ ?

કારણ કે સીમેન્ટનો સ્વભાવ એવો છે કે એકી પળે જ તેનો ઘાબો દેવાવો જોઇએ.

બાળકનો સ્વભાવ પણ એવો જ છે. બાલ્યકાળની અવસ્થા પણ એવી જ છે. તે સમય દરમિયાન તેના ઉછેરમાં, કેળવણીમાં, રમતોમાં, હરવાફરવામાં, પ્રત્યેકે તે જ ખબરદારી, હોશિયારી, ચીવટ અને ખંત રાખવાનાં છે. નહિતર કયાંઈક કચાશ રહી જ જવાની. તે અવસ્થાની સારીનરસી છાપોની અસર આજીવન જ રહેવાની.

× × ×

લુહારે લોઢું ગાળ્યું; મહેનત કરીને ગાળ્યું. હવે તેને બીવામાં ઢાળવાનું છે. શેઠ પોતે હોકો મૂકી, ગાદી છોડી, બીબા પાસે આવી ગયા. કારીગરવર્ગ તત્પર થયો. સૌ સાવધાન હતાઃ ખબરદાર, હોશિયાર.

અરે ભાઈ આમ કેમ ?

પૂછશો ના; વાત કરવાનો વખત નથી. અત્યારે ઢાળો પડે છે. બરાબર ઢાળો ન પડે તો બીબું છે તેવું રાચ ઊતરે નહિ; કરેલી મહેનત ફોગટ જાય.

બાળકનું પણ એમ જ છે.

બાલ્યાવસ્થાને પણ તે જ નજરે જોવી ઘટે. તે સમયે જો શુદ્ધ વાતાવરણની તકેદારી ન રહી, કયાંઈક ગંદકી પ્રસરી ગઈ તો પતી ગયું !

વજુભાઈ કવે.

કોણે શીખ્યું ?

ઓરડામાં કામકાજ ચાલતું હતું. કોઈ બાળકો દફ્તરપેટી પર તો કોઈ મોતીકામમાં, તો કોઈ રંગીન ધન ગોઠવવામાં, તો કોઈ ગણતરીમાં એમ રોકાયાં હતાં.

બાળકો કામ કરતાં હતાં ને હું જોતો હતો. ત્યાં મારી નજર બહાર ગઈ. એક બાળક નળવાળી નાની ટાંકી પર ઊભું હતું અને નળ ખોલીને ટાંકી સાફ કરતું હતું.

નળમાંથી પાણી ચાલ્યું જતું હતું ને એ સાફ કરતું હતું. સૌથી પહેલાં એણે ઝાડનાં પાંદડાં હતાં તે વીણી કાઢયાં ને બહાર નાખી દીધાં. તે પછી એણે પાણીવડે માટી સાફ કરી નાખી.

ચારે ખૂણેથી પગથી આમ તેમ કરી તેણે એ જગા સાફ કરીને ઓરડામાં આવી પાછું એ કામે વળગી ગયું.

મેં નળ પાસે જઈને જોયું. બધે ચોખ્ખું ને સાફસૂફ હતું. બાઈઓ કરતાં પણ સુંદર રીતે એણે એ જાતની સાફસૂફી કરી હતી.

× × ×

ઝાડ પરથી હમણાં પાંદડાં ઠીક ઠીક ખરવા માંડયાં છે. બરાબર ઓરડાનો વખત થાય છે ત્યાં તો આંગણામાં સારા પ્રમાણમાં એનો ઢગલો ખડકાઈ જાય છે. નિયમ પ્રમાણે બાઈ ઓ ઓરડા બહારની ઓટલી રોજ વાળી જાય છે, પણ તેમને આ પાંદડાંનો ઢગલો દૂર કરવાનું સૂઝતું નથી.

ઓરડામાંથી બે બાળકો સૂપડી ને સાવરણી લઈને ઊપડયાં. તેમણે સૂપડીએ સૂપડીએ પાંદડાં માંડયાં લેવાં, ને કચરાપેટીમાં નાખી આવ્યાં.

એક, બે, ત્રણ, ચાર, પાંચ એમ દસેક વાર સૂપડી ભરીભરીને એ બે બાળકો પાંદડાં નાખી આવ્યાં ત્યારે માંડ અડધાં પાંદડાં ઓછાં થયાં હશે. મારું ધ્યાન કશેક બીજે ગયું અને પછી શું કર્યું તેની ઝાઝી ખબર ન પડી. પણ થોડીવાર પછી જ્યારે હું વાર્તા માટે બહારની જગા પર બેઠો ત્યારે પાંદડાં તદ્દન ઓછાં થઈ ગયાં હતાં અને એ પાંદડાં નાખી આવનાર બે બાળકો હાથ પગ ધોઈ સાફ થઈને મારી પાસે વાર્તા સાંભળવા બેઠાં હતાં.

* * *

મને થયું જેઓ એમ કહે છે કે 'બાળકોને શિખવાડીએ તો જ આવડે.' તેમને આ દૃશ્ય જોવા મળે તો ?

આ બાળકોને કોણ શીખવવા ગયું હતું ?

સોમાભાઈ ભાવસાર

શિક્ષણ સમાચાર

ગ્રીષ્મ અભ્યાસસત્ર

શ્રી નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી એપ્રિલ મહિનાના ત્રીજા અઠવાડિયાની લગભગમાં ગુજરાતમાં એક અભ્યાસસત્ર ચલાવવાનું નક્કી કર્યું છે.

આ અભ્યાસસત્ર બે અઠવાડિયાં ચલાવવાનો ધરાદો છે. આમાં પહેલા અઠવાડિયામાં પૂર્વ પ્રાથમિક, અને બીજા અઠવાડિયામાં પ્રાથમિક શિક્ષણ વિષયક વ્યાખ્યાનો, ચર્ચાઓ, પ્રત્યક્ષ પાઠો (Demonstrations) વગેરે ગોઠવવામાં આવનાર છે.

આજે સીધેસીધું પૂર્વ પ્રાથમિકનું કામ કરનારા એટલે કે બાલમંદિરો વગેરે ચલાવનારા, તેમ જ પ્રાથમિક શાળાઓમાં યોગ્ય અને શક્ય તેવા નૂતન વિચારો અપનાવવાની ઇચ્છા ધરાવનારા શિક્ષકો માટે આ એક અમૂલ્ય તક છે.

પોતાના જ્ઞાનને તાજું કરવા, પ્રાયોગિક મુશ્કેલીઓનો ઉકેલ લેવા અને એકંદરે નૂતન શિક્ષણના મૂળભૂત સિદ્ધાંતો અને વિષયો વિષે વધુ ચોખવટ કરવાની આ એક ઉત્તમ તક છે.

ઉનાળાની રજાઓ પડ્યા પછી તુરત જ તેના અનુસંધાનમાં આ વર્ગમાં આવી શકાય છે.

અભ્યાસવર્ગની કોઈપણ જાતની ફી નથી.

ખાવાપીવાના ખર્ચ માટે સૌએ ફાળે પડતા પૈસા આપવા તૈયાર રહેવું ઘટે. એ ખર્ચ પણ અતિશય વિચારપૂર્વક અને શિક્ષકોની આવકને લક્ષ્યમાં રાખીને કરવામાં આવશે.

ઉપરોક્ત વર્ગમાં જોડાવા ઇચ્છા રાખનારાંઓએ નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.

જોડાવા ઇચ્છનારે માર્ચની ૩૧મી તારીખ સુધી માં પોતાનું નામ નોંધાવવું જોઇશે. અભ્યાસ-સત્રનું સ્થળ નક્કી કરી હવે પછી જણાવવામાં આવશે.

તારાબેન મોડક,
તંત્રીઃ શિક્ષણ પત્રિકા,
૧૧૮, હિન્દુ કોલોની, દાદર મુંબઈ ૧૪.

: ૨ :

તા. ૧–૩–૪૨ ને રવિવારના રોજ સાંજના પાંચ વાગે બાલમુકુંદ બાલમંદિર, એલિસબ્રીજ, અમદાવાદમાં શ્રી. સરલાદેવી અંબાલાલ સારાભાઇના પ્રમુખપદે, નૂતન બાલશિક્ષણ સંઘના ઉપક્રમથી સ્થાનિક શિક્ષક ભાઇબહેનોની એક સભા ગોઠવવામાં આવી હતી.

આ સભામાં બાલશિક્ષણમાં કામ કરતાં શિક્ષક ભાઇબહેનોએ ઘણી સારી સંખ્યામાં હાજરી આપી હતી.

સભામાં "હાલના સંજોગોમાં આપણું શું કર્તવ્ય હોવું જોઇએ" તે વિષય ઉપર ખૂબ સારા પ્રમાણમાં વિચારવિનિમય થયો હતો. વિચારોના અરસપરસ વિનિમયને અન્તે નીચે મુજબ ઠરાવો થયા હતાઃ—

(૧) બાલમંદિરોમાં કામ કરતાં શિક્ષક ભાઇબહેનોએ તેમની નજીકમાં જ્યાં એ. આર. પી. (A. R. P.) ના વર્ગો ખોલેલા હોય ત્યાં જઈને A. R. P. સંબંધી સંપૂર્ણ માહિતી મેળવી લેવી. તદુપરાંત 'ફર્સ્ટ એઇડ' ની પણ શક્ય હોય ત્યાંથી માહિતી મેળવી લેવી.

(૨) શિક્ષક ભાઇબહેનોને જો A. R. P. ના વર્ગોમાં જવુંઆવવું અનુકૂળ પડે તેમ ન હોય અથવા તેઓ શહેરના એવા વિભાગમાં રહેતાં હોય કે જ્યાં A. R. P. ના વર્ગો ચાલતા ન હોય તો તેવાં શિક્ષક ભાઇબહેનો માટે નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી તેવો વર્ગ ખોલવો.

(૩) A. R. P. સંબંધી સંપૂર્ણ માહિતી લઇ જે જે બાલમંદિરોમાં શિક્ષક ભાઇબહેનો કામ કરતાં હોય ત્યાં બાળકો હરપોક ન બને અને મુશ્કેલીનો સામનો કરવાનો ધર્મ સમજતાં થાય તેવી રીતે, તેઓ બાળકોને A. R. P. નું જ્ઞાન વાર્તાઓ દ્વારા આપે.

(૪) બાલમંદિરોના સંચાલકો બાળકોનાં માતાપિતાને પણ હમેશાં A. R. P. ની માહિતીથી જાગૃત રાખવા યત્નશીલ રહે.

(૫) પ્રત્યેક બાલમંદિરે A. R. P. ની મજૂર મહાજન તરફથી પ્રસિદ્ધ થયેલી અથવા બીજી જરૂરી પત્રિકાઓ મેળવી લેવી અને પ્રત્યેક બાળકના વાલીના વાંચનાર્થે અવશ્ય મોકલી આપવી.

બાદ સભા વિસર્જન થઈ હતી.

હવે વી. પી. શરૂ થશે.

એપ્રિલના પહેલા અઠવાડિયાથી જે જે ગ્રાહકોનાં લવાજમો મળ્યાં નથી તેમને રૂા. ૧–૧૨–૦ નાં વી. વી. રવાના થશે. કૃપા કરી તેઓ તે સ્વીકારી લે. **વ્યવસ્થાપક.**

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

આપત્કાળ

સંપત્કાળ મત્ત બનાવે છે.
આપત્કાળ વિચારી બનાવે છે.
સંપત્કાળ સુખચેનમાં નાદાન બનાવે છે.
આપત્કાળ જાગૃત રાખે છે.
સંપત્કાળ આળસુ ને નિરૂદ્યમી બનાવે છે.
આપત્કાળ પ્રયત્નશીલ ને ઉદ્યમી બનાવે છે.
સંપત્કાળ મિથ્યાભિમાની ને મૂર્ખ બનાવે છે.
આપત્કાળ નમ્ર ને બુદ્ધિને તેજસ્વી બનાવે છે.
મૂરખ સંપત્કાળ જવાનું દુઃખ કરતો બેઠે છે.
ડાહ્યા આપત્કાળનો સદુપયોગ કરે છે.

વર્ષ ૧૭ | :: કાર્યાલય :: | અંક ૨
૧૯૯૮ | દાદર, મુંબઈ ૧૪ | ચૈત્ર

યુદ્ધકાલીન બાળશિક્ષણ

હિંદના કિનારાપર યુદ્ધનું આક્રમણ આવી પહોંચ્યું છે. યુદ્ધ પૂર્વતરફ શરૂ થયું ત્યારથી જ સામાન્ય જનતા સુરક્ષિત સ્થળો શોધી ત્યાં ચાલ્યા જવાનો પ્રબંધ કરી રહી છે. સુરક્ષિત સ્થળ તરીકે ઘણાં લોકો ગામડાંમાં ગયાં છે. ઘણાં ગામડાં જેવાં જ ગણાતાં નાનાં નાનાં શહેરોમાં ગયાં છે. તેઓ સૌ સુરક્ષિતતાના એકજ વિચારથી દોરવાયાં છે અને તેમને માટે અત્યારે તે જ વિચાર પ્રથમ આવે એ સ્વાભાવિક છે. પણ જેમ જેમ કાળ જશે તેમ તેમ બીજી ઘણી વાતો તેમને આવશ્યક જણાયા કરશે. તેમાં પોતાનાં બાળકોનું શિક્ષણ એ એક મુખ્ય વાત થઈ પડશે.

આજે લાખો બાળકો શાળાઓ મૂકીને બહાર ગામ ચાલ્યાં ગયાં છે. અત્યારે તો ઉનાળાની રજા જ જરા વહેલી પડી હોય તેમ લાગે. એમને એમ બે ત્રણ મહિના કાઢી નાખવા હોય તો નીકળીયે જાય. પરંતુ યુદ્ધકાળ જો લંબાય ને શહેરોમાં આવવું બાળકો માટે જો સલામતી ભર્યું નથી એમ જ લાગે તો તેમના શિક્ષણનો પ્રશ્ન તત્કાળ ઉભો થશે.

આ પ્રશ્ન ઉપર અત્યારથી જ માબાપોએ પણ વિચાર કરવો ઘટે. તેમજ શિક્ષકો અને શિક્ષણ-સંસ્થાના ચાલકોએ પણ તે બાબત વિચારો કરી રાખવા જોઈએ.

એકલા બાળશિક્ષણના પ્રશ્નનો જ અહીં વિચાર કરીએ. ઘણાંઓને એમ લાગે છે કે અમારાં બાળકો તો નાનાં છે. એટલે તેમનાં શિક્ષણનો પ્રશ્ન મોટો નથી. ભલેને એકાદ વર્ષ ઘરે જ રમતાં. કેટલાંએક એમ વિચારતાં હશે કે આપણે એકાદ માસ્તરને છોકરાંઓ માટે રોકી લેશું એટલે થઇ રહેશે. એ કયાં મોટી વાત છે.

એ બન્ને વિચારો બરાબર નથી. છોકરાંઓ નાનાં છે માટે તેમનાં શિક્ષણનો પ્રશ્ન પણ નાનો જ છે એમ નથી. એક કે બે વર્ષ કે છ મહિના પણ તદ્દન ઉદ્યોગ વગર, બૌદ્ધિક કે બીજી રીતે પ્રગતિ વગર બાળકોને રખડવા દેવું સારૂં નથી. બાળકોને આવી રીતે વખત કાઢવો મહા મુસ્કેલીવાળું લાગે છે. તેમને યોગ્ય પ્રકારની પ્રવૃત્તિ ન જડે તો ગમે તેવું કામ તો તેઓ શોધી કાઢવાનાં જ. તેમનું વધતું શરીર ને મન તે માગે છે. પણ ઘણીવાર તેમણે શોધી કાઢેલાં કામો મોટાંઓને નાપસંદ હોય છે. એટલે મોટાંઓને ચિડાઈ જવાનો ને છોકરાંઓને માર ખાવાનો વખત આવે છે. એકંદરે આવી રીતે વખત કાઢવાથી બાળકોને ઘણી જ હાનિ થાય છે, ને આવી સ્થિતિ તેમને માટે ઘણી દુઃખપ્રદ હોય છે.

પોતાનાં બાળકો પૂરતો વિચાર કરી ઘરે જ આખા વખત માટે શિક્ષક રોકી લેવાનો વિચાર ઘણે ભાગે શ્રીમંતો કરે છે. બિલકુલ નહિ તે કરતાં આનાથી બાળકોનું કંઈક ઠીક થશે. પણ આ રીતમાં બાળકોને બીજાં બાળકોની સાથે હળી મળી, ધર્ષણમાં રહી, સાથે વાતો, કામો, રમતો, વિચારો કરી આગળ વધવાની તક મળતી નથી તે એક વાત અને આ રીતે પોતાનાં જ બાળકો પૂરતો વિચાર કરી એકાદ શ્રીમંત કુટુંબ એકાદ ગામમાં રહે ને આજુબાજુમાં સેકડો બાળકોની કંઇ પણ ભણવાની વ્યવસ્થા ન હોય તો તે સ્થિતિ તે શ્રીમંત કુટુંબને માટે શોભારૂપ ન જ કહેવાય.

આજને સમયે માબાપોએ ઉત્તેજન આપી પોતે રહે છે તે ગામમાં શાળાનો પ્રબંધ કરવાની મહેનત કરવી જોઇએ. પોતે ગામડામાં હોય તો

ત્યાં, નાનાં એવા ગામમાં હોય તો ત્યાં. જ્યાં હોય ત્યાં આવી નવી બાળશાળાઓ સ્થાપન કરવાના પ્રયત્ન થવા જોઇએ. આજે કેટલાંએ ગૂજરાત કાઠિયાવાડનાં અને કચ્છનાં ગામોમાં મુંબઈ અમદાવાદ જેવાં શહેરોનાં માણસો જઈ વસ્યા હશે. તેઓ પોતાનાં કુટુંબ અને બાળકો સાથે મુંબઇ અમદાવાદની બાળશાળાઓ પણ પોતાના ગામમાં લઈ જાય તો ? કેવું સરસ થાય !

શહેરોની ઘણી શાળાઓ છોકરાંઓ ન હોવાથી બંધ પડી છે. ઘણા શિક્ષકોને સેવાનિવૃત્ત થવું પડ્યું છે. આ શિક્ષકો અને આ ચાલકો પણ લોકોની સાથે તેમનાં ગામોમાં જાય ને આ બાળકોના અભ્યાસની સરસ ગોઠવણ ઉભી કરી શકે છે. પણ તે કેવી બુદ્ધિથી ? આ અવસર છે. ચાલો બે પૈસા વધારે કમાઇ લેશું એ ભાવનાથી નહિ જ. પણ જે શૂરાતન ને દેશપ્રેમથી સૈનિકો દેશ માટે લડવા જાય છે તેવી જ બુદ્ધિથી.

આજે ઘણા ડૉકટરો ને પરિચારિકાઓ, ઘણા સ્ત્રીપુરૂષો યુદ્ધકાળમાં લોકોને ઉપયોગી થવા માટે નગર સંરક્ષણ સમિતિઓએને હવાઈ હુમલાઓ સામેની કાળજી લેવા સમિતિઓમાં જોડાય અને જીવને જોખમે હવાઇ હુલ્લાઓનો જ્યાં સંભવ છે ત્યાં જ તેઓ રહે છે.

એવા લોકસેવકોનાં બાળકોનો પણ વિચાર કરવા જેવો છે. શિક્ષકો અને શિક્ષણસંસ્થાના ચાલકો જે એવાંઓનાં બાળકોની રહેવાની ને શિક્ષણની જવાબદારી ઉપાડે તો વધારે પ્રમાણમાં માણસો આવા લોકસેવાના કામમાં જોડાઇ શકે. ઘણાંઓને સાહસ ને જીવનું જોખમ ખેડવાની ઇચ્છા હોય છે. છતાં નાનાં બાળકોને સાચવવા ખાતર સુરક્ષિતતા શોધવી પડે છે. તો તેમનાં બાળકોની 'મા' અને 'શિક્ષક' થઇને તેમને રાખવાવાળા ઉભા થાય તો કેવું સારૂં !

આજે બાળકોનો શિક્ષકવર્ગ આ કામ ઉપાડીને પણ હાલના સંજોગોમાં દેશની ઉત્તમ સેવા કરી શકશે. ગામડાંઓમાં, ગામોમાં જ્યાં જ્યાં પોતાને વધુ ફાવે એમ લાગે ત્યાં બાળશિક્ષણનું કામ ઉપાડી રઝળતાં બાળકોને કામે લગાડવાં અને માબાપોને બીજી દેશસેવા માટે છૂટાં કરવાં.

નૂતન બાળશિક્ષકે તો આ કાર્ય જરૂર હાથ ધરવું. હજી સુધી પૂર્વપ્રાથમિક શિક્ષક એ સમાજનું એક આવશ્યક અને ઉપકારક અંગ છે એમ મનાયું નથી. આજે તેને આ તક છે કે જ્યારે તે પોતાની આવશ્યકતા અને લોકોપયોગિતા સિદ્ધ કરી બતાવે અને પોતાનું સ્થાન સમાજમાં મેળવી લે . આ સ્થાન તે નિરપેક્ષ સેવાથી જ મેળવી શકશે. બીજા લોકો જે રીતે યુદ્ધમાં ભાગ લઇને કે બીજી રીતે યુદ્ધકાલીન કામો કરીને આજના તબકકે દેશની સેવા કરશે–તેમાં ભૂખતરશ વેઠશે, જીવનું જોખમ વહોરશે–ટૂંકમાં દુઃખો સહન કરવા તૈયાર થશે; તેને તોલે આવે એવી સેવા નૂતન બાળશિક્ષકે આપવી જોઇશે.

દરેક અનિષ્ટમાંથી કંઈક ઇષ્ટ પણ નીકળી આવે છે તેમજ આજની અનિષ્ટ પરિસ્થિતિ ને લીધે શહેરોનાં બાલમંદિરો અને બાળશિક્ષકો જો ગામડાંમાં જાય તો એક મોટું શુભ કાર્ય થયું ગણાય. એમાં આપણા દેશનો પણ ભાગ્યોદય છે ને બાળશિક્ષકનો પણ ભાગ્યોદય દેખાય છે. આજની જેવી વિષમ પરિસ્થિતિ નિર્માણ ન થઇ હોત તો શ્રીમંતો ઉપર આધાર રાખતું શહેરીજીવન છોડીને શિક્ષકોને ગામડામાં જવાની સુમતિ કોઈ કાળે સૂઝત જ નહિ. પણ આજની પરિસ્થિતિ જે તેમને ગામડામાં લઈ જાય તો પોતાની વિદ્યાનો ગામડાનાં બાળકોને કેવી રીતે લાભ આપી શકાય તેનો વિચાર કરવાની તક તેમને મળશે. તેના પ્રયોગો કરવાનો તેમને

અવસર મળશે ને ગામડાંની સૂગ અથવા ગ્રામ-જીવનની બીક તેમનામાં હોય તે પણ નીકળી જશે. એમ થાય તો તો અનિષ્ટમાંથી ઘણું જ કિંમતી ઇષ્ટ નીકળ્યું કહેવાય.

આ વખત "મને ત્યાં કેટલો પગાર મળશે?" "હું ત્યાં ગામડામાં કેમ કરીને રહી શકીશ?" વગેરે વિચારવાનો નથી. આ તો સાહસ ખેડવા નીકળી પડવાનો મોકો છે. જે મુસીબતો સામે આવે તેને આવકારવાનો વખત છે. આજનો વખત નૂતન બાળશિક્ષકોને હાકલ કરીને બોલાવે છે. લાવો તમારા નૂતન સિદ્ધાન્તો, લાવો તમારા અનુભવો, નવા પ્રયોગો કરો. નવા અનુભવો લ્યો. રાષ્ટ્રના આ આપત્તિના કાળમાં તમારું જ્ઞાન, અનુભવ ને સેવા રાષ્ટ્રને ચરણે અર્પણ કરો.

નૂતન બાળશિક્ષકને સામાન્ય, દુન્યવી, ક્ષુદ્ર ને સ્વાર્થી ભાવનાથી પર રહી દેશસેવાના આ ક્ષેત્રમાં ઝંપલાવાની સદ્બુદ્ધિ મળો.

તા.૦

છોકરાઓ

બાલવર્ગનાં શિક્ષિકા માંદાં હતાં. બીજા વર્ગનાં બેન કહેવા આવ્યાં, "મોટાં બેન, બીજું ગમે તે કામ કે વર્ગ સોંપજો. પણ પેલો બાલવર્ગ ના સોંપતાં. એ છોકરાઓ કોઈનું માનતા નથી. સંપીને નકકી કરે છે અને વર્ગ છોડીને બગીચામાં ચાલ્યા જાય છે. આખો વખત મારામારી કર્યા કરે છે. એનાથી તો તોબા."

આગળ ઉપર મારે ત્યાં બીજીનો વર્ગ એક એવોજ હતો. એ વર્ગ લેવા કોઈ તૈયાર ન થાય.

એનું કારણ એ કે જે વર્ગોમાં છોકરાઓ વધારે હોય છે તે વર્ગ લેવો શિક્ષકોને અઘરું પડે છે. શિક્ષકો નિયમન લાવી શકતા નથી કેમકે તેઓ બળથી કામ લેવાનો પ્રયત્ન કરે છે. તેથી છોકરાઓ વધારે તોફાની બને છે. શિક્ષિકાઓ ચિડાય છે અને હતાશ બને છે; તે છોકરાઓ જાણી જાય છે. તેથી તેમને વધારે પજવવા પ્રેરાય છે.

એકંદરે જે વર્ગોમાં છોકરીઓની સંખ્યા વધારે તે વર્ગો લેવાનું સૌ પસંદ કરે છે. અને તે બરાબર છે. છોકરીઓના વર્ગો સાચે જ સીધા ને સહેલા લાગે છે. મીઠું મીઠું બોલવાનું, શિક્ષક દોરે તે રસ્તે સીધેસીધું ચાલ્યા જવાનું, અંદર અંદર કુસ્તી મસ્તી નહિ, મારામારી નહિ. લડવાડ વગેરે થાય જરાક ત્યારે અંદર અંદરજરા લડવાનું અને રડવાનું. પાંચ મિનીટ એક બીજાની સાથે વાત કરવી બંધ કરવાની. વળી એક થઈ બધી રમે ને કામે લાગે. પણ છોકરાઓનું એવું નથી. તેમનાં તોફાન મસ્તી કાંઈ જુદાં જ.

સાચે જ નવાઈ લાગે છે કે સ્ત્રીપુરૂષના સ્વભાવમાં એટલું બધું અંતર! અને તે પણ કેટલી નાની ઉમરથી દેખાઈ આવે છે!

તદ્દન નાની એટલે બે ત્રણ વર્ષની ઉમરથી છોકરાઓ વધારે હીલચાલ કરવાવાળા, મારામારી, કુસ્તી મસ્તી કરવા ઉત્સુક હોય છે. વધારે અવાજ કરવો, બૂમો પાડવી, ગડબડ કરવી એ એમને ગમે. શિક્ષકની સૂચના કોઈવાર ગણકારવી તો કોઈવાર જાણી જોઈને ગણકારવી જ નહિ. જાણીજોઈને નિયમોનો ભંગ કરી જોવો, વગેરે પ્રકારો તદ્દન નાના છોકરાઓમાં એમને દેખાય છે.

જ્યારે છોકરીઓનું તદ્દન જૂદું. સરલ ને એક માર્ગે જવાવાળી. નિયમભંગની બીક લાગે. કોઈની સાથે હડફેટમાં આવવાનું ગમે નહિ. મોટા અવાજે ગમે નહિ. તોફાન મસ્તી બહુ નહિ.

આવું છે છતાં છોકરાઓને દોરવવું પણ સહેલું છે. તેની કળ જાણવી જોઈએ.

તેમના પર જોરજુલમ તો ન જ કરવો. પણ તેમનાથી પોતે પણ બીવું નહિ.

મહત્ત્વની વાત એ છે કે છોકરાઓને સમજવા જોઈએ. તેમનું સાહસ; તેમની બંડવૃત્તિ; તેમનો વિનોદ. નિયમ છે ખરો, પણ ધારો કે તે તોડીએ તો જોઈએ કે શું થાય છે? ચાલો કરી જોઈએ, એ જાતની સાહસિકવૃત્તિ તેમનામાં હોય છે.

અવાજ કરવો ઠીક તો નહીં, પણ હવે એક વાર તો જોરથી ધુમ પાડવાજ દે. નથી જ રહેવાતું. પાડી બૂમ.

આ બે વાતો તેમનામાં ખાસ હોય છે. એક તો જાણી જોઇને ઊંધુંચત્તું કરી જોવાની વૃત્તિ અને બીજું ન રોકી શકાય એવી પ્રબળ ઇચ્છા થવી.

આપણે કહીએ, "કેમ શરદભાઈ, ન રહેવાણું? પાડી લીધી બૂમો. જાવ એકવાર બહાર બગીચામાં જઈ હજી એકવાર ખૂબ જોરથી બરાડા પાડો જોઇએ. પણ પછી અંદર આવીને શાંત રહેવાનું હોં."

શરદભાઈ એકદમ હસી પડે છે. શિક્ષકે તેની વાત જાણી લીધી ને આડકતરી રીતે તેને સહાનુભૂતિ બતાવી તેથી તેનું મન શિક્ષક તરફ ખૂબ ખેંચાય છે. શરદભાઇ બહાર જઈ એકવાર નહિ પણ બે ત્રણ વાર જોરથી બૂમો પાડે છે. પછી વર્ગમાં આવી કામે લાગે છે. તે પાછો ફરે છે ત્યારે કંઇ જ ખાસ બન્યું હોય એમ દેખાડવું નહિ પણ તેની પાસે બેસી કામ શરૂ કરાવવું. શાંત મનથી તે કામે લાગે છે. એટલું જ નહિ પણ આપણે ને તેની વચ્ચે એક આંતરિક સંબંધ ઉભો થાય છે. મૈત્રીનો તાંતણો મજબૂત થાય છે.

પોતાની ન રોકી શકાય એવી ઇચ્છા બેન જાણી ગયાં ને તેના પર કાબૂ મેળવવામાં આપણને તેણે મદદ કરી એ જાતની અસ્પષ્ટ સમજણ તેનામાં આવે છે. તેને બેનનો આધાર મળે છે, તેને જોઇતી મદદ મળવાથી તે પોતાની દુર્દમ્ય ઇચ્છાઓ રોકવામાં અધિક સફળ થતો જાય છે.

છોકરાઓ ગુન્હાઓ કરે છે, અને ઘણીવાર વધારે ને વધારે તેમાં ફસાય છે. તેનું કારણ તેમને તેમ કરવાની ઇચ્છા હોય છે એમ નથી. પણ તેમાંથી કેમ બહાર નીકળવું તે તેમને સમજાતું નથી. જોઇતી મદદ મળી શકતી નથી. તેની સાચી મુશ્કેલી જાણી તે દૂર કેમ કરાય તે બતાવનારા મિત્રની જરૂર હોય છે. પણ તે તેને મળતો નથી.

નેમને મદદની જરૂર હોય છે, પ્રેમની જરૂર હોય છે, સહાનુભૂતિની જરૂર હોય છે. અને તે કેવી રીતે? કોઈ ધર્મોપદેશકની જેમ ઉપદેશ કર્યા કરે તે તેને ગમતું નથી. કોઈ ભૂલો કાઢયા કરે તો તે વધારે ભૂલો કરવા પ્રેરાય છે. કોઈ દંડો લઈ તેનો વાંસો ભાંગી નાખવા નીકળે તો વધારે બળવાખોર બની વધારે તોફાન કરવા પ્રેરાય છે. જોરજુલમને તો વશ ન જ થઈએ એવો જાણે નિશ્ચય કરે છે.

બીજી રીતે તેમને રોકી શકતાં નથી માટે તેમના ગુન્હાઓ ઢોકી દેવાનું ઘણીવાર માતાઓ કરે છે. આવા નિર્બળ પ્રેમથી પણ કશો લાભ થતો નથી.

પણ તેમની સાચી મુશ્કેલી સમજનારા અને તેમાંથી બચવામાં મદદ કરનારા મિત્રની તેમને જરૂર હોય છે. અને એવા મિત્રને તે સાચા દિલથી આવકારે છે.

છોકરાઓના તોફાન મસ્તીને એક બીજી બાજુ હોય છે અને તે વિનોદની—ગમ્મતની.

જુઓ પેલો ચાર વર્ષનો ક્ષ "ચાલો પોત પોતાના વર્ગમાં" એમ કહીએ કે તે અંદર હોય તો દોડીને બહાર જાય છે શિક્ષિકા તેની પાછળ જાય તેની રાહ જોતો ઉભો રહે છે. ને તે બહાર આવે કે આઘો ભાગે છે. જાણે ઝાલવાની રમત રમે છે. તે વખતનો તેનો રમતિયાળ ચેહરો જોઈએ અને મનમાં ન મનમાં ચિડાઈને તેની પાછળ દોડનારી શિક્ષિકાનો દબાએલા ક્રોધવાળો ચેહરો જોઈએ એટલે આપણને હસવું આવે છે.

આવે વખતે શિક્ષિકા પણ જો ખરેખર હસી શકે ને કહી શકે કે 'તમે સાંજે આવો મારે ત્યાં' પછી જોઈએ હું તમને પકડી પાડું છું કે નહિ. અત્યારે તો મને કયાં વખત છે? હમણાં ચાલો અંદર. પછી સાંજે વાત."

ક્ષ રોજે રોજ વર્ગની બહાર દોડી જતો જરૂર અટકશે.

ઘણીવાર છોકરાઓની સાચી મુશ્કેલી શી છે તે શિક્ષકો સમજી શકતા નથી. છોકરાઓનું તોફાન ઘણીવાર તેમની સાચી મુશ્કેલીઓમાંથી ઉત્પન્ન થએલું હોય છે. જે મુશ્કેલીઓને લીધે છોકરીઓ રડવા લાગશે, શિક્ષક પાસે ફરિઆદ કરશે, એક બીજાં સાથે બોલવાનું બંધ કરશે તેવી બાબતો માટે છોકરાઓ કદંક વિચિત્ર જ વર્તન કરશે તેમની મુશ્કેલી જૂદી જ હોય પણ તેઓ કરશે; નિયમભંગ જ; નહિ તો ગંદું ગદું બોલશે; નહિ તો મારામારી, તોફાન, ભાંગતોડ કરશે; નહિ તો વડિલોને કે બીજાને ચિડવશે; એવું કાંઇક વિચિત્ર કરી બેસશે.

એવોજ એક વિચિત્ર છોકરો હતો. હમેશ ન કરવા જેવું કાંઇક કરી બેસતો. વર્ગમાં એવી શરૂઆત કરનારા પણ હમેશ એન. મેં ઘણા દિવસ સુધી એનું અવલોકન કર્યું. પછી એક દિવસ એને કહ્યું "ભાઈ, આવતી કાલથી સવારે મારે ત્યાં ગણિત કરવા આવજે."

મહિનો એક તેની પાસે બેસી તેને શું શું નથી આવડતું તે જોઈને સમજાવી દીધું. ત્યારે વર્ગમાં શું ચાલે છે તે તે સમજવા લાગ્યો. વર્ગની સાથે ગણિતના દાખલા ગણવા લાગ્યો. પણ બીજી બાજુથી અજાયબી ભર્યું પરિણામ એ આવ્યું કે તેની બધી વિચિત્રતાઓ ગઈ. ગંદુ બોલવું, રાડો પાડવી, કજીયાઓ કરવા, ને બધાંના વિચિત્ર રીતે ચાળા પાડવા વગેરે બધું આપોઆપ ચાલી ગયું. ને છોકરો તદ્દન સરસ રીતે વર્તવા લાગ્યો.

તેની ખરી મુશ્કેલી હતી ગણિત આવડતું ન હતું તે; ને તેથી વર્ગમાં બીજા છોકરાઓની સરખા મણીમાં ઠોઠ ગણાવું તે તેને ગમે નહિ એટલે ભાઈ એ આ રસ્તો શોધી કાઢેલો. ગણિત આવડયું એટલે વિચિત્રતા બધી આપોઆપ ચાલી ગઈ.

સિવાય એ વાત પણ સાચી જ છે કે છોકરાઓમાં તોફાન મસ્તી કુદરતી રીતે વધારે હોય છે. આપણી શાળાઓ અને શહેરી જીવન તેમને જોઈએ તેટલી તોફાન મસ્તી કરી લેવા દેતી નથી. છોકરાઓ થાકી જાય એટલું શ્રમનું કે શારીરિક મેહનતનું કામ તેમને મળતું નથી. ઝાડ ઉપર ચડવું, ઘરના છાપરાપર ચડવું, ઉંચે ઉંચેથી ધુપકા ખાવા, કે એવું એવું કશું તેમને મળતું નથી. શાળા તેમને ૪।૫ કલાક બેસાડી રાખે છે. ઘરમાં પણ લેસન કરવા બેસાડવામાં આવે છે. સ્વાભાવિક રીતે છોકરાઓ તોફાન મસ્તીના અવળા રસ્તાઓ શોધી કાઢે છે.

હુશિયાર શિક્ષક છોકરાઓને કામે લગાડે છે. ને છોકરાઓ તેની સાથે કેવા આનંદમાં હોય છે. તેના લેસન્સ કરવા પણ ખુશી હોય છે. જુઓ પણે સાત આઠ છોકરાઓ નાટકની વ્યવસ્થા કરે છે. ઝટ ઝટ કુંડાંઓ ઉપાડવા ટેબલો ગોઠવવા સ્ટેજપર ચડે છે, ઊતરે છે. કેટલી બધી મહેનત ચાલે છે? ને છતાં કેટલા રાજી છે! આનંદમા છે! મોટાંઓ થાકી જશે. આટલું બધું કામ કરવું પડ્યું

તેથી ચણચણે કરશે. પણ છોકરાઓ તો ઘણું બધું કામ મળ્યું તેથી જ રાજી છે. થાકશે ખરા. પણ કંટાળશે નહિ.

આ ઉમરે શાળામાં કે ઘરે રમતો પણ ખૂબ જોરદાર એવી મળતી નથી. તેમને ઘણું બધું દોડવાનું મળે, ચડવા ઉતરવાનું મળે, ખાડાઓ ગાળવાનું કે માટી ઈંટો ઉપાડવાનું મળે, સાથેના છોકરાઓ સાથે કુસ્તી, બૉક્સીંગ વગેરે મળે, તો તેમની બધી વિચિત્રતા અને વાંકાચૂંકાપણું નીકળી જશે.

સાર એ કે છોકરાઓની વિચિત્રતાઓ સમજવી જોઈએ. તેને માટે પ્રથમ તો છોકરાઓની ગંમત રમત સમજવાની શક્તિ હોવી જોઈએ.

બીજું છોકરાઓની સાચી મુશ્કેલીઓ અને તોફાનનું ખરૂં કારણ સમજી લેવું જોઈએ.

અને ત્રીજું તેમની મસ્તીની આવશ્યકતા પણ સ્વીકારવી જોઈ એ.

આ બધું સમજીને તેમની સાથે સમરસ થઇ કામ લેનાર શિક્ષક કે શિક્ષિકા જ તેમની સાથે કામ પાડવામાં સફળ નીવડે.

છોકરાઓ જુલમને આધીન થશે નહિ. મુકાદમ થઈને કોઈ કામ લેવા ધારે તો આપશે નહિ. સિવાય કે તેઓ નિષ્પ્રાણ બને. તેમની આબાજી કરી કામ લેનારા, તેમના તોફાનથી બીનારા નિર્બળ શિક્ષકને તેઓ વધારે પજવવા પ્રેરાશે.

ખિલાડૂ વૃત્તિવાળો, દૃઢ પણ પ્રેમાળ મિત્રની સાથે તેઓ સીધા ચાલે છે. તા૦

પ્રાથમિકશિક્ષણ વિભાગ

ઘરગતુ અંકશિક્ષણ

બાળકો ત્રણેક વર્ષનાં થાય છે ત્યારે તેઓ આજુબાજુના પદાર્થોનાં ગુણધર્મ સમજી લેવાનો પ્રયત્ન કરે છે. વસ્તુ ભારે છે કે હલકી, ઠંડી છે કે ગરમ, ખરબચડી છે કે સુવાળી, આનો આકાર કેવો છે, પેલાનો રંગ કેવો છે, તેનો ઉપયોગ શું છે, અમુક ચીજ પડે તો ફુટે કે નહીં આવી એક બે યા અનેક રીતે બાળકો વસ્તુ તપાસી જુએ છે અને તેમના ગુણધર્મ સમજે છે. આ અનેક પ્રકારમાં એમને વસ્તુની સંખ્યા વિષે પણ ભાન થાય છે.

બા એક પીપરમીન્ટ આપે છે. મોટાભાઈ કહે છે : " મને બે દે. નાનાભાઈને એક બસ છે", નાનું બાળક વિચાર કરે છે કે મને પણ એક વધુ ગોળી મળવી જોઇએ બાળક કહે છે, " બા મારે બે પીપરમેન્ટ જોઈએ છે."

ઘરમાં આવી અનેક વસ્તુઓ આવે છે. કેરી આવે છે, જમરૂખ આવે છે. બોર, કેળાં, બિસ્કીટ, લાડુ, પૂરીઓ બાળકોને દેખાય છે. મોટાં માણસોને તે વિષે સંખ્યાવાચક રીતે બોલતાં સાંભળે છે. નાના બાળકને આ 'સંખ્યા' તે શું તે થોડું થોડું સમજાય છે. કોઈ વસ્તુઓને એક, બે, ત્રણ એમ ગણતાં શીખે છે, વળી કેટલીકને એક, બે, ત્રણ, એમ ગણતાં નથી આવડતું. બાળક લાડુ, પુરી, રોટલી, વગેરે એક, બે, ત્રણ, ની ભાષામાં માગે છે. પણ ભાત, દાળ, શાક, દહીં, વગેરે 'વધારે' 'થોડું' ની ભાષામાં બોલવા લાગે છે. એટલે સંખ્યા કેમ ગણવી, ગણત્રી કેમ કરવી એની તેને સમજ પડતી જાય છે.

તે જ પ્રમાણે એક જ પ્રકારની વસ્તુઓને જ સાથે ગણાય તેનો પણ તેને ખ્યાલ આવતો જાય છે. તે કેળાં સાથે જ રોટલીની ગણત્રી કરતું નથી.

સારાંશ સંખ્યા એટલે શું તેની અસ્પષ્ટ પણ સમજણ તેને આવતી જાય છે, અને વ્યવહારમાં અનેકવાર સંખ્યાની પરિભાષામાં બોલવાની એને ૪૩૨ પડ્યા કરે છે.

બા કહે છે, "તમે બન્ને આ બે પાટલા ઉપર બેસો." બાળકોને બાએ શું કહ્યું તે તુરતજ સમજાય છે. ત્રીજું કોઈ આવ્યું હોય તો બાળકો કહે છે. "પણ અમારે ત્રીજો પાટલો જોઈશે. આ બેબી આવી છે ને?" આ પ્રમાણે ડગલે ને પગલે બાળકોને ઘરમાં સંખ્યાથી કામ પડ્યા જ કરે છે. અને તે કામ પુરતું સંખ્યાજ્ઞાન તેમને આપોઆપ જ થઈ જાય છે.

આ જ વખતે ઘરના માણસો જો તેને વધુ સંખ્યા શિખવે તો બાળકોને પણ તે શિખવાનો ઉત્સાહ રહે છે. તેમના વધતા જતા વ્યવહારમાં વિશેષ સંખ્યાજ્ઞાનની જરૂર તેઓને જણાય છે, આજુ-બાજુની વસ્તુઓમાં તેને એ સમજતું જતું હોય છે. બાળકો જ્યારે અઢી ત્રણ વર્ષનાં થાય ત્યારે અને જ્યારે એક, બે નો ભાષામાં ઉપયોગ કરતાં થઈ જાય છે ત્યારે અંકશિક્ષણનો હવે સમય આવ્યો છે એવું સમજી તેમને અંકશિક્ષણની શરૂઆત કરવી જરૂરની છે. યોગ્ય સમયે અને યોગ્ય પદ્ધતિએ જો અંકશિક્ષણની શરૂઆત કરવામાં આવે તો ઘણાં બાળકો વિષે તેમનું ગણિત કાચુ રહે છે તેવું બનવાને કારણ ન રહે.

અંકશિક્ષણની શરૂઆત કરવી એટલે, એક, બે, ત્રણ, ચાર..... બે એકડા અગીઆર, એકડે બગડે બાર, એમ પોપટ જેવું ગોખાવી મારવાનું નથી. તેવી રીતનું અંકશિક્ષણ તો અત્યારે ઘણાં ઘરોમાં ચાલુ છે જ. સેંકડો ઘરોમાં સાંઝને વખતે 'શાંતાકારમ્' કે 'ગીતાપાઠ' કે પ્રાર્થના જેટલું જ અને જેવું જ ધાર્મિક કૃત્ય આ 'મો પાટ' બોલવાનું હોય છે. પણ આનું નામ સંખ્યાશિક્ષણ ન કહેવાય.

બાળકો એક, બે એવી સંખ્યા સહજ પણે જ જોઈ શકે છે. તેથી જ એમની આગળ દસ સુધીની સંખ્યા પણ નજરે જોઈ શકે તેમ કરવું તેને જ સંખ્યાશિક્ષણ કહેવું જોઈએ. બાળકો જેમ વસ્તુ વિષે રંગ જુએ છે, આકાર જુએ છે, ચાખી ને સ્વાદ જુએ છે, તેમ જ ગણી જોવાનું શરૂ કરી દે છે.

માત્ર એક, બે, ત્રણ કહેવાથી તે સંખ્યા બાળકો જોઈ શકતાં નથી, અનુભવી શકતાં નથી. તેથીજ વસ્તુને 'ગણી જોવી' એ અત્યંત મહત્વનું છે. બે સુધી ગણતાં જાણનારને ત્રણ વસ્તુ ગણી લઈને ગણી બતાવવી જોઈએ. ત્રણ સુધી આવડે એટલે ને ચાર વસ્તુ લઈને ગણી બતાવવી જોઇએ.

સંખ્યા બધે સરખી જ હોય છે. ત્રણ ગોળી હોય તો બધાને તે ત્રણ જ દેખાય છે, ચાર હોય તો ચાર જ દેખાય છે. પણ ત્રણ હોય તો તેને ગણવી કેમ અને તેમાં એક ઉમેરાય ત્યારે પાછું તેને શું કહેવું તે ભાષાનો સવાલ છે. તે કાળે તો એક, બે, ત્રણ, ચાર એ માત્ર શબ્દો જ છે. એનો કશો અર્થ નથી. વન, ટૂ, બોલો કે એક, બે કહો કે બીજું કશું કહો તે બધું મૂળમાં તો એક જ છે. માત્ર ભાષા બોલતાં આવડ્યાથી સંખ્યાજ્ઞાન થતું નથી. વસ્તુ વિના—એક, બે, કે વન ટૂ, બધું સરખું જ છે. કારણ 'ચાર' એટલે શું અને 'બે' એટલે શું એ જે મુખ્ય ગણવાની વાત છે તેની ખબર વિના ખાલી શબ્દો કોઈ પણ ભાષાના હોય તો તે અર્થ રહિત જ છે. તેથી જ સંખ્યા શિખવતી વખતે વસ્તુ લઈને વસ્તુ ગણવાનું કહેવું અત્યંત આવશ્યક છે. લખોટીઓ, લાકડાના ગોળાઓ. કોડીઓ વગેરે કોઇપણ છૂટી છૂટી વસ્તુઓ ગણવામાં લઈને તે ઉપરથી એક, બે, ત્રણ વગેરે કહેવાનું શીખવવું જોઈએ.

હાથની આંગળીઓ એ જ દસ સુધીની સંખ્યા શિખવા માટે સર્વથી સગવડવાળું સાધન છે. હમેશ આપણી સાથે જ રહે છે. બાળકો ને પણ વારંવાર ગણી લેવાની સગવડ. ક્યાંઈ ખોવાઈ

ન જાય ! મોતી, કોડીઓ, લખોટીઓ વગેરે નાક, કાન, મોંમાં ભરાઈ બેસવાની બીક હોય છે. તેમ તો આંગળીઓ નાક કાન મોંમાં જાય તો છે જ પણ મોતી વગેરે જેમ અટકી જવાની તો બીક નહીં જ.

ગણવામાં માત્ર વસ્તુઓ હાથમાં લેવાથી જ કામ સરતું નથી. જેટલી વસ્તુઓ લેવામાં આવે તેટલી બાળકોને દેખાવી પણ જોઇએ. હાથમાં વસ્તુ લઈને મોઢેથી પોપટ પંખીની જેમ જ બાળકો ગણે છે. એટલે શરૂઆતથી જ દસ વીસ કોડી લઈને સીધું બોલી જાવું નહીં. ત્રણ ગણતાં આવડે પછી જ ચાર દેવી. ચાર આવડે પછી જ પાંચમી દેવી. શબ્દ અને કોડી અથવા આંગળીઓ સાથોસાથ જ વધતી જવી જોઈએ. એમ કરવાથી જ ખરેખર ચાર કોડી હોય તો જ 'ચાર' કહેવાય અને પાંચ કોડી હોય ત્યારે જ 'પાંચ' કહેવાય એવું બાળકોના ખ્યાલમાં આવે છે. નહીં તો એક, બે, ત્રણ, ચાર એમ દસ વીસ સુધી બોલી જાય છે, અને હાથમાં કોડી તેટલી જ હોય છે એવું નથી બનતું. ચાર એટલે ચાર કોડી કે ચાર આંગળી, કે ચાર બાળકો એવું સ્પષ્ટપણે બાળકના ખ્યાલમાં આવવું જોઈએ.

તેવી જ રીતે ગણવાની રીતમાં પણ ઓકસાઈ જોઈએ, એક વસ્તુ બરાબર બાળકની સામે લાવીને બતાવીને 'એક' એમ કહેવું. બીજી વસ્તુ સામે ખેંચીને જ 'બે' એમ કહેવું. આ પણ બરાબર ધ્યાન દઈને દેખાડવું જોઈએ. નહીં તો મોઢેથી એક, બે, ત્રણ ચાર એમ બાળકો બોલતાં જાય છે. જ્યારે તે જ પ્રમાણે હાથથી વસ્તુઓ ઉપાડે છે કે નહીં તેનું ધ્યાન રહેતું નથી. તેથી ફરીવાર ત્યાં પણ શબ્દ અને સંખ્યાનો સંબંધ રહેતો નથી. આમ ન થાય તે માટે મોઢેથી બોલવાના શબ્દને તાલ સાથે બોલવો અને એજ તાલની લયમાં એક એક વસ્તુ બાળક સમક્ષ સરકાવતાં જવી. "એ...ક" બે...ય, ત્ર...ણ, "ચા...ર" આમ બોલવું અને 'એ...ક' શબ્દ બોલી રહેવાય તેટલા જ સમયમાં એક કોડી સામે લેવી. આવો ક્રમ રાખવો. આંગળી ઉપર પણ આમ જ કરવું.

પ્રથમ આપણે બાળક ના હાથમાં ત્રણ કે ચાર કોડી મૂકવી અને બાળકને ઉપર કહ્યા પ્રમાણે ગણવાનું કહેવું. આપણે આંગળીઓ બતાવવી અને તે કેટલી છે તે બાળકોએ ગણી બતાવવી. આ પહેલું પગથિયું થયું. પછી કોડી અથવા આંગળી જેટલા સુધી ભૂલવિના ગણતાં આવડતી હોય તેટલા સુધી બીજી કોઈપણ વસ્તુ ગણવાનું કહેવું. દાખલા તરીકે બાળકને ચાર સુધી ગણતાં આવડતું હોય તો અને બારીને ચાર સળીઆ હોય તો બાળકને બારીને કેટલા સળીયા છે તે ગણવા કહેવું અથવા ખુરશીના પાયા કેટલા તે ગણવા કહેવું. આથી બાળક ચાર પુસ્તક, ચાર પાટલા, ચાર બાળકો આજુબાજુમાં જે કાંઈ દેખાય તેમાં, બે ત્રણ કે ચાર આપોઆપ જ ગણી બતાવશે. ઘરમાં રીંગણાં આવે તો તરત બાળક કહેશે, "કેટલાં છે તે ગણી બતાવું ?" કહીને ગણી બતાવશે. રસ્તા ઉપર મોટરો ઉભી હશે તો ગણીને કહેશે, "ત્રણ મોટર ઉભી છે." આમ જ્યાં જ્યાં સંખ્યા હશે ત્યાં ત્યાં તેને દેખાવા લાગશે. અને તે દેખાય તે માટે આપણે "આ ગણી બતાવ", "તે ગણી બતાવ" એમ કહીને તેનું ધ્યાન ખેંચવું જોઈએ.

આ પછી બીજાં પગથિયામાં એક ઢગલીમાંથી આપણે કહીએ તેટલી કોડીઓ, શંખ કે લખોટીઓ તેણે ઉપાડીને આપણને લાવી આપવી એ છે. આપણે કહીએ તેટલી આંગળીઓ ગણી બતાવવી. આ ક્રિયા બાળકોને જરા અઘરી પડે છે. સામે આવેલી સંખ્યા ગણી છૂટવું, અને બરાબર તાલ સાથે વસ્તુ અને સંખ્યા નો મેળ

કરી બોલવું એટલું સાધ્ય થયા પછી પણ ત્રીજી ક્રિયા આપોઆપ સિદ્ધ થતી નથી. તે પણ કેટલાક દિવસ સુધી વ્યવસ્થિતપણે કરાવવી પડે છે. બાળકને કહેવું, બે આંગળી બતાવ, ચાર કોડી લાવ, ત્રણ કાંકરા લાવ, પાંચ પેન્સિલ લાવ વગેરે. પહેલાં પહેલાં બાળકો મુઠી ભરી કોડી લાવી પછી ગણવા લાગે છે. પણ પછી ધીમે ધીમે તેમને ચાર કહી હોય તો ચાર પૂરી થાય એટલે અટકી, ચાર જ લઈ જવી જોઈએ એમ સમજાય છે.

આ પ્રમાણે દસ સુધીની સંખ્યા મોઢેથી શિખવવી. બે વર્ષની ઉંમરથી આ શિક્ષણ શરૂ કરવા જેવું છે. માત્ર ધ્યાન એટલું રાખવાનું કે જરાપણ ઉતાવળ ન કરતાં જેટલું આવડી શકે તેટલું જ આપવું. ઘણી વખત બે બે, ત્રણ ત્રણ, મહીના સુધી બાળકો ત્રણની આગળ જતાં નથી. તો પણ રોજ એકવાર પાંચસુધી ગણી લેવાની ટેવ રાખીએ તો ધીમે ધીમે તે શબ્દો તેના મનમાં બેસવા લાગે છે; તાલ આવતો જાય છે અને આજુબાજુ સાથેસાથે તેટલી જ સંખ્યા દેખાવા લાગે છે, સમજાવા લાગે છે. આમાં પણ કેટલાંક બાળકો આગળ પાછળ રહે એમ તો સંભવ છે જ. જેમ કોઈ બાળકો રંગના સાધનો ઉપર જલદીથી કામ કરે છે, કે વળી બીજાં કોઈ અવાજનાં સાધનો પહેલાં લે છે એમજ વળી કેટલાંક ને સંખ્યા ગણવાનો શોખ જલદી લાગે છે. તો વળી બીજાં કેટલાંક ત્રણ સાડા ત્રણ વર્ષનાં થયાં હોય છતાં 'ચાર' 'પાંચ' ની આગળ જતાં નથી.

બાળક પોતાની મેળે જ ગણવા બાબતમાં રસ ન પડવાથી પાછળ રહી જાય તો રહેવાં દેવાં. તે વિષે જરાપણ ચિંતા ન કરવી. પણ આપણે ન દેખાડયાને કારણે બાળક ગણતાં ન શીખે તેવું ન બને તે વિષે કાળજી રાખવી. જ્યાં બાળકો ૨॥–૩ વર્ષનાં જ શાળામાં આવે છે એવી શાળાઓમાં ૩॥ વર્ષ સુધીમાં ૧૦ કોડી બન્ને પ્રકારે ગણતાં આવડે એટલુ સામાન્ય રીતે થઈ જવું જોઈએ એમ સમજવું. કોઈ આથી વહેલાં ગણવાં લાગશે તો વળી બીજાં કેટલાંક ચાર વર્ષ સુધી ગણશે નહીં. એવા બન્ને છેડાના અપવાદ છોડીએ તો ૨॥ થી ૩॥ વર્ષ દરમ્યાનમાં હાથની દસ આંગળી ગણવી, ચાર આંગળીઓ બતાવ કહીએ તો ચાર ગણી બતાવવી, અથવા શેતરંજી ઉપર કેટલાં બાળકો બેઠાં છે એમ પૂછતાં ગણીને બરાબર કહેતાં આવડવામાં જરાએ હરકત નથી.

નીચેના વર્ગોમાં શિક્ષકો ઘણીવાર આ કાળ ભૂલી જાય છે અને તેને પરિણામે બાળકો ગણવામાં પાછળ રહેલાં માલૂમ પડે છે.

ઘરે ઘણીવાર એક બે ત્રણ ચારથી તે સો સુધીનું શીખવેલું સ્પષ્ટ તરી આવે છે. પણ બાળકોને સંખ્યા શું એની જરાપણ ખબર હોતી દેખાતી નથી. આ શિક્ષણ ભૂલભર્યું છે. તેને સમયે વસ્તુ લઈને ત્રણ પછી ચાર, પછી પાંચ એમ હમેશ ગણવા આપવું. પછી આજુબાજુમાં, ઘરમાં જે જે સહેજે ગણી શકાય તેવું ગણવા માટે ઉત્તેજન આપવું. અને પછી આપણે કહીએ તેટલી જ સંખ્યા ગણી લાવવી. આ ત્રણ વસ્તુ શિખવવી સહેલી છે. જરા પણ ઉતાવળ કરવી ન જોઈએ. પણ હમેશ નિયમિતપણે ગણત્રી કરાવવી.

ઘરનાં માણસોને લાગશે કે આટલું બધું કરવા માટે અમારે વખત ક્યાં છે? પણ ખરું જોઈએ તો હમેશ પાંચ દસ મિનિટ કરતાં વધુ વખત લાગતો નથી. બપોરે, રાત્રે ફુરસદના વખતે પાંચ મિનિટ લેવી. માત્ર એટલું જોવું જોઈએ કે બાળકને એમાં ગમ્મત લાગવી જોઈએ. એક અઢી વર્ષની છોકરી હમેશ રાતે સૂતી

વખતે પોતાની માશીને બોલાવી કહેતી, " ચાલો માશીબા આંગળી ગણીએ " અને પછી પથારી માં પડ્યાં પડ્યાં પોતાની, માશીની, ભાઈની વગેરેની આંગળી ગણતી. અને તે ગણવાના આનંદમાં સૂઈ જતી. આ પ્રમાણે થોડો વખત તો ગમે ત્યારે સહેજે મળી જશે. અને એટલો સમય જરૂર મેળવી લેવો. બાળકને પોતાની આજુબાજુની વાતોમાં જે કુતૂહલ, ગમ્મત, અને તીવ્ર જીજ્ઞાસા છે તેજ રીતે આ ગણત્રીનું કાર્ય પણ એક ગમ્મત જ છે.

તેજ પ્રમાણે બાળકો સાથેની વાતમાં સંખ્યા-વાચક શબ્દ વાપરવા. તે વિષે ખાસ ધ્યાન રાખી જ્યાં જ્યાં સંખ્યા વિષે બોલવું શકય હોય ત્યાં ત્યાં તે વિષે બોલવું. દાખલા તરીકે જમવાની તૈયારી કરતાં, જમતાં અને બીજી જ્યાં જ્યાં તક મળે ત્યાં ત્યાં સંખ્યાવાચક બોલવું. તેમાં કંટાળો ન ઉપજે તે લક્ષમાં રાખવું.

બીજું, બાળકોનાં રમકડાંમાં પણ ગણી શકાય એવી વસ્તુઓનાં સમાવેશ કરવો. તેમાં કોડીઓ, લાકડાંની લખોટીઓ.કાંકરા રાખવા જરૂરી છે. અને રમતમાં પણ બે બેની, ચાર ચારની ઢગલી કરતાં શીખવવું. તેથી ઘણો વખત સુધી બાળકો રમેછે. અને શિખેલું પાકું કરે છે. જમીન ઉપર કુંડાળું કાઢી આપવું અથવા લીટી દોરી આપવી અને તે ઉપર ત્રણ ત્રણ, ચાર ચાર. ગોઠવવાનું કહેવું.

આ પ્રમાણે કરવાથી ગણિતની શરૂઆત યોગ્ય કાળે અને યોગ્ય રીતે કરી એમ કહી શકાય અને તેનો લાભ બાળકોને અવશ્ય મળશે.

(ક્રમશઃ) તા૦

જાહેરાત

ગ્રીષ્મવર્ગ વિષે મારી પાસે ઘણા પત્રો આવ્યા છે અને આવે છે. સર્વે ભાઈ બહેનાનાં ઉત્સાહ બરેબર સુંદર છે.

પણ દિલગીરીની વાત છે કે આજની આવી કટોકટી ભરી પરિસ્થિતિને લીધે અને અમુક અંશે મારી પોતાની નાદુરસ્ત તબીયતને લીધે હાલ આ ઉનાળામાં ગ્રીષ્મવર્ગ શરૂ કરી શકાશે નહી.

ભવિષ્યમાં એના વિષે ચોક્કસ મહિનો અને તારીખો માટે શિક્ષણ પત્રિકા જોતા રહેશો.

તારાબેન મોડક.

આગલા અંકો

શિક્ષણ પત્રિકાના છેલ્લા પાંચ વર્ષના અંકો અર્ધી કિંમતે એટલે આઠ આનામાં બાર અંકો એ હિસાબે આપવામાં આવશે. ટપાલ બર્ચ જુદું. પાંચે વર્ષના અંકો અઢી રૂપિયામાં અને ટપાલનો રા. ૧ મળી. સવાત્રણ રૂપિયા મોકલવાથી મળશે.

પાંચ વર્ષ પહેલાંના અંકો કોઈને જોઈતા હોય તો બાર અંકના ટપાલબર્ચના આના ૪ મોકલવામાં આવે તો **વિનામૂલ્યે અંકો** આપવામાં આવશે. લગભગ ૭/૮ વર્ષનાં અંકો મળી શકશે. પહેલા વર્ષથી ૧૦ મા વર્ષ સુધી મળી શકે એટલા બધા અંકો જોઈતા હોય તો ટપાલ બર્ચના રા. ૨ મોકલી આપવામાં આવે તો અંકો મોકલવામાં આવશે.

કોઈને જૂના અંકોની ફાઈલ રાખવી હોય તો અંકો જલદી મંગાવી લેવા.

સ્વ. ગિજુભાઈ સ્મરણાંજલિ

હવે થોડીજ નકલો છે. કિંમત રા. ૨ સ્વ. ગિજુભાઈના વિદ્યાર્થીને રૂ. ૧॥ માં મળે છે. ટ. બ. જુદું. નૂતન બાલશિક્ષકે સંગ્રહી રાખવીજ જોઈએ. હજુ ન મંગાવી હોય તો તુરત મંગાવશો.

બાલ-મંદિરમાં

નોકર સાથે

દોલતરાય ને હિંમતલાલ આજે તેમના વૃદ્ધ નોકર સાથે આવ્યા હતા. નોકર આજે પહેલ વહેલો જ બાલમંદિર તેમની સાથે આવ્યો હતો.

ઓરડા કરતાં બ્હારની ગેલેરીમાં તેમને રમવાને માટે સારી હવા લાગી ને તેમણે શરૂ કર્યું. નોકર ચોપડી વાંચતો પાસે બેઠો હતો.

સામાન્ય હરવા ફરવાને દોડવામાંથી કઠેડો ઝાલીને પાળપર ચાલવાનું શરૂ થયું. નોકરને આ વાત અસહ્ય બનીને તેણે ત્રાડ નાંખી. "એમ ત્યાં કયાં જાઓ છો ? પડી જશો. જાઓ ઓરડામાં."

અવાજથી મારૂં ધ્યાન દોરાયુંને નોકર સામે જોયું એટલે તેણે ફરીઆદ કરતા અવાજે કહ્યું. "આ હરામખોરોને હેઠા બેસાડોને. ના પાડુ છું તોય અહીં ચાલે છે ને કયાંક પડશે તો વાગશે."

મેં કહ્યું "તમે મુંઝાઓમા. તેઓ નહીં પડી જાય. બાળકો એમ પડી નથી જતાં.

નોકર "અરે પણ ભાઇ આટલે ઉચેથી પડે તો લાગી જ જાયને ?

મેં કહ્યું "પણ તેઓ પડી જ જશે એમ તમે કેમ માની લો છો? તેઓ કાંઇ પડવા માટે તેના પર નથી ચાલતા તેઓ ખુશ કાળજીથી ચાલે છે. અત્યારે તો કઠેડાને ઝાલીને ચાલે છે પણ પછીથી હાથ પગનો સારો એવો કાબુ આવી જતાં કઠેડા ઉપર જ ચાલે છે ને તે પણ કાંઇ ઝાલ્યાવિના. એટલે એમને ચાલવા દેવાં.

નોકર—ભાઇ, પણ કયાંક વાગી જાય તો ઘરેથી ઠપકો મળેને.

મેં કહ્યુ—ધારો કે કદાચ ને બાળક પડી ગયું તો તરત જ ઉભું થવાનું કહીએ, વાગ્યું હોય તો દવા લગાડીએ ને ઘરે ખબર આપીએ કે જરા વાગ્યું છે તો દાકતરને બતાવી યોગ્ય કરશો" વગેરે.

ઉપરની વાતચિતથી નોકરને સમાધાન થયું દેખાયું. પણ મને વિચારે ઘેર્યો કે "શું નોકરે બધા આમ જ બાળકો સાથે વર્તતા હશે ? મા-બાપોને આ બધી વાતનો ખ્યાલ હશે ?

વિષ્ણુપ્રસાદ.

શિક્ષણ સમાચાર

૧ બાલકાન જીબારી મુંબઈ.

બાલકન જીબારી મુંબઈ ખાતે ચાલુ વર્ષ માટે નીચેની કાર્યકર્તા મંડળી નીમાઈ છે.

પ્રમુખ : શ્રી. બી. જી. બેર

ઉપપ્રમુખ : મિસિસ એમ. આર મસાની.

,, મી. એસ. એ. બ્રેલવી.

,, મિસ. પાર્વતિ ટી. ગીદ્વાણી.

સામાન્ય મંત્રી :-મિસિસ. કીર્ણા હઠીસિંહ,

મદદ મંત્રીઓ:—શ્રી. રામ. બી. માંડવાણી

સતીસ પી. દેશાઇ.

ખજનચી:—શ્રી. દુર્લભજી એનાની.

× × ×

તા. ૧૫।૩।૪૨ ના રોજ સવારના નવ વાગે શ્રી. ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળાના વિદ્યાર્થિ-ઓને પ્રમાણપત્રો આપવાનો એક સમારંભ શ્રી. મોરારજી ર. દેસાઇ હસ્તે થઇ ગયો.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

સ્વાતંત્ર્ય અને સ્વચ્છંદનો ભેદ ઘણાં માતપિતા કળી શકતાં નથી. શિસ્તઘેલાં ઘરોમાં બાળકોના હક્ક સચવાતા નથી, જ્યારે કેટલાંક ઘરોના ઢીલાપોચા વાતાવરણમાં બાળકો વધુ પડતા હક્કો ભોગવે છે. તે જ ઘર આદર્શ ઘર છે, જ્યાં બાળકો અને મોટેરાં સમાન હક્ક ભોગવે છે. તે જ શાળા આદર્શ શાળા છે, જ્યાં શિક્ષકો અને શિષ્યો વચ્ચે સમાનતા છે.

—એ. એસ. નીલ.

વર્ષ ૧૭ | :: કાર્યાલય :: | અંક ૩

૧૯૯૮ | હાદર, મુંબઈ ૧૪ ૦ | વૈશાખ

બાલમંદિરોના ઉત્સવો

બાલમંદિરોમાં ઊજવાતા ઉત્સવોમાં જે અનિષ્ટ તત્વો કોઇ કોઇ વાર દેખા દે છે તે સબંધે અગાઉ થોડુએક લખાઈ ગયું છે. અહીં એની જરા લંબાણથી વિચારણા કરીએ. એમાંનો પહેલો પ્રશ્ન ઉત્સવોમાં કિંમતી વસ્ત્રપરિધાન અને પ્રદર્શનવેડા તરફ વધારે પડતું વલણ રહે છે તેને અંગેનો આપણે તપાસ્યો હતો. વસ્ત્રપરિધાનને અંગે સામાન્ય રીતે બે જાતની ભૂલો નજરે તરી આવે છે.

એક ભૂલ એ થતી જોવામાં આવે છે કે ઉત્સવોમાં ભજવવામાં આવતાં નાટકો કે યોજાયેલાં નૃત્યોમાં બાળકોને પણ આપણા મોટેરાંઓનાં નાટકો વગેરેમાં રાખીએ છીએ તેવા આબેહૂબ પહેરવેશ પહેરાવવાનો પ્રયત્નઆગ્રહ ધરવામાં આવે છે. બાળકોનાં નાટકોમાં પાત્રોનો પોશાક એકાદ બે સૂચક ચિન્હોના વપરાશમાં સમાઈ જવો જોઈએ. જેમ કે ટપાલીના વેશ સારુ ખભે કોથળી, સિપાઈના વેશ સારુ કમરપટ્ટો અને તેમાં ભરાવેલી ટૂંકી લાકડી, રાજા હોય તો મુગટ અથવા ડોશીના વેશ માટે માથે ઓઢણું અને હાથમાં લાકડી લઈ જરા વાંકા ચાલીએ એટલે આવી ગયું. એને બદલે ધંધાદારી નાટક કંપનીઓની પેટે દરેક પાત્ર સારુ જે સંપૂર્ણ વેશનો વિચાર કરીએ તો તેમાં નિષ્ફળતા મળવાનો સંભવ વધારે છે. વળી એ બધું તૈયાર કરવામાં ખૂબ મહેનત કરવી પડે છે. સિવાય બાળકો પણ નવા વેશને અંગે વધારે પડતાં કાળજીવાળાં–જાગૃત થઈ જતાં હોવાથી તેઓ સ્વાભાવિક હાવભાવ તથા શું બોલવું વગેરે ભૂલી જાય છે. ઘણી વાર તો એ કપડાંની સંભાળ લેવામાં જ ગૂંથાઈ જાય છે. બાળકોનાં નાટકોમાં વપરાતા પોશાક પાત્રોની ઓળખાણ કરાવી શકે એટલા પૂરતા સૂચક હોય તો બસ થઈ રહે કાર્ટૂન એટલે વ્યંગચિત્રોમાં જેમ વ્યક્તિનું મુખ્ય અંગ મોટું દર્શાવી એની ઝટ ઓળખાણ થાય એવી યોજના હોય છે, તેવું જ બાળનાટકો અંગે યોજી શકાય. બાળકો સહેલાઈથી સંભાળી શકે અને જે પહેરવાથી બાળકોના મનમાં નવીનતાની જાણ ઓછી રહ્યા કરે એવા પહેરવેશ બાળનાટકોમાં રાખવા જોઈએ. બાળનાટકોનો ખરો આનંદ આવા સૂચક પહેરવેશમાં જ છે. નિશાળનાં થોડાં સાધનોમાંથી જોઈતાં હાથ લાગે તે સાધનો વાપરી લઈ નાટક યોજવામાં જેમ બુદ્ધિકૌશલ્ય રહેલું છે તેમ તેમાં આનંદ પણ સમાયેલો છે. હરણ બતાવવા સારુ સાચેસાચાં શીંગડાં રાખવાને બદલે શીંગડાં જેવાં બે સાદાં પાંદડાં અથવા શીંગો રાખવાથી ઓર મજા આવે છે. બેસવાનાંર પાથરણાં ઓઢી લઈ ચોર બનેલાં. પાત્રો વધારે શોભે છે. ટૂંકમાં નાટકોમાં પહેરેવેશમાં સૂચકપણાને પ્રધાન અંગ લેખવું જોઈએ; સાચેસાચાં અથવા આબેહૂબ કપડાંનો આગ્રહ ગૌણ કરી દેવો જોઈએ. આમ કરવામાં એ હેતુ પણ છે કે બાળકોનું ધ્યાન બોલવા ચાલવા તરફ અને અભિનય તરફ વધારે જાય. કપડાંનો ઠઠારો કરવાથી એને સંભાળવા તરફ વધારે ધ્યાન જાય છે અને પરિણામે અભિનય કરવો અથવા શું અને કેમ બોલવું તે બાળકો તદ્દન ભૂલી, જાય છે, તેમ થવું ન જોઈએ.

બાળનાટકોમાં બીજી ભૂલ વેશપરિધાન અંગે એ થાય છે કે નાનાં બાળકોને શણગારીને મોટેરાંઓ પોતાનું દૃષ્ટિસુખ માણવાનો લહાવો લે છે. શાળાની સુંદર દેખાતી નાની બાલિકા અથવા બાળકને કૃષ્ણ બનાવવાની પ્રથા આજકાલ જ્યાં ત્યાં નજરે પડે છે. પીતાંબર, ગળામાં કંઠો અને માળાઓ તથા માથે મોરપીંછ સાથે હાથમાં

વાંસળી આપી કૃષ્ણ બનાવવાનું, અથવા નાની નાની બાળકીઓને પરીઓ અથવા દેવીઓ બનાવવાનું, ચોટલાના વાળ લાંબા છૂટા મૂકી માથે ફૂલમાળાઓ વીંટવી વગેરે અનેક રીતે બાળકબાલિકાઓને શણગારી સુંદર દેખાડવાનો પ્રયત્ન ઘણા શિક્ષકો કરે છે. સિવાય ચાલુ નાટકોમાં થાય છે તેમ મોં ઉપર રંગ લગાડવો તેમ જ હાથ, પગ, હોઠ વગેરે લાલ અળતાથી રંગવા વગેરે કૃત્રિમ શોભનોનો ઉપયોગ પણ બાળકોનાં નાટકોમાં છૂટથી કરવામાં આવે છે.

બેશક બાળકોને નવાં નવાં કપડાં અને શણગાર સજવા બહુ જ ગમે છે. સિવાય નાનાં બાળકોને આ રીતે શણગારાયેલાં જોવામાં મોટેરાંઓને પણ અદ્‌ભુત આનંદ થતો હોય છે, એ પણ એટલું જ સાચું છે. પણ આ બધી બાબતોમાં અતિશયતા થાય તે યોગ્ય છે. બાળનાટકોમાં જેમ સુંદર દૃશ્યો આવશ્યક છે તેમ જ શોભીવંતાં કપડાં–પહેરવેશ એ પણ એટલું જ આવશ્યક અંગ છે. પરંતુ એનો અર્થ એવો નથી કે ઉત્સવો માટે ખાસ પોશાક તૈયાર કરાવવો જ જોઈએ. સામાન્ય રીતે બાળકો પોતાને ત્યાં સારે અવસરે પહેરવા સારુ જે કપડાં રાખે છે તે બસ ગણાવાં જોઈએ.

આને અંગે શાળાઓ તરફથી માબાપોને માર્ગદર્શન આપવાની જરૂર હોય છે. ઉત્સવો અથવા સમારંભો વખતે યોજાતાં નાટકો, નૃત્યો, રાસ વગેરેમાં હાલ નાટકિયા પદ્ધતિનાં ચળકતાં અને પાંખાં કપડાં ઓઢણીઓ વગેરે વાપરવાનો રિવાજ થઈ પડયો છે. તેને બદલે ખરેખરી કલાની દૃષ્ટિએ સુંદર ગણાય એવાં જૂનાં ભરત ભરેલાં અથવા સાચી કોરનાં રેશમી કપડાં વાપરવાનું જો સૂચવીએ તો ઉત્સવોમાં સૌંદર્ય સાથે ગાંભીર્ય પણ જળવાઈ રહે.

ઘણી વાર પૈસાદાર માબાપોની બાબતમાં એવું બને છે કે બાળકોનાં કપડાંની પસંદગી તેમના પર છોડી હોય ત્યારે તેઓ અતિશય કિંમતી પોશાક તૈયાર કરાવે છે. અને સ્વાભાવિક રીતે જ બીજાં બાળકોની સરખામણીએ તે વધારે પડતાં ઉઠાવદાર બને છે. એટલે એવાં માબાપોને પણ શાળા તરફથી સ્પષ્ટ માર્ગદર્શન મળવાની આવશ્યકતા છે.

શાળામાં યોજાતાં નાટકો–ઉત્સવો દ્વારા બાળકોની કલાવૃત્તિનો વિકાસ જરૂર થાય છે; તેમને નિર્દોષ ગમ્મત અને આનંદ મેળવ્યાનો સંતોષ પણ થાય છે. એ યોગ્ય જ છે. પરંતુ એને પરિણામે નાટકિયાપણું, ભપકો કરવાની જ હોંશ, અને પોતાની સુંદરતા વિષે મનમાં સતત જાગૃતિ જો બાળકોમાં જન્મે, અથવા પોતાના આકર્ષક સ્વરૂપને કારણે બીજાંને પોતે આંજી શકે છે એવો ખ્યાલ જો તેમનામાં જન્મે તો તે યોગ્ય નથી. ઘણી શાળાઓમાં બાળકોને એવું જ ઠસી ગયું હોય છે કે જેઓ દેખાવે સ્વરૂપવાન હોય અથવા જેઓ ઘેરથી સરસ પોશાક આણી શકે તેવાં હોય તેમને જ ઉત્સવોમાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવે છે. તેમના મન પર પડેલી આવી છાપમાં સત્યાંશ પણ રહેલો છે, કેમ કે ઘણા શિક્ષકો બાળકોના નૈસર્ગિક સ્વરૂપ અને શોભીતા પોશાકોની મદદ લઈ પોતે યોજેલા ઉત્સવો સુંદર કરી બતાવવાની સસ્તી સફળતા મેળવવાનો પ્રયત્ન કરે છે એ નિઃશંક વાત છે. કેટલાંએક બાલમંદિરોમાં કુમળી વયનાં બાળ–બાળકીઓને સુંદર સુંદર કપડાં પહેરાવી નૃત્ય માટે ઊભાં કરવામાં આવે છે. એવાં બાળકોનાં નૃત્યોમાં તો તાલ, કે સૂરનો કશો મેળ હોતો નથી. શરીરોના હાવભાવમાં પણ મોહકતા ક્યાંથી આવે? પણ નાનાં નાનાં સુંદર દેખાતાં બાળકોને શોભાવાળાં કપડાં પહેર-

વવામાં જ શાળાના સંચાલકો લોકો પાસેથી ધન્યવાદ–તાળીઓ પામે છે.

ટૂંકમાં ઉત્સવોને અંગે વાપરવાના પોશાકો અને અન્ય શોભા શણગારોની બાબતમાં શિક્ષકોએ નીચેની બાબતો વિષે કાળજી રાખવાની જરૂર છેઃ—

(૧) અભિનય અને ભાષણો, નૃત્યમાં અંગ-વિક્ષેપ અને તાલ, સૂરનો સુમેળ તથા ભાવ એ બાબતો જ મહત્ત્વની ગણવી. પોશાક તો આ બધી મુખ્ય બાબતોને પોષક, પૂરક અને સૂચન કરવા અર્થે જ ગણવો.

(૨) પોશાક અથવા શણગાર એવા અને એટલા પ્રમાણમાં વાપરવા કે બાળકોને હાલચાલ કરવામાં અને હાવભાવ દર્શાવવામાં અડચણકર્તા થાય નહિ.

(૩) શણગારો એટલા જ યોજવા કે બાળકો પોતાની જાત વિષે જાગૃત રહે તે કરતાં લીધેલો પાઠ–પાત્રની ભૂમિકા બરોબર ભજવવામાં એકતાન થઈ જાય.

(૪) પાત્રની વિશિષ્ટતા ઓળખાઈ જાય એવો સૂચક પોશાક બસ છે. આવી બાબતોમાં પાત્રોનો પોશાક સંપૂર્ણ રીતે અસલના જેવો જ બનાવવાને આગ્રહ ન રાખવો.

(૫) કલાની દૃષ્ટિએ, કોઈ ખાસ કલ્પનાને તાદૃશ બડી કરવા અર્થે અથવા વિશિષ્ટ રંગસુમેળ સાધવા સારુ ખાસ પોશાકો તૈયાર કરવા આવશ્યક હોય ત્યાં પણ એનાં ભારે ખર્ચો શાળા અથવા વાલીઓને કરવા ન પડે, વિના કારણ નવાં નવાં વસ્ત્રો વારંવાર તૈયાર કરાવવાં ન પડે એ ધ્યાનમાં રાખવું.

(૬) કલાની ઉપાસનામાં કોઈ રીતનો અંતરાય આવવો ન જોઈએ એમ ઘણા લોકો માને છે. કાયમ સ્વદેશી ચીજો જ વાપરનારા માણસો પણ આવે પ્રસંગે એ ભાવનાને જતી કરવા તૈયાર થઈ જાય છે. આપણે કલાની સાચી ઉપાસના શામાં રહેલી છે એ ઓળખતાં શીખવું જોઈએ.

આજે બાળકોના ઉત્સવો નાટકિયા રીતે ઊજવવા, તેમ જ એ ઉત્સવોમાં મોટી ઉંમરના પ્રેક્ષકવર્ગનું રંજન કરવા અર્થે નાનાં બાળકોનું પ્રદર્શન માત્ર કરવા તરફ શાળા–સંચાલકોનું વલણ જતું દેખાય છે. આ ભૂલમાંથી યોગ્ય સમયે જ ચેતવાની અને અટકવાની જરૂર છે. તા.

વિશિષ્ટ બાળકો

જે શાળાઓમાં વ્યક્તિશિક્ષણની પદ્ધતિ અખત્યાર કરવામાં આવી હોય છે ત્યાં કેટલાંએક વિશિષ્ટ બાળકો જડી આવે છે. એમના વિકાસને સારુ ખાસ સ્વતંત્ર ઉપાયયોજના કરવી પડે છે. સામાન્ય સમૂહને માટે ચાલતી રીતિ એમનામાં કારગત નીવડતી નથી. આવાં વિશિષ્ટ બાળકોની બાબતમાં શિક્ષકે વધારે જાગૃત રહેવાની તથા તેમને સારુ વખતસર યોગ્ય ઉપાયો હાથ ધરવાની આવશ્યકતા રહે છે.

ઘણી વાર આ બાબત ઝટ શિક્ષકોના ધ્યાનમાં આવતી નથી. એકંદરે વર્ગનો વિકાસ જોતાં તે સારો થઈ રહ્યો હોય એમ પણ દેખાય છે. પણ તેમાં કોઈ બાળક જરાય પ્રગતિ કર્યા વિનાનું રહી જાય એવું પણ બનતું હોય છે. જો શિક્ષક તેના તરફ ધ્યાન ન આપે તો ઘંટીના ગાળામાં દાણા ભરાઈ રહે તેમ તે પોતાની જ જગામાં સ્થાનબદ્ધ રહે છે. આવાં બાળકો વિષે હાથ ધરવાના માર્ગો પૈકી એક બહુ અગત્યનો નીચે બતાવ્યો છે.

દરેક શિક્ષકે પોતાના વર્ગના દરેક બાળકની પ્રગતિનોંધ દર અઠવાડિયે લખતા જવી જોઈએ. આવી અઠવાડિક નોંધ સાચી પુરાય તે સારુ જરૂરનું જણાય ત્યાં ચાલુ વર્ગે લખી લીધેલી કાચી નોંધો તથા દૈનિક નોંધો પણ લખી રાખવી જોઈએ.

એવું બને છે કે નોંધ લખવા માંડીએ ત્યારે કેટલાંક બાળકો પરત્વે શું લખવું તે જ સૂઝતું હોતું નથી. એમ પણ જણાય છે કે અમુક બાળકે કશું જ કર્યું નથી. કોઈ વાર બાળક એકાદ કામ હાથમાં લઈને બેસી જ રહે છે—તેને પંપાળ્યા કરે છે એમ લાગે. ટૂંકમાં બાળક કશું કરતું હોતું નથી.

આવું બને તે કિસ્સાને અંગે બીજા દિવસથી રોજ રોજ નોંધ લખવાની શરૂ કરી દેવી. એમ કરવાથી અઠવાડિયાને અંતે બાળક ખરેખર હતું ત્યાંનું ત્યાં જ અપ્રગતિશીલ રહ્યું છે કે કેમતે જણાઈ આવશે.

બાળકે કશી પ્રગતિ કરી નથી એવી ખાતરી થાય એટલે તેનાં કારણો શોધી તેને માટેના ઉપાયો યોજવા જોઈએ, અને તેમની રૂંધાયેલી ગતિને ચાલના આપવી જોઈએ.

આવાં વિશિષ્ટ પ્રકારનાં બાળકોને અંગેના અનુભવો નીચે આપ્યા છે; આશા છે કે આ અનુભવો અન્ય શિક્ષકભાઈઓને માર્ગદર્શક થશે.

(૧)

ક બાલમંદિરમાં આવે છે. બહાર જ રેતીમાં રમે છે; બાગમાં અહીંતહીં ફરે છે, દોડે છે, કૂદે છે, હસે છે, રમે છે. નાસ્તાના વખતે અંદર આવી સૌ સાથે બેસે છે ને નાસ્તો પૂરો થયા પછી ઘેર જાય છે.

ઘણા દિવસો સુધી કનો આ જ નિત્યક્રમ રહ્યો. તેની પ્રગતિનોંધ આ પ્રમાણે હતી:—

ગણિત–લેતો નથી.
ઇંદ્રિયશિક્ષણ–સાધનોને અડતો નથી.
શીવણ–ના.
ચિત્રકામ–ના.
માટીકામ–ના.
સાફસૂફ–કહીએ તો કરે છે.
વ્યવસ્થા–નથી.
રમત–રમ્યા જ કરે છે.

બારથી રમતમાં તે શું શું રમે છે તેની નોંધ લેવાનું શરુ કર્યું. એ પરથી જણાયું કે રેતીમાં ને કોઇ વિશિષ્ટ પ્રકારની રચના કે બાંધકામ કરવામાં ગૂંથાયેલ નથી રહેતો. માત્ર રેતી નાના તગારામાં ભરી અહીંથી તહીં લઈ જઈ ઢગલો કરવો એટલો જ તેનો વ્યવસાય રહે છે.

ક કશું જ કરતો નથી એ સ્પષ્ટ થયું. રેતીમાં તે રમે છે તેમાં તે કોઈ જાતનું કામ કરવા ઇચ્છતો નથી; માત્ર વખત પસાર કરવા ચાહે છે.

કારણની શોધ કરતાં જણાયું કે ક ની હાજરી તે પહેલાંના છ મહિનાં બાલમંદિરમાં બહુ અનિયમિત હતી. વચ્ચે બે મહિના બહારગામ પણ જઇ આવેલ. ઘેર મહેમાન આવેલા તેથી. પણ થોડા દિવસ તેને બાલમંદિરમાં જ આવવું ગમતું નહિ; આથી અઠવાડિયામાં બે દિવસ આવે તો બે દિવસ ઘેર રહે; વળી આવે વળી ઘેર રહે એવું બન્યા કરતું. પછીથી એક પખવાડિયું માંદગી આવી ને બાલમંદિરમાં આવવું છે કે અટકી પડેલું. સાર પછી આવવાની શરૂઆત કરી ત્યાં બાલમંદિરમાં લાંબી રજા પડી અને એ રીતે એને બાલમંદિર તરફ અભિમુખ થવાનો અવસર જ મળ્યો નહોતો.

તેના વર્ગની સરાસરી ઉંમર કરતાં તે આજે જરા ઉંમરમાં વધારે છે. વર્ગની સરાસરી ઉંમર ૩ વર્ષ ૯ મહિના છે જ્યારે આ બાળકની ઉંમર ૪ વર્ષ ૧ મહિનાની છે.

પત્રવ્યવહાર વખતે ગ્રાહકો રેપર ઉપરનો પોતાનો ગ્રાહક નંબર લખવાની કૃપા અવશ્ય કરે.

સાધનો વાપરેલાં નહોતાં એટલે એક પણ સાધન વિષે કશી માહિતી નહોતી. શિશુવર્ગના કામમાંથી પસાર થયેલ ન હોવાથી આ બીજા સત્રમાં એ જ વર્ગમાં રાખેલ હતો પણ એ તો નામ પૂરતું. વર્ગમાં એણે ચાલુ કામે કદી પગ માંડ્યો ન હોતો !

ઉપાય

ક ને બીજા વર્ગની શિક્ષિકાને સ્વાધીન કરવામાં આવ્યો. બાલમંદિરમાં એ વર્ગ મેડા ઉપર બેસે છે, અને એની બાજુમાં ગેલેરી છે. ત્યાં કનું ટેબલ ગોઠવી આપ્યું. શિક્ષિકાએ એને ત્યાંજ કાંઈક કામ આપવાની શરૂઆત કરી. તેને મનગમતાં કામોમાં ચોકથી દોરેલાં ચિત્રોની રેખા ઉપર કોડીઓ ગોઠવવી, વર્ગનું ભોંયતળિયું અને સામાનની સાફસૂફી કરવી અને ચિત્રમાં પુસ્તકોમાંથી આ કલાણાનું ચિત્ર છે એમ કહેવું એ ત્રણ મુખ્ય હતાં. એમાં પણ સાફસૂફીનું કામ તેને અતિશય ગમતું હતું. પોતાની ગેલેરી અને બીજાના વર્ગની સાફસૂફીથી તેને તૃપ્તિ થતી ન હોતી. એટલે આગળ વધી પહેલીના વર્ગની ભોંય સાફ કરવાનું કામ પણ તેણે કરવા માંડ્યું હતુ.

ભાઈને કામ કરવાનું મળ્યું અને એથી એકાગ્રતા આવવા લાગી. એથી એ પ્રસન્ન દેખાવા લાગ્યો. તેના મોં પર આનંદ અને ઉલ્લાસ તરવરવા લાગ્યો. શિક્ષિકાનો અંગત મંત્રી હોય એમ તે તેનાં બધાં કામ ઉમંગથી કરવા લાગ્યો.

ધીમે ધીમે શિક્ષિકાએ શિશુવર્ગનાં કેટલાંક સાધનો ત્યાં આણીને તેની પાસે ધર્યા. અક્ષરો આણ્યા અને ચિત્રકામની પણ શરૂઆત કરી. અક્ષરો અને ચિત્રકામ તેને વિશેષ ગમ્યાં. રેતીમાં જવાનું લગભગ તે વીસરી જ ગયો.

બેએક મહિનામાં તો બધા અક્ષરો પૂરા કરી લીધા અને બાલવર્ગના રીતસરના વિદ્યાર્થી તરીકે દાખલ થઈ ગયો. આ રીતે અટકી ગયેલું ગાડું પાછું રસ્તે પડ્યું. હવે ક નો સમાવેશ સમ-સાધારણ બાળકોમાં થાય છે. તેને માટે કોઈ વિશિષ્ટ ઉપાયો હવે અજમાવવા પડતા નથી.

આ બાળક અંગેની વિશેષ નોંધમાં નિદાન અને ઉપચાર સંબંધે નીચે પ્રમાણે લખેલું છે.

અનિયમિત હાજરીને લીધે જે ઉંમરે શિશુવર્ગનાં બાળકો ત્યાંનાં સાધનો પર ઉમંગથી કામે લાગી પડે છે તે કાળ કશું કામ કર્યા વિના પસાર થઈ ગયો. પરિણામે સાધનો તરફ અણગમો થયો; બીજું કશું કરવાનું (ક્રિયાત્મક) કામ મળ્યું નહિ અને નિરુદ્યોગી થઈ વખત પસાર કરવાનું બન્યું.

એને એકલો છૂટો પાડતાં જ શું કરવું તેની સૂઝ પડવા માંડી. બેશક પસંદગીનું કામ શોધી આપવામાં શિક્ષિકા તરફથી વારંવાર સહાય મળ્યા જ કરાતી હતી.

કાંઈક કામ કરવાનું મળતાં જ બાળકમ પ્રસન્નતા અને ઉત્સાહનાં પૂર આવ્યાં. પરિણામે અગાઉ નીરસ જણાતાં કામો તરફ પણ અભિરુચિ થઈ.

બાળક પણ સ્વભાવે ઉદ્યોગી અને બુદ્ધિશાળી હતો તેથી યોગ્ય કામ મળતાં જ મન તેમાં પરોવાયું અને તેથી ઝડપભેર પ્રગતિ સાધતો દેખાયો. [ક્રમશઃ] તા.

"આપણે પોતે"

એક વખત રાજા જનકને પ્રશ્ન થયો કે મનુષ્યમાં સંપૂર્ણ વૈરાગ્યવૃત્તિ કેવી રીતે જન્મે ? આ પ્રશ્નનું સમાધાન કરવા તેમણે ગુરુ યાજ્ઞવલ્ક્યનું શરણ લીધું. જનક જેવા પરમ જ્ઞાની પુરુષને આવો પ્રશ્ન ઉપસ્થિત થયો તેથી યાજ્ઞવલ્કયને ઘણી નવાઇ લાગી. આ એક જ પ્રશ્નમાં તેમને પોતાના ગુરુપદ માટે લાંછન લાગ્યું. તેમણે ગુરુ તરીકેની પોતાની કચાશ જોઇ. તેમને થયું કે વર્ષોનાં વર્ષો સુધી વેદ, પુરાણ અને ગીતાનું માહાત્મ્ય જનક જેવા પરમ જ્ઞાની શિષ્યને સમજાવ્યું, છતાં તેમને આવો પ્રશ્ન કેમ ઉદ્‌ભવ્યો ?

તે દિવસે ગુરુ આખી રાત ઊંઘ્યા નહિ. સર્વ શાસ્ત્રોનો સાર નજર સમક્ષ તારવી એકેએક પ્રશ્નપરંપરા ઉથલાવી નાખી, આત્મચિંતન કર્યું. ગુરુ તરીકે પોતાની જાતનું અવલોકન કર્યું અને ભૂલ જડી. તેમને થયું, "મેં વૈરાગ્યનો મહિમા જનકને સમજાવ્યો, તેની જરૂરિયાત જણાવી, પણ હું તો આ ઘરબાર વચ્ચે ઓતપ્રોત છું. જ્યાં સુધી મારામાં વૈરાગ્યની ચિનગારી નથી પ્રકટી ત્યાં સુધી જનકને આખો પ્રશ્ન ન સમજાય તે યથાર્થ છે."

ગુરુને પોતાના ગુરુપદની શરમ આવી. વહેલી સવારે તેમણે વૈરાગ્યનો અંચળો પહેર્યો. હાથમાં સંન્યાસીનાં દંડ અને કમંડળ લઇ ભર્યુંભાદર્યું સંસ્કારી ઘર છોડી રાજસભાનો માર્ગ લીધો.

સંન્યસ્તવેશધારી ગુરુને જનકે દૂરથી ઓળખ્યા. શ્વાસભેર દોડી આવી નમન કરી તેણે પૂછ્યું, "ગુરુદેવ, આજે આ વેશ કેમ ?" ગુરુએ પ્રત્યુત્તર આપ્યો. "તારા ગઈ કાલના પ્રશ્નનો સાચો પ્રત્યુત્તર આપવા માટે. તે પ્રશ્ન એવો હતો કે બુદ્ધિવાદથી તને સમજાવ્યો સમજાવી શકાય તેમ ન હતું."

ઝંખવાણા પડેલા જનક રાજાએ વીનવ્યું, "ગુરુદેવ ! પ્રશ્નનું સમાધાન થયું. હવે હતા તેવા ગુરુ દેખાઓ." યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો, "તે વખતનું ગુરુપદ ખોટું હતું. આજના ગુરુપદનો મને આનંદ છે."

શિક્ષણના કાર્યમાં વાલીઓને અને શિક્ષકોને આ એક કથા કેટકેટલી દૃષ્ટિ આપે છે ? કેટકેટલા પ્રશ્નોનું નિવારણ આપોઆપ કરાવે છે ?

શું શિક્ષક કે શું માબાપ, સમજી લે કે સત્યનું આચરણ આપણે નથી કરતાં તેની અપેક્ષા બાળક પાસેથી રાખવી તે વ્યર્થ છે. બાળકને સુધારવા જતા પહેલાં આપણે સુધરવું જોઈશે.

વજુભાઈ દવે.

શિક્ષણ

(૧) **કરમસદમાં** તા. ૧–૩–૪૨ થી એક બાલમંદિર ઊઘડ્યું છે. તેના સંચાલકો ઠાકર અંબાલાલ પ્રાણશંકર અને પરમાર હિંમતલાલ હાથીભાઈ છે. બાળકલ્યાણનો સાચો રાહ લેવા એ સંસ્થા પાંગરો.

(૨) ધરશાળા બાલઅધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને એપ્રિલ માસના અંતમાં શ્રી. નાનાભાઈ ભટ્ટના હસ્તે પ્રમાણપત્રો અપાયાં.

ઉતાવળ કરશો !

આવતા જૂનમાં પાછી સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિ આવે છે. ત્યાં સુધીમાં

"સ્મરણાંજલિ"ની એક પણ નકલ રહેવી ન જોઈએ. તમારી નકલ દફ્તર કાર્યાલયમાંથી તુરત મંગાવી લેશો. **કિંમત ૨–૮–૦ ટપાલ ખર્ચ ૦–૪–૦ જુદું.**

પ્રાથમિક શિક્ષણ વિભાગ

ઘરગતુ અંકશિક્ષણ

લેખાંક બીજો

બાળકને દસ સુધી ગણતાં આવડી ગયું કે પછી દસની અંદરના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર લેવા. બરાબર ગણતાં આવડતું હોવું જ જોઈએ તે અગત્યની વાત છે. કોઈ પણ જગ્યાએ દસની અંદરની સંખ્યા દેખાઈ કે તેને ગણી બતાવતાં અને આપણે દસની અંદરની સંખ્યા બતાવીએ તો તે ગણીને કહેતાં કે ગણી લાવતાં અને ક્રમશઃ દસ સુધી ગણતાં આવડવું, એટલું પહેલાં થઈ ગયેલું હોવું જોઈએ.

ઉપર કહ્યું એટલે શું તે આપણે વધુ સ્પષ્ટપણે જોઈએ. કયાંયે ૭ વસ્તુઓ–જમરૂખ કે ગોળીઓ કે એવું દેખાય તો બાળકો તે ગણીને તે પાંચ છે, ૭ છે, કે આઠ છે વગેરે બોલતાં આવડવું જોઈએ. પછી આપણે કહીએ કે મને સાત બોર કે સાત પથરા લાવી આપ તો તે પ્રમાણે લાવી આપતાં આવડવું જોઈએ. ક્રમશઃ દસ સુધી ગણવાનું પણ માત્ર મૌખિક રીતે 'એકડે મીંડે દસ' એ રીતે નહિ પણ આંગળીઓ ગણીને કે કોઈ પણ વસ્તુઓ ગણીને દસ સુધી જતાં આવડવું જોઇએ. આ વિષે સ્પષ્ટપણે પહેલા લખાકમાં તો કહેવાઈ જ ગયું છે.

આનાથી આગળના શિક્ષણ માટે શાળામાં એક સાધન હોય છે. તે ઘરે જ બનાવી લઈ શકાય તેવું અને ઘરમાં જ વાપરતાં આવડી જાય તેવું છે. તે ડૉ. મોન્ટેસોરીએ યોજેલું છે તેનું નામ 'લાંબી-સીડી.'

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે દસ લાકડીના કટકાઓ હોય છે. સર્વથી નાનો એક ડેસીમિટર એટલે એક મીટરના દસમા ભાગ જેવડો લાંબો હોય છે. તેની પહોળાઈ અને જાડાઈ ત્રણ ત્રણ સેન્ટી મીટર હોય છે. પહોળાઈ અને જાડાઈ દસે ટુકડાઓમાં સરખી જ હોય છે, પણ દરેકની લંબાઇ એક ડેસીમીટર વધતી જાય છે. એટલે કે સર્વથી લાંબી લાકડી એક મીટર લંબાઈની હોય છે. આ લાકડીઓ ઉપર લાલ અને ભૂરા રંગના પટ્ટાઓ હોય છે. 'એક' ને ગણત્રીનો ક્રમ લઈએ તો બેની લાકડીમાં એક, એક એવા બે ક્રમ સમાઇ રહે છે. એમાં એક લાલ અને બીજો ભૂરો એમ રહે છે. ત્રણના કટકામાં એક, એક, એક એમ ત્રણ ક્રમ રહે છે. તે આ રંગીન પટ્ટાઓથી દેખાય છે. અને બાળક હાથમાં 'એક' લઈને તે ગણીને ખાત્રી કરી શકે છે. એક સરખી લંબાઈના પટ્ટાઓ હોઈને કેટલા છે તે જોવામાં સરળ પડે છે.

તે ઉપરાંત 'બે' તે એક કરતાં કેટલું વધારે અને 'દસ' કેટલું વધારે તેની આ લાકડીઓ ઉપરથી કલ્પના આવે છે. "બે ગણું–ત્રણ ગણું–દસ ગણું મોટું અથવા લાંબુ" નો અર્થ શું તે બાળક પ્રત્યક્ષ 'એક' લઇને બે, ત્રણ, પાંચ, એમ ગણીને જોઇ શકે છે.



આ પ્રમાણે ‘ એક ’ તે એકમ એટલે Unti ગણવાનું માપ થાય છે, અને તેની ઉપરથી બે, ચાર, પાંચ એ બધું સમજી શકાય છે.

આ સિવાય બે, ત્રણ, ચાર, વગેરે ફક્ત એક, એક, એક, નો સમુદાય નથી. જેમ આપણે ચાર કોડી લઈએ તો તે એક કોડી, એક કોડી, એક કોડી, એક કોડી, એમ ચાર કોડીઓનો સમુદાય હોય છે. તેમાં ‘ એક ’ ‘ એક ’ બધા છૂટા જ હોય છે. આનાથી ઊલટા ક્રમનું લાંબી સીડીમાં હોય છે. ત્રણ પટ્ટાવાળી લાકડી લઈએ તે તેમાં પાડેલા પટ્ટા ગણીએ તો તે ‘ એક ’ કરતાં ત્રણગણા હોય છે. પણ એકનું ત્રણ ગણું હોઈને તે આખી એક જ લાકડી હોય છે. ત્રણ છૂટી સાથે મૂકેલી કે તેની સાથે બાંધેલી વસ્તુઓનો તે સમુદાય નથી. પણ ‘ એક ’ થી ત્રણ ગણી લંબાઇની એક સ્વતંત્ર લાકડી હોય છે. તેથી જ તેને ‘ ત્રણ ’ કહી શકાય. સાત ગણી લાકડીને ‘ સાત ’ કહી શકાય અને દસ ગણીને ‘ દસ ’ કહી શકાય.

આપણે એક, બે ત્રણ, ચાર, એમ ગણીએ છીએ ત્યારે ખરેખર શું ગણીએ છીએ ? તેમાં આપણે કાળ ગણીએ છીએ. ઘડિયાળ જેમ ટિક, ટિક, કરીને એક સેકંડ જેવડો કાળ ગણે છે, તેમ જ આપણે કાળ ગણીએ છીએ. અને તેથી જ એક, બે, ત્રણ એમ કહેવામાં તાલ સાધવો પડે છે.

લાકડીઓની મદદથી જ્યારે આપણે સંખ્યા જોઈએ છીએ ત્યારે આપણે સંખ્યાને સ્થળ (Space) થી ગણીએ છીએ. એક એટલે જો એક ડેસીમીટર લાંબી એટલી જગ્યા કલ્પીએ, તો બે એટલે બે ડેસીમીટર લાંબી જગ્યા, ત્રણ એટલે ત્રણ ડેસીમીટર લાંબી જગા, વગેરે.

જો કે આ સૂક્ષ્મ ભેદ બાળકો સમજી શકે નહિ તોપણ તેમને ‘એક’ ‘ એક ’ એવી અલગ વસ્તુઓ ગણીને જોવી, અને આ લાકડીઓ દ્વારા ત્રણ, ચાર, જોવાનાં ફરક તો દેખાય જ છે. ‘એક’ કરતાં ‘દસ’ ની લાકડી દસગણી મોટી દેખાય છે, તોપણ તે આખી એક જ હોય છે, પાંચ એ ‘એક’ થી પાંચગણી હોય છે તોપણ તે એક ‘સળંગ’ હોય છે; આ પ્રમાણે દસ સુધીની દરેક સંખ્યાને સ્વતંત્ર અસ્તિત્વ અને લંબાઈ હોઈ, અને તેમ હોવાથી જ ‘એક’ ના માપથી તેને ગણી શકાય છે, તેથી બાળકોને સ્થળની દૃષ્ટિએ સંખ્યા કેવી લાગે છે તેની કલ્પના આવવા લાગે છે. આ સાધનના મૂળમાં રહેલી કલ્પના આપણી સમજણ પૂરતી જરા કઠણ અને વધુ તાત્ત્વિક એવી હોય તોપણ બાળકોને વપરાશમાં આ સાધન જરા પણ અઘરું કે કઠણ પડતું નથી.

તદ્દન નાનાં બાળકોને માટે તે જરા અગવડ-ભર્યું છે. પણ ચારેક વર્ષનાં બાળકો તેને સહજ-પણે ઊંચકી લઈ આવી શકે છે.

આ સાધન ઉપર અનેક પ્રકારની ગાણિતિક રમતો થઈ શકે છે. અતબત્ત, બે થાય તે પહેલાં બાળકને લાકડીઓની લંબાઈ પ્રમાણે ગોઠવતાં આવડી ગયું છે એમ સ્વીકારી લીધું છે.

૧. આપણે કોઈ પણ એક લાકડી ઉપાડીને બતાવવી અને બાળકે તે કેટલાની છે (સંખ્યા)તે કહેવી.

૨. પટ્ટા ગણીને તે ‘ બે ’ છે કે ‘ચાર’ વગેરે નક્કી કરવું. આપણે તેને ચાર લાવ ” એમ કહીએ ત્યારે ‘ ચાર ’ નામની લાકડી કઈ તે બાળક શોધવા લાગશે. અલબત્ત જેના ઉપર ચાર પટ્ટા છે તે ચારની લાકડી અને પાંચ પટ્ટા છે તે પાંચની લાકડી એટલું તો આપણે અગાઉથી બતાવી દીધેલું હોવું જોઈએ.

સાધારણ રીતે જ ‘ બે ’ કે ‘ ત્રણ ’ તો માત્ર નજરે જોઈને લાવવાની શક્તિ તેમનામાં

આવેલી હોય છે. પણ ચાર, પાંચ, છ, વગેરે પ્રથમ ગણી જોવી પડે છે. અમુક દિવસો પછી તેમને એની લંબાઈનો પરિચય આંખમાં આવી જાય છે. તેથી પછી ગણ્યા વિના જ બાળકો 'આ પાંચ' 'આ ચાર' કે 'આ આઠ' એમ કહી આપી શકે છે. જેમ હમેશ કાપડ વેચનાર સહેજે નજરે જોઈને કાપડ કેટલા વાર છે તે કહી આપી શકે છે તેમ જ.

આ રમત ૪ કોડી લાવ, ૬ પાન લાવ, એ જ પદ્ધતિએ ચાલે છે.

કોડીમાં જેમ આપણે પાંચ કોડી બાળકના હાથમાં આપતા ત્યારે પાંચ ગણતાં તેને સહેલું પડતું હતું અને ઢગલીમાંથી 'પાંચ કોડી લાવ' એમ કહીએ તો તેને કઠણ પડતું હતું, તેવી જ રીતે આમાં પણ પહેલા કરતાં બીજી રમત જરા અઘરી જ પડે છે. પણ વિશેષપણે નહિ. કારણ અહીં ઢગલામાં દસ જ લાકડીઓ હોય છે, અને તેની જુદી જુદી લંબાઈ આંખ સહેજે માપી શકે તેમ હોય છે.

આ પછી સરવાળાની રમતો લેવી. "બે લાવ; ત્રણ લાવ; હવે બે અને ત્રણ મળીને કેટલા થયા તે કહે." એ પ્રમાણે કહી એક લાકડીને બીજી અડાડીને તેને લંબાઇમાં ગોઠવવી. આમ પાંચ પટ્ટાવાળી લાકડી જેવડી તે લાંબી થશે અને પટ્ટા ગણી ત્રણ ને બે મળીને પાંચ એમ ગણી બતાવવાનું બાળકને બતાવવામાં આવે તો તે ગણી બતાવે છે.

આ જ પ્રમાણે ત્રણમાંથી બે બાદ કરીએ તો કેટલા રહે તે આ જ પટ્ટા ઉપરથી કરી શકે છે.

ત્રણની લાકડી ઉપર બેની લાકડી મૂકીએ, અને પછી કહીએ કે "આ ત્રણ છે; એમાંથી આ બે બાદ કરી લીએ તો બાકી કેટલી વધે છે?" આમાં એક પટ્ટો વધેલો તુરત જ દેખાય છે. તે જ પ્રમાણે પાંચમાંથી ત્રણ કાઢીએ તો? બાળક પાંચની લાકડી લાવે છે, ત્રણની લાકડી લાવે છે, પાંચની લાકડી ઉપર ત્રણનો કટકો મૂકી જુએ છે, અને બાકી બે પટ્ટા વધેલા છે એ જોઈ તુરત જ 'બે' એમ કહી શકે છે.

શાળામાં આંગળીઓ ઉપરથી શીખવવાની રીત છે. 'પાંચ' આંગળી ઉઘાડવાની અને તેમાંથી 'ત્રણ' કાઢવાની એટલે કે બંધ કરવાની, તો 'બે' રહે છે, તે સ્પષ્ટ દેખાય છે. તે રીત પણ બેઠાં બેઠાં અજમાવવા જેવી છે જ.

આ સર્વમાં મુખ્ય વાત એ કે આ બધી રમતો હોંશથી અને હમેશ ગમે ત્યારે લઈને બેસવાનું બાળકને રુચવું જોઇએ. શાળામાં જઈને શીખવા પૂરતી કે બા કહે "બેસ લેસન કરવા." ત્યારે કરવા જેવી બાબત આ બને તે બરાબર નથી.

સંખ્યાનો ખરો પરિચય ન હોય, અને માત્ર યંત્રવત લખી કે બોલી જવાનો જ તે પ્રકાર બને છે તેમાં સમજવા જેવી જે મજા છે તેનાંથી બાળકો વંચિત રહી જાય છે. અને તેથી જ ગણિત પ્રત્યે બાળકોને ઉત્સાહ અને મિઠાશ ઉત્પન્ન થતાં નથી. ઘરબેઠાં આવા નાના સરવાળા અને બાદબાકી સહેજે થઈ શકે છે. વીશ સુધી કોડીઓની મદદથી ગણતાં આવડી ગયું હોય તો "૭ અને ૮ કેટલા? ૬ અને ૪ કેટલા?" વગેરે સરવાળા બાળકો પટ પટ લહેરથી વારંવાર કર્યા કરે છે. અને એમાં પોતે જાતે કરીને ઉત્તર મેળવવાની જે મજા છે તે ગોખાવીને શીખવી દીધેલમાં નથી. એટલે જ 'છ ને ચાર દસ' 'આઠ ને છ ચૌદ' એવો મુખપાઠ થયેલો હોય તોપણ તે પ્રત્યક્ષ ગણી જોયેલું હોતું નથી તેથી એમાં બાળકોને રસ હોતો નથી. માત્ર પોપટિયા જ્ઞાન હોય છે. (ક્રમશઃ) તા૦

શિશુવિહાર બાલઅધ્યાપન મંદિર, દાદર.

[સરકારે માન્ય કરેલું.]

મુખ્ય અધ્યાપિકા, શ્રી. તારાબેન ઓડક

છેલ્લાં ચાર વર્ષથી શિશુવિહાર, હિંદુ કોલની, દાદરમાં આ અધ્યાપન મંદિર ચાલે છે. છેક નાની વયનાં બાળકોની શાળાઓ એટલે બાલમંદિરોમાં તાલીમ પામેલ અને શિક્ષણશાસ્ત્રનો પદ્ધતિસર અભ્યાસ કરેલ શિક્ષક શિક્ષિકાઓની જરૂર હમેશાં રહે છે. જેમની ઇચ્છા નૂતન બાલ શિક્ષણની તાલીમ લેવાની હોય તેમણે આ અધ્યાપન મંદિરનો લાભ લેવા ચૂકવું નહિ.

આ બાલ અધ્યાપન મંદિરમાં બી. એ. તેમ જ જી. એ. થયેલ ભાઈ–બહેનો પણ તાલીમ લેવા સારી સંખ્યામાં આવે છે. પણ સામાન્ય રીતે જેઓ મેટ્રિક, અથવા સ્કૂલ ફાઈનલ થયાં હોય તેમને દાખલ કરવામાં આવે છે.

અભ્યાસ અનુસાર **બાલક્રીડાંગણ**ના પ્રમાણપત્ર સારુ ૬ મહિના અથવા એક સત્ર અને **નૂતન બાલશિક્ષક**ના પ્રમાણ પત્ર સારુ એક વર્ષ અથવા પૂરાં બે સત્રનો અભ્યાસ ક્રમ રાખેલ છે.

એક વર્ષના અભ્યાસક્રમનું વર્ષ જૂન માસથી એપ્રિલ આખર સુધીનું ગણાય છે.

એક આખા વર્ષના અભ્યાસક્રમની ફી રૂા. ૬૦) રાખવામાં આવી છે.

આ અભ્યાસક્રમને અંતે પરીક્ષા લઇ પ્રમાણપત્ર આપવામાં આવે છે. આવું પ્રમાણ પત્ર પ્રાથમિક શાળામાં કામ કરવા માટે પણ બહુ ઉપયોગી છે.

આ અધ્યાપન મંદિર **સરકારે માન્ય કરેલું** છે.

નવા પાંચમા વર્ષની શરૂઆત તા. ૨૯-૬-૪૨ થી થશે. તો દાખલ થવા ઇચ્છતાં ભાઇ બહેનોએ નીચે સહી કરનાર પાસેથી નિયમો અને અરજીનું ફોર્મ મગાવી લઇ મોડામાં મોડું તા. ૧૫-૬-૪૨ સુધીમાં અરજી મોકલી આપવી. પ્રવેશ પરીક્ષા તા. ૨૨–૬–૪૨ ના રોજ લેવામાં આવશે.

સ્થળના સંકોચને કારણે બહુ મર્યાદિત સંખ્યાને દાખલ કરવાની હોઇ આપવા ઇચ્છનારે ત્વરા કરવાની જરૂર છે. વહેલાં અરજી કરનારને પહેલી પસંદગી અપાશે.

મુખ્ય અધ્યાપિકા
બાલઅધ્યાપન મંદિર,
શિશુવિહાર—દાદર, મુંબઈ.

શિશુવિહાર બાલ–અધ્યાપન મંદિર ૧૯૪૨ ની પરીક્ષાનું પરિણામ

એપ્રિલ ૧૯૪૨ માં લેવાયેલી. પરીક્ષામાં નીચેનાં ભાઇ–બહેનો ઉત્તીર્ણ થયેલાં જાહેર થાય છે. ગુણાનુક્રમ પ્રમાણે નામનો ક્રમ આપ્યો છે. ઉત્તીર્ણ થનાર સહુ ભાઇ બહેનોને અમારાં અભિનંદન છે. નૂતન બાલશિક્ષણના કાર્યમાં તેઓ પોતાની સર્વ શક્તિ આપે એમ આપણે ઇચ્છીએ. તંત્રી.

(૧) સૌ ઇંદુમતી રા. ભુસારી
(૨ કુ. ઇંદુમતી શં. તુંગારે
(૩) શ્રી. કે. હ. સહસ્ત્રબુદ્ધે
(૪ પ્રમિલા બા. દેશમુખ
(૫) કુ. વનમાલા કૃ. પિતળે
(૬) શ્રી. મધુસૂદન ઉ. ત્રિવેદી
(૭) કુ. મૃદુલા છો. શેઠ
(૮) ,, લીલા વામન બેંદ્રે
(૯) ,, અનંતપ્રભા છ. મહેતા
(૧૦) સૌ. શરયુ શં. પેંડસે
(૧૧ કુ. કસ્તુર ગ. કોહારે
(૧૨) ,, માલતી ઉ. આર્તે
(૧૩) ,, સુશીલા રા. વસ્ત
(૧૪) શ્રી. દ. લા. માલવ
(૧૫) ,, રમેશ ગ. દેસાઇ

ગ્રેસ–પાસ

(૧૬) સૌ. ઇંદુમતી દ કાજરેકર
(૧૭) ,, ભાનુકુમાર મા. દવે
(૧૮) શારદાબેન હ કોટક

વ્યવસ્થા

(૧) લવાજમ તથા અંકો મળવા અંગેની ફરિયાદ નીચેને સરનામે કરવીઃ—

ગોપાળરાવ ગ. વિદ્વાંસ, વ્યવસ્થાપક,
શિક્ષણપત્રિકા, મહાજન ગલી;
જ્ઞાનમંદિર, રાવપુરા; વડોદરા.

(૨) લખાણ અંગેનો તથા સંઘને લગતા પત્રવ્યવહાર માટેઃ—

શ્રી. તારાબેન મોડક, તંત્રી, શિક્ષણપત્રિકા;
૧૧૮, હિંદુ કોલોની, દાદર, લઈએ છીએ.
એ સરનામે લખવું. ૪—૦—૦ ડૉ ઈશ્વરભાઈ જી. પટેલ, આણંદ.

હરિજનભાઈઓને મદદ આપો.

અમારા કાર્યાલયમાંથી મફત પત્રિકા માગનારાઓની (હરિજન શાળા તેમ જ સંસ્થાઓની) મોટી યાદી છે. દરેક વર્ષે સખી ગૃહસ્થો એમના સારુ થોડી થોડી મદદ મોકલે છે એટલે એ જિજ્ઞાસુ ભાઈઓને મફત શિક્ષણપત્રિકા પહોંચાડી શકાય છે. આ વરસે હજુ જૂજ મદદ આવી છે. આવા લોકસંગ્રહના કામમાં ઉદાર ગૃહસ્થો—ભાઈઓ અને બહેનો મદદનો હાથ લંબાવી આ વહેતી ગંગાનો પ્રવાહ ચાલુ રખાવશે?

નીચેની મદદ મળી છે તેની નોંધ ઉપકાર સાથે લઈએ છીએ.

૪—૦—૦ ડૉ ઈશ્વરભાઈ જી. પટેલ, આણંદ.

બાળકોને સુખી બનાવો

બાલકાનજી બારી, બાર તરફથી નીચેની હકીકત છાપવા મળેલી છે. "બાળકોને સુખી રાખવાં અને તેમને તેમની મેળે સારાં થવા દેવાં." એ બાળકાનજી બારીના કાર્યનું મધ્યબિંદુ છે. બધાંને ભેગાં મળવાનો મુદ્રાલેખ "શિક્ષણ અને આનંદ" છે.

આ કરવા માટે બાલકાનજી બારીના કેટલાક ઉદ્દેશો છે. જેના વડે બાળકમાં રહેલી અનેકવિધ શક્તિઓનો વિકાસ થાય તેવી બાબતોમાં મદદ થાય છે, અને બાલ્યકાળ પસાર થઈ ગયા પછી પણ તે આનંદમાં રહી શકે તેવી મનોદશા તૈયાર થાય છે.

આની ઘણી જુદી જુદી શાખાઓ છે. હિન્દના દરેક મોટા શહેરમાં છેઃ ખુદ મુંબઈ અને તેનાં પરાંઓમાં જ અંધેરી, વિલેપારલે, સાન્તાક્રુઝ, બાર, વાંદરા, માટુંગા, દાદર, બેલાસિસ રોડ, ચોપાટી, ઘાટકોપર, અમ્બરનાથ અને વડોદરામાં છે. આ કેન્દ્રોમાં બાળકો—છોકરા છોકરીઓ—દરેક રવિ અને શનિવારે ભેગાં મળે છે અને વાર્તાઓ, ગીતો, રમતો, વનભોજનો, ફરવા જવાનું વગેરે કરે છે. બાળકાનજી બારી એ એક જાતભાતથી પર, ધર્મબંધનથી પર, અને કોઈ પણ જાતની રાજકીય છાંટથી પર એવો બાળકોનો જ સંઘ છે. આમાં દરેક જાત અને નાતનાં બાળકો ભળી શકે અને તેનો લાભ લઈ શકે.

હિન્દુઓ—હરિજનો પણ-મુસલમાન, સીખ, પારસી, ક્રિશ્ચન, જ્યુ, વગેરે હિન્દની બધી કોમોનાં અને બધા ભાગોનાં બાળકો આમાં ભળેલાં છે.

ઉપર કહ્યા સંઘમાં અમે આપને શિક્ષકો, માબાપો, અને જે જે લોકો બાળકોમાં રસ લેતા હોય તેમને જોડાવા આમંત્રણ આપીએ છીએ.

આ વિષે વધુ માહિતી મેળવવી હોય તો લખોઃ—

જનરલ સેક્રેટરી,
બોમ્બે પ્રોવિન્શિયલ બાળકાનજી બારી.
ગુલિસ્તાન, બાર, મુંબઈ-૨૧.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

○

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

○

મારા બાળકનું શિક્ષણ
તેને પોતાને રસ પડે તેવું કે મને ગમે તેવું?
મારા બાળકે શું કરવું?
તેને પોતાને પસંદ પડે તે કે હું ઠરાવી આપું તે?
મારા બાળકે કપડાં કેવાં પહેરવાં?
તેને મનગમતાં કે મને ગમે તેવાં?
મારા બાળકની બુદ્ધિ, ઇચ્છાશક્તિ અને ક્રિયાશક્તિનો વિકાસ થતો નીંહાળવો
કે મારી મરજી તેના પર લાદવી?
શું, મારે મારા જ બાળકના વિકાસને કુંઠિત કરી દેવો?

વર્ષ ૧૭ | :: કાર્યાલય :: | અંક ૪
૧૯૯૮ | દાદર, મુંબઈ ૧૪ | જેઠ

બાળકોનાં રમકડાં

ભત્રિજા અને ભાણેજોની મોટી સંખ્યાને કારણે મારે અનેક નાનાં બાળકો સાથે બહુ નિકટનો પરિચય છે. દરેકને જન્મદિવસે અથવા નવે વર્ષે કાંઇક ચીજ ભેટ આપવાનો સવાલ મારી સામે આવ્યા જ કરે છે. અને તે હરેક વખતે હવે કયું રમકડું લઇએ તો ઠીક એ વિચાર અનેક વિચારોને જાગ્રત કરે છે. અનેક અનુભવે આખરે મારામાં કાંઇક ડહાપણ આવ્યું છે એમ મને લાગે છે. ખરું પૂછો તો બાળકોએ જ મને આ વિષે શાણપણ આપ્યું છે. શરૂશરૂમાં મને ગમતાં રમકડાં હું બધાને આપતી. પણ બાળકો આપણ મોટેરાં કરતાં વધારે સાફ દિલનાં હોય છે. આપણી પેઠે બીજાને સારું લગાડવા માટે જ મીઠું મીઠું બોલવું, ન ગમતું હોય છતાં ગમે છે એમ દર્શાવવું, એ બધાથી તેઓ મુક્ત હોય છે. આથી જ્યારે જ્યારે મેં આપેલ રમકડું કોઈને ન ગમતું ત્યારે દરેક જણ સ્પષ્ટ રીતે પોતાનો એ રમકડા વિષેનો અણગમો મને તુરત બતાવતું. એક વાર એવું બન્યું કે એક ચાર વર્ષની નાની છોકરીને મેં કચકડાની ઢીંગળી ભેટ આપી. ઢીંગલી દૂધવાળીની હતી; બબે દૂધની નાની કાવડ અને બંને બાજુ તાંબડી હતી, અને આખીય ઢીંગલી તેનાં કપડાં, કાવડ વગેરે સરસ રંગનાં હતાં. મને તે બહુ જ ગમી એટલે ખાસ વધારે ખર્ચ કરીને પણ એ ઢીંગલી મેં પેલી છોકરી સારુ ખરીદી. પણ પેલી બેનને એ ઢીંગલી ગમી હોય એમ ન લાગ્યું. શરૂમાં નવી ઢીંગલી અને નવા રંગથી જરા તેને આકર્ષણ થયું, પણ એનો આનંદ પંદર મિનિટ કરતાં લાંબો ટકયો નહિ. થોડી વારે મોં બગાડી એણે કહ્યું : "માશીબા, આવી ઢીંગલી શું લાવ્યાં? નથી એ કપડાં ઉતારવા દેતી કે નથી કાવડની તાંબડીઓ બબેથી નીચે ઉતારતી. મારે એને નાવણ કેમ કરાવવું અને ભાતું જમાડવું હોય તો કેમ જમાડવું?"

આવા તો અનેક પ્રસંગો બની ગયા છે, અને રમકડાં વિષે જાતજાતના અનુભવો મને થયા છે.

અહીં હું ૨ થી ૭ વર્ષની ઉંમર સુધીનાં બાળકો માટેનાં રમકડાંનો સવાલ છેડવા માગું છું.

ઘોડિયામાં સૂતેલું બાળક રંગીન ચીજ લટકતી અથવા ઝૂલતી જુએ તો તેને તે ગમે છે. આ ઉંમરે બાળક પોતાની દૃષ્ટિ સ્થિર કરવાની કક્ષામાં હોય છે. એટલે એ કલા સાધ્ય થાય અને પરિણામે સ્થિર નજરે રંગબેરંગી ચીજો જોવાનું બાળકને એ ઉંમરે મળે ત્યારે તે બેહદ ખુશ થઈ જાય છે. પણ એ જ બાળક ભાંખોડિયાભર ચાલતાં કે પગે હીંડતાં શીખે ત્યારે માત્ર દૂરથી નજરે જોવાની ચીજો તેને આકર્ષી શકતી નથી. ચાવી ફેરવતાં ચાંચથી દાણા ખાતો કૂકડો, બંદૂક હાથમાં પકડી ચકરાવે ચક્કર ફરતો સિપાઈ કે વાળ જેવી ઝીણી દોરી પર નાચતી ઢીંગલી હવે બાળકને ક્ષણિક આનંદ જ આપી શકે છે. દૂરથી બે પાંચ મિનિટ જોઇને તે તૃપ્ત થઇ જાય છે અને બીજી જ ક્ષણે રમકડું હાથમાં લઇ એને ચારે બાજુથી હેરવીફેરવીને જોવાની ઇચ્છા એ ઉંમરે પ્રબળ બને છે. અને રમકડું આવી જાતની તપાસ માટે બાળકના હાથમાં ગયું એટલે ત્યાં ખલાસ જ થાય છે! રમકડું ભાંગી જતાં આપણે જરા ગુસ્સે થઈ એ છીએ; આપણે એમ માનવા લાગીએ છીએ કે બાળકને આ ઉમરે ભાંગફોડ કરવી જ ગમે છે, પણ એ માન્યતા યથાર્થ નથી. બાળકને એ ઉંમરે ચીજો માત્ર જોવી હવે ગમતી નથી; હલનચલન, દોડાદોડી તથા હેરવણીફેરવણી કરવાની

ક્રિયા કરવાનું મન-પ્રબળ-ઇચ્છા તેને એ ઉંમરે હોય છે; અને એ ઇચ્છાની સમાધાનીમાં રમકડાં ભાંગી તૂટી જાય એ ગૌણ પરિણામ છે.

બાળકની ૨–૩ કે ૩॥ વર્ષની ઉંમર એ ક્રિયા-શક્તિના વિકાસ અર્થેનો મુખ્ય સમય છે. એ કાળે કાંઈક કરવું, દોડાદોડી કરવી એમ બાળકને થયા જ કરે છે. ઘરની રોજની ચીજો સાથે બથોડાં લેવામાં–તેમને હેરવવા ફેરવવામાં બાળકોને ખૂબ આનંદ થાય છે. ડબરાઓનાં ઢાંકણાં વાસવાં અથવા ઉઘાડવાં, ચટાઈ કે શેતરંજી પાથરવી, સંકેલવી અને વળી પાથરવી, અથવા તાળુકૂંચી હાથમાં આવે તો ઉઘાડવાસ કરવી એવી ક્રિયાઓમાં બાળક એ ઉંમરે ખરેખર એકતાનતા અનુભવે છે, તૃપ્તિ મેળવે છે. ત્રણ વર્ષની મારી ભાણેજ કમુનો જ દાખલો આપું. બપોરનો સઘળો વખત એક વાર તેણે બારણાં ઉઘાડવાં, ફરી બંધ કરી સાંકળ વાસવી, બારીઓ ઉઘાડવી અને વળી બંધ કરવી એવી રમતમાં જ આનંદથી પસાર કરેલો. આ ક્રિયામાં તે એટલી તો તલ્લીન હતી કે બસ! સાથે સાથે "ચાલો ચાલો, વરસાદ આવે છે; બારી બારણાં બંધ કરી દો; ચાલો ઉતાવળ કરો." એવાં વાક્યો બોલ્યા જ કરતી હતી. એને મન બારણું બંધ કરી સાંકળ વાસવી અને ફરી પાછું વ્યવસ્થિત રીતે તે ઉઘાડવું એમાં ભારે હોશિયારી છે એમ થતું હતું: અને એમાં ખોટું પણ શું હતું? બાળકોને માટે આ ઉંમરે ઘરના ડાબલાડુબલીઓ ને તાળાં-કૂંચીઓ તથા નાની નાની શેતરંજી કે આસનોનો રમકડાં તરીકે બહુ સરસ ઉપયોગ થઈ શકે છે. બાળકને આ બધામાં ભારે મોજ આવે છે. બહુ તોફાની ગણાતાં બાળકો પણ આવી ક્રિયાઓમાં કલાકોના કલાકો આનંદથી રોકાયેલાં રહે છે. અને મુદ્દાની વાત તો એ છે કે આ બધા વ્યવસાયો દ્વારા બાળક આપમેળે જ હાથપગનો વ્યવસ્થિત વાપર કરતાં શીખી જાય છે. આપણે બીજાં જાતજાતનાં રમકડાં લઈ આવીએ તે આ ઉંમરનાં બાળકો માટે તદ્દન નિરુપયોગી બને છે; બાળકને પણ એમાં મજા આવતી નથી. એને બદલે નાના મોટા બાલી ડબ્બાઓ લઈ સુંદર રંગ લગાડી એને નાનાં તાળાં વાસી શકાય એવા નકૂચા કરી એ સાધનો બાળકોનાં રમકડાં તરીકે વસાવ્યાં હોય તો ઘરની ચીજોનો કેળવણી દૃષ્ટિએ અને બાળકોના વિકાસ અર્થે બહુ ઉત્તમ ઉપયોગ કર્યો ગણાશે.

બાળક ૪–૪॥ વર્ષની ઉંમરનું થાય ત્યારે તેનામાં મોટેરાંઓનું અનુકરણ કરવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થાય છે. આસપાસની દરેક બાબત પર તે પોતાનું વર્ચસ્વ–કાબૂ સ્થાપવા માગે છે. મોટેરાંઓએ પરિસ્થિતિ ઉપર મેળવેલું પ્રભુત્વ તેના ધ્યાન બહાર હોતું નથી; બાળક તે જુએ છે અને પોતે પણ એ જ રીતે સ્વાયત્ત બનવા પ્રયત્ન કરે છે. મોટેરાંઓને જે સરળતાથી રોજના વ્યવહારો ચલવી રહેલાં તે જુએ છે તે તેને ગમે પણ છે. પોતે પણ તેમ કરી શકે; જરૂર પડે તેમ ફરીહરી શકે તો બાળક ખૂબ આનંદમાં રહે છે. બીજા પર અવલંબન ન રહે તેવા પ્રયત્નો તે સતત કર્યા રહે છે. ઘરમાં વાળવાનું, સામાન અને ચીજો ઘસીને સાફ કરવાનું, રસોડામાં પણ જે તે જાતે કરવા ઘુસવાનું જે બાળકને મળી જાય તેના જેવી તલ્લીનતા મેળવવા સારુ બાળકને બીજા કોઈ રમતના સાધનની જરૂર રહેતી નથી. મોટેરાંઓને બાળક સાવરણી લઈ ઓરડો વાળવા લાગે તે જરાય ગમતું નથી; કેવું વિચિત્ર એમ પણ થાય છે. ઝપાટાબંધ સાફસૂફ કરીને ચોખ્ખું ચણક બનાવનાર નોકર બાળકનો આ ઉંમરે કહીએ તો આદર્શ બની જાય છે; પોતે પણ એટલી જ

સફાઈથી બધું કેમ કરી શકે તેના પ્રયત્નો તે કરે છે. આવો આદર્શ હોઈ શકે એ મોંટેરાંની કલ્પનામાં પણ શી રીતે આવે? ખરું જોતાં ૩ા થી ૫-૫ા વર્ષ સુધીની ઉંમરે બાળકને જે કામ કરવાનું મન થાય તે કરવાની સંપૂર્ણ છૂટ હોવી જોઈએ. જરા નુકસાન થાય, કાચનો કોઈ સામાન ફૂટીતૂટી જાય કે રસોડામાં થોડી ચીજનો બગાડ થાય તો તે સહી લેવું જોઈએ. બાળકને આપવાનાં રમકડાનું જ એ અર્થ છે એમ માની લેવું જોઈએ. મોંટેરાંની સાવરણી કે કચરો ભરવાનાં સાધન બાળકથી ઉપાડી શકાય તેવાં હોતાં નથી; બાળકને માટે તે બરાબર વાપરી શકે તેવાં નાના કદનાં સાવરણી કે પાટલી–વેલણ વસાવીએ તો વળી વધારે સારું. એવું બને છે કે બાળકને માટે જ વસાવેલી નાની ચીજો તેને ગમતી નથી; એમાં એને નાનમ લાગે છે. મોટાંઓની મોટી ચીજો લઈ મોટાં જેવું જ કામ પોતે પણ કરે એવું અભિમાન પણ તેમનામાં પેદા થાય છે. મારી એક શિક્ષિકા બહેનપણીની દીકરીની વાત છે. એ બહેને પોતાની દીકરી માટે નાનાં મોટાં ચિત્રોનાં અનેક પુસ્તકો ઘરમાં વસાવ્યાં હતાં. પણ દીકરીને તો બાનું મોટું જબરું ચિત્રો વિનાનું ને ઝીણાં ઝીણાં અક્ષરોવાળું પુસ્તક લઈ મોંટેરાંની જેમ જ તેનાં પાનાં ઉથલાવવામાં ભારે રસ પડતો! મોંટેરાંની જેમ જ પોતે કરવાની હોંશ બાળકોમાં અનિવાર્ય હોય છે. આવે વખતે મોંટેરાંઓની ચીજો લેવાની ના પાડવાને બદલે જો બાળકને શાં માટે તેને સારુ નાની નાની ચીજો વસાવવામાં આવે છે એ સમજાવી દીધું હોય તો તેઓ પોતાની ચીજો વાપરવામાં સંતોષ પામી શકે છે. ખરેખરા ધાવણાં બાળકોને તો તેમને સોંપી શકાય નહિ, એટલે બાળકોને ઢોંગલી લઈને જ પોતાની ભૂખ સંતોષવી પડે છે. નાનાં ભાંડરડાંને બા નવરાવે ધોવરાવે કે સુવાડે કે હાલરડાં ગાય વગેરે ક્રિયાઓ તેને ઢીંગલી પર જ અજમાવીને તૃપ્તિ લેવી રહી. પેલી નાની છોકરીને મેં ભેટ આપેલી દૂધવાળીની ઢીંગલી ન ગમી તેનું કારણ એ જ હતું. કેમકે એ ઢીંગલીને તે નવરાવી ધોવરાવી કે નવાં નવાં કપડાં પહેરાવી શકે તેમ નહોતું! રાંધતાં ન આવડતું હોય ત્યાં સુધી રમકડાંનો ચૂલો અને રસોઈનાં વાસણ લઈ રમ્યે જ છૂટકો. સાચેસાચ ઘોડો ઘેર ન હોય તોયે રમકડાંનો ઘોડો અથવા ખુરશીનો બનાવેલો ઘોડો લઈ તેને ખડ ખવરાવવું, પાણી પાવું, હો હો કરી હાંકવું અને ગાડીવાળો બન્યાની હોંશ પૂરી કરવી એ બની શકે છે. પ્રત્યક્ષ દેખાતી અપૂર્ણતા બાળકો પોતાની જોરદાર કલ્પનાશક્તિથી ભરી દે છે. મારું એવું માનવું છે કે આ ઉંમરે બાળકોને ખરેખર ગમતાં રમકડાંમાં ઢીંગલીઓ, રમકડાંનું રસોઈઘર અને વાસણો, ઘોડો, ગાય તથા ઘરમાં રોજ વપરાતી સાવરણી જેવી નાની નાની ચીજોનો સમાવેશ થઈ શકે.

બાળકની ઉંમર એથી મોટી થતી જાય તેમ તેમ તેની વિકસતી જતી ક્રિયાશક્તિને અવકાશ મળે તેવું જરા મોટું ક્ષેત્ર આવશ્યક બને છે. કોઈ ચીજ બનાવવી, અને એ બનાવતાં બનાવતાં કલાનિર્માણનો આનંદ મેળવવો એ વિચારની આસપાસ બાળકની બધી ક્રિયાઓ ગોઠવાયા કરે છે. માટીનો ચૂલો ને તાવડી હાંડો બનાવવાં, માટીમાંથી જ લાડવા ને ગાંઠિયાના આકારો બનાવવા, ઘર બાંધવાં, રેલ્વે ગાડીના ડબા અને એંજિન કે એવી જ ચીજો બનાવવી, એમાં બાળકો કેટલાં તલ્લીન અને આનંદમગ્ન હોય છે એ તો અનુભવી જ જાણે! આપણને બચપણની બધી બાબતો સાંભરતી ન હોવાથી બાળકો માટીમાં હાથ બગાડે કે કાગળના કટકા કરી ઘર

ગંદું કરે તેથી આપણી મોટેરાંની સ્વચ્છતા અને સુઘડતાના ખ્યાલને જબરો આઘાત પહોંચે છે. એ સારુ આપણે બાળકને દબડાવીએ પણ છીએ. પણ આપણને આપણી ભૂલ સમજાતી નથી. ગારો ચૂંથતા બાળકને સ્વતઃ નિર્મિતિનો મનમુરાદ આનંદ લેવા લીધા પછી તેને ઘસી ચોળી નવરાવવાથી સ્વચ્છતા પૂરેપૂરી જળવાઈ રહે છે, તેમ બાળકને ખુજલી વગેરે થવાનો ભય પણ રહેતો નથી. બાળકોને ચાક અથવા પેન્સિલથી ચિત્રો કાઢવાનું પણ ખૂબ ગમે છે. બાળકના આપણા મનથી ગણાતા લીટોડા તેમના મનથી કલાનાં શ્રેષ્ઠ સર્જનો હોય છે, અને શ્રેષ્ઠ કલાકાર જેટલી જ સર્જનની અપૂર્વ તૃપ્તિ તેમને તે લીટોડામાંથી મળે છે. એ સારુ કાગળ અને પેન્સિલો બાળકને છૂટથી મળી શકે તેમ થવું જોઈએ. અનુકૂળતા હોય અને બાળકને સ્વતંત્ર જગ્યા આપી શકાય તેવું હોય તો જમીન ઉપર ફૂટ દોઢ ફૂટ ઊંચો ઓટલો–પાટલી જેવો બનાવી આપ્યો હોય તો બાળક તે પર ચોકથી અનેક ચિત્રામણો કર્યા કરશે. આવી જાતનાં સર્જન કરી શકાય તેવાં પરદેશી રમકડાં જાતજાતનાં મળે છે. માટીકામ માટે તૈયાર રંગીન માટી, નાની ખુરશીઓ, ટેબલો અને રેલ્વે ગાડીઓ બનાવવાનાં સાધનો, ટોપલા ગૂંથવા માટેની સળીઓ અને કાગળો, સાદડી ગૂંથવા માટેની પટ્ટીઓ, એક કે'તાં અનેક ચીજો બજારમાં મળે છે; માત્ર તે ભારે કિંમતી હોય છે અને સામાન્ય માણસના ગજબહારની એ ચીજો હોય છે. આપણા દેશમાં બાળકોનાં આવાં રમકડાં કોઈ કલ્પનાશીલ પણ ધંધાદારીની દૃષ્ટિએ તૈયાર કરનાર માણસ નીકળે તો ખર્ચનો પ્રશ્ન કંઈક હળવો પણ બની શકે. છતાં મધ્યમ દરજ્જાનો ગૃહસ્થ બાળકો માટે પોતાને ત્યાં રંગીન માટી, કાગળ અને કાતર, કાતરવા માટેનાં ચિત્રો, પૂંઠાં અને પેન્સિલો તથા બને તો રંગીન અથવા ધોળા ચોક વસાવે તો બાળકોને સર્જન સાથે રમવાનો સંપૂર્ણ આનંદ મેળવવાનું સાધન વસાવી શકે.

એકંદરે ૨–૩ કે ૩॥ વર્ષ સુધી બાળકને માટે વાસવું ઉઘાડવું વગેરે ક્રિયાઓ થઈ શકે તેવાં સાધનો, ૩॥–૫–૫॥ ની ઉંમર સુધી મોટેરાંઓનાં રોજનાં કામોનું અનુકરણ બાળક કરી શકે એમાં તેને માફકસરનાં સાધનો, અને ૫॥–૭ વર્ષની ઉંમરે બાળકો જાતે સર્જન કરી આનંદ પામી શકે તેમાં સાધનો બાળકો માટે સારામાં સારી જાતનાં રમકડાં બની શકે.

સુલભા પાણંદીકર.

વિશિષ્ટ બાળકો

[અનુસંધાન ગતાંક પાને ૩૦ થી]

બીજો દાખલો ખરો લઈએ.

પ્રગતિનોંધ:—

એકે વિષયમાં રસ નથી.

અક્ષરો—લેતું નથી.

ચિત્રકામ—હાથ ધરતું નથી.

ગણિત...શરૂઆત છે.

શીવણ:—ના.

રમત:—લપસણા ઉપર રમ્યા કરે છે અથવા રેલ્વે ગાડી જોયા કરે છે.

શિક્ષિકાની આ જાતની નોંધ ઘણા દિવસો ચાલુ રહી, એટલે એને મન મૂંઝવણ થઈ.

ખરું બધાં બાળકોથી જુદા પાડવાનું ઠરાવ્યું. કકના કિસ્સાની જેમ આ બાળકને પણ રેખા-

ચિત્રો પર કોડીઓ ગોઠવવાનું, ભોંય સાફસૂફ કરવાનું, ચિત્રો જોવાનું વગેરે કામો એકલાં જાતે કરવા ઉપર રોકવા માંડ્યું.

પણ ત્યાં તેનું દિલ ચોટયું નહિ. શિક્ષિકા પાસે બેસી ચિત્રોનાં સરસ રીતે વર્ણનો આપવાનું તેને ગમતું, અને તે જ કામ તે કરતું.

વાતો કરવાનો ભારે શોખ; કોઈક સાથે વાતો કરવા જોઈએ જ. વાતો ખૂટે જ નહિ. કોઈ કોઈ વાર તો તેનું બોલવાનું ફરજિયાત બંધ કરવું પડતું.

અક્ષરો ના ગમે તોપણ રોજ બે અક્ષરો તો લેવા જ એમ નક્કી કરવું પડ્યું.

બોલવાનું બંધ કરતી વેળા શરૂશરૂમાં તો તેને ભારે મૂંઝવણ થતી. બે સારુ શિક્ષિકા વચ્ચે વચ્ચે તેની સાથે વાતો કરે એમ પણ કરવું પડતું. થોડોક જ વખત બોલવાનું મળતું તેનાથી પણ તેને શાંતિ મળતી.

શિક્ષિકાની વિશેષ નોંધ:—

છ વર્ષની ઉંમર છતાં વધારે પ્રમાણમાં બોબડું બોલે છે. કારણમાં લાડકો હોવાનું જણાયું. ડ અક્ષરનો ઉચ્ચાર દ ના જેવો કરે છે.

વાતો બહુ જ કરે છે. સતત કાંઈક બોલ્યા જ કરવાની જાણે ટેવ પડી ગઈ છે. ખાલી ગપ્પા મારવા કરવામાં જ વખત પસાર કરે છે; વાતોમાં કોઈ અર્થ કે હેતુ ખાસ હોતો નથી.

બુદ્ધિ સામાન્ય રીતે ઠીક છે. મન અને શરીર બન્નેમાં આળસુ છે. ઘેર બહુ લાડ કરાવ્યાનું પરિણામ હોવા સંભવ છે.

પ્રેમાળ છે. શિક્ષકથી જરા બીએ છે.

રોજ અમુક વખત મૂંગા જ રહેવું તથા રોજ એકાદ પ્રકારનું કામ કરવું જ એવી સખ્તાઈ રાખવા માંડી. આળસને કારણે કશું જ કરવા તરફ પ્રવૃત્તિ થતી નહિ, પણ જ્યારે સખ્તાઈ રાખવાનું ઠરાવ્યું ત્યારે ધીરે ધીરે કામ કરતાં કરતાં મન પણ કાંઈક કામ કરવા તરફ પ્રવૃત્ત થતું જણાયું. કામ કરવામાં જરા રસ આવતો હોય એવું લાગ્યું.

ધીમે ધીમે રસ્તા પર આવી જશે એમ લાગે છે. હજુ પણ બાળકોની વચમાં અવકાશ મળતાં વાતોનાં ગપ્પાં હાંકે જ છે. ઉમ્મરના પ્રમાણમાં જરા નીચી કક્ષાની બુદ્ધિએ રહી હસવા રમવામાં વખત પસાર કરવાનું વધારે રુચે છે. એમ લાગે છે કે અન્ય બાળકોથી જુદું રાખી બુદ્ધિનું કામ જરા સખ્તાઈથી લેવાનો પ્રયોગ ઝાઝા દિવસો સુધી તેના પર અજમાવવો પડશે.

બૌદ્ધિક વિકાસ માટે ઘરનું વાતાવરણ જોઈએ તેટલું સાનુકૂળ નથી. લાડના વાતાવરણમાં બુદ્ધિ મંદ પડે છે. ઘેર પણ બાલમંદિર જેવું જ વાતાવરણ ગોઠવાય તો સુધારો જલદી થશે. માબાપની ઇચ્છા શાળા સાથે સહકાર કરવાની છે જ. પોતાનું બાળક ભારે બુદ્ધિશાળી થાય એવી પ્રબળ ઇચ્છા છે, પરંતુ સહકાર કેમ આપવો તે માબાપોને હજુ સૂઝયું લાગતું નથી અથવા ફાવ્યું નથી.

(૩)

ત્રીજું બાળક.

શિક્ષકની નોંધ:—

બહુ જ નિયમિત.

અતિશય શરમાળ.

કશું જ કામ કરતું નથી.

વર્ગમાં બોલાવીએ તો રડવા માંડે છે.

કક્ષાથી નીચલા વર્ગમાં બેસવું ગમે છે.

બાલમંદિરમાં દાખલ કર્યા લગભગ છએક મહિના થવા આવ્યા હતા, પણ તેમાં ૩–૪ મહિનાની ગેરહાજરી હતી. ગેરહાજરી પણ ધ્યાન ખેંચે તેવી હતી. દસ પંદર દહાડા આવી બાલમંદિરના વાતાવરણમાં જરા ગોઠવાય ત્યાં પંદર

વીસ દિવસ ગેરહાજર રહે. એટલે હાજરી હોવા છતાં તે કટકે કટકે હતી.

બાળક સ્વભાવે પણ શરમાળ અને બીકણ હતું. કાંઈક નવું શીખવાનું આવે કે ગભરાય; નવા વર્ગમાં જવાનું આવે કે બીએ; નવા શિક્ષકથી પણ બીએ.

ઉપાય:—

બાળકને બાલમંદિરમાં નિયમિત રીતે મોકલવા વાલીને સૂચના આપવી અને વારંવાર એ સૂચના યાદ દેવડાવવી.

જે વર્ગમાં અને જે શિક્ષિકા પાસે બેસવા રાજી હોય ત્યાં જ બેસાડી ઉંમરના પ્રમાણમાં જે આગળનું કામ બાળકે કરવું જોઈએ તે તેને આપવું—ત્યાં બેસવા દઈને જ કરવા દેવું.

પાંચ વર્ષની ઉંમર પૂરી થઈ તોપણ શિશુવર્ગમાં જ બેસાડવાનું ચાલુ રાખ્યું. (આ વર્ગમાં ૩॥–૪ વર્ષનાં બાળકો સામાન્ય રીતે હોય છે.) શિક્ષિકાએ એ વર્ગમાં જ તેને રહેવા દઈ બીજાં બાળકો ગયા પછી અક્ષરો અને અંકો શીખવવા માંડ્યાં. બીજા બાળકો ન હોય ત્યારે શાંતિથી થોડું થોડું કામ એ રીતે કરાવીને ધીરે ધીરે પોતાની જ કક્ષાનાં બૌદ્ધિક કામ તેણે હાથ ધરવા માંડ્યાં.

તેની સાથે કોઈ વાત કરે, તેના તરફ જુએ, અથવા તેના વિષે કોઈ વધારે પડતી વાતચીત કરતું તેને લાગે તો તે ગમતું નહિ. પણ ધીરે ધીરે બધાં બાળકો સાથે (બાલિકા હતી તેથી બાલિકાઓ સાથે વધારે રમતી) હળવામળવાના પ્રસંગો વધતા ગયા, અને તેને એમ લાગ્યું કે તેના તરફ કોઈ ખાસ ધ્યાન આપતું નથી ત્યારે હવે તે વધારે છૂટથી હળેભળે છે.

જો બાલમંદિરમાં હાજરી નિયમિત થઈ જશે તો અવશ્ય તે યોગ્ય માર્ગે ચડી જશે. (ક્રમશઃ)

તા.

વિચારી જોજો

બાળ દુનિયામાં પ્રવેશ કરતાં કરતાં, અને તેના પ્રશ્નોના ઉકેલનો વિચાર કરતાં કરતાં, એક જ નિર્ણય થાય છે કે બાળકોના પ્રશ્નો ઉકેલવા પહેલાં તેના ઘરના, તેની આસપાસના વાતાવરણના, વડીલોના, માતાપિતાના, શાળાના, અને શિક્ષકવર્ગના પ્રશ્નો ઉકેલવા તે પ્રથમ આવશ્યક છે. તે સૌના પ્રશ્નો ઊકલતા નથી ત્યાં સુધી બાળકના પ્રશ્નો અણઊકલ્યા રહે છે. બાળક વાતાવરણનું પ્રાણી છે. ઘરમાં તે અઢી વર્ષ સુધી ઊછરે, અને ત્યાં જે વાતાવરણ મળે તેની કાયમી અસર તેના પર રહે છે. ઘરનું પ્રત્યેક માનવી ઓછા વત્તે અંશે Problematic હોય છે. પ્રત્યેકના જીવનના અટપટા પ્રશ્નોની ગૂંચમાં બાળક પણ ગૂંચવાય છે. બાળકની ખાતર, તેના ઉછેરની ખાતર, તેના સારા વિકાસની ખાતર, કોઈ મોટેરું પોતાના પ્રશ્નો ઉકેલવા હજુ તૈયાર નથી થયું.

બાળકને કેળવવા જતાં, સાચા શિક્ષક પાસે માતપિતાને કેળવવાનું કાર્ય પણ આવી પડે છે. તેમને કેળવવાં તે તેની ફરજ થઈ પડે છે. તે પ્રયત્નો વિના તેનું કાર્ય જરાય સિદ્ધિ પામતું નથી.

માતપિતાને કેળવવાં એટલે તેમને જીવનની દૃષ્ટિ આપવી. આ દૃષ્ટિ તે જ શિક્ષક આપી શકે કે જેની પોતાની પાસે જીવનની દૃષ્ટિ હોય. જે શિક્ષક પાસે જીવનની દૃષ્ટિ નથી તે ઘડાઈ ગયેલાં માતપિતાના જીવનમાં નવી દૃષ્ટિની ચેતના પ્રગટાવી શકતો નથી.

માતપિતાનું મોળલું; પરાવલંબી જીવન બાળકને મોળલું અને પરાવલંબી બનાવે છે: શિક્ષક

સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિના શાળાના વાતાવરણથી બાળકમાં ગમે તેટલી સ્વાશ્રયી વૃત્તિ કેળવે, પરંતુ બાળક ઘેર જાય એટલે પાછું એવું ને એવું. આ રીતે ઘણાં બાળકોનું શાળા અને ઘરનું જીવન જુદા જુદા પ્રકારનું દેખાય છે. તેઓ બે પ્રકારનું જીવન જીવે છે. Dual life (બે પ્રકારનું જીવન) જીવતાં તેઓ કૃત્રિમ બની જાય છે.

ઘણાં માબાપ પોતે પોતાની રસમ છોડવા ઇચ્છતાં નથી, પરંતુ ગૃહશિક્ષક કે શાળા મારફત જ પોતાના બાળકને સંસ્કારી બનાવવા ઇચ્છે છે. આવી રીતે ઊછરતું બાળક પોતાના શિક્ષક કે શાળાના વાતાવરણ પૂરતું સંસ્કારી દેખાય છે, અને તે પછી પાછું હતું તેવું ને તેવું દેખાય છે.

બાળકને સુસંસ્કારી બનાવવા માટે, તેની સંસ્કારની ભૂંકૂ ચોવીસે કલાકનું સાતત્ય જાળવીને અપાવી જોઇએ. તેમાં ક્ષણની ય ક્ષતિ આવે તો તેની માઠી અસર બાળક પર થાય. આ સાદું સત્ય કોઈ ઘર સમજી શકતું નથી. મોટાં પોતાની જીવનનીતિ ફેરવવા માગતાં નથી અને બાળક પાસેથી તેની અપેક્ષા દૃઢપણે રાખેછે.

જે શિક્ષકની દૃષ્ટિ પૂર્ણ ખીલી નથી તે બાળક પર જ ધ્યાન આપે છે. પ્રયત્નો કર્યે જાય છે, પરંતુ તેની આજુબાજુની એની એ રસમ રહે છે એટલ તેને જોઈતી સિદ્ધિ મળતી નથી.

બાળકના વિકાસમાં અમદાવાદના કોટની દંત-કથા જેવું બને છે. અહમદશાહ રોજ કિલ્લો બંધાવે પણ સાંજ પડયે માણેકનાથ, પોતાની સાદડીનાં તાર તોડે અને ચણાયેલ કિલ્લો ગબડી પડે. છેવટે અહમદશાહને માણેકનાથનું મન મનાવવું પડ્યું. તેને કિલ્લો બાંધવો હતો એટલે તેની જરુરિયાત માણેકનાથને સમજાવવી પડી. તેમ બન્યું ત્યારે તે અમદાવાદ ફરતો કોટ બાંધી શકયો.

સારા શિક્ષકો હમેંશાં બાળકને સુસંસ્કાર મળે તેવું વાતાવરણ રચે છે; અને ઘર તે વાતાવરણને ડહોળી નાખે છે. અંતે સમાજ તો હતો ત્યાં ને ત્યાં ઠેરની ઠેર રહે છે.

આ બાજુનો વિચાર કરતાં એક વાત ચોસકકા થાય છે કે આપણી બાળકને કેળવવાની જેટલી ફરજ છે તેથી અધિકાંશ ફરજ વાલીઓને કેળવવાની પણ છે. પણ આપણામાં જીવનની સાચી દૃષ્ટિ હશે તો જ આપણે તેટલે સુધી જઈ શકીશું. નહિતર બાળક પૂરતા આપણા પ્રયત્નોનો અર્થ ઘણો જ ઓછો છે. આપણે સાચે જ બાળકેળવણીનું કાર્ય કરવું હોય તો ઘર અને તેના રસોડા સુધી પહોંચવું જોઈશે. અને તેટલે પહોંચવા માટે આપણે આત્મશુદ્ધિ પણ ખૂબ જ કરવી જોઈએ. તેના અભાવે ખરું ઓજસ બહાર નહિ આવે. કારણકે બાળકને સ્પર્શ કરવો તે સહેલું છે, પરંતુ મોટેરાંને સ્પર્શ કરવો તે હજારગણું અઘરું છે. તે અઘરું કાર્ય હાથ લીધા વિના સાચી બાળકેળવણી નહિ જન્મે.

ધનિકો, ગરીબો કે સામાન્ય વર્ગનાં માતપિતા, સારા શિક્ષકો અને સારી શાળા જોઇ પોતાના બાળકને શાળામાં મોકલી પોતાની ફરજ એટલા-થી જ પૂરી થઇ માને છે. સંપત્તિવાન માતાપિતા બાળક માટે સંસ્કારી શિક્ષક રોકી સંતોષ માને

પત્રવ્યવહાર માટે ગ્રાહકો રેપર ઉપરનો હાથે લખેલો ગ્રાહક નંબર લખવાની મહેરબાની કરે એવી વિનતિ છે.

છે કે પોતે તેટલાથી બાળક પરત્વેની ઘણી ફરજ અદા કરી છે. મોટા ભાગનો વર્ગ માને છે કે સંસ્કારી શાળા અને સંસ્કારી શિક્ષકો સાથે સંબંધ જોડ્યા પછી પણ જો અમારે અમારા બાળક માટે સચિંત રહેવાનું હોય તો તેમ કરવાનો અર્થ પણ શું છે ?

આપણા આખા સમાજનું જીવન compartmental life જેવું જુદા જુદા વિભાગોમાં વહેંચાઈ ગયેલું થઈ ગયું છે. કેળવણી આપવાનું, સંસ્કાર પોષવાનું કામ શિક્ષક કે શાળાનું છે; ઘરને તે સાથે બહુ ઓછી લેવાદેવા છે. આ પ્રકારનું માનસ સમાજમાં જ્યાં સુધી છે ત્યાંસુધી સંસ્કારી બાળઉછેર નહિ જ થાય. બાળક ઉધમી બને તેવી ઇચ્છા ધરાવનાર માતાપિતાએ પોતાના ઉધમી જીવન ઉપરાંત, બાળક સાથે ઉધમી જીવન ગાળવું જોઈશે. બાળક વાચન–ગણિત–સંગીત–વગેરેમાં સંસ્કારી શિક્ષણ પ્રાપ્ત કરે તેવી ઇચ્છા ધરાવનાર વર્ગે પોતે જ બાળક સાથે ભળી તેનું વાતાવરણ ઊભું કરતાં કરતાં તે તે દિશામાં સ્વયંવિકાસ પણ સાધવો જોઈએ. આવા પ્રયત્નમાં શિક્ષણનું સ્થાન તો કેવળ માર્ગદર્શક જેવું જ રહી શકશે.

આ સત્ય સમાજના ગળે જલદી નથી ઊતરતું. કોઈક સમજુ વર્ગ બુદ્ધિવાદથી આટલું કબૂલ કરશે તો બહુ થોડા જ તેનો અમલ કરી શકશે; કારણકે તેનો અમલ કરવા જતાં મોટેરાંઓએ પોતાના શોખ, પ્રલોભન; મહત્ત્વાકાંક્ષા વગેરે ઘણાનો ભોગ આપવો પડે છે; અને તે ભોગ આપવાની તૈયારી-શક્તિ, બહુ જ થોડામાં દેખાય છે.

આવા ભોગ આપવાની ચિનગારી તે જ શિક્ષક પ્રગટાવી શકે કે જેણે ખૂબ જ આત્મમંથન કરી પોતાની જાતને સુધારી હોય. જાત સુધાર્યા વિના કોઇને સુધારી શકાતું નથી.

વજુભાઈ દવે.

બાળકોની દૃષ્ટિ

શશી મારા પાડોશમાં જ છે. ચાર વર્ષનો છે અને મારા બાલમંદિરમાં પણ આવે છે. રોજ મારે ઘેર આવે છે. મારી ને તેની સારી એવી દોસ્તી જામેલી છે.

એક દિવસ શશીની બાએ તેના નોકરને પાંચ પૈસા આપી મારે ત્યાંથી ટિકિટ હોય તો લાવવા કહ્યું. શશી પાસે જ બેઠો હતો. તેને કાંઇક વિચિત્ર લાગ્યું.

તેણે કહ્યું: " બા ! એ તે કાંઈ પોસ્ટ ઑફિસ છે તે ત્યાંથી ટિકિટ વેચાતી મળે? રામાને પૈસા આપીને કેમ મોકલે છે ? "

થોડા દિવસો થઈ ગયા. તેનો જન્મદિવસ આવ્યો. તે દિવસે જમણમાં શું મીઠું ભાવશે, એમ શશીને પૂછતાં તેણે કેળાંનો છુંદો જ ખાવાનો આગ્રહ બતાવ્યો.

બાએ રામાને બૂમ મારી તેને પૈસા આપ્યા અને બજારમાં જઈ કેળાં લઈ આવવા હુકમ કર્યો.

શશીને એ ફેરાગટની મહેનત કરવા જેવું લાગ્યું. મારે ત્યાં આગલે દિવસે કેળાંની આખી લૂમ આણેલી તેણે જોઈ હતી. તેણે કહ્યું : " શું બા તુંયે તે ? તારાએનને ત્યાં આટલાં બધાં કેળાં છે ને રામાને બજારમાં શા માટે મોકલે છે ? "

પણ...ગમે તેટલો નિકટનો સંબંધ હોય તોપણ વહેવાર જુદી વાત છે એટલે ઝીણો ભેદ જાણવાને હજુ તેને વાર હતી !

તા.

રોજ રોજ બને છે.

૧

"અરે મનુ ! દોડ, દોડ, કનુભાઈ પડી ગયો. જલદી જા. અરેરે, કેટલું લાગ્યું હશે ? બિચારાનું જરા ધ્યાન તો રાખ !"

આવું તો વારંવાર બને છે.

બાળક જરા પડે આખડે તેમાં દોડાદોડી કરવાની કે ગભરાવાની જરાય જરૂર નથી. સામાન્ય રીતે બાળક પોતે જ પડ્યું હોય તો ય ઊઠીને દોડવા માંડે છે, અને કરતું હોય તે કામે લાગી જાય છે. આપણે પાસે હોઈએ અને "અરેરે, કેટલું લાગ્યું ?" વગેરે કરીએ ને વધારા પડતી ચિંતા બતાવીએ તો જ બાળક રોતાં અને કકિયો કરતાં શીખે છે. વિના કારણ બાળકને એમ લાગે છે કે પોતાને ખૂબ લાગ્યું છે અને એ કલ્પનાથી પણ તે રડવા માંડે છે.

હા, બાળક બહુ ઊંચેથી પડી ગયું હોય , ભારે ઈજા થઈ હોય અથવા વરામણું લાગ્યું હોય ત્યારે અવશ્ય બાળકને તુરત મદદ કરવી જોઈએ. પણ તેમ કરતી વેળા પણ આપણે મોટેરાંઓએ ધૂમાધૂમ કરવાની કે ખોટી ગભરામણ દેખાડવાની જરાય જરૂર નથી હોતી. આપણી ખોટી ગભરામણ જ બાળકને વધારે પડતું નાજુક બનાવે છે.

૨

"શું કહું બેન ! મારી કમુનું ભારે દુઃખ છે. કાંઈ ખાતી જ નથી. કંઈ ભાવે જ નહિ ને ! ફક્ત બટાકાનું શાક ખાય છે. પણ તે મે જ કર્યું હોય અને હું જ પાસે બેસી ખવરાવતું તો બે ફોડવાં ચાખે એટલું જ ! સિવાય કશાને હાથ પણ અડકાડે નહિ. મોંમાં કોળિયો મૂકે ત્યાં તો બકારી થવા માંડે ! હવે શું કરવું તે જ સૂઝતું નથી ! હું તો હારી. હવે તો ડાક્તરને કહીને પચવાની દવા આપવા માંડી છે; એમ કરતાંય બે કોળિયા મોંમાં ઘાલતાં શીખે તો !"

કમુના જેવા દાખલાઓનો તોટો નથી હોતો.

પણ ખરી રીતે બાળકના ખાવા ન ખાવા સંબંધે બહુ ચાંપલાઈ કરવાની જરૂર નથી હોતી.

અમુક ચીજ મારી બેબીને ગમે અને અમુક તો ભાવે જ નહિ એવા વેવલાવેડા પણ નુકસાન કરનારા છે. બાળકને માટે ખૂબ ખાવું અને આખો દહાડો રમવું એ સ્વાભાવિક ક્રિયાઓ છે. બધી ચીજો ખાવી જોઈએ, અને ખાઈએ એટલે ભાવે, એ ધોરણ જ વધારે સાચું છે.

બાળક વિષે વધારે પડતું ધ્યાન આપવાથી, તેની અગત્ય વધારવાથી અને સતત ચિંતા બતાવ્યા કરવાથી જ બાળક ખાતું બંધ થાય છે. બીજાં બાળકો સાથે છૂટું મૂકી દેવાથી બધું ખાવાની ટેવ આપોઆપ પડે છે.

(અપૂર્ણ)

વ્યવસ્થા

(૧) લવાજમ તથા અંકો મળવા અંગેની ફરિયાદ નીચેને સરનામે કરવીઃ—

ગોપાળરાવ ગ. વિદ્વાંસ, વ્યવસ્થાપક,
શિક્ષણપત્રિકા, મહાજન ગલી;
જ્ઞાનમંદિર, રાવપુરા; વડોદરા.

(૨) લખાણ અંગે તથા સંઘને લગતા પત્રવ્યવહાર માટેઃ—

શ્રી. તારાબેન મોડક, તંત્રી, શિક્ષણપત્રિકા;
૧૧૮, હિંદુ કોલની, દાદર,

એ સરનામે લખવું.

શા માટે નથી થતું ?

બીરબલ બાદશાહની એક વાત છે. બીરબલને બાદશાહે પૂછ્યું: "લોકો સ્વભાવે કેવા ?" બીરબલે કહ્યું : " લોકો સ્વભાવે કરવા જેવાં, અને ખાસ કરવાનાં કામો પણ ' બીજો કરશે ' એમ કહીને નહિ કરવાના સ્વભાવના. "

બાદશાહ કહે. 'ખાત્રી કરાવી આપ.' બીરબલે બીજે દિવસે હુકમ કાઢ્યો. બાદશાહના નામથી જાહેર કર્યું કે અમુક હોજમાં બધાએ એક કળશો દૂધ નાખી જવું અને એક રાતમાં કુંડ દૂધથી ભરી દેવો. થાળી પિટાવીને આખા ગામને હુકમ જાહેર કર્યો. હુકમ બાદશાહનો હતો; કર્યા વિના ચાલે તેમ જ ન હતું.

રાત પડી. પહેલા માણસે વિચાર્યું: "હું હોજમાં શા માટે દૂધ નાખું બીજા બધા નાખવાના જ છે ને ?" એણે અવેડાના પાણીનો લોટો ભરીને કુંડમાં નાખ્યો. બીજાએ, ત્રીજાએ, ચોથાએ બધાએ એ જ પ્રમાણે વિચાર કર્યો. કોઈ એ દૂધ ન નાખ્યું. રાતે કોઈ નહિ જુએ એ લોભે. બધાએ વિચાર્યું :"બીજો નાખશે; હું શા માટે ?" અને સવારના પહોરમાં બાદશાહ બીરબલ આવ્યા ત્યારે દૂધને બદલે પાણીથી ભરેલો કુંડ તેમણે જોયો. બાદશાહે કાન પકડ્યા.

\+ \+ \+

ઉપરની વાત જેવું આપણા ઘણા વ્યવહારોમાં હોય છે. ખાસ કરીને જાહેર સંસ્થાઓના સંચાલનમાં જાહેર સંસ્થાઓમાં બીજો કરશે એ ન્યાયે કોઈ કશું કરતા નથી, અને છેવટે દૂધને બદલે પાણીથી કુંડ ભરાય છે.

અને પછી આપણે જ તાજુબી પામીએ છીએ કે આમ કેમ બને છે? સંતોષકારક કામ કેમ નથી થતું? સંઘબળ જાગતું કેમ નથી? હવા કેમ નથી જાગતી? કામ કરવાની ચળ કેમ નથી ? ઉત્સાહ કેમ નથી ?

પણ આપણે બધા ઉપલી વાર્તાનો સાર જરા વિચારીએ તો આપમેળે કામ થશે ને કામનો સંતોષ પણ થશે.

શિક્ષણ સમાચાર

ઘરશાળા બાલઅધ્યાપન મંદિર

જૂન ૧૯૪૨ના છેલ્લા અઠવાડિયાથી આ અધ્યાપન મંદિર ફરી શરૂ થાય છે.

શિક્ષણની જૂનીનવી પદ્ધતિઓ, મોન્ટી-સોરી પદ્ધતિ, શિક્ષણનો ઇતિહાસ, બાળમનો-વિજ્ઞાન અને પ્રાયોગિક મનોવિજ્ઞાનનું અધ્યયન કરાવવામાં આવશે.

ઘરશાળાના બાલમંદિર અને કુમારમંદિરમાં પ્રત્યક્ષ પ્રયોગોનો અવકાશ છે.

શ્રી હરભાઈ ત્રિવેદી અને બીજા શિક્ષણસિદ્ધ શિક્ષકો દ્વારા તાલીમનો લાભ મળશે.

વાર્ષિક રૂપિયા બસોમાં જ શિક્ષણનું લવાજમ અને ભોજનખર્ચનો સમાવેશ કરવાની વેતરણ કરવામાં આવી છે.

વધુ વિગતો માટે પુછાવો:—

વ્યવસ્થાપક : ઘરશાળા (Home-School)
ભાવનગર–કાઠિયાવાડ.

શિશુવિહાર–બાલઅધ્યાપન મંદિર
દાદર.

જૂનની ૨૯ મીથી શિશુવિહાર–બાલઅધ્યાપન મંદિર, દાદરમાં શરૂ થાય છે.

તા. ૨૨ મીએ સવારે ૮ થી ૧૦ પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે. આને માટે ખાસ અભ્યાસની જરૂર નથી. વિદ્યાર્થીનાં સામાન્યજ્ઞાન, ભાષાજ્ઞાન અને વિચારો કેવાં છે તેટલું જોવામાં આવે છે.

વ્યવસ્થાપક—શિશુવિહાર
દાદર.

પૂ. ગિજુભાઇ

નૂતન બાળ-શિક્ષણસંઘ અને શિક્ષણપત્રિકાના આદ્ય સંસ્થાપક સ્વ. ગિજુભાઈની સીધી દેખરેખવિહોણું, માત્ર તેમના આત્મિક બળ ઉપર અને તેમણે ઉત્પન્ન કરેલા સાંઘિક બળ ઉપર સંઘનું કામકાજ ચાલવાને આજે ત્રણ વર્ષ પૂરાં થાય છે.

સ્વ. ગિજુભાઇનો ઉત્સાહ અને પ્રાણ એટલા જબરા હતા કે તેની હુંફ હજી સુધી આપણને મળ્યા જ કરે છે. તેઓ ગયા–નાની ઉમરે ગયા–પણ પોતાની પાછળ અખૂટ એવું કાર્ય મુકીને ગયા છે; અને પોતાની પાછળ પોતાના પ્રાણની જાગતી જ્યોત પણ મુકીને ગયા છે. તેમના મિત્રો ને શિષ્યોએ તેમનું કાર્ય ઉપાડવાનું છે. કોઇ પણ કારણસર કામ મંદ પડયું હોય, ઉત્સાહ મોળો પડયો હોય અથવા પોતાના રોજના કામમાં આ મહાકાર્ય ભુલાઈ ગયું હોય તો તેમની સંવત્સરીને દિવસે પૂજ્ય ગુરૂનું ચરિત્ર વાંચીએ અને સ્ફૂર્તિ મેળવીએ. તેમના જીવનમાંથી તેમની કામની ચાવી પકડી પાડીએ. તેમનો અથાક ઉદ્યોગ સંભારીએ. મુશ્કેલીના વખતની તેમની શાંતિ સંભારીએ. તેમનો અખંડ ઉત્સાહ સંભારીએ. તેમની ઉછળતી વિનોદવૃત્તિ સંભારીએ. નાના મોટાં બધાંને પિતાના પ્રેમથી ખેંચી લેવાની શક્તિ સંભારીએ. અને આપણામાં આવેલી મંદતા કાઢી નાખીએ.

પૂ. ગિજુભાઈએ ઘણું કર્યું છે સો માણસનું કામ એકલાએ કર્યું છે. છતાં ઘણું ઘણું જ આપણે માટે મુકીને ગયા છે.

તેમની સાચી સંવત્સરી તો એ જ રીતે ઉજવવી જોઇએ.

તા. ૨૩ મીએ સવારે નહાઈ ધોઈને નૂતન બાલશિક્ષણ સંઘના સભ્યો કરવા નીકળી પડવું. અને સાંજ પડે કેટલાં ઘરો ફરી વળ્યાં, કેટલાં માણસોને ગિજુભાઈના કાર્યની વાત કહી સંભળાવી, અને કેટલા જણને આ કાર્યમાં જોડી લીધા તેનો હિસાબ કાઢી પૂજ્ય ગુરને ચરણે અર્પણ કરવો. માત્ર ભાષણો કરીને, દિલગિરી બતાવીને, તેમના ગયાનો શોક કરીને તેમની સંવત્સરી ઉજવી ન જ ગણાય.

પૂ. ગિજુભાઇના શિષ્યો, મિત્રો, સહકાર્યકર્તાઓ,

તા. ૨૩ મી જૂને પૂ. ગિજુભાઈની સંવત્સરી સાચી રીતે ઉજવજો. તં.

સસ્તામાં અંકો

શિક્ષણ પત્રિકાના છેલ્લા પાંચ વર્ષના અંકો અર્ધી કિંમતે એટલે આઠ આનામાં બાર અંકો એ હિસાબે આપવામાં આવશે ટપાલ ખર્ચ જુદુ પાંચ વર્ષના અંકોના અઠી રૂપિયા અને ટપાલનો રૂા. ૧ મળી. પોણાચાર રૂપિયા મોકલવાથી મળશે.

પાંચ વર્ષ પહેલાંના અંકો કોઇને જોઇતા હોય તો બાર અંકના ટપાલખર્ચના આના ૪ મોકલવામાં આવે તો **વિનામૂલ્યે અંકો** આપવામાં આવશે. એકાદ બે વર્ષના જ અંકો મળી શકશે. ટપાલ ખર્ચના આઠ આના મોકલી આપવામાં આવે તો અંકો મોકલવામાં આવશે.

કોઇને જૂના અંકો સંધરી રાખવા હોય તો અંકો જલદી મંગાવી લેવા વિનતિ છે.

વ્યવસ્થાપક.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

બાલઉદ્ધારમાં જગતનો ઉદ્ધાર જોવાવાળા ક્રાંતદર્શીઓ કહે છે કે નવી પેઢીને હાથમાં લો, નવી પેઢીને વ્યક્તિત્વ આપો, નવી પેઢીને પારતંત્ર્યમાંથી બચાવો.

આ દુનિયાને ઝંગડાઓમાંથી, વેરઝેરમાંથી, લડાઈઓમાંથી, અનાથાશ્રમો અને પાગલખાનાંમાંથી, કોર્ટો અને કેદખાનાંમાંથી, ગરીબી અને વિલાસમાંથી, સત્તા અને ગુલામીમાંથી બચાવવી હોય તો નવી પેઢીનું શિક્ષણ નવું કરો — એમાં ઘૂસી ગયેલ અંધારાને દૂર કરવા નવા પ્રકાશને આવવા દો.

—સ્વ૦ ગિજુભાઈ.

વર્ષ ૧૭ | ૧૯૬૮ | :: કાર્યાલય :: દાદર, મુંબઈ ૧૪ | અંક ૫ | આષાઢ

આમીભર્યું વાંચન

કોઈ પણ પ્રાથમિક શાળામાં જઈને જોશો તો એકાદ વર્ગમાં પણ બાળકોનું વાંચન ચાલતું તમને જોવા મળશે. જેમજેમ નીચલા વર્ગોમાં જોઈએ તેમ તેમ એ વાંચનની વધારે વધારે દુર્દશા અને વાંચનારાઓની મુસ્કેલી વધેલી જણાશે. કોઈ ગાતું હોય એમ રાગ કાઢીને વાંચતું માલૂમ પડશે; કોઈ તેનો તે શબ્દ અથવા વધારે શબ્દો બબે ત્રણ ત્રણ વાર ફરી ફરી વાંચીને અટકેલી ગાડી આગળ હાંકતા જણાશે; કોઈ ગળચવાં ગળતા જશે તો કોઈ શેરડી ચૂસતા હોય એમ સૂસકારા કરતું વાંચતું હશે; કેટલાંએક બાળકો વાંચતાં વાંચતાં વચ્ચેના શબ્દો જ છોડી દેતું જણાશે તો ઘણાના ઉચ્ચારો અસ્પષ્ટ અથવા અશુદ્ધ થતા જણાઈ આવશે; કેટલાંએક બિનજરૂરી જગ્યાએ જ વાંચતાં અટકી જતાં જણાશે, જાણે કે છાપેલાં વિરામચિહ્નો જ બદલવાં જોઈએ ! કોઈ કોઈ બાળકો જેઓ સામાન્ય રીતે બોલતાં થોથવાતાં ન હોય તેવાં પણ વાંચન કરતી વખતે થોથવાતાં જણાશે. આ બધી કચૂંબરમાં જેને સારું વાંચન કહેવાય છે તેવાં બાળકો પણ પંજાબ મેલની જેમ સડસડાટ જોસભેર કયાંયે અટક્યા વિના વાંચતાં હશે; માત્ર પૂર્ણવિરામ આવે ત્યાં જ તેમની ગાડી અટકશે. હોશિયાર ગણતાં બાળકો વાંચન મોઢે કર્યા પેઠે ઝપાટાભેર પૂરું કરી દેતાં જણાશે; પણ પોતે શું વાંચે છે તે ઘણું ખરું તેઓ સમજતાં હોતાં નથી. તેમને શું વાંચ્યું એમ પૂછીએ તો અગાઉ પાઠ વાંચેલો હોય તેમાંથી જેટલું ધ્યાનમાં હોય તે કાંઈક કહી જાય છે, પણ વાંચન ચાલતું હોય છે ત્યારે તો આંખો અક્ષર ઉપર ફરે અને મોંએથી તે શબ્દોના ઉચ્ચાર થતા જાય એટલી જ ક્રિયા ચાલતી હોય છે. વાંચનમાં આવી જાત-જાતની ક્ષતિઓ—ભૂલો થવાનું મુખ્ય કારણ જોઈએ તો વાંચનશિક્ષણની પદ્ધતિમાં રહેલા દોષો છે. બાળકોને એ ભૂલો માટે જવાબદાર ન ગણવાં જોઈએ.

વાંચન—સારું વાંચન એ એક કલા છે. સંગીત જેટલી જ એ શ્રવણપ્રિય કલા છે. વાંચનમાં અવાજને ઊંચોનીચો કરવો, નાનોમોટો બનાવવો, કોમળતા અને પ્રખરતા આણવી વગેરેની કલા (modulation) અને અવાજમાં જોઇતો થડકારો પેદા કરવાની આવડત કેળવવાં પડે છે. એ સાધ્ય કરવા માટે અવાજ ઉપર કાબૂ હોવો જોઈએ, તે સાથે સાથે જે વંચાતું હોય તેનો અર્થ પણ મનમાં ઊતરતો જવો જોઈએ.

પણ આ તો બહુ ઊંચી કક્ષાની વાત થઈ. નાનાં બાળકો પ્રાથમિક શાળાના શરૂના વર્ગોમાં વાંચન શીખે છે તે વખતે તેમની સમક્ષ અવાજમાં થડકારો અને હાવભાવ લાવવાનો સવાલ નથી હોતો; તેમની પાસે મુખ્ય બાબત અક્ષરો ઉકેલવાની જ હોય છે. વાંચનમાં કોમામાત્રાનું ધ્યાન રાખી તે મુજબ ઉચ્ચાર કરવો, જોડાક્ષરો વાંચવા, બેચાર અક્ષરોનો શબ્દ હોય તેને સળંગ વાંચી જવો, એ બાળકોના શરૂઆતનાં વાંચનમાં આવશ્યક અંગો છે. એમ કહો કે વાંચનના પાયામાં રહેલી બાબતો જ હજુ તો તેને સાધ્ય કરવાની હોય છે.

વાંચી ગયેલ શબ્દ કે વાક્યનો અર્થ સમજવો તે આ પછીનું બીજું પગલું છે. આ બન્ને પગલાં પર બરાબર કાબૂ આવી જાય ત્યારે જ વાંચનની કલા શીખવાની લાયકાત બાળકમાં આવી ગણાય. આ બન્ને બાબતો સાધ્ય કરતા પહેલાં જ બાળકો પાસે વાંચન કરાવવાને પરિણામે શાળાઓમાં સામાન્ય રીતે દેખાતા વાંચનના દોષો બાળકોમાં આવે છે. વાંચતી વેળા પછીનો અક્ષર

કે શબ્દ બરાબર ન ઊકલે ત્યારે જ વિરામ તરીકે ગળચવું ગળવાનું મન થાય છે, અથવા બીજી જાતનો કાંઈક ઉચ્ચાર મોં વતી કરી લેવો પડે છે; એવું ન બને તો બગડી ગયેલ રેકર્ડમાં જેમ તેનો જે ભાગ ફરી ફરી વાગ્યા કરે છે તેમ બાળકો વાંચેલ શબ્દ જ બેચાર વાર ફરી ફરી બોલ્યા કરે છે. ટૂંકમાં આગળનું ઊકલતું ન હોય ત્યારે ગતિમાં જે સ્ખલન ઊભું થાય છે તેને મોંની કોઈ પણ જાતના ઉચ્ચારની ગતિ બતાવી છુપાવવું પડે છે. એથી બીજી જાતનાં બાળકોમાં એટલે કે જેમને અક્ષરોનો પાકો પરિચય હોય છે અને જેમને શબ્દો પણ બરાબર વાંચતાં આવડી ગયા હોય છે તેવાં બાળકોમાં, વાચન પંજાબ મેલની ઝડપે એક છેડાથી બીજા છેડા સુધી ચાલ્યું જાય છે પરંતુ વાંચતી વેળા જ વાંચ્યાનો અર્થ પણ જાણવાની ટેવ પડેલી ન હોવાને પરિણામે શું વંચાયું તે કશું તેઓ સમજી શકતાં નથી; પાટા પર ફાસ્ટ ટ્રેનો દોડી જાય તેમ તેઓ કડકડાટ પૂરું કરી જાય છે. વાંચનશિક્ષણની પદ્ધતિમાં રહેતી ખામીઓને પરિણામે આવી અનેક જાતની વાંચનની ક્ષતિઓ બાળકોના વાંચનમાં આપણે જોઈએ છીએ.

નજરે દેખાતા આકારો–અક્ષરોના સ્પષ્ટ સાચા ઉચ્ચારો તુરત મોંએ કરતાં આવડવું એ વાંચનનું પહેલું પગથિયું છે.

અક્ષરો પાકી રીતે ઓળખતાં શીખવું એ પહેલું સાધ્ય થવું જોઈએ; તે પછી એક કરતાં વધારે અક્ષરો–અક્ષરસમૂહોને શબ્દ તરીકે ઉકેલતાં આવડવું જોઈએ. આ જાતના શબ્દો વાંચવાનો પુષ્કળ મહાવરો હોવો આવશ્યક છે. શાળાઓમાં આજે શિખવાતી રીતમાં આ પ્રકારનું વાંચન બહુ ઓછું થાય છે. તેના તે શબ્દો ફરી ફરીને જુદી જુદી રીતે વંચાવાને બદલે શરૂઆતમાં બાળપોથી કે એવું ક્રમિક પુસ્તક બાળકોના વાંચન માટે યોજનાને પરિણામે બાળકો આખોય પાઠ–આખું પુસ્તક–ક્રમસર મોઢે કરી લેતાં થઈ જાય છે;આમાં અક્ષરો કયાં છે તે જાણી તે પરથી શબ્દ ઓળખવાની ક્રિયા લગભગ ઉવેખાયેલી રહે છે. એ પદ્ધતિમાં થોડાએક સુધારો દાખલ કરીએ તો વાંચનશિક્ષણની આ મૂળભૂત પાયરી બહુ સફળતાથી બાળકો ચઢી જાય છે. તેને માટે આવી યોજના થઈ શકે.

વીઝીટિંગ કાર્ડો હોય છે તેવડા અથવા તો ગંજીપાનાં અરધાં પાનાં જેવડા જાડા કાગળના તો ટુકડાઓ પર ૪૦–૫૦ શબ્દ લખી રાખી પાનાંને ગંજીપાની જેમ પીસીને બાળકને વાંચવા આપવાં. આમ કરવાથી શબ્દો તેના તે હોવાથી પુનરાવર્તન થાય છે, પરંતુ તેમનો ક્રમ નિશ્ચિત ન હોવાથી દરેક પાનાનો શબ્દ બાળકે નવેસરથી વાંચવો પડે છે. એટલે કે ઝટપટ, કરવત, નળ, ગરમ જેવા ક્રમસર શબ્દો મોંએ કરી અક્ષરો જોયા વિના જ વાંચી જવાનું બનતું નથી. ગ, ર, મ, અક્ષરો વંચાય તો જ ગરમ શબ્દ ધ્યાનમાં આવે; તેમ જ તે પછી કોઈ વાર કરવત શબ્દ આવે તો કોઈ વાર નળ શબ્દ આવે; એટલે દરેક શબ્દ સ્વતંત્ર રીતે બાળકે વાંચવો પડે.

શબ્દવાંચનમાં એક એ બાબત પણ ધ્યાનમાં રાખવાની રહે છે કે નિયમ તરીકે બાળકો પહેલાં અક્ષરો મનમાં વાંચે, આખો શબ્દ મનમાં ઉકેલે, અને પછી જ તેનો મોટેથી ઉચ્ચાર કરે. શરૂઆતમાં આ જાતનું વાંચન બાળકે શિક્ષક પાસે બેસીને વાંચવાનો નિયમ કરવો જોઈએ, અથવા જેને પાકું વાંચન આવડી ગયું છે એવા બાળક પાસે બેસી વાંચવું એમ રાખવું જોઈએ. આ રીતે બેચાર વાર બધા શબ્દો–શબ્દોનાં પાનાં વંચાઈ ગયા પછી બાળક જાતે વાંચે તો ય ચાલે.

થોકબંધ અને વારંવાર આવી જાતનું વાંચન કર્યા કરવું, એ પણ વાંચનશિક્ષણનું અગત્યનું અંગ છે. બાળકો જાતે જ એ રીતે વાંચવા પ્રેરાય તેમ થવું જોઈએ.

બાળકો સારુ મોટા મોટા વિદ્વાન ગણાતા લેખકોએ લખેલાં પુસ્તકોમાં પણ આ વિષે દુર્લક્ષ થયેલું છે. આખું વાક્ય લખવાથી પૂરો અર્થ સમજાય છે એવી માન્યતાથી આજકાલની બાળપોથીઓમાં પણ જલદીથી વાક્યો ઉપર બાળકોને લઈ જવાનું વલણ દેખાય છે. પરંતુ શબ્દો પણ બાળકો માટે વાક્યો જેટલા જ અર્થપૂર્ણ હોય છે એ અનુભવીઓ જાણી શકે છે. બાળકો 'દાળ' શબ્દ વાંચતાં હોય ત્યારે થતી વાતચીત આનો પુરાવો ઘણી વાર આપે છે. કોઈ કહે છે: "આપણે રોટલી સાથે ખાઈએ છીએ ના? તે." કોઈ કહે છે "મને દાળ નથી ભાવતી." કોઈ કહે છે: "મને દાળભાત બહુ ભાવે છે." કોઈ કહે છે: "મને તો છૂટી દાળ ગમે." આમ દાળ શબ્દની સાથે જોડાયેલી અનેક કલ્પનાઓ બાળકોની વાતોમાં થતી આપણે સાંભળી શકીએ છીએ. આમાં એક જ વાક્ય નહિ પણ અનેક વાક્યસમૂહો બાળકો બોલે છે; એકનું એક બાળક આજે એક જાતનું વાક્ય બોલ્યું હોય તો કાલે નવું જ વાક્ય બોલતું સંભળાય. એટલે કે બાલ-વાંચનની સાચી શરૂઆત શબ્દોના વાંચનથી થવી જોઈએ. શબ્દ ટૂંકો હોઈ જલદી વંચાઈ જાય છે, તે સાથે અર્થબોધ પણ બાળકને તુરત થાય છે.

હમણાં છેલ્લે છેલ્લે બાળકો માટે શબ્દ-પોથીઓ પ્રગટ થઈ છે. પણ તેમાં કેટલીકમાં શબ્દોમાં વપરાયેલ ટાઈપો-અક્ષરો હજુ નાના રહી ગયા છે. તો કેટલીએક પોથીઓની છપાઈ વગેરે સુંદર હોવા છતાં તેમાં વપરાયલા શબ્દો જાણે શબ્દભંડાર માટે જ વપરાયા હોય તેમ જેનો અર્થ બાળકોને જલદી ન સૂઝે અથવા તેમની કક્ષાની બહાર હોય તેવા પણ વપરાયા છે. શબ્દપોથીઓમાં મરણ, દફન, કબર વગેરે જાતના શબ્દો ઓછા આવે એમ થવું જોઈએ. એકંદરે આ નવી ઢબની શબ્દપોથીઓ, બાળકોને આશીર્વાદ સમાન છે એમાં શક નથી. છતાં શાળાઓ આવી પોથીઓને બદલે જો છૂટાં પાનાં કરી વાંચન શીખવવાનું રાખે તો વધારે ઇષ્ટ ગણાય; પાનાંઓમાં શબ્દોના ક્રમ બદલાતા હોવાથી દરેક શબ્દ વાંચતી વેળા તેનો અર્થ સમજવો પડે છે, જ્યારે પોથીઓમાં ગોખણિયું થઈ જવાનો ભય રહેલો છે.

શબ્દવાચન સારુ બારાખડીપેટી જેવી શબ્દોની પેટી રાખી હોય તો વધારે સારુ. અમારા બાલમંદિરમાં આ પદ્ધતિથી લાભ થયો છે. આઠ ખાનાંવાળી એક પેટીમાં અકાર, આકાર, ઈકાર, ઉકાર વગેરે બારાખડીના શબ્દો રાખીએ છીએ; દરેક ખાનામાં એવાં એક જ બારાખડીનાં ૨૫-૩૦ શબ્દપાનાં હોય છે; જેમકે એક ખાનમાં ઘર, પગ, વડ જેવા શબ્દોનાં પાનાં હોય, બીજામાં દાળ, ગાય, કબાટ જેવા શબ્દો હોય, ત્રીજામાં સીતા, માટી, ખીર જેવા શબ્દો હોય; તો ચોથમાં ફૂલ, ગુલાબ, દૂધ, એવા શબ્દો રાખ્યા હોય.

સરળતા સારુ આ દરેક ખાનામાં રાખવાના શબ્દો જો જુદા જુદા રંગનાં પાનાંમાં લખ્યા હોય તો વધારે સારું; શબ્દો સેળભેળ થઈ ગયા હોય ત્યારે પણ રંગની મદદથી બાળકો એનું સાચું વર્ગીકરણ પાનાં પાછાં મૂકી દેતી વેળા એથી કરી શકે છે, કેમકે વર્ગનાં ઘણાં બાળકો એક જ પેટી ઉપર એકી સાથે વાંચવા બેસતાં હોય ત્યારે શબ્દો ભેળાઈ જવાનો સંભવ હોય છે. દરેક ખાનામાં તળિયે એ જ રંગની એક ચિઠ્ઠી એ ખાનું દર્શાવતો શબ્દ લખીને ચોડી હોય તો આ વર્ગીકરણ દરેક બાળક સરળતાથી કરે છે.

ખાનાવાર શબ્દો વાંચવાનું કામ બાળક પૂરું કરી રહે એટલે જુદા જુદા ખાનાંઓમાંથી પાનાં લઈ એકઠાં કરી પીસીને પછી વાંચવાની ક્રિયા બાળકોને બતાવી શકાય. આ પગલું વાંચન વધારે દૃઢ થવાની પણ ખાતરી કરાવે છે. એથી બાળકોને જુદી જુદી બારાખડીવાળા શબ્દો પણ જલદીથી વાંચતું કરવામાં–વાંચનની ગતિ વધારવામાં મદદ થાય છે.

બેચાર બાળકો ફરતાં બેસે, અને વચ્ચે શબ્દોનાં પાનાં સેળભેળ કરી ઊંધાં મૂકી એકેક પાનું દરેક બાળક વારાફરતી લઈને વાંચે એવી રમત પણ બની શકે. આ રમતમાં વાંચનની શીઘ્રતા કેળવાય છે. એટલે કે શબ્દ જોતાં જ ઝપાટાબંધ આખો વાંચી જવાનું બાળક શીખે છે. જાતે એકલાં મનમાં તેમ જ મોટેથી શબ્દો અનેક વાર વાંચી લીધા હોય એટલે આવું શીઘ્રવાચન બાળકોને તુરત સાધ્ય થાય છે; અને આ રમત એ રીતે લાભદાયી પણ છે. આખી પેટીમાં ૨૦૦ થી ૩૦૦ શબ્દો રાખી શકાય. આટલા શબ્દો સમજીને ઝપાટાબંધ વાંચતાં આવડી ગયા હોય એટલે ગમે ત્યાં તે શબ્દ આવતાં જ પટ દઈને બાળક તે શબ્દ વાંચી કાઢે છે, ઉચ્ચારમાં ભૂલ થવાનો સંભવ હોતો જ નથી, અથવા ન ઉકેલી શકવાથી ગળચવું ગળવાની ક્રિયા બાળકે કરવી પડતી નથી.

વાંચનશિક્ષણની દૃષ્ટિએ શબ્દ નજરે પડતાં જ તે સ્પષ્ટતાથી, સહેલાઈથી અને તુરત વાંચી જવાની–ઉચ્ચાર કરી શકવાની ક્રિયા સાધ્ય થવી બાળક માટે અતિ આવશ્યક છે, અને તેથી એ મૂળભૂત અંગ શરૂથી જ સિદ્ધ થઈ જવું જોઈએ.

શબ્દ જેટલી જ અગત્યનું એ પછીનું પગલું તે ચિઠ્ઠીવાચનનું છે. અત્યારની વાંચનશિક્ષણની શાળાઓમાં ચાલતી પદ્ધતિઓમાં આ પગલું છેક વિસરાઈ ગયેલું છે. ચિઠ્ઠીવાચન અંગે આ 'પત્રિકા' નાં બહુ જૂનાં વર્ષોમાં સ્વ. ગિજુભાઈએ વિસ્તારથી લખ્યું છે, પણ એ સંબંધે ફરી વાર આટલે વર્ષે થોડું લખવું અસ્થાને નથી. ચિઠ્ઠી-વાંચનનો મૂળ હેતુ સમજણપૂર્વકનું વાંચન શીખવવાનો છે. વાંચતી વખતે ઘડીએ ઘડીએ આનો અર્થ શું ? એ પ્રશ્ન બાળકને આપોઆપ સ્ફુરવો જોઈએ. આવી પ્રશ્નપૂર્વક વાંચવાની ટેવ જો બાળકને એક વાર પડી ગઈ હોય તો સમજણ-પૂર્વકનું વાંચન સુસાધ્ય બને છે. બાળકે વારંવાર પ્રશ્ન પૂછવાનું રહેતું નથી પણ વાંચેલું સમજીને જ વાંચવાની સ્વાભાવિક ઇચ્છા જન્મે એ આનો હેતુ છે. આને સારુ પ્રથમ ચિઠ્ઠી વાંચ-વાની રીત છે. બાળક ચિઠ્ઠી મનમાં વાંચી જાય, પછી એમાં લખેલી ક્રિયા શિક્ષક પાસે જઈને બાળક કરી બતાવે, ને ક્રિયા પૂરી થાય એટલે બાળક એ ચિઠ્ઠી શિક્ષકને વાંચી સંભળાવે. આ ત્રણ પગલાં ક્રમપૂર્વક યોજવામાં ડૉ. મોન્ટેસોરીની શિક્ષણશાસ્ત્રી તરીકેની ભારે કુશળતા દેખાય છે. બરાબર સમજણ આવી જાય ત્યાં સુધી બાળકે ચિઠ્ઠી વારંવાર મનમાં વાંચવી પડે છે એ એનું પહેલું અંગ છે; વચ્ચે અટકવું પડે કે ગળચવું ગળવું પડે વગેરે બધું મનમાં જ બાળક કરી લે; પછી સમજણપૂર્વકની ક્રિયા કરે એ બીજું અંગ થાય, અને છેવટે શિક્ષક પાસે તો પોતે જે જે મનમાં વાંચી લીધું છે ને સમજીને જે બાબત ક્રિયામાં ઉતારી છે, એ સઘળું વાંચન દ્વારા સ્પષ્ટ ઉચ્ચારથી શિક્ષક પાસે વાંચી જવાની છેલ્લી ક્રિયા થાય છે. એટલે કે જે સઘળું સાધ્ય થયું છે, એક રીતે જેના ઉપર બાળકનો કાબૂ આવી ગયો છે, તે જ માત્ર કરી બતાવવાનું–બાળકે વાંચી બતા-વવાનું રહે છે. આથી ભૂલભરેલા વાંચનને અવ-કાશ રહેતો નથી એટલું જ નહિ પરંતુ જેટલું વંચાય છે તે સુંદર વાંચન તરીકે જ આવે છે.

જેમકે "હાથ ધોઈને પાણી પીઓ." જેવી ચિઠ્ઠીમાં ક્રિયા કરી બતાવ્યા પછી કડકડાટ વાંચી જવાનું સાવ સહેલું છે.

વાંચનશિક્ષણની આ કક્ષાએ એક બાજુથી ચિઠ્ઠીવાચન થતું જાય તેમ બીજી બાજુથી બાળક પાસે આદર્શ વાંચન પણ થવું જોઈએ. વાંચન એ એક જાતની શ્રાવ્ય કલા છે એમ અગાઉ લખ્યું જ છે. શાસ્ત્ર જાણ્યા છતાં પણ ગાવાની કલા વારંવાર મધુર સંગીતના શ્રવણ સિવાય સાધ્ય નથી થઈ શકતી, એવું જ સુવાચન અંગે છે; વાંચનની છટા એ સિવાય આવી શકતી નથી. અનેક બાળકો જાતજાતની રીતે વાંચતાં હોય—આવા વાંચનનું શ્રવણ કલાકેક સુધી ચાલ્યા કરતું હોય—પછી બાળકને સુવાચન આવડશે એમ કેમ માની શકાય? એના કરતાં અરધો કલાક અથવા ભલે પંદર જ મિનિટ પણ જો શિક્ષક છટાથી મધુર રીતે બાળકોને વાંચી સંભળાવવાનું રાખે તો એથી કેટલો મોટો લાભ થાય! એ વાંચનની ચિરંજીવ છાપ બાળકોના મગજ ઉપર પડે જ છે. એને પરિણામે બાળકો વાંચન કરતાં થાય છે ત્યારે પોતાનામાં પણ એવી છટા આણવાનો તેઓ પ્રયત્ન કરે છે—સહજ રીતે જ તેમનામાં એ આવે છે. આની સાથે નાનાં બાળકો સમક્ષ સુંદર વાંચન કરી શકતાં હોય એવાં ઉપલા વર્ગોનાં બાળકોના જલસાઓ પણ સફળતાથી યોજી શકાય.

આવા વાંચનના જલસાઓ પ્રસંગે વાંચનાર બાળક પોતાને ગમતું પુસ્તક વાંચન માટે પસંદ કરે અને તેમાંથી મરજી પડે તે ભાગ તે વાંચી સંભળાવે એવી છૂટ રહેવી જોઈએ. બાળકો પોતાના વર્ગમાં ચાલતાં પાઠ્યપુસ્તક કરતાં પોતાથી ઊતરતી કક્ષાનું પુસ્તક વાંચવાનું પસંદ કરે ત્યારે વાંચનમાં આત્મવિશ્વાસ હોવાથી સુંદર છટાદાર વાંચન બની શકે છે. મનપસંદ પાઠ વાંચવાની છૂટ આપવામાં બાળકની હિંમત ઓર વધી જાય છે.

માણસને જીવનમાં બીજાને વાંચી સંભળાવવાના પ્રસંગો બહુ થોડા હોય છે. દરેક માણસ પોતા માટે જ વધારે વાંચે છે. એટલે સમજણ પૂર્વકનું મૂક વાચન વધારે આવશ્યક છે. અને છતાં શાળાઓમાં આપણે મૂક વાચન કરતાં મુખવાચન-જોરથી વાંચવા ઉપર વધારે ભાર દેવાતો રોજ જોઈએ છીએ. જીવન તરફની આ વિમુખતા તરફ કોઈનું લક્ષ કેમ નથી જતું, એ નવાઈ ભર્યું છે! બાળકોએ વાંચવાનું કોઈ જાતનું તંત્ર સાધ્યું ન હોય તેટલામાં તો તેમની પાસેથી મુખવાચન માગવું ખરેખર બિનજરૂરી છે. છતાં વાંચનની પરીક્ષા લેવાય છે તે વાંચી સાંભળાવવાની એટલે મુખવાચનની જ લેવાતી જોઈએ છીએ! "કેવું કડકડાટ વાંચે છે! ભારે હોશિયાર!" એવાં પ્રમાણપત્રો પણ અપાય છે. ખરું જોતાં સુંદર રીતે ગાઈ સંભળાવવું, ફક્કડ ભાષણ કરી જાણવું, અભિનય કરતાં આવડવું, વગેરે જેમ જાત જાતની કલાઓ છે તેમ જ સુંદર વાંચી સંભળાવતાં આવડવું—સુવાચન એ પણ એક કલા જ છે. આપણે ત્યાં છેક બચપણથી રોજ વાંચન લેવાતું આપણે જોઈએ છીએ છતાં છટાદાર વાંચી જાણનારા જવલ્લે જ સાંપડશે. એનાં કારણોમાં વાંચનશિક્ષણને કલા તરીકે શીખવવામાં કે વિકસાવવામાં આવતું નથી તે જ છે. ઘણા દાખલાઓમાં શિક્ષક પોતે જ વાંચન એક કલા છે એવું જાણતા નથી હોતા. વાંચનકલા એ અભિનયકલા સાથે જોડાયેલ છે. સુવાચન વખતે વાંચનારના મોં ઉપર યોગ્ય હાવભાવ આપોઆપ દીસી આવવા જોઈએ, એટલું જ નહિ પણ કંઠમાંથી નીકળતા અવાજ

દ્વારા સઘળા ભાવો આપોઆપ સમજાય એવો અવાજ ઉપરનો કાબૂ અને કલા સાધ્ય થવાં જોઈએ. સુંદર હાવભાવપૂર્ણ છટાદાર વાંચન સાંભળતી વેળા બાળકોનાં દિલમાં પણ ઊર્મિની છોળો ઊઠે છે અને આંખમાંથી અશ્રુધાર વહેવા માંડે છે એ નજરે જોયેલી હકીકત છે. આવાં દિલ હલાવનારાં દૃશ્યો કેટલા શિક્ષકોએ જોયાં અથવા અનુભવ્યાં હશે ?

વાંચનની ક્ષતિઓ દૂર કરવા સારુ આજે શાળાઓમાં જે રીતે વાંચનશિક્ષણ ચાલે છે એમાં ફેરફાર થવા જ જોઈએ. શિક્ષકોએ પણ એને સારુ પાકી તૈયારી કરી લેવી જોઈએ. વાંચનશિક્ષણ માટે રખાયેલ સમય એક રીતે વર્ગમાં શિક્ષકે સુવાચન સંભળાવવાના સમય તરીકે ગણાવો જોઈએ અને વક્તૃત્વકલાની પેઠે જ સુવાચન કલાને ઉત્તેજન મળવું જોઈએ. એને માટે બાળકોને પણ સીધાં વાંચન ઉપર લઈ જવાને બદલે ચિઠ્ઠીવાચનની કક્ષામાંથી પસાર કરી વાંચતા આવડ્યા પછી—એનું તંત્ર એટલે મીકેનિઝમ બાળકો સાધી લે પછી-જ તેમની પાસ મુખવાંચન કરાવવું જોઈએ. તા.

ઘરગથુ અંકશિક્ષણ

પ્રાથમિક શિક્ષણ વિભાગ

લેખાંક ત્રીજો

લાંબી સીડી ઉપર સરવાળા બાદબાકી કરતાં આવડે છે તેમ આપણે આગળ કહી ગયા છીએ. તે જ પ્રમાણે થોડા થોડા ગુણાકાર પણ શિખવવાનું બની શકે છે. તે ઉપરાંત દસ સુધીનો આખો પાડો ન આવડે તોપણ તેનું તત્ત્વ તો આ સાધન વડે જ સમજી શકાય છે. બેની લાકડી લઈને દરેક લાકડી ઉપર તેથી ગણવા લાગીએ કે સમજાય છે કે 'ત્રણ' ઉપર 'બે' મૂકીએ તો એક વધે છે, પણ 'ચાર' ઉપર 'બે' બે વાર મૂકતાં કાંઈ વધતું નથી. ચાર ઉપર મૂકીને ફરી ફરી વાર 'બે ને બે ચાર' એમ બોલવું. અને બાળકને પણ તેમ બોલવા દેવું . પછી પાંચની લાકડી ઉપર મૂકવા કહેવું અને 'બે ને બે ચાર' થયા પછી એક વધે છે તે જોવા દેવું. પાંચની લાકડી ઉપર બેની લાકડી બરાબર મૂકતાં આવડતી નથી તે જોવા દેવું, અને તેથી તે લાકડી—પાંચનીને જુદી રાખવી અને ત્રણની લાકડી સાથે મૂકવી. પછી 'છ' ની લાકડી લેવી. છ ઉપર 'બે ને બે ચાર' અને પછી પાછા ચાર ને બે છ થાય છે. આ પ્રમાણે ફરી ફરી વાર ગણવા દેવું, અને મોઢેથી બોલવા દેવું.

આ પ્રમાણે સાતની લાકડી નીકળી જશે. અને આઠ ઉપર 'બે ને બે ચાર' 'ચાર ને બે છ' અને 'છ ને બે આઠ' એમ ગણતાં આવડશે. તેનું પુનરાવર્તન થાય કે પછી 'નવ'ની લાકડી લેવી. તે નીકળી જશે. અને 'દસ' ઉપર 'આઠ ને બે દસ' સુધી, એમ દસ સુધી બેથી ગણતાં આવડશે.

આ જ પ્રમાણે ત્રણની લાકડી લઈને કરવું. એમાં ૪, ૫, નીકળી જશે. અને છની લાકડી ઉપર 'ત્રણ ને ત્રણ છ' થશે. પછી સાત અને આઠની લાકડી નીકળી જશે, અને નવની લાકડી ઉપર 'ત્રણ ને ત્રણ છ ને ત્રણ નવ' એમ ગણતાં આવડશે.

પછી આગળ 'ચાર ને ચાર આઠ' અને 'પાંચ ને પાંચ દસ' એટલું જ ગણી શકાશે. પણ તેમ કરવામાં તેની તે સંખ્યા લઈને ગણીએ તો ૨,૪,૬; ૩,૬,૯; ૪,૮, ૧૨ આમ થશે. આ વાત બાળકોના લક્ષ્યમાં આવશે.

ગુણાકારની ભાષા બદલીએ તો ભાગાકાર થાય છે. "ચારની લાકડી લઈને બે બેના ભાગ પાડીએ; જોઈએ કેટલા પડે છે?" આમ કહીને બાળકને ગણવાનું કહેવું. અને ગણી બતાવવું. 'બે' થી કરીએ 'ચાર' માં બે વાર ભાગ પડે છે. 'પાંચ' ઉપર બે ભાગ પડતાં એક વધે છે. 'છ' ઉપર એક, બે, ત્રણ ભાગ થાય છે. 'સાત' ઉપર ત્રણ ભાગ થઇને એક વધે છે.

આમાં ક્રિયા એ જ રહે છે પણ ભાષા બદલાય છે.આ પ્રમાણે,સરવાળા,બાદ બાકી ગુણાકાર,ભાગાકાર એ ચારે ક્રિયાં તદ્દન સરળ સ્વરૂપમાં બાળકો આ સાધન ઉપર કરી શકે છે. હાથમાં લઈને પ્રત્યક્ષ થાય તેવી મોટી લાકડીઓ લઈને ગણવાથી અને તેથી બધું નજર સમક્ષ સ્પષ્ટ થાય છે. તેથી જરા પણ અધરું ન પડતાં પટપટ સમજાઈ જાય છે, અને કરવાની અતિશય મજા પડે છે. તેથી બાળકો તે ક્રિયા ફરી ફરી વાર કર્યા જ કરે છે.

માત્ર દસ સુધી ગણવાની ક્રિયા શિશુવર્ગમાં અને બાલવર્ગમાં થાય છે. અને બાલવર્ગમાં આ નાના સરવાળા બાદબાકી, ગુણાકાર, ભાગાકાર થાય છે.

આ ચારે ક્રિયા થતાં ની સાથે સાથે જ બીજી બાજુ બાળકોને આંકડા શીખવવા. ૧, ૨, ૩, એમ લખેલા આકારોને એક, બે, ત્રણ કહેવાનું હોય છે. રેતીના અક્ષરો શીખવવાની પદ્ધતિએ જ આંકડા શીખવવા. (સેગુઈનની ત્રિપદપદ્ધતિ).

આંકડા આવડવા લાગે એટલે પહેલાં કયા આંકડાની કેટલી સંખ્યા છે તે ગણવાનું વારવાર થઈને પાકું થયું જોઈએ. આ માટે અનેક જુદી જુદી રમતો યોજી શકાય.

નવ સુધી અંક આવડવા લાગે ત્યાં સુધી રોકવાની કાંઈ જરૂર નથી.

૧, ૨, ૩, ૦, આટલા થયા કે રમત શરૂ થઈ શકે છે.

રમત ૧ લી

ચાકથી જમીન ઉપર કે પાટિયાને જમીન ઉપર સુવાડી તે પર,

૦,	૧,	૨	૩
૨	૩	૨	૦
૦	૨	૧	૩
૩	૦	૨	૧

આમ આડા અવળા આંકડા લખી દેવા. ઓરડામાં જુદી જુદી જગ્યાએ આ પ્રમાણે અગાઉથી જ લખી રાખવું ઉત્તમ છે. બાળકોએ કોડીઓનો ડબો લઈ તેમાંથી કોડીઓ લઈ ગણીને આંકડા ઉપર મૂકવાની. ૦ (શૂન્ય) હોય તો ત્યાં

પત્રવ્યવહાર માટે ગ્રાહકો રેપર ઉપરનો હાથે લખેલો ગ્રાહક નંબર લખવાની મહેરબાની કરે એવી વિનતિ છે.

કશું મૂકવાનું નહિં. ૧ હોય ત્યાં એક કોડી, ૨ હોય ત્યાં બે કોડી, ૩ હોય ત્યાં ત્રણ કોડી એમ મૂકતા જવાનું.

પોતાની મેળે પોતે જ આ રીતે કર્યા કરવાની બાળકોને મજા આવે છે અને આંકડાઓ કઇ સંખ્યા દર્શાવે છે તે પાકું થાય છે.

રમત ૨ જી

આવા જ પ્રકારની ચિઠ્ઠીઓ બનાવીને રાખવાની. એક એક ચિઠ્ઠી ઉપર એક એક આંકડો લખવો. ચિઠ્ઠી વાળીને એક ડબીમાં રાખવી. બાળકે ચિઠ્ઠી ઉઘાડવાની અને વાંચવાની. અંદર બે હોય તો તે ઉપર બે કોડી અથવા વાલ અથવા કાંકરા મૂકવા. ૦ હોય તો કાંઈ નહિ. અને ૪ હોય તો ચાર કોડી મૂકવાની. આ રીતે ડબામાંની બધી ચિઠ્ઠીઓ ઉપર કોડીઓ ગોઠવાઈ જાય ત્યારે બાળકે શિક્ષકને બતાવવું. આમાં ભૂલો હોય તો તે ચિઠ્ઠી શિક્ષકે બાળક પાસે મંગાવવી. અને બાળકને કહેવું કે હું જે ચિઠ્ઠી બતાવું તે પ્રમાણે કોડી લાવો. આપણે ૧ બતાવીએ ત્યારે બાળકે એક કોડી લાવવી. ૨ બતાવીએ ત્યારે બે કોડી લાવવી. આ રમત બાળકને આંકડા શીખવતા પહેલાં કરાવવી, અને પછી બાળકને એકલા રમવા દેવું.

રમત ૩ જી

દસ ખાનાવાળી પેટીમાં ઉપરની બાજુએ ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ એમ એક હારમાં આંકડા લખી રાખવા. દરેક આંકડાવાળા-ખાનામાં તે તે પ્રમાણે લાકડીઓ (મોઇઓ) મૂકવાની રમત હોય છે. આમાં આંકડા ક્રમ પ્રમાણે લખેલા હોય છે આટલું જ પેટી વધારે પડતી લાંબી થાય વાની મુશ્કેલી આવે તેથી તેના હોય છે.

રમત ૪ થી

૧, ૨, ૩, એમ લખેલ ચિઠ્ઠીઓ ઉપર લાંબી સીડીના તે પ્રમાણેના ટુકડાઓ લાવીને ગોઠવવાની રમત.

રમત ૫ મી

ઉપર પ્રમાણે જ; પણ લાંબી સીડીને બદલે મોતીની લાકડીઓ વાપરવાની. એક, બે, ત્રણ, એમ સાથે પરોવેલાં મોતીની સળીઓની પેટી હોય છે. તેમાંથી ગણી ગણીને તે તે આંકડા ઉપર તે તે પ્રમાણે મોતીની સળીઓ ગોઠવવા.

રમત ૬ ઠ્ઠી

૧, ૨, ૩, એમ લખેલ છૂટી ચિઠ્ઠીઓને ક્રમમાં ગોઠવવી અને તે ઉપર તેટલા વાલ અથવા કચૂકા ગોઠવવા.

આ સિવાય જેટલા આંકડા આવડતા હોય તેટલી તાળીઓ પાડવી, અથવા તેટલા કૂદકા મારવા, અથવા પગલાં ભરવાં, તેવી ક્રિયાઓ થઈ શકે. આમાં પણ આંકડા બતાવ્યા હોય તેટલી ચીજો લાવવાનું તથા આંકડા બતાવ્યા હોય તેટલી વાર કોઈ વસ્તુ કરવાની તેવી બે જુદા પ્રકારની રમતો ગોઠવી શકાય. દાખલા તરીકે આંકડો બતાવ્યો હોય તેટલી વાર લપસી આવવું કે કોઈને નમસ્કાર કરી આવવા. ઉપર પ્રમાણેની રમતોથી આંકડા અને સંખ્યા બહુ જ સુન્દર રીતે પાકી થઈ જશે.

તા.

સ્વ. ગિજુભાઇ પુણ્યદિન

૧

નૂતન બાલશિક્ષણ સંઘની મુંબઇ શાખાએ લેડી તારાબેન માણેકલાલના પ્રમુખપણા નીચે ભગિનીસમાજ બાલમંદિરમાં સ્વ. પૂ. ગિજુભાઇની સંવત્સરી સભા ભરીને ઊજવી હતી.

શ્રી. તારાબેન મોડકે સ્વર્ગસ્થની કાર્યપદ્ધતિ તથા આદર્શનો સચોટ ખ્યાલ આપ્યો હતો. સ્વર્ગસ્થમાં બાલકાર્યની તીવ્ર ધગશનો અગ્નિ સળગતો હતો. ભાવનગરમાં એક ખૂણામાં બેસીને તેમના ટૂકાં જીવન દરમિયાન ચારે કોર બાળકો માટે દૃષ્ટિનો તેઓ પ્રચાર કરી ગયા છે. અને તે આગળ આગળ ધપાવવાનું કામ આપણા માટે મૂકી ગયા છે.

સ્વ. ગિજુભાઇની સંવત્સરી એટલે આપણી પાસે તેમના પ્રચારકાર્યનો હિસાબ માગવાનો દિવસ છે. આ દિવસે શું કરશું તેની યોજના ઘડવાનો દિવસ છે. મહા-પુરુષોના ગુણગાન ગાવામાં જનતાનું કલ્યાણ નથી પણ તેમનું ક્ષેત્ર તથા કાર્ય જીવંત રાખવામાં જનતાનું કલ્યાણ છે. આપણું કાર્ય સમાજમાં બાળક માટે દૃષ્ટિ સમજાવી પ્રચાર કરવાનું છે. સુશિક્ષિત સમાજથી માંડીને અભણ સમાજ સુધીનાં કોઇ ઘરમાં બાળકનું સ્થાન નથી. ત્યાં જઇને પ્રચાર કરવાનું કામ આપણે ખંતથી કરવું જોઇએ.

૨

અમદાવાદમાં સાંજના ૬ વાગ્યે નવી ગૂજરાતી શાળામાં પ્રો. રામનારાયણ પાઠકના અધ્યક્ષપણા હેઠળ સ્વ. શ્રી. ગિજુભાઇ સંવત્સરી દિન ઊજવવામાં આવ્યો હતો.

શ્રી. ઇન્દુભાઇ ભટ્ટે ભાવિ કાર્યક્રમની દિશા સૂચવતાં જણાવ્યું હતું કે બાલકેળવણીના અપંગ પ્રદેશોને મજબૂત કરવા, અભ્યાસમંડળો રચવાં અને રચનાત્મક કાર્યક્રમ યોજવો. બાલશિક્ષણ માટે સતત જાગ્રત રહેવું અને તેના ઉપર બહારથી થતાં ગેરવ્યાજબી આક્રમણો અટકાવવાં. સમાજમાં બાલશિક્ષણ સંબંધે ફેલાતી ગેરસમજ જેમ બને તેમ વહેલી તકે દૂર કરવા સારૂ કટિબદ્ધ થવું.

શ્રી. સરલાદેવીએ પ્રસંગોચિત બોલતાં જણાવ્યું હતું કે સ્વ. શ્રી. ગિજુભાઇને સાચી અંજલિ ત્યારે જ આપી ગણાય કે જ્યારે આપણે તેમનાં કામને ખૂબ બહુલાવીએ અને ખીલવીએ. સ્વર્ગસ્થમાં જે પ્રકારનો ત્યાગ, મનોમન્થન, અને બાલશિક્ષણની ધગશ હતી, તે દૃષ્ટિ સન્મુખ રાખી હાજર રહેલાં સૌ ભાઇબહેનો કામ કરતાં થઇ જાય તો સ્વર્ગસ્થના આત્માને શાન્તિ મળે.

પ્રમુખ શ્રી. પાઠક સાહેબે સ્વ. શ્રી. ગિજુભાઇ અંગે બોલતાં જણાવ્યું હતું કે સ્વર્ગસ્થ પાસે ચોક્કસ આદર્શ હતો. તેમના આદર્શમાં તેમને અનન્ય શ્રદ્ધા હતી. બાલશિક્ષણ માટે આપણને તે જ્ઞાનનો અણમૂલ ખજાનો આપતા ગયા છે. તેનો સૌએ હંમેશાં વિચાર કરવો જોઇએ તેમાંનું રહસ્ય સમજવા પ્રયત્ન કરવો જોઇએ, અને તેમાં નિત્ય નૂતન ઉમેરણ કરતા રહેવું જોઇએ. તેમના કાર્યને દિપાવવું એ સૌ કોઇ બાલપ્રેમીની ફરજ છે.

૩

વડોદરામાં સ્વ.ગિજુભાઇની પુણ્યતિથિ પ્રસંગે સાંજે ૭ વાગે શિશુભારતીમાં શ્રીમતી ગંગુબાઇ પટવર્ધનના પ્રમુખપદે સંવત્સરી સભા મળી હતી. અંતમાં પ્રમુખે વિવેચન કરતાં, સ્વ. ગિજુભાઇ, સ્વ. મોતીભાઇ અને મહાત્મા ગાંધીજી એ ગુજરાતની ત્રિમૂર્તિ પોતાના જીવન પર ખૂબ જ અસર થયાનું જણાવી સ્વ. ગિજુભાઇના બાલશિક્ષણના મહાન કાર્ય પર લંબાણપૂર્વક વિવેચન કર્યું હતું અને બાળશાળાઓની સંવૃદ્ધિ થાય અને પરિપોષાય એવી શુભેચ્છા દર્શાવી હતી.

૪

વીસનગરમાં શ્રી ઇશ્વરભાઇ આચાર્યે બાળકો માટે ખાસ કાર્યક્રમ યોજી સંવત્સરી ઉજવી હતી.

રોજ રોજ બને છે.

૩

"અરેરે! આ શું કર્યું? બેબીને હું ગમે તે ચીજ ખાવા જ આપતી નથી. તમે આ શું કર્યું? કેળું અપાય? અત્યારે તો તેને મુસંબીનો રસ આપવાનો વખત હતો. કાલે પણ તમે આમ જ કર્યું હતું, ને સમય વિના પણ થોડોક ચેવડો બેબીનો આપ્યો હતો. એમ કરશો તો તેની હોજરી જ બગડી જાય ના! તમે તો ગમે તે ખવડાવો છો; કાકડી મળે તો કાકડી, જમરૂખ મળે તો તે, ગાજર, જે ગમે તે આપો. એમ તે ચાલે? પરમ દહાડે તો કાચા ભીંડાની શીંગ પણ આપતાં હતાં! આમ તે ચાલે? મારે તો બેબીને બરાબર શાસ્ત્રીય પદ્ધતિએ જ ઉછેરવી છે!"

આવા વાદવિવાદો ઘરમાં હવે ચાલવા માંડ્યા છે. પુસ્તકોના અભ્યાસથી બાલઉછેરનું જ્ઞાન લઈ બેઠેલી ભણેલી સ્ત્રીઓ અતિ ચીવટને લઈ અનેક કિસ્સાઓમાં બાળકોને બહુ જ નાજુક બનાવી મૂકે છે. એ કરતાં તો તેઓ જરા ઓછી કાળજી રાખતી હોય અને ખાવાની વધારે છૂટ આપતી થાય તે વધારે ઇષ્ટ છે.

બેશક, બાલઉછેરમાં શાસ્ત્રીયતા આવવાની જરૂર તો છે જ. પણ એમાં અતિશયતા—ચાંપલાઈ ન આવવી જોઈએ. બાળકો ગાજર, ભીંડાની કુણી શીંગ, કાકડી, જમરૂખ, ચીભડાં વગેરે અનેક કાચાંપાકાં ફળો અને શાક ખાય છે. આ ચીજો પ્રમાણસર લેવાય તો નુકસાનને બદલે ઊલટી લાભદાયી થાય એ કહેવાની જરૂર નથી.

૪

"બચુ! એમ રડ્યા જ શું કરે છે? લે આ બિસ્કીટ. હવે છાનો રહી જા. જો જરાય રડવાનું નહિ હોં!.....કેમ, વળી શું છે? બે જોઈએ છે? આ લે આ બીજું બિસ્કીટ. બે હાથમાં બે; બસ! અને આ એક ટીકડી. બસ?"

પણ બાળકો આ રીતે તૃપ્ત થતાં જ નથી. આ રીતમાં એમને એક ખાત્રી તો થઈ જ જાય છે કે રડવાથી ખાવાનું મળે છે. અને જેથી ખાવાનું ખલાસ થતાં જ પાછું રડવાનું શરૂ કરે છે.

બાળકોને છાનાં રાખવા માટે ભાગ—ખાવાનું આપવાની રીત સાવ અયોગ્ય છે. રોવાનું ખરું કારણ હોય તો તે કારણ દૂર કરવું; પણ જો તેની પાછળ ખાસ કાંઈ કારણ ન હોય તો બાળકને જતું કરવું. એકલું પડેલું બાળક આપમેળે જ છાનું રહી જાય છે. બાળકને છાનું રાખવા માટે તેને ભાગ આપવો અથવા બીજું કશું કરી આપવાનું કબૂલ કરવું, અથવા તેને મનાવવા બેસવું કે છાના રહેવા સારુ દબડાવવું અથવા મારવું આમાંનો કોઈ માર્ગ અસ્વીકાર્ય છે—અંતે નુકસાન કર્તા નીવડે છે.

૫

"આમ તે હોય? બાળકોને સારી રીતભાત તો શીખવવી જોઈએ ને! તેમાંયે મુરબ્બીઓ કહે તે તો તેમણે તુરત જ કરવું જોઈએ. ન માને એ કેમ ચાલે? બરાબર ફટકાર્યો હોય તો બધું સીધું ચાલે. કહે, રમવા જવું છે! બે કશું નહિ ચાલે. છાનોમાનો ચોપડી લઈ વાંચવા બેસી જા. હા, નહિ તો હું છું ને તું છે! એવો લગાવીશ કે યાદ રહી જશે!"

ફટકારવાથી કે લગાવી દેવાથી બાળકને સારી રીતભાત શી રીતે આવડવાની છે? એથી બાળક ગભરાઈને નિષ્પ્રાણ બને છે. એથી બાળક કલ્યાગરું થાય છે પણ એની સ્વયંબુદ્ધિ જ કુંઠિત થઈ જાય છે. જાતે કશું કરવાની હિંમત તેનામાં રહેતી જ નથી. બાળકની હિંમત ભાંગી નાખીને કરેલો ઉછેર પ્રજાને પુરુષાતનવિહોણી જ બનાવે.

અને બીજો પણ સવાલ છે. રમત અને અભ્યાસને શા માટે વેર હોય? બંનેની બાળકના વિકાસમાં સરખી જ અગત્ય છે. બાળક અભ્યાસ ન કરતું હોય તો તેમ થવાનું શું કારણ છે, બાળકને અભિરુચિ શા માટે નથી થતી, શા માટે

તે કંટાળે છે, એનાં કારણો જાણવાની જરૂર છે. બનવા જોગ છે કે નિશાળમાં જ કાંઈક વાંધો હોય; કદાચ અભ્યાસને સારુ નિશ્ચિત કરેલાં પુસ્તક યોગ્ય ન હોય; કદાચ એ વિષય જ એવો હોય કે જેમાં બાળકની બુદ્ધિ કામ ન કરતી હોય, કે એ વિષય તરફ તેને અભાવ જ હોય. ખરું કારણ શું છે તે જોવું જોઈએ. ખાલી ફટકારવાથી કે મારીને ભણવા બેસાડવાથી શો ફાયદો?

તા.

શિક્ષણ સમાચાર

ચોથો ઇન્ડિયન મોંટેસોરી ટ્રેનિંગ કોર્સ

ડૉ. મેરીઆ મોન્ટેસોરી પોતે આવતા ઑગસ્ટ ૧૯૪૨ ની શરૂઆતમાં પોતાની પદ્ધતિના પ્રાથમિક વિભાગનો ચોથો તાલીમ વર્ગ કોડાઈ કેનાલમાં ચાલુ કરવાનાં છે. વિશેષ માહિતી અને અરજીપત્રકો માટે 'સેક્રેટરી, ફોર્થ ઇન્ડિયન મોન્ટેસોરી ટ્રેનિંગ કોર્સ, અડયાર, મદ્રાસ" એ સરનામે અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરવો.

—ઊંઝા (ઉ. ગુ.) માં તા. ૨૧–૬–૪૨ ના રોજ એક બાલમંદિરની ઉદ્‌ઘાટનક્રિયા થઇ છે. લોકોનો પૂર્ણ સહકાર છે એમ જાણવા મળ્યું છે. બાળકોના ઉદ્ધારના શુભ પ્રયત્ન પર પ્રભુના આશીર્વાદ ઊતરો.

—સ્વ. ગિજુભાઇની પુણ્યતિથિ (તા. ૨૩–૬–૪૨) જુદી જુદી બાલશિક્ષણ સંસ્થાઓએ પોતપોતાની વિશિષ્ટ રીતે ઉજવી સ્વર્ગસ્થના કાર્યને અંજલિ આપી હતી.

—વર્ધામાં પંડિત જવાહરલાલ નેહરુના શુભ હસ્તે તા. ૧૦–૯–૪૨ ના રોજ એક બાલમંદિરની ઉદ્‌ઘાટન વિધિ થઇ. આ બાલમંદિરનાં સંચાલિકા શ્રી. મીરાંદેવી મૂંદડા છે. પંડિતજીએ તે વખતે બાળકો સાથે કરેલી વાતચીત તથા આપેલ વ્યાખ્યાન હવે પછી આવશે.

વ્યવસ્થા

(૧) લવાજમ તથા અંકો મળવા અંગેની ફરિયાદ નીચેને સરનામે કરવી:—

ગોપાળરાવ ગ. વિદ્વાંસ, વ્યવસ્થાપક,
શિક્ષણપત્રિકા, મહાજન ગલી;
જ્ઞાનમંદિર, રાવપુરા; વડોદરા.

(૨) લખાણ અંગે તથા સંઘને લગતા પત્રવ્યવહાર માટે:—

શ્રી. તારાબેન મોડક, તંત્રી, શિક્ષણપત્રિકા; ૧૧૮, હિંદુ કોલની, દાદર, એ સરનામે લખવું.

જૂના અંકો અરધી કિંમતે

શિક્ષણપત્રિકાના અગાઉનાં વર્ષોના અંકો અરધી કિંમતે મળશે. નીચેનાં વર્ષોનાં અંકો છે: ૨જું, ૧૦મું, ૧૧મું, ૧૨મું, ૧૪મું, ૧૫મું, ૧૬મું. જેના ભેટ અંકો છે તેના મળશે. બધાની કિંમત રૂા ૩–૮–૦

ટપાલ રસ્તે મંગાવનારે પોસ્ટ ખર્ચના વગેરે મળી રૂ. ૧–૮–૦ વધારે મોકલવા. રેલ્વે રસ્તે મંગાવનારે પોતાના સ્ટેશનનું નામ જણાવવું એટલે પારસલ તેમને ખર્ચે મોકલી આપવામાં આવશે.

બહુ જ થોડી ફાઇલો હવે બાકી છે. લખો: શિક્ષણ પત્રિકા—કાર્યાલય, જ્ઞાનમંદિર, મહાજન ગલી, રાવપુરા, વડોદરા.

હરિજનભાઈઓને મદદ

અમારા કાર્યાલયમાં મફત પત્રિકા માગનારાઓની (હરિજન શાળા તેમ જ સંસ્થાઓની) મોટી યાદી છે. દરેક વર્ષે સખી ગૃહસ્થો એમના સારુ થોડી થોડી મદદ મોકલે છે એટલે એ જિજ્ઞાસુ ભાઈઓને મફત શિક્ષણપત્રિકા પહોંચાડી શકાય છે. આ વરસે હજુ જૂજ મદદ આવી છે. આવા લોકસંગ્રહના કામમાં ઉદાર ગૃહસ્થો–ભાઈઓ અને બહેનો મદદનો હાથ લંબાવી આ વહેતી ગંગાનો પ્રવાહ ચાલુ રખાવશે?

નીચેની વધુ મદદ મળી છે તેની નોંધ ઉપકાર સાથે લઈએ છીએ.

૧–૦–૦ શ્રી. વલ્લભદાસ નાનજી સયદે, કરાચી.

મુદ્રક: કૃ. ના. સાપલે: રામકૃષ્ણ પ્રિં. પ્રેસ: ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક: તારાબેન મોડક: 'શિક્ષણપત્રિકા' કાર્યાલય: હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

પ્રસન્નતા—બેચેની

કરવાનું કામ પૂરું કર્યું છે, દિલ મારું પ્રસન્ન છે;
કરવાનું કામ અધૂરું છે, મન મારું બેચેન છે.
દેવાનું હતું તે આપી દીધું છે, મન મારું પ્રસન્ન છે;
દેવાનું હતું તે રહી ગયું છે, દિલ મારું બેચેન છે.
આપણો પ્રામાણિક પ્રયત્ન દિલને પ્રસન્નતા આપે છે.
આપણી આળસ અને ઢીલ મનમાં બેચેની પેદા કરે છે.

વર્ષ ૧૭ | ૧૯૯૮ | :: કાર્યાલય :: દાદર, મુંબઈ ૧૪ | અંક ૬ | શ્રાવણ

પરીક્ષાના લાભાલાભ

ગયે વર્ષે 'પ્રગતિમાપન' નામનો લેખ આ પત્રિકામાં આવી ગયો છે. [વર્ષ ૧૬ અંક ૬ઠ્ઠો] એ લેખમાં પરીક્ષા રાખવા છતાં તેનું ભીષણ સ્વરૂપ બાદ કરીએ તો પ્રગતિના માપન તરીકે એનો સદુપયોગ શી રીતે થઈ શકે તે દર્શાવ્યું હતું. કુશળ શિક્ષક પરીક્ષાનાં ખરાબ પરિણામોને દૂર રાખી હોશિયારીપૂર્વક તેનો મર્યાદિત સદુપયોગ કેમ કરી શકે તે બતાવવાનો એમાં પ્રયત્ન કર્યો હતો.

એને અંગે કલકત્તાથી એક ભાઈ લખે છે:—

(૧) પરીક્ષા પાસે આવે એટલે બાળકો વાંચવા મંડી પડે છે, ને એમાં જ તલ્લીન બની જાય છે. પરીક્ષા ન હોય તો કદી તેઓ ભણવા પાછળ આટલી મહેનત ન જ ઉઠાવે. પરીક્ષાથી મળતો આ લાભ શા માટે ન લેવો?

(૨) શિક્ષકને પોતાના વર્ગનાં બધાં જ બાળકોની પ્રગતિનો ખ્યાલ હોય જ છે એમ ન કહી શકાય. વર્ગમાં ઘણી વાર ગેરહાજર રહેનારાં બાળકો પણ પરીક્ષામાં ઘણું સારું કરી બતાવે છે, કેમકે પરીક્ષા ખાતર તેઓ વાંચવા પાછળ પુષ્કળ મંડી પડે છે. પરિણામે તેઓ સારી રીતે તૈયાર થઈ જાય છે ને ઉત્તમ જવાબો આપે છે.

(૩) ઈનામો સંબંધે પણ વિચારવા જેવું છે. માત્ર એકાદ બે બાળકોને જ ઈનામ મળવાથી બાકીનાં બાળકો નિરાશ થતાં હોય તોપણ જેઓ હોશિયાર છે તેમને તો પ્રોત્સાહન મળે છે ખરું ના? વર્ગમાં જ આવડત પ્રમાણે ત્રણ કક્ષાઓ ગણી, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ કક્ષામાં દરેક વિભાગને ઈનામ આપવાનું ઠરાવીએ તો હરેક વિદ્યાર્થીને પોતાના વિભાગમાંથી ઈનામ મેળવવાની આશા બંધાય અને મહેનત પણ કરે. ઇનામની પદ્ધતિ આ રીતે યોજી હોય તો?

(૪) સ્કૉલરશીપો ગરીબ વિદ્યાર્થીઓને મળવી જોઈએ એ ખરું છે. પરંતુ ગરીબ વિદ્યાર્થીઓની સંખ્યા મોટી હોય છે, જ્યારે સ્કૉલરશીપોની સંખ્યા મર્યાદિત હોય છે. એટલે વધારે લાયક વિદ્યાર્થીઓને આપવા ખાતર પરીક્ષા લઈ ઊંચે નંબરે આવે તેમને તે આપવાનું ગોઠવવું પડે છે. આમાં ગેરવ્યાજબીપણું ક્યાં છે?

એ ભાઈની શંકાઓ એક રીતે વ્યક્તિગત નથી, કેમકે અનેક ભાઈબહેનોની માન્યતાઓ એમના જેવી જ હોય છે. એટલે અહીં એમની બધી શંકાઓનો વિસ્તારથી વિચાર કરીએ.

પરીક્ષા આવે ત્યારે વિદ્યાર્થીઓ જોસભેર વાંચવા–અભ્યાસ કરવા મંડી પડે છે એ તદ્દ સાચી હકીકત છે. પરીક્ષાના દિવસો નજીક આવતા જાય તેમ તેમ ૧૦–૧૦, ૧૨–૧૨ કે વધારે કલાકો સુધી વાંચવાનું શરૂ થઈ જાય છે. મેટ્રિક પછીની પરીક્ષાઓ માટે તો ભણનારાઓએ નક્કી જ કર્યું હોય છે કે આખું વર્ષ રમવું, અધ્યાપકોનાં વ્યાખ્યાનો (પીરિયડ) તરફ પણ બહુ ધ્યાન ન આપવું, પણ પરીક્ષા પાસે આવે એટલે નોટ્સ અથવા કંપેનિયન લઈને ગોખણપટ્ટી શરૂ કરી દેવી, અને મહિનો બે મહિના પરીક્ષાને જ ધ્યાનમાં રાખીને વાંચવું.

કલકત્તાવાળાભાઈ પરીક્ષાના લાભ તરીકે જે પહેલો મુદ્દો બતાવે છે કે પરીક્ષા આવતાં જ વિદ્યાર્થીઓ અભ્યાસમાં તલ્લીન થઈ જાય છે, તો તેમની એ અભ્યાસપરાયણતાનો લાભ શા સારુ ન ઉઠાવવો? પણ આ અભ્યાસપરાયણતામાં એક અનિષ્ટ તત્ત્વ તુરત જ દેખી શકાય તેવું એ રહેલું

છે કે વિદ્યાર્થીઓ જ્ઞાન અર્થે નથી વાંચતા પણ પરીક્ષામાં પાસ થવા સારુ જ વાંચે છે. પરીક્ષક કોણ છે તે શોધી, કાઢી તેની નોટ્સ મેળવી ગોખી નાખવાનું તેઓ અગત્યનું ગણે છે. કયા સવાલો આવશે તે જાણવાની પૂરી મહેનત કરવી અને છેવટે કોપી કરવાની તક મળે તો તેમ પણ કરી લેવું ! આનું કારણ એ છે કે વાંચવાનું કામ જ્ઞાન માટે નહિ પણ માત્ર પરીક્ષા પાસ થવા સારુ જ તેઓ કરે છે.

બીજું પરિણામ એ આવે છે કે પરીક્ષાના હેતુથી વંચાયેલું બધુ પરીક્ષા પૂરી થતાં જ ભુલાઈ જવાય છે. એટલે જે કાંઈ વંચાય છે તેમાંથી જ્ઞાનાર્જન બહુ જ થોડું થાય છે કેમકે વાંચવાનો હેતુ જ જુદો રહે છે. ભણવાના વિષય તરફ અભિરુચિ થાય, તે જાણવાની જિજ્ઞાસા જાગે અને એથી તેમાં મન પરોવાય અને જે અભ્યાસ થાય તે જ સાચો અભ્યાસ છે. વસ્તુ ગમતી હોવાથી એનો અભ્યાસ કરવાનું ગમે છે, અને પરિણામે મળેલું જ્ઞાન ચિરસ્થાયી બને છે. બીજી રીતે કહીએ તો વિષય તરફ જેમ વધારે અભિરુચિ તેમ તેનો અભ્યાસ વધારે ઊંડાણભર્યો થાય. એથી જ્ઞાન પણ વિશેષ મળે અને એને અંગે વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ પણ વધારે વધારે જ્ઞાન મેળવવા તરફ રહ્યા કરે.

આજનું શિક્ષણનું આખું ય તંત્ર એટલું ચૂંથાઈ ગયું છે કે માણસ જ્ઞાનપિપાસાને કારણે અભ્યાસ કરે અથવા પરિશ્રમ કરે એની શક્યતા વિદ્યાર્થીઓ નહિ પરંતુ અધ્યાપકો પણ સ્વીકારવા તૈયાર નથી; તેમને એ અશક્ય જ દેખાય છે. પરીક્ષા પાસ કરીને ડિગ્રી મેળવવા અર્થે ગમે તે અભ્યાસ થાય પણ બાલીપીલી શા માટે કોઈ વાંચવાની મહેનત કરે, એ વિચારસરંણી જ વિકૃત મનોદશાનું પરિણામ દર્શાવે છે. વળી પરીક્ષામાં પાસ થવાનું ઘણાને માટે એટલું સહેલું હોય છે કે માત્ર પરીક્ષા પાસ થવાનું ઉત્તેજન (incentive) તેમને વધારે ઊંડો અભ્યાસ કરવાને પ્રેરવા પૂરતું નથી રહેતું. તેથી જ અભ્યાસ વધારે સારે કરાવવા માટે ઈનામો, પ્રાવિણ્યપદકો, (distinctions) શિષ્યવૃત્તિઓ, (scholarships) વગેરે ટેકાઓની જરૂરિયાત ઊભી થાય છે. અને મોટા મોટા શિક્ષણશાસ્ત્રીઓને પણ સવાલ થાય છે કે આવી રીતે કંઈક મેળવવાની મહત્ત્વાકાંક્ષા ન હોય તો વિદ્યાર્થી શા માટે અભ્યાસ કરે ?

બરી વાત એમ છે કે તરસ લાગતાં આપણે પાણી પીએ છીએ અથવા ભૂખ લાગતાં જમીએ છીએ તે શું કોઇ ઈનામ માટે કે ઊંચો નંબર અથવા સ્કોલરશીપ મેળવવા માટે આપણે કરીએ છીએ ? તરસ લાગતાં તે છિપાવવાનો જ ઉદ્દેશ હોય છે, અને તે છીપવી એ એનું પ્રત્યક્ષ ફળ છે.

જ્ઞાનપિપાસા એ પણ એક જાતની ભૂખ-તરસ જેવી સ્વાભાવિક વૃત્તિ છે. પણ આજની દુનિયામાં એ આપણા મનમાં વસતું નથી. પરીક્ષા–નંબર-કલાસ-ઈનામ-સ્કોલરશીપની આજની દુનિયાને ગળે એ વસ્તુની સ્વાભાવિકતા ઊતરતી જ નથી. આજે તો પરીક્ષા પાસ થવાથી નોકરી મળે છે, રોજનો રોટલો પામવાની ધડકામુડકીમાં આજે તો પરીક્ષા અને નંબરો ઉપર આધાર જ રહે છે, એવી પરિસ્થિતિમાં પરીક્ષા ખાતર નહિ પણ જ્ઞાન મેળવવું એ સ્વાભાવિક વૃત્તિ છે એટલા ખાતર અભ્યાસ કર્યા વિના માનવી રહી જ શકવાનો નથી એ વિચાર અશક્ય જ ભાસે છે. રોજ પાચન માટેની દવાઓ ખાઈને રુચિ ઉત્પન્ન કરનારને ભૂખ એ માનવીની સ્વાભાવિક જરૂરિયાત–વૃત્તિ છે એ શી રીતે સમજાય ? ઉત્તેજક પીણાં પી પીને ખુશમિજાજમાં રહેનારને કશા ય ઉત્તેજક કે માદક પીણા વિના સ્વાભાવિક સ્ફૂર્તિ

આવી શકે છે એની કલ્પના કયાંથી થઈ શકે ? એ જ રીતે ભણીને પરીક્ષા પાસ કર્યાને પરિણામે કીર્તિ, ધન અથવા રોજનો રોટલો મળવાનો રોજનો અનુભવ લેનાર આજના માનવીને આ કશા ય વિના પણ માણસને અભ્યાસ કરવાની વૃત્તિ જાગે છે–જ્ઞાનપિપાસા એ માનવીની સ્વયંભૂ વૃત્તિ છે એ રીતે સમજાય ?

પણ એક નાના બાળકને અવલોકીએ, ધ્યાન દઈને એના પ્રયત્નો નિહાળીએ, તો કેવળ જ્ઞાન મેળવવા ખાતર જ છેક નાનું બાળક કેવા કેવા અથાગ પ્રયત્નો સતત કર્યા કરે છે તેનું આપણને ભાન થશે. જેમને બાલમંદિરમાં પ્રત્યક્ષ કામ કર્યાનો અનુભવ હશે અથવા જેમણે એવાં બાળકોને કામ કરતાં નિહાળ્યાં હશે, તેમની ખાતરી થઈ હશે જ કે કલાકોના કલાકો સુધી બાળક અમુક વસ્તુ સાધ્ય કરવા માટે કેવી કાળજીથી મંડયું રહે છે, સતત વાંચ્યા કરે છે, અને એટલાથી સંતોષ ન થતાં હજુ બીજું નવું વાંચવાનું આપો, લખવાનું આપો, એમ કંઈક કંઈક માગ્યા જ કરે છે, અને પોતાની જ્ઞાનપિપાસા તૃપ્ત થતાં સુધી જંપતું નથી. બાળકો સ્વયંસ્ફૂર્તિથી આ જાતની ભૂખની તૃપ્તિ અર્થે પ્રયત્ન કર્યા કરે છે, અને એ જિજ્ઞાસા સંતોષાતાં પરમ સુખ મેળવાની તૃપ્તિનો આનંદ તેમના બાલચહેરાઓ ઉપર છલી વળે છે. માત્ર પરીક્ષા પાસ કરવા ખાતર જ મહેનત કરવાની કે વાંચવાની ટેવ પડ્યા પછી કેવળ જ્ઞાન મેળવવા ખાતર થતા પ્રયત્નો અથવા તેને પરિણામે થતી તૃપ્તિ કે સંતોષ મોંપર આવેલાં કદી નજરે પડતાં નથી.

પરીક્ષાને કારણે, સ્કોલરશીપ સારુ, કે ઊંચો નંબર મેળવવા અર્થે કરેલી મહેનતનો આનંદ આથી જુદો તરી આવે છે. અને જો એવા પરિશ્રમને અંતે આમાનું કાંઇ ન મળે તો, અથવા જો એવી જાતનું કોઈ આકર્ષણ અભ્યાસ કરવા પાછળ ન હોય તો વાંચવાની કે જ્ઞાનપ્રાપ્તિ સારુ મહેનત કરવાની જરાય હોંશ રહેતી નથી; ઉત્સાહ ન હોય એટલે એકાગ્રતા તો શાની જ આવે ? અને એથી વાંચવાનું મન પણ ન જ થાય. પરીક્ષા પૂરી થતાં જ એ વિષયના કોઈ પણ પુસ્તકને હાથ પણ ન અડકાડનારા–એટલું જ નહિ પણ એ વિષયનું નામ નીકળતાં ત્રાસી જનારા ઘણા વિદ્યાર્થીઓ આપણે જોઈએ છીએ. આનું મૂળ કારણ વિષયની અભિરુચિ નહિ પણ એનો હેતુ બીજો જ હતો એ સહજ કળી શકાય તેવું છે.

પરીક્ષાનો વિષય અને તેને અંગેના પુસ્તકો વિષે આવો અણગમો થવાનું એક બીજું પણ કારણ છે.

અગાઉ કહ્યું તેમ એ વિષયનો અભ્યાસ કરવાનો હેતુ પરીક્ષામાં પાસ થવાનો જ હોવાથી પરીક્ષા પૂરી થતાં એ સંબંધે કશું કરવાપણું બાકી નથી રહેતું એવી વૃત્તિ ઊભી થઈ હોય છે. સિવાય પરીક્ષા અર્થે કરવામાં આવેલ અભ્યાસ વિદ્યાર્થીને એકંદરે માનસિક તાણ વધારે આપનારો બને છે; કયારે આમાંથી છૂટીએ એવી વૃત્તિ સાહજિક રીતે આ તાણને લીધે વિદ્યાર્થીમાં જન્મે છે. એટલે પરીક્ષા પૂરી થતાં જ એ પુસ્તકો નજરે પણ ન આવે તો સારું એવી વૃત્તિ સહેજે થાય છે. એથી ઊલટું વિષય તરફ અભિરુચિ હોય ત્યારે એના શોખથી અને સમજપૂર્વક કરેલા અભ્યાસથી માનસિક શક્તિમાં વધારો થતો હોવાથી એ વિષયનો પ્રેમ કાયમ સચવાઈ રહે છે. જ્યારે અપ્રિય ભાવના સાથે જોડાયેલ અભ્યાસનાં પુસ્તકો આંખ આડાં કરવાનું જ મન થાય એ મનુષ્ય સહજ છે.

આથી કલકત્તાવાળાભાઈ જે એમ મનાવવા આગ્રહ કરે છે કે પરીક્ષાને કારણે વિદ્યાર્થીઓ પુષ્કળ મહેનત કરતા, ધ્યાનપૂર્વક વાંચતા થાય છે અને એ જ એનો મોટો ફાયદો છે, એ મુદ્દો ટકી

શકતો નથી. જો કોઈ ફાયદો એથી થતો હોય તો તે પરીક્ષામાં પાસ થવા જેટલો જ થાય છે. પરીક્ષા પસાર કર્યા પછી પણ એ વિષય તરફ એ અભિરુચિ ધરાવનાર વિદ્યાર્થીઓ જવલ્લે જ સાંપડશે. એનું કારણ પરીક્ષા વખતે કરેલી મહેનત અસ્વાભાવિક, ભયના વાતાવરણમાં અથવા કૃત્રિમ રીતની હોઈ એને અંગેનો ઉત્સાહ પણ કૃત્રિમ હોય છે એટલે એ રસ ચિરસ્થાયી નીવડતો નથી. વિદ્યાર્થીઓને એને સારુ ગજા ઉપરાંત મહેનત કરવી પડે છે એટલે પાછળથી એ વિષેનો કંટાળો અને થાક જ બાકી રહે છે.

ત્રીજું કારણ એ છે કે પરીક્ષા અર્થે અભ્યાસ કરતી વેળા વિષયનું જ્ઞાન મેળવવાની દૃષ્ટિ ગૌણ હોય છે. આગલે વર્ષે પરીક્ષામાં આવેલા સવાલો તો પુછાવાના જ નથી, એમ માની એટલું વાંચવાનું તો બંધ જ રખાય છે. એથી વિષયનો અભ્યાસ સળંગસૂત્ર નથી થતો. મેડિકલ કૉલેજના કેટલાક મારા ઓળખતા વિદ્યાર્થીઓ એક વાર વાતો કરતા હતાઃ "ગયે વર્ષે ન્યૂમોનિયાનો સવાલ પુછાયા હતો એટલે આ વર્ષે તો તે વાંચવાથી જ જરૂર નથી." મેં પૂછ્યું: "પણ ન્યૂમોનિયાનો કેસ તમારા હાથમાં આવશે ત્યારે શું કરશો?" વિદ્યાર્થીઓની દૃષ્ટિ અભ્યાસ વખતે કેવી હોય છે એ વિષે ઉપરની વાતચીત સંપૂર્ણ અજવાળું પાડે છે.

ખરું કહીએ તો માત્ર પરીક્ષાની દૃષ્ટિએ જે અભ્યાસ થાય છે એથી સાચું જ્ઞાનાર્જન થતું નથી. એક બીજું પણ પરિણામ આવે છે. પરીક્ષા હોય તો જ મહેનત કરવી એવી ટેવ પડવાથી પરીક્ષા ન હોય ત્યારે મહેનત લઈ અભ્યાસ કરવામાં રસ પડતો જ નથી. એવા પણ દાખલા બન્યા છે કે પરીક્ષા પૂરી થઈ એટલે હવે કશું કરવાપણું નથી રહેતું એમ માની કેટલાય હોશિયાર વિદ્યાર્થીઓ નિરાશ થતા દેખાયા છે. એમને એવો તો સ્વપ્ને પણ વિચાર નથી આવતો કે જ્ઞાનની મર્યાદા તો અપાર છે, એટલે એ તો મેળવ્યા જ કરી શકાય. એમને તો એ જ ઠસી ગયું હોય છે કે વાંચવું તો પરીક્ષા માટે; એટલે એ હેતુ દૂર થતાં તેમનો ઉત્સાહ પણ ઓસરી જાય જાય છે. જ્ઞાન ખાતર જ્ઞાન મેળવવાનો જે નિરતિશય આનંદ એનો અનુભવ તેમને હોતો જ નથી; આજ સુધી એમણે પરીક્ષા પાસ કરવા સારુ, સ્કૉલરશીપ અર્થે કે સારો ક્લાસ મળે તે ખાતર જ પુષ્કળ વાંચેલું હોવાથી આવું કોઈ આકર્ષણ ન હોય ત્યારે તેમને મહેનત કરવાનો કશો રસ રહેતો નથી. મીઠાં વિનાની રસોઈ જેવું એમને એ ફિક્કું લાગે છે. એટલે જ પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ મેળવેલા અનેક વિદ્યાર્થીઓ આપણા દેશમાં હોવા છતાં અભ્યાસી જીવન ગાળનારા, જ્ઞાનાર્જનમાં જ પોતાની નવરાશનો બધો સમય વીતાડનારા અને એ જ આનંદમાં સંતોષ માનનારા આપણે ત્યાં આંગળીને વેઢે ગણાય એટલા ભાગ્યેજ જડી આવશેઃ

કોઈને કહેતાં સાંભળીએ કે "હું કૉલેજનાં અર્થશાસ્ત્રનાં પુસ્તકો વાંચું છું પણ પરીક્ષામાં નથી બેસવાનો." તો સાંભળનારા તરત જ સવાલ કરશે, "અરે ભલા માણસ! ત્યારે આટલી બધી માથાઝીક શા સારુ કરે છે?" પરીક્ષા સિવાય અભ્યાસ જ ન કરવો જોઈએ એવી જ જાણે કે માન્યતા સર્વત્ર ફેલાયેલી હોય છે!

પરીક્ષાની અગત્ય આ રીતે જીવનમાં એટલી તો જડ ઘાલીને બેસી ગઈ છે કે પરીક્ષા વિના જ્ઞાન મેળવવાની કોઈને જરુરિયાત જ ભાસતી નથી; એમાં મળતા આનંદનો કોઈ ખ્યાલ સરખો પણ કરી શકતું નથી. પરીક્ષાપદ્ધતિનો એ લાભ જરુર દેખાય છે કે પરીક્ષાઓ પાસ કર્યા કરવાની હોંશ વિદ્યાર્થીઓમાં આવે છે; પણ જ્ઞાનપ્રાપ્તિનો આનંદ લેવા કોઈ તૈયાર થતું નથી. [ચાલુ] તા.

પ્રાથમિક શાળા વિભાગ

અંકગણિતનું શિક્ષણ

લેખાંક ૪

આંકડાઓનો પરિચય પાકો થાય એટલે ગમે તે આંકડો લઈ તેટલી સંખ્યા બરાબર આણી આપતાં બાળકને આવડી જવું જોઇએ. એ રીતે વારંવારનાં પુનરાવર્તનોને પરિણામે આંકડા અને તે દર્શાવનારી સંખ્યાનો દૃઢ પરિચય સધાયે એટલું આવશ્યક અને અનિવાર્ય છે.

આટલું થઈ રહ્યા પછી આંકડાની મદદથી નાના નાના સરવાળા તેમ જ બાદબાકીઓ બાળક પાસે ધરી શકાય.

મોન્ટીસોરી પદ્ધતિની લાંબી સીડીની મદદથી અથવા તો મોતીની સળીઓની મદદથી બાળકો આવા નાનાં સરવાળા બાદબાકી કરતાં તો શીખ્યાં જ હોય છે. તેમને હવે આંકડાઓની મદદથી એ કરવાનું શીખવવું–એટલે કે માત્ર પ્રત્યક્ષ સાધનોથી આગળ જઈ તેમને સાથે સાથે આંકડાઓ વાપરતાં પણ શીખવવું.

શરૂઆતમાં લાંબી સીડી અથવા મોતીની સળીઓમાં "ત્રણ લાવો; ચાર લાવો; હવે કેટલા થયા?" એમ મોંએથી પૂછવાનું હતું; તેમ જ "સાત લાવો; પાંચ લાવો; સાતમાંથી પાંચ લઈ લઇએ તો કેટલા રહે?" વગેરે બાદબાકીઓ કરાવાતી. હવે એવી જ બાદબાકી અથવા સરવાળા આંકડા માંડીને લખી રાખવા અને બાળકો પોતાની મેળે તે કરતાં થાય એમ કરવું.

આને સારુ નીચેનાં સાધનો વાપરી શકાય.

આશરે સાડા ત્રણ ઇંચ લાંબી અને દોઢ ઇંચ પહોળી કાર્ડબોર્ડની પટ્ટીઓ ગુલાબી તથા વાદળી રંગનાં પોસ્ટ કાર્ડ અથવા બોક્સ બોર્ડમાંથી બનાવી તેમાં નીચે લખ્યા જેવાં ઉદાહરણો લખવાં:—

૪+૫=૯	૮–૫=૩

સરળતા માટે રંગની પસંદગી કરી શકાય. જેમકે સરવાળાની પટ્ટીઓ બધી ગુલાબી રંગની રાખી હોય તો બાદબાકીની બધી પટ્ટીઓ વાદળી રંગની બનાવી હોય. આ બધા સરવાળા અને બાદબાકીનાં પરિણામો (જવાબો) દર્શાવવા માટે બાલી રાખેલી જગ્યાએ સમાઈ રહે તેવડી ચોરસ કાપલીઓ ગુલાબી તેમ જ વાદળી બોર્ડની જ બનાવીને તૈયાર રાખી શકાય, અને તેના જવાબો આંકડામાં તૈયાર લખેલા રાખી શકાય, જેમકે ૪+૫ ની પટ્ટી ગુલાબી રંગની બનાવી હોય તો તેનો જવાબ ૯ આવી ચોરસ વાદળી કાપલી પર મળે, તેમ જ ૮–૫ ની પટ્ટી વાદળી રંગની બનાવી હોય તો તેના જવાબની કાપલીઓ ૩ આવી ગુલાબી રંગની બનાવી હોય.

બાળકને માટે આ પટ્ટીઓનાં સાધનો બે જુદી જુદી રકાબી અથવા ટોપલીઓમાં ગોઠવીને રાખવાં, જેમકે સરવાળાની ગુલાબી પટ્ટીઓ સાથે તે જવાબની વાદળી કાપલીઓ એક રકાબીમાં રાખી હોય અને બીજી રકાબી અથવા ટોપલીમાં

ફક્ત એકજ ગ્રાહક વધારી આપી બાળકોનો આશીર્વાદ મેળવો.

વાદળી બાદબાકીની પટ્ટીઓ સાથે જવાબની ગુલાબી કાપલીઓ મૂકી હોય.

બાળકોને સાધન વાપરવાનું નીચેની રીતે બતાવી શકાય. જેમકે સરવાળાવાળી ટોપલીમાંથી ધારો કે ૬+૩ વાળી પટ્ટી લીધી. તો તે પછી મોતીની સળીઓ વાળી ટોપલીમાંથી ૬ અને ૩ વાળી સળીઓ લેવાની. પછી અગાઉ શીખ્યાં હોય તે રીતે બન્ને જોડીને સાથે મૂકી. ०००००० ००० ગણે એટલે સરવાળો નવ થાય. આ સંખ્યા દર્શાવનારો આંકડો [૯] તેમણે એ જ ટોપલીમાંથી શોધી કાઢવાનો અને પછી જવાબ માટે ખાલી રાખેલી જગ્યાએ તે ગોઠવવાનો. છેવટે આવી રીતે કાપલી ગોઠવાય: [૬ + ૩ = ૯] આ રીતે ટોપલીમાંની બધી પટ્ટીઓ બાળક પોતાના ટેબલ ઉપર અથવા બેસવાના આસન સામે એક નીચે બીજી એમ ગોઠવે એવું બતાવવું.

બાદબાકી માટે પણ આવી જ રીતે રચના કરી બતાવાય. જેમકે બાદબાકી માટેની ટોપલી આણી અંદરથી ગમે તે એક પટ્ટી ઉપાડવી. ધારો કે ૭–૩= વાળી પટ્ટી ઉપાડી. તો તે પછી લાંબી સીડીમાંથી (પટ્ટાવળી) ૭ વાળી લાકડી અને ૩ વાળી લાકડીઓ લાવી ૭ વાળી લાકડી ઉપર એક છેડેથી ૩ વાળી લાકડી ગોઠવવી. પછી બાકી કેટલા રહ્યા તે બાળક ગણીને અથવા જોઈને જ ચાર છે એમ કહે એટલે પછી બાળકે ટોપલીમાંથી આ સંખ્યા દર્શાવનારા આંકડાની ગુલાબી કાપલી [૪] શોધી કાઢી પેલી વાદળી પટ્ટી ઉપર ખાલી જગ્યામાં તે મૂકવી. એટલે આ બરી ગોઠવણ આવી થાય: [૭–૩=૪] એ અગાઉના સરવાળાની પેઠે આ બાદબાકીની ટોપલીમાંથી બધી પટ્ટીઓ આ રીતે બાળક પોતાના ટેબલ ઉપર અથવા આસન સામે એક નીચે બીજી એમ ગોઠવે.

આ જાતનું કામ બાળકો અનેક વાર કરે છે. સામાન્ય રીતે એક વાર આ જાતની સરવાળા બાદબાકી કરવાની ગમ્મત તેમને બતાવ્યા પછી બાળક હમેશાં એકાદ વાર બધીય પટ્ટીઓ બનતાં સુધી ગોઠવે જ છે. વારંવારનાં પુનરાવર્તનો પછી બાળકની કામ કરવાની ગતિ પુષ્કળ વધી જાય છે. સંખ્યાદર્શક સાધનોથી આ બધાં પગલાં ઉપર બાળકે પ્રથમ કામ કરેલું હોવાથી, આંકડાઓનો પાકો પરિચય થઈ ગયા પછી આમાં તેને મુશ્કેલી જણાતી જ નથી. તેમ જ શિક્ષકોની મદદની જરૂર રહેતી નથી. લાવવાનું, મૂકવાનું, જવાબ શોધી કાઢવાનો, ગોઠવવાનું વગેરેમાં ક્રિયાઓ કરવાપણું વધારે હોવાથી બાળક કંટાળતું પણ નથી. ચારથી પાંચ વર્ષની ઉંમરનાં બાળકો આ પટ્ટીઓનાં સાધન પર હોંશપૂર્વક અનેક પુનરાવર્તનો કર્યા કરે છે.

આનાં અનેક પુનરાવર્તનોને પરિણામે બે અને ચાર કેટલા થાય, તેમજ છમાંથી ચાર જાય તો કેટલા રહે, વગેરે સરવાળા બાદબાકીઓનું બધું કામ સારી રીતે પાકું થાય છે.

એવું બને કે આ કક્ષાએ એ બધા સરવાળા બાદબાકીઓ બાળકોને કડકડાટ મોંએ કરતાં ન પણ આવડે. એને મોંએ કરાવવા માટે ડૉ. મોન્ટીસોરીએ સ્ટ્રીપ બોર્ડ નામનાં સાધનો યોજ્યાં છે તે પુષ્કળ મદદગાર થઈ પડે છે. હવે પછી તે વિષે આપણે વિચાર કરશું. [ચાલુ] તા.

પત્રવ્યવહાર માટે ગ્રાહકો રેપર ઉપરનો હાથે લખેલો ગ્રાહક નંબર લખવાની મહેરબાની કરે એવી વિનતિ છે.

આતાની મહત્ત્વાકાંક્ષા

તે દિવસના બનાવે મારી આંખો બરાબર ખૂલી ગઈ. સાવ મામૂલી બનાવ હતો. આવા બનાવો રોજ રોજ અનેક બનતા હશે.

રજાનો દિવસ હતો. બધાએ મળી તળાવકાંઠે બાંધેલા નહાવાના હોજમાં તરવા જવાનું નક્કી કર્યું. મારી એક બેનપણી રજાઓમાં મારે ત્યાં રહેવા આવી હતી તેના દીકરાને લઈ અમે નહાવા જવા નીકળ્યાં. દીકરાની ઉંમર સાત જ વર્ષની હતી, છતાં એને બહુ સરસ તરતાં આવડતું હતું.

તળાવે પહોંચ્યાં; નહાવાના પાસ કઢાવ્યા, કપડાં બદલ્યાં અને સહુ પગથિયાં ઊતરી પાણી નજીક જઈ પહોંચ્યાં. થોડી વાર સુધી શાંતિથી તર્યા પછી ધૂબકા મારવાનો વિચાર આવ્યો અને બધાંએ વારા ફરતી ધૂબકા મારવા માંડ્યા. કોઈએ પલાંઠિયો, તો કોઈએ કોશિયો. કોઈએ ડૂબકી મારી. મારા બેનપણીએ પોતાના દીકરાને કહ્યું: "શરદ, તું પણ લગાવ!" પણ શરદ ઢીલો પોચો દેખાયો.

માતાએ કહ્યું: "છટ્ ગાંડો કહીંનો. જો, બીજાં બાળકો કેવા સરસ ધૂબકા મારે છે!"

"બા, રહેવા દે! મને બીક લાગે છે."

"છિ છિ: આવો બીકણ કયાંથી થયો? આવો બીકણ દીકરો મને જરા ય ન ગમે! જો, ઉપર ચડી જા; જો તો ખરો?"

બહુ દબાણ કરતી જોઈ મેં તેને કહ્યું: "રહેવા દો બેન! હજુ બહુ નાનો છે. જરા મોટો થશે એટલે આપોઆપ પડશે. અત્યારથી જ શા માટે દબાણ કરો છે? એને આટલું સરસ તરતાં આવડે છે એ શું ઓછું છે?"

પણ માતાના મનમાં મહત્ત્વાકાંક્ષા જાગી. પોતાનો પુત્ર મોટા જબ્બરા ધૂબકા મારે અને લોકો તેની વાહવાહ કરે, અને સાથે સાથે પોતાને પણ સહુ ધન્યવાદ આપે એ માટે તે અધીરી બની હશે. પાસે ઊભેલા જરા મોટા બાળકને તેણે કહ્યું: "મધુભાઈ, તું આને ઉપર લઈ જતો! જો, શરદ પણ ધૂબકા મારશે."

"ના ના બા, મને બહુ બીક લાગે છે."

"જા, ઉપર જા જોઈએ! જરા ય બીવાનું નથી, ચાલ!" કહેતાં તેણે શરદને ઉપર ચડાવવા હડસેલ્યો.

શરદ મધુ સાથે ચડતો હતો—કહો કે ચડતો નહોતો પણ માતાના મોં સામે જોતો હતો અને મધુ તેને ધૂબકા બરાવવા ઊંચે ચડાવતો હતો, બેંચતો હતો. શરદ રોવા જેવા થઈ ગયો હતો. મેં કુસુમબેનને કહ્યું: "બેન! તમે પાણીમાં પહેલો ભુસકો માર્યો તે દિવસ સાંભરે છે કે ભૂલી ગયાં? તૂંબડું બાંધ્યું હતું, દોરી પકડી હતી, સામે બાપુજી, ઊભી તર તરતા હતા અને ઉપર મોટા ભાઈ હતા—કેવડો મોટો ઠાઠ જમાવ્યો હતો! મને તો એ આખું ય દૃશ્ય બરાબર સાંભરે છે."

દરમિયાન શરદ ઉપલે પગથિએ પહોંચ્યો હતો. તેના સામે જોઈ કુસુમબેને કહ્યું: "હં ચાલ, લગાવ ધૂબકો."

શરદ પાટિયાને છેડે આવ્યો, નીચે ઊંડા દેખાતા પાણી તરફ નજર નાખી અને બન્ને હાથ કાન આડા દઈ પાછો હઠ્યો. માતા સામે જોઈ આજીજી-ભર્યે સ્વર કહ્યું: "બા! પણ બહુ ઊંડું દેખાય છે, હોં!"

"શા માટે તંત બાંધો છો, કુસુમબેન!" મારાથી ન રહેવાયું. "એને પાછો ઊતરી જવા દો. બીજી કોઈ વાર વાત."

"છાનાં રહેશો બેન? તમે કાંઈ ન સમજો. બાળકોને જરા છૂટ આપીએ તો તે ચડી બેસે છે. એમ ન ચાલે, ધૂબકો મારવો જ જોઈએ. ન મારે તો મધુ, તું તારે શરદને માર ધક્કો!"

"ના ના, ધક્કો ન મારીશ મધુભાઈ! હું જ કૂદીશ" શરદનો આર્જવભર્યો સ્વર સંભળાયો.

શરદે બે ડગલાં આગળ ભર્યાં, પાણી તરફ નજર ફેંકી અને પહેલાં પેઠે જ ભયથી પાછો હઠી ગયો.

બિચારા! હમણાં પોતાનો દીકરો મહા પરાક્રમ કરી બતાવશે એવી આશાભરી આંખે ઊંચે જોઈ રહેલાં કુસુમબેન ખૂબ ચીડાયાં: "કટ મૂર્ખા! આટલો ધૂબકો નથી મારી શકતો તે તું મોટો થઈને શું કરી શકવાનો છે? નાલાયક કહીંનો. ધૂબકો ન મારે ત્યાં સુધી આજે તને વેર જ નથી લઈ જવાની!"

મારાથી ન રહેવાયું. મેં કુસુમબેનનો વાંસો હલાવી કહ્યું: "બેન, ત્યારે તમે જ એક લગાવી દો ને?

"મારી વાત જરા દો બેન! પણ શરદે તો ધૂબકો મારવો જ પડશે. અને એમાં વળી મેં એક વાર કહ્યું છે એટલે તેની ના નહિ બને. મારો બોલ હું કદી પાછો નહિ બેંચું!"

"એટલે તમારે બાળક તરફ નથી જોવું પણ તમારા બોલને સાચો પાડવો છે એમ જ ના? તમારા પોતાના બાળકના દિલની સ્થિતિ કરતાં 'કલાણી બાઈનો દીકરો કેવો હોશિયાર!' એવાં બીજાનાં વખાણને તમે વધારે મહત્ત્વ આપો છો, ખરું? તમને એથી આનંદ થશે પણ બાળકની કરુણાજનક સ્થિતિ તરફ તમે આંખ આડા કાન કરો છો. ભયથી એના અંતરને કેવડો જબરો આઘાત પહોંચે છે તે તમારી નજરે નથી આવતું; તમે તો તમારું અભિમાન–અહં સંતોષાય એની જ રાહ જુઓ છો."

"એમાં મારા સ્વાભિમાનનો પ્રશ્ન જ ક્યાં છે?"

"કેમ નહિ? તમારો દીકરો ગભરાય છે એ વિચાર પણ તમે સહી શકતાં નથી! તમારામાં સ્વાભિમાન છે, નિશ્ચયબળ છે, પણ એ બધા ગુણો તમે આજે જ તમારા બાળક ઉપર લાદવા ઇચ્છો છો. કહો કે સાચી વાત છે. પણ શરદ હજી બાળક છે. તમારા જેટલું નિશ્ચયબળ આજે જ એનામાં શી રીતે આવી જાય? તમારી બધી મહત્ત્વાકાંક્ષાઓ શરદે અત્યારથી સંતોષવી જોઈએ એવી તમારી મુરાદ છે. પણ તે પાર પડતી નથી માટે તમે તેના પર ગુસ્સે થાઓ છો. તમે....."

"પણ મારે તમારું અત્યારે ભાષણ નથી સાંભળવું. ચાલ, શરદ! લગાવ જોઈએ?"

શરદ ફરી વાર પાટિયાના છેડા પાસે ગયો પણ પ્રથમની પેઠે જ પાછો ફર્યો. આ વેળા તો તે સડસડાડ પગથિયાં ઊતરી બા પાસે પહોંચી ગયો.

પણ ત્યાં તો કુસુમબેનનું સ્વાભિમાન હણાયું. તેમના ગુસ્સાનો પાર ન રહ્યો. શરદ ઉપર હાથ ઉપાડવાની તેમણે શરૂઆત કરી દીધી. મારાથી એ જોવાયું નહિ. શરદનો હાથ પકડી તળાવનાં પગથિયાં ચડી હું તેને કાંઠે લઈ ગઈ. કુસુમબેનને મેં કહ્યું: "હવે આ નાટક અહીં અટકાવશું, બેન?"

સૌ. કાવેરી કર્વે.

વર્ધામાં પંડિત જવાહરલાલજીના શુભ હસ્તે

બાલમંદિરનું ઉદ્‌ઘાટન

તા. ૧૦–૭–૪૨ ના રોજ સાંજના ૬ વાગે પંડિત જવાહરલાલ નહેરુને શુભ હસ્તે બાલમંદિરની ઉદ્‌ઘાટનક્રિયા થઈ. બાલમંદિરનાં બાળકો ઉપરાંત મહિલાશ્રમની કન્યાઓ, બહેનો તેમ જ શહેરનાં નરનારીઓ મોટી સંખ્યામાં હાજર હતા. બાલમંદિરનાં સંચાલિકા શ્રી. સૌ. મીરાંદેવી મૂંદડાએ બાલમંદિરની ઉત્પત્તિ અને વિકાસ અંગેનું નિવેદન વાંચી સંભળાવ્યું. ત્યાર પછી બાળકોએ "રાધા કૃષ્ણ મિલન" નો નાચ કરી બતાવ્યો. બાલમંદિરના એક બાળકને હાથે પંડિતજીને તિલક કરવામાં આવ્યું અને બાલમંદિરની જ એક બાલિકાએ પોતે કાંતેલા-સૂતરનો હાર તેમને પહેરાવ્યો. ત્યાર પછી લગભગ અરધો કલાક પંડિતજીએ બાળકો સાથે વાતચીતમાં ગાળ્યો એ આખી વાતચીત વખતે હાસ્યના ફૂવારા જાણે ઊડી રહ્યા હતા. ત્યાર બાદ પંડિતજીએ બાલકેળવણી અંગે બે બોલ કહ્યા. બાલમંદિર ખુલ્લું મૂકાયા પછી એના જ આંગણામાં પંડિતજીને શુભ હસ્તે એક આમ્રવૃક્ષ રોપવાની પણ વિધિ થઈ.

બાળકો વચ્ચે પંડિત જવાહરલાલ

[વર્ધામાં તા. ૧૦–૭–૪૨ના રોજ પંડિતજીએ બાલમંદિર ખૂલ્લું મૂકયું ત્યારે શરૂઆતમાં તેમણે અરધોએક કલાક બાળકો સાથે વાતો કરેલી. તેનેસાર અહીં આપ્યો છે.]

પંડિતજી: "તમે હમણાં જ એક નાચ જોયો. તમને એ કેવોક ગમ્યો?"

એક બાળક : " બહુ સરસ !"

પંડિતજી : "તમને તો એ ગમે જ ના ! પણ હું શું કરું ? મને કયાં નાચતાં આવડે છે ? (હસાહસ) . વારુ, તમારા બાલમંદિરમાં નાચવાનું શિખવાય છે ? તમારામાંથી ઘણાં તે શીખતાં હશે."

બાળક : "હા, હા, અમને ઘણાંને આવડે છે."

પંડિતજી : "તમને બાલમંદિર કેવું લાગે છે ?"

બાળક : "અમને તો એ બહુ જ ગમે છે."

પંડિતજી : "એમ ? ત્યારે તમે બાલમંદિરમાં રોજ શું શું કરો છો ? બોદવાનું કામ કરો છો, ભણો છો કે રમો છો "

બાળકો : "અમે ભણીએ છીએ, અને રમીએ પણ છીએ."

પંડિતજી : "વાહ, તમે ભણો પણ છો અને રમો પણ છો. ત્યારે તો એમ કરતાં હશો "કે પહેલાં ખૂબ ભણતાં હશો અને થાકો ત્યારે રમવાનું—"

બાળકો : "નહિ નહિ, જ્યારે રમીને થાકીએ છીએ ત્યારે ભણવા માંડીએ છીએ." (હસાહસ)

પંડિતજી: "તમારી બધી વાતો સાંભળીને અને દેખીને મારું મન પણ બાલમંદિરમાં આવવાનું થઈ જાય છે."

બાળકો: "આવો ને ત્યારે !"

પંડિતજી : "વાહ, તમે તો કહો છો આવો ત્યારે, પણ પેલાં બેન (સંચાલિકા શ્રી. મીરાંબેન મૂંદડા તરફ નિર્દેશ કરતાં) મને કયાં રજા આપે છે ?"

બાળકો : " પણ અમે તમને આવવાની રજા આપશું એટલે તેઓ રજા આપશે જ ના !"

(. હસાહસ.)

પંડિતજી : "વાહ ત્યારે, મારે વારંવાર વર્ધા આવવું તો પડે જ છે. મહાત્માજીને મળવાનું હોય છે તેમ બીજું પણ કામ હોય જ છે."

બાળકો : "પણ અમે તો તમને ક્યારેય નથી દેખ્યા !"

પંડિતજી : "પણ પહેલાં તમારું બાલમંદિર જ ક્યાં હતું કે તમે દેખો ?"

બાળકો : "એમ હોય, પહેલાં પણ અમારું બાલમંદિર તો હતું જ ને ! હવે તે અહીં આવ્યું છે." (હસાહસ.)

પંડિતજી : "પહેલાં હું નવભારત વિદ્યાલયમાં ગયો છું. તમે ત્યાં હોત તો મને દેખ્યો હોત."

બાળક : "હું તો આજે જ નવભારત વિદ્યાલયમાં ગયો હતો પણ તમે ત્યાં નહોતા." (બોલનાર બાળક તે જ દિવસે બાલમંદિર છોડી નવભારત વિદ્યાલયમાં દાખલ થયો હતો.)

પંડિતજી : "જવા દ્યો, વારુ, પણ તમે કાંતો છો ખરાં કે ?"

બાળકો : "હા, કાંતીએ જ તો."

પંડિતજી : "તકલીથી કે રેંટિયા ઉપર ?"

બાળક : "તકલી ઉપર."

પંડિતજી : "એ તો ઠીક. પણ તમે રમો છો તો એકલાં એકલાં કે બધાં મળીને ? તમને કેમ રમવું ગમે ?"

બાળક : "બધાં સાથે મળીને જ તો !"

પંડિતજી : "ભારે સરસ ! બધાં સાથે મળીને જ રમવું જોઈએ. રમવાનું જ નહિ પણ દરેક હળીમળીને રહેવું અને હળીમળીને જ કામ કરવું એઈ એ. મને પણ તમારી સાથે રમવાનું મન થઈ જાય છે; પણ અહીં એવા મોટા માણસો આવેલ છે કે તેમની હાજરીમાં મારાથી રમી શકાય નહિ. હવે જ્યારે હું વર્ધા આવીશ ત્યારે ગમે તેમ કરીને પણ તમારી સાથે રમવા જરૂર આવીશ."

પંડિત જવાહરલાલજીનું વ્યાખ્યાન

[વર્ધામાં તા. ૧૦-૭-૪૨ ના રોજ બાલમંદિર ખૂલ્લું મૂકવી વેળા]

બાળકોની કેળવણીનો પ્રશ્ન આવતાં સમાજ સામાન્ય રીતે એમ માને છે કે ૯-૧૦ વરસની ઉમરે જ બાળકો ભણવા માંડે છે. પરંતુ લોકો એ સમજતા જ નથી કે ખરી કેળવણી તો એ પહેલાંથી શરૂ થવી જોઈએ, એટલું જ નહિ પણ તે પ્રથમથી જ ઘર આગળથી જ શરૂ થવી જોઈએ. આપે કદાચ જેસુઇટ્સ પંથીઓનું નામ નહિ સાંભળ્યું હોય. તેઓ ખ્રિસ્તી પ્રોટેસ્ટંટ પંથના અનુયાયીઓ હતા; અને એ પંથનો જ પ્રચાર કરતા હતા. તેઓ કહેતા કે શરૂનાં સાત વરસ સુધી બાળક અમને સોંપી દ્યો; પછી જુઓ, બાળક અમારી જેવું જ બની જશે. ભવિષ્યમાં પછી તેનામાં કશો ફેરફાર કરી શકાશે નહિ. એમના કથનમાં ઘણું સત્ય રહેલું છે. બાળપણની નાની નાની ટેવોમાંથી જ આખા જીવનનું ઘડતર થાય છે. એ જ એનો પાયો છે. જીવનના પાયાની આ તાલીમ બાળકોને માબાપો પાસે રહીને જ મળવી જોઈએ. છતાં હકીકત એ છે કે માબાપો જ આ કાર્યમાં નિષ્ફળ નીવડે છે. અતિશય પ્રેમને કારણે તેઓ બાળકના વધારા પડતાં લાડ કરે છે, બગડાવે બિગડાવે છે, જરાક ઠંડી લગતાં ગરમ કપડાં પહેરાવવા માંડે છે અથવા જરાક ગરમી કે તડકો જણાતાં ઘરમાં જ બેસારી રાખે છે; નથી તેમને છૂટથી ફરવા દેતાં

કે નથી તેમને સ્વતંત્રપણે ખેલવા દેતાં. એટલે પ્રેમને કારણે જ તેઓ બાળકને ગુંગળાવી મારી જીવન માટે બરબાદ કરે છે. માબાપ કેળવાયેલાં હોય, પરંતુ બાળકેળવણી વિષેનું તેમનું અજ્ઞાન ઘણું મોટું હોય છે. હમણાં જ હું બાળકોને પૂછતો હતો કે તમે એકલાં એકલાં રમશો કે બધાં સાથે મળીને? મારા એ પ્રશ્નની પાછળ સહકારનું તત્ત્વ રહેલું હતું. બાળકોને નાનપણથી જ સાથે હળીમળીને રહેવાની કેળવણી મળવી જોઈએ. પણ ઘણે ભાગે બને છે એવું કે ઘરમાં જો બે ત્રણ બાળકો હોય તો રડારડી અને ધૂમાધૂમ જ મચી રહે છે. એનું કારણ તો એ છે કે બાળકો સમક્ષ આપણા મોટેરાંઓનું જીવન સુમેળભર્યું નજરે પડતું નથી. ઘરમાં એક જ બાળક હોય ત્યારે પોતે જ આખા ય ઘરનું કેન્દ્ર છે એમ તે અચ્છી રીતે સમજે છે, અને રોજ બરોજ અનુભવે છે; પણ બીજા બાળકના આગમન સાથે તુરત તે પોતાનું સ્થાન ઝૂંટવાઈ ગયાનું અનુભવે છે. બાળક જેથી ચીડાય છે અને પરિણામે પ્રથમથી જ નવા આવનાર તરફ તેને લેશ પણ સદ્‌ભાવ રહેતો નથી. આથી ઉંમર મોટી થતાં બન્ને ભાંડરડાંઓમાં સરકારની ભાવના રહેતી જ નથી. ખરી વાત એ છે કે છેક નાની ઉંમરમાં જ બાળકોમાં સહકાર–હળીમળીને રહેવાની ભાવના પેદા થવી જોઈએ. આમ તો જ બની શકે જો માબાપો પોતાનાં બાળકોને શરૂથી જ બરાબર પિછાનતાં શીખે. માબાપોએ બાળકોના યોગ્ય વિકાસ તરફ પૂરતું લક્ષ આપવું જોઈએ. અન્ય પ્રકારના શિક્ષણ સાથે જ બાળકો હળીમળીને રહે એવી ભાવના તેમનામાં પેદા થાય એવી તાલીમ તેમને છેક બચપણથી જ મળવી જોઈએ. જો આ ભાવના બાલજીવનના પાયામાં ન ઊતરે તો સમજજો કે ભવિષ્યમાં તેને માટેની સર્વ કેળવણી નિરર્થક જવાની છે. હું આશા રાખું છું કે (દેશનાં) દરેક ગામડે આવાં બાલમંદિરો ઊઘડશે અને ફૂલશેફાલશે.

વ્યવસ્થા

(૧) લવાજમ મોકલવા માટે તથા અંકો અંગેની માટે ફરિયાદ નીચેને સરનામે લખવું:—

ગોપાળરાવ ગ. વિદ્વાંસ, વ્યવસ્થાપક,
શિક્ષણપત્રિકા, મહાજન ગલી;
જ્ઞાનમંદિર, રાવપુરા; વડોદરા.

(૨) લખાણ અંગે તથા સંઘને અંગે શ્રી. તારાબેન મોડક, તંત્રી, શિક્ષણપત્રિકા; ૧૧૮, હિંદુ કૉલની, દાદર, એ સરનામે લખવું.

પંચમુખી લકડી

અમારા કાર્યાલયમાં મફત પત્રિકા માગનારાઓની (હરિજન શાળા તેમ જ સંસ્થાઓની) મોટી યાદી છે. દરેક વર્ષે સખી ગૃહસ્થો એમના સારુ થોડી થોડી મદદ મોકલે છે એટલે એ જિજ્ઞાસુ ભાઈઓને મફત શિક્ષણપત્રિકા પહોંચાડી શકાય છે. આ વરસે હજુ જૂજ મદદ આવી છે. આવા લોકસંગ્રહના કામમાં ઉદાર ગૃહસ્થો–ભાઈઓ અને બહેનો મદદનો હાથ લંબાવી આ વહેતી ગંગાનો પ્રવાહ ચાલુ રખાવશે?

જૂના અંકો અરધી કિંમતે

શિક્ષણપત્રિકાના અગાઉનાં વર્ષોના અંકો અરધી કિંમતે મળશે. નીચેનાં વર્ષોના અંકો છેઃ ૨જું, ૧૦મું, ૧૧મું, ૧૨મું, ૧૪મું, ૧૫મું, ૧૬મું. જેના ભેટ અંકો છે તેના મળશે. બધાની કિંમત રૂા. ૩–૮–૦

ટપાલ રસ્તે મંગાવનારે પોસ્ટ ખર્ચના વગેરે મળી રૂ. ૧–૮–૦ વધારે મોકલવા. રેલ્વે રસ્તે મંગાવનારે પોતાના સ્ટેશનનું નામ જણાવવું એટલે પારસલ તેમને ખર્ચે મોકલી આપવામાં આવશે. લખોઃ શિક્ષણ પત્રિકા કાર્યાલય, જ્ઞાનમંદિર, મહાજન ગલી, રાવપુરા, વડોદરા.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

○

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

○

એવું ન સમજશો કે હવે કાંઈ કરવાપણું રહ્યું નથી. કાર્યોનાં અનેક ક્ષેત્રો છે; એક એક ક્ષેત્રમાં અનંત કાર્યો પડેલાં છે. પણ જ્યારે આપણી નજર ટૂંકી પડે છે, આપણું દર્શન ઝાંખું થાય છે, આપણી શક્તિ ક્ષીણ બને છે, આપણી મહત્ત્વાકાંક્ષા પોલી હોય છે, આપણે પોતે થાકી જઈએ છીએ, આપણે અંતર્મુખ મટી બહિર્મુખ થઈએ છીએ, ત્યારે જ — ત્યારે જ માત્ર વિશાળમાં વિશાળ ક્ષેત્ર પણ ટૂંકું લાગે છે; ત્યારે જ હવે કશું કરવાપણું નથી રહ્યું એમ લાગે છે !

સ્વ. ગિજુભાઈ

બાલમંદિરના ઉત્સવો

અભિનય

ઘણી શાળા-બાલમંદિરોમાં ઉજવાતા ઉત્સવોમાં કરવામાં આવતા સંવાદો અથવા નાટકોમાં બે બાબતો ખાસ તરી આવે એવી હોય છે, અને દુર્ભાગ્યે આ બંને બાબતો ત્યાજ્ય હોય છે.

પહેલી બાબત ઉત્સવોના નાટયપ્રયોગોમાં પસંદ કરાતા સંવાદો અંગેની છે. આવા સંવાદોમાં લાંબાં લાંબાં ભાષણો હોય છે અને કંઈક બોધ આપવાનો હેતુ તેમાં સમાયેલ હોય છે. કન્યા-શાળાઓમાં આવા સંવાદોમાં કન્યાઓને કેળવણી આપવી જોઈએ, કન્યાઓએ સતત ઉદ્યોગ-પરાયણ રહેવું જોઈએ, ફેશનમાં તણાઈ ન જતાં સાદાઈ જ જાળવવી જોઈએ, માબાપોની આજ્ઞા માનવી જોઈએ, વગેરે અનેક વિષયો પરત્વે બોધ આપેલ હોય છે; અને આવા લાંબા લાંબા કંટાળો ઉપજાવે તેવા સંવાદો ગોખી કાઢીને કન્યાઓ ભજવી બતાવે છે. છોકરાઓની શાળાઓમાં પણ આવા જ સંવાદો પસંદ થાય છે. પણ તેમાં એ ઉપરાંત પ્રતાપ, શિવાજી, વગેરે ઐતિહાસિક વ્યક્તિઓના પ્રસંગોને પણ પસંદગી આપવામાં આવે છે.

આ સંવાદોની ભાષા મોટાઓના મોંમાં શોભે તેવી તેમ જ અઘરી હોય છે, તથા લાંબાં લાંબાં ભાષણોથી ભરપૂર હોય છે. કન્યાઓ—છોકરાઓના મોંમાં ન શોભે એવાં વાક્યો અને વિચારો પણ એમાં ઘણી વાર સમાયેલા હોય છે.

આવા બધા સંવાદો એકદમ બંધ થવા જોઈએ. સંવાદો દ્વારા અપાતા આવા બોધ સાવ નિષ્ફળ નીવડે છે. એટલે સંવાદો કરવાનારનો હેતુ સિદ્ધ થતો નથી અને બીજી રીતે નાટક કે સંવાદ તરીકેની મજા તો તેમાં હોતી જ નથી.

મોટેરાંઓ માટેનાં નાટકોની પેઠે બાળકો માટેનાં પણ ખાસ નાટકો અને તેને અંગેની યોજના અને ગોઠવણ મોટેરાંઓ પ્રમાણે જ વિશિષ્ટ હોવી જોઈએ.

એ સિવાય નાટકનાં ખાસ અંગો જેવાં કે હાસ્યવિનોદ, સ્વભાવનિરૂપણ, ભાષાની સજાવટ અને અભિનયને સંપૂર્ણ અવકાશ હોવો જોઈએ. નાટક એ દૃશ્ય કાવ્ય છે. ભાષણો કરવાથી કે ભાષણો સંભળાવવાથી નાટક કર્યાની અથવા નાટક જોયાની સાર્થકતા મળી જણાતી નથી. નાટકોમાં ક્રિયા (action) અને દિલ બહલાવે એવા પ્રસંગો પણ જરૂરના છે.

મોટેરાંઓનાં નાટકોનાં આ સઘળાં તત્ત્વો બાળકો માટેનાં નાટકો અથવા સંવાદોમાં પણ તેટલાં જ જરૂરી છે.

બાળકો પોતે નાટકો ભજવતાં હોય ત્યારે પોતે શું બોલે છે, કેવી રીતે બોલે છે, કેવા હાવભાવથી બોલે છે, વગેરે બધું બાબતો તેઓ સમજી શકે તેમ થવું જોઈએ, અને એ બધું સમજણ-પૂર્વક નાટકો તેઓ કરે એમ બનવું જોઈએ. એને બદલે અઘરા શબ્દો, લાંબાં લાંબાં ભારેખમ વાક્યો અને ન સમજી શકાય તેવા વિચારોથી ભરપૂર હોય એવા સંવાદો કે નાટકો ભજવાય ત્યારે એમાં નથી મજા આવતી એ ભજવનાર બાળકોને કે નથી રસ ઉત્પન્ન થતો એ બધું જોનારાંઓને. દુર્ભાગ્યે સારી ગણાતી શાળા-સંસ્થા-ઓમાં પણ આવું અનેક પ્રસંગે બન્યા કરે છે.

એક વખત એક શાળાનો ઉત્સવ જોવા ગયેલ ત્યારે દશ વર્ષના બાળકના મોંમાં "Friends, Romans, Countrymen" થી શરૂ થતો

એન્ટરીના ભાષણનો શેકસપિયર કવિનો લાંબો પેરેગ્રાફ સાંભળ્યો હતો. બાળકમાં ગમે તેટલી બુદ્ધિ હોય તોપણ દસ વર્ષની ઉંમરે શેકસપિયરના જૂલિયસ સીઝર નાટકનો આ અંગ્રેજી ભાષણનો મર્મ એ સમજી શકે એ ખ્યાલમાં આવી જ શકતું નથી. અર્થાત્ એ બાળક માટે બધું સમજીને, એના વિચારો સાથે તાદાત્મ્ય પામીને, એ વ્યાખ્યાન કરવું અશકય જ હતું. ન સમજી શકાય તેવા સંવાદને કેમ ભજવી બતાવવો એ કળા એણે બતાવી એમ તો કબૂલ કરવું જ જોઈએ છે! પણ એ કળા સાધ્ય કરતાં એને કેવી કપરી કસોટીમાંથી પસાર થવું પડ્યું હશે એ અનુભવી શિક્ષકોને કહી બતાવવાની જરૂર નથી.

આવો જ એક બીજો સંવાદ જગત સમગ્રના ધંધાદારીઓની એકતા ને લગતો અંગ્રેજીમાં ભજવાયેલ જોયો છે. જુદા જુદા દેશના પહેરવેશ અને તે પણ ભિન્નભિન્ન ધંધાદારીઓના હોવાથી દૃશ્ય બેશક મનોહર બન્યું હતું; એ પહેરવેશ તૈયાર કરવામાં બાળકોને ખૂબ મજા પડી હશે એ પણ મારે કબૂલ જ કરવું જોઈએ. પરંતુ આખી ય દુનિયાને પહોંચી વળતી એકતા તેમ જ ધંધાદારીઓની પરિસ્થિતિ એ વિષયોનો ખ્યાલ ૧૦–૧૨ વર્ષનાં બાળકોને શી રીતે આવી શક્યો હશે? વળી એ બધાં ભાષણો તો અંગ્રેજીમાં થતાં હતાં! બધાનાં મોં ઉપર પોપટની જેમ પટપટ ગોખેલાં વાકયો બોલી જવાય છે એ સ્પષ્ટ તરી આવતું હતું; કોઈ કોઈ બાળકો તેમને શીખવી રાખેલ અભિનય કરતાં પણ હતાં.

મોટેરાંઓની દૃષ્ટિએ વિષય પણ સરસ છે, અને દૃશ્યો તો બાળકો માટે પણ મનમોહક જ કહેવાય. પણ એવડી નાની વયનાં બાળકોને એ બધાં ભાષણો અને સંવાદો મોંએ કરાવી સ્ટેજ ઉપર ભજવી બતાવવા તૈયાર કરવા પાછળ કેટલો નિરર્થક પરિશ્રમ લેવાયો હશે? કેટલો મિનજરૂરી ત્રાસ એ નાનાં નાનાં બાળકોને વેઠવો પડયો હશે?

ખરું જોતાં પ્રેક્ષકોના મનરંજનં અર્થે બાળકો ગમે તે ગોખીને સ્ટેજ ઉપર બોલી જાય એવા સંવાદોનો બાલનાટકોમાંથી તો બહિષ્કાર જ થવો જોઈએ. બાળકોનાં નાટકોમાં એ નાટકો ભજવી બતાવનારનો વિચાર પહેલો થવો જોઈએ, અને પ્રેક્ષકોનો વિચાર ગૌણ બનવો જોઈએ. નાટકો કરનારાં બાળકોને ભજવી બતાવવાના પ્રયોગના શબ્દેશબ્દ, વાકયેવાકય અને હરેક વિચાર સમજાય અને એ ભજવી બતાવવાની અંદરખાનેથી તેઓ મજા માણે એમ થવું જોઈએ. આ જાતનાં બાળકોની મર્યાદામાં રહીને યોજેલાં નાટકો જોનારાઓને પણ આનંદ પમાડશે જ એ વિષે શંકા નથી.

આ રીતે જોતાં બાળનાટકો કે સંવાદોમાં પહેલો મુદ્દો એ સ્વીકારવો જોઈએ કે નાટકોમાં વપરાતી ભાષા અને વિચાર સાથે બાળકો તદ્રૂપ બનીને એ નાટકો ભજવી શકે. તમાશગીર જેમ માકડા પાસે અર્થહીન તમાશા કરાવે છે, એવાં નાટકો બાળકો પાસે શિક્ષકોએ કરાવતાં અટકવું જોઈએ.

બીજો મુદ્દો અભિનયનો છે. જેમ ભાષણો બાળકો પાસે ગોખાવીને કરાવાય છે તેમ જ તેમાંના અભિનયો પણ શિક્ષકો એમ કહો કે ગોખાવે જ છે. અમુક શબ્દો જરા ધીરેથી બોલવા, અમુક વખતે ભાર દઈ ને બોલવું, અમુક વાકયે હાથ ઊંચો કરવો કે લંબાવવો, વગેરે બધી ઝીણીઝીણી બાબતોમાં શિક્ષકો બાળકોને પઢાવીને તૈયાર કરે છે. અને જરા ય ભૂલ કર્યા વિના બાળકો એ બધી સૂચનાઓનો બરાબર અમલ કરતાં હોય તોપણ એ નાટકો જોતી વખતે તે ગોખાણિયા છે એમ તુરત દેખાઈ આવે છે. પણ

એ કરતાં ય વધારે હાસ્યાસ્પદ તો એવા પ્રસંગો છે કે બાળકો પઢીને તૈયાર કરેલી બિના ભૂલી જાય છે ત્યારે બધું બોલાઇ રહ્યા પછી અર્થહીન અભિનયો (વચ્ચે કરવા રહી ગયા હોય તેવા) બાળકો પાછળથી પણ કરે છે, અથવા ભૂલી ગયાનું ખ્યાલમાં આવતાં શરમાય છે અથવા મૂંઝાય છે. અથવા "સ્વર્ગમાંથી પૃથ્વી પર આણીશ" એવું વાકય બોલતી વેળા પૃથ્વી શબ્દ વખતે હાથ ઉંચો થાય અને સ્વર્ગ વખતે તે નીચે હોય ! કેટલાંક બાળકો પોતાની ભૂલ વિષે જાગૃત થતાં વચ્ચે જ બોલી પડે છે "ના, એમ નહિ." અને પછી સુધારેલી ભૂલ સાથે આખું ય વાકય બીજી વાર અભિનય સાથે બોલે છે. આવે પ્રસંગે હસ્યા વિના રહી શકાતું નથી; પણ એ વખતે વિચારી માણસને બાળકોની કરુણ અવસ્થા જોતાં મનમાં ખેદ થાય છે અને શિક્ષકોના યોગ્ય દિશાસૂચનને અભાવે બાળકોની વિના કારણ થતી કફોડી સ્થિતિથી દુઃખ થાય છે.

સંવાદો કે નાટકોમાં બાળકો પાસે કરાવવાના અભિનયો ખરું જોતાં પઢાવીને તૈયાર કરાવાય છે તેમ ન બનવું જોઈએ. શિક્ષકો પોતે એ સંવાદો અભિનય સાથે કરી બતાવે; બાળકોએ જુએ; તેમનું ધ્યાન એ બાબતો તરફ દોરાય એટલે શિક્ષકો પ્રયત્ન કરે; અને એ પછી બાળકો પોતાની મેળે જ એ અભિનય કરે એમ થવા દેવું જોઈએ. આવી રીતે જ્યારે બાળકો અભિનય કરતાં થશે ત્યારે તેમાં સ્વાભાવિકતા વિશેષ આવશે. એનો અર્થ એવો તો નથી જ કે બાળકોના અભિનયોમાં ભૂલો થતી હોય તે તરફ તેમનું લક્ષ દોરવું જ નહિ. અભિનય કેમ કરી બતાવીએ તો પ્રેક્ષકને સારું દેખાય એ શિક્ષકોએ ભૂલો થતી હોય ત્યારે બાળકોને જરૂર સુધારી બતાવવું, અને પોતે જ ફરી વાર યોગ્ય અભિનય કરી બતાવવે

વળી કેટલાંક બાળકો વધારે પડતા અભિનય કરવાની ટેવ હોઈ વારંવાર હાથ હલાવ્યા કરતાં હોય છે. આ પણ ભૂલ હોઈ બાળકોનું ધ્યાન તે બાજુ દોરવું જોઈએ. પણ એવું પણ જોયું છે કે નાટકમાં દરેક શબ્દે હાથ, પગ કે કોઈક અવયવનો અભિનય થવો જ જોઈએ એમ કેટલાક શિક્ષકો માનતા હોય છે. જેમ કે 'તું' કહેતાં સામે હાથ કરવો કે 'હું' કહેતાં પોતા તરફ આંગળી બતાવવી, અથવા 'બહાર' શબ્દ આવતાં બહારની બાજુ હાથ લંબાવવો, વગેરે અભિનયો બિનજરૂરી છે. અભિનયના મુખ્ય અંશો બતાવતી વખતે જ હાથ કે બીજા અવયવનું હલનચલન યોગ્ય ગણાય. એટલે શિક્ષકો પોતે જ જો યોગ્ય અભિનય કરી બતાવે તો બાળકો આપોઆપ અભિનયના સ્વાભાવિક અંગને પકડી લેશે.

નાટકોમાં સંવાદો ગોખીને મોઢે કરવા સંબંધે પણ થોડું વિચારી જવા જેવું છે.

સંવાદો કે વાતચીતમાં ભજવનારાં બાળકોની ઉંમરના પ્રમાણમાં લાંબાં, અઘરાં અને ભાવાર્થ ન સમજાય તેવાં ભાષણો—સંવાદો તો ન જ હોવાં જોઈએ. ઉપરાંત એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે નાટકના સંવાદો બાળકો ગોખીને મોંએ કરે પછી નાટકો કરવાં એ રીત પણ યોગ્ય નથી. બાળકોનાં નાટકો સારુ જે વાર્તાનું નાટક કરવાનું ઠરાવીએ તે વાર્તા બાળકોને અનેક વાર કહી બતાવવી. બાળકોને વાર્તાઓ ગમે છે, અને તેનાં પુનરાવર્તનો તેઓ અનેક વાર માગે છે. પરિણામે આખી વાર્તા બાળકોને લગભગ મોંએ થઈ જાય છે. વાર્તાના પ્રસંગોનો ક્રમ પણ તેઓને બરાબર યાદ રહે છે. આટલું થયા પછી એવી વાર્તાનું નાટક બાળકો પાસે કરાવવાનું નક્કી કરીએ તો સંવાદો ગોખાવીને અભિનય કરાવવાની જરૂરિયાત રહેતી જ નથી.

નાટક માટેનાં પાત્રો બહુ નાનાં હોય તો તેમાં એવી વાર્તા પસંદ કરવી કે જેમાં બોલવાનાં વાક્યોમાં જોડકણાં વધારે આવતાં હોય. "કચેરીમેં જાઉંગા"* વાળી વાર્તા લઈએ. ઉંદરભાઈને લૂગડાનો કટકો રસ્તામાં જડ્યો, અને પછી દરજીને ત્યાં લઈ ચાલ્યા. એમાં જે ક્રિયા કરવાની છે તે સ્પષ્ટ જ છે. દરજી પાસે જઈ ઉંદર કહે છેઃ "અરે એ દરજી! આ લૂગડાની જરા ટોપી સીવી દેજે." દરજી કહે છેઃ "ચાલતો થા, ચાલતો. આ ગજ ઉપાડીને મારીશ ના, તો મરી જઈશ, મરી."

ઉંદર કહેઃ "શું બોલ્યો? ... ટોપી નહિ સીવી દે તો—

કચેરીમેં જાઉંગા,
સિપાઈકું બોલાઉંગા;
બડે માર દેઉંગા,
તમાસા દેખુંગા."

દરજી ગભરાઈ જઈને ઝટઝટ ટોપી સીવી દેવા હા પાડે છે.

આ જાતના સંવાદો વાર્તામાં વારંવાર આવ્યા કરે છે.

આ વાર્તા વર્ગમાં કહેતા હોઈએ તે દરમિયાન જ આમાંના ઘણાખરા વાર્તાલાપો બાળકોને તો મોંએ થઈ ગયા હોય છે, એટલે તે ગોખવાપણું રહેતું નથી; સિવાય આખી ય વાર્તામાં ક્રિયા પણ સીધી અને સ્પષ્ટ છે.

શિક્ષક જો અભિનય કરી બતાવે તો બાળકો તુરત તે ગ્રહણ કરી લઈ સંવાદમાં કરી બતાવે છે. દરજી અને ભરતવાળાનું બીવું, ઉંદરે દમ મારવો, રાજાનું ગુસ્સે થવું, વગેરે ભાવો બાળકો ઉંમર પ્રમાણે દર્શાવે છે.

ટૂંકમાં નાટકનો વિષય, ભાષા, ક્રિયા, અભિનય અને મોં પરના ભાવદર્શન, વગેરે બાબતોનો શિક્ષકોએ સારો અભ્યાસ કરવો જોઈએ.

નાટકનો વિષય બાળકો સમજી શકે તેવો હોવો જોઈએ. તેની ભાષા બાળકોના મોંમાં શોભે તેવી હોવી જોઇએ.

નાટકમાં ક્રિયાનું અંગ વધારે હોવું જોઈએ. અને જે કરવું હોય તે સરળ, સીધું બાળકોથી થઈ શકે તેવું હોવું જોઈએ.

અભિનય અને ભાવદર્શન માટે બાળકોની ઉંમર જરા મોટી હોય એ જરૂરનું છે. ગુસ્સો, ભય, ચિંતા, વગેરે લાગણીઓ તેઓ આબ્છી રીતે દર્શાવી શકે છે.

પાત્રાલેખન પણ થોડા થોડા પ્રમાણમાં હોવું જોઈએ. પાત્રોમાં કોઈ લુચ્ચો હોય, કોઈ ગરીબ હોય, કોઈ યુક્તિબાજ હોય, કોઈ દમ મારીને કામ કાઢી જાય તેવો હોય, તો એવાં પાત્રોનો પાઠ બાળકો સારી રીતે ભજવી શકે છે.

નાટકોમાં વિનોદ જરૂર હોવો જોઈએ; હાસ્ય આવશ્યક છે; પણ એનો અર્થ બાલી ફારસ થઈ જવું ન જોઈએ. બાળકો નાટક કરતી વેળા તેમાં રહેલ આનંદ મોજથી માણે એમ થવું જોઈએ. ૪–૫ વર્ષનાં બાળકો પણ બહુ સરસ રીતે નાટકો કરી શકે છે, તથા તેનો ઉપભોગ–આસ્વાદ માણી શકે છે. આવા સ્વાનંદથી ભરેલાં નાટકો ભજવાતાં જોવાનું નાનાં બાળકોને–પ્રેક્ષકોને ગમે જ છે, પણ મોટેરાં પ્રેક્ષકો પણ એ દૃશ્ય પ્રેમથી જુએ છે અને આનંદ માણી શકે છે. ઊલટ પક્ષે ગોખાવીને તૈયાર કરેલ નાટકોમાં ભજવનારાં બાળકો હમેશાં ભૂલ થઈ જવાની બીકથી તંગ રહે છે, નાનાં બાળકો જોનારાં હોય તેઓ કંટાળી જાય છે અને સમજુ મોટેરાંઓને આવી અસ્વાભાવિક સ્થિતિથી ભજવનારાં બાળકો પ્રત્યે કરુણા અને દયાની લાગણી જ જન્મે છે. તા.

---

* બાળવાર્તાઓ ભાગ ૨ જો: સંપાદક સ્વ. ગિજુભાઈ; કિંમત ૦–૬–૦.

પરીક્ષાના લાભાલાભ

[અનુસંધાન ગતાંક પાને ૬૫ થી]

પરીક્ષાપદ્ધતિની એક બીજી બાજુ પણ કરી તે પ્રમાણે ગુણ માંડે વગેરે રીતો છે. પણ તપાસીએ. સઘળા પરીક્ષકો, પ્રોફેસરો, શિક્ષકો એ સિવાય પણ ઉત્તરોમાં જવાબ લખનારની તેમ જ પરીક્ષા લેનારી મોટામાં મોટી સંસ્થા યુનિવર્સિટી, એ સર્વને એ તો સુવિદિત છે જ કે પરીક્ષાની પદ્ધતિથી વિદ્યાર્થીઓના જ્ઞાનનું સાચું સંતોષકારક માપ આવતું નથી.

એનાં ઘણાં કારણોમાંથી એક કારણ એ છે કે અભ્યાસના વિશાળ પ્રદેશમાંથી જે પાંચ સાત સવાલોના જવાબ આપવાના હોય છે તે સદ્‌ભાગ્યે વા કમભાગ્યે આવડવા ન આવડવા ઉપર આ ધોરણ રચાયલું છે. વળી પરીક્ષા આપવા કાળે વિદ્યાર્થી જે રીતે એ પ્રશ્નોના જવાબ લખી શકે તે ઉપર પણ એનો આધાર રહે છે. એમાં એવું બને છે કે જેઓ પરીક્ષા ટાણે ગભરાયેલા હોય અથવા તો માંદા હોય તેઓ લખવા ધારે તેટલું અથવા આવડતું હોય તે સઘળું સ્પષ્ટતાથી લખી શકતા નથી. વિદ્યાર્થીઓના ઉત્તરો અંગે આટલી બાબતો વિચારવાની છે, તેમ પરીક્ષકોના અંગે પણ એ જોવાનું છે કે લખેલ ઉત્તરો પરથી બરાબર તોલ આંકી માર્કે મૂકવા એ પણ સહેલું કાર્ય નથી. એક વિદ્યાર્થીએ આપેલ જવાબ માટે દસ-માંથી પાંચ ગુણ આપવા અને તેવા જ બીજા વિદ્યાર્થીએ આપેલા ઉત્તરના છ ગુણ આપવામાં કયું ધોરણ–કયું ઝીણું માપ પરીક્ષકો પાસે હોય છે? આવું તોલન વધારે સપ્રમાણ રહે એટલા માટે જાતજાતના ઉપાયો વિચારાય છે. પરીક્ષકો પોતે જ ઉત્તરો લખે, કઈ બાબતો ઉત્તરમાં આવવી જ જોઈએ તેની વિગતો બરાબર લખે, અને પછી વિદ્યાર્થીઓના ઉત્તરોમાં કેટલી હકીકતો રહી ગઈ ને કઈ નવી આવી વગેરે નકકી કરવામાં આવે તોપણ પરીક્ષકની વિવેકબુદ્ધિ તો તેમાં કામ કરે જ છે. અને વિવેકબુદ્ધિની વાત લઈએ તો એમ તો ન જ કહી શકાય કે ઉત્તરો તપાસવાના બધા જ કલાક દરમિયાન પરીક્ષકોની એ શક્તિ સમાન રીતે કામ આપતી હોય. આઠ દસ ઉત્તરપત્રો બહુ જ ખરાબ આવી ગયા પછી એકાદ સહેજ સારા જવાબવાળો ઉત્તરપત્ર આવે તો પ્રમાણમાં પરીક્ષકને તે ઘણો સારો લખાયાની વૃત્તિ થઈ જાય અને સહેજે ૫૦ ટકા ગુણ એવા ઉત્તરપત્રવાળો વિદ્યાર્થી મેળવી જાય. અને છતાં એ જ ઉત્તરપત્ર જો સારા લખાયેલ બીજા ઉત્તરોની પછી આવ્યો હોય તો તે વખતે તેને ૩૫ ટકા ગુણ પણ ભાગ્યે જ મળે! વળી શરૂઆતના ઉત્તરો જોતી વેળા પરીક્ષકનું મન તાજું હોય છે જ્યારે છેવટના ઉત્તરો જોતી વેળા અનેક સારી માઠી અસરો અને બરાબ અક્ષરોથી મન કંટાળેલું અને ચીડાયેલું પણ હોઈ શકે છે. એ પણ એટલું જ સાચું છે કે દરેક ઉત્તરે માટે બરાબર તોલન કરી ગુણ મૂકવાનો વખત પરીક્ષકને રોજના ૫૦, ૭૫ કે ૧૦૦ ઉત્તર-પત્રો જોવોના હોય તેમાં કયાંથી મળે? છાપખાનામાં જે ઝડપે દૈનિક છાપાં છપાઈને

બહાર પડે છે, એ જ ઝડપે લગભગ ઉત્તરપત્રો તપાસાતા હોય છે એમ કહેવામાં અતિશયોક્તિ નહિ કહેવાય !

વળી પરીક્ષા આજીવિકા મેળવાનું સાધન બને ત્યારે તો તેની સ્થિતિ વધારે કઢંગી બને છે. કારણ પછી તો પરીક્ષા પાસ કરવાનું ધ્યેય પણ ન રહેતાં આજીવિકાનું સાધન મેળવવું એ લક્ષ બની જાય છે. પરિણામે વિદ્યાર્થીનું માનસિક વલણ તત્ત્વજ્ઞાનના અભ્યાસ તરફ હોય પરંતુ જો અર્થશાસ્ત્ર-પારંગત થવાથી નોકરી જલદી મળવાનો સંભવ હોય તો તત્ત્વજ્ઞાન અથવા સાહિત્ય કે શિક્ષણશાસ્ત્રને છોડી પોતાને ન ગમતા એવા અર્થશાસ્ત્રના વિષયમાં જ માથું ફૂટવાનો વારો ઘણાય વિદ્યાર્થીઓને કપાળે લખાયેલ હોય છે અને એથી એ અભ્યાસ તરફનો કંટાળો દ્વિગુણિત બને છે.

ભણતર અને આજીવિકાનાં સાધનો સીધી રીતે આમ સંકળાયેલાં બનાવવાથી અભ્યાસમાં પરિપૂર્ણતા રહેવા ઉપરાંત નોકરીના ધંધાને પણ નુકસાન થયું છે. કેમકે જે ધંધામાં અથવા અભ્યાસમાં નોકરી અથવા પૈસો વધારે મળવાનો સંભવ હોય તે વિષયનો અભ્યાસ કરવા પાછળ રુચિ ન ધરાવતા વિદ્યાર્થીઓ પણ લાગી પડે છે. પરિણામે આપણે મધ્યમ અથવા કનિષ્ઠ દરજ્જના ડૉક્ટરો, વકીલો, પ્રોફેસરો, એન્જિનિયરો, વગેરેથી બજાર ઉભરાઈ જતાં વાર જોઈએ છીએ.

સવાલ એ થાય છે કે તો આનો ઉપાય શો ?

આ કકળાટનો ઉપાય શિક્ષણશાસ્ત્રીઓના હાથમાં નથી. યુનિવર્સિટીઓના હાથમાં પણ નથી. પણ ધારે તો રાજ્ય આનો ઉપાય કરી શકે છે. જે વિદ્યાર્થી જે વિષય અથવા કાર્યમાં પારંગત થઈ શકે એમ લાગતું હોય તેમાં તેનો અભ્યાસ વધારવાની સગવડ તેને કરી આપવી એવા રસ અને ધરાવનાર વિદ્યાર્થીને એ વિષયમાં નિષ્ણાત બનવાની અનુકૂળતા કરી આપવાનું કામ કેળવણીની સંસ્થાઓનું છે. આવી પારંગત વ્યક્તિનો દેશહિતાર્થે યોગ્ય ઉપયોગ કરવાનું કામ —અને એ કામ કરતો હોય ત્યારે એ વ્યક્તિની આજીવિકા ચાલે તેની યોગ્ય તજવીજ તો રાજ્યે કરીજ હોય — રાષ્ટ્ર-વ્યવસ્થા સંભાળનારાઓનું છે.

વિદ્યાર્થીદશામાં અભ્યાસ કરતી વેળા "ભવિષ્યમાં આ અભ્યાસ દ્વારા મારી આજીવિકા ચાલશે કે કેમ ?" એ ચિંતા વિદ્યાર્થી અથવા પાલકોને માથે હોવી જ ન જોઈએ એ અગત્યની બાબત છે. આ અંગેની સર્વ ચિંતા અને વ્યવસ્થા સંભાળવાની જવાબદારી રાજ્યકર્તાઓની જ ગણાય—ગણાવી જોઈએ.

એક રીતે બોલીએ તો આજે સમાજરચના અને રાજ્યસંઘટના ભૂલોના ચક્રવામાં પડેલી છે. અને આ ભૂલોની પરંપરા સતત ચાલુ રાખવામાં શાળાઓ અને યુનિવર્સિટીઓ મદદ આપ રહી છે. એટલે આમાં સુધારાને અવકાશ કયાં છે એ વિચારતાં મગજ બહેર મારી જાય એવું છે. આ બધી ભૂલોની પરંપરા ભારે આંટીઘૂંટીવાળી (vicious circle) છે. રાજ્યવ્યવસ્થા અને સમાજરચનામાં ભારે ક્રાંતિ થયા સિવાય આમાં સુધારાને અવકાશ દેખાતો નથી.

પરીક્ષાનો વિચાર કરતાં આપણે જરા વધારે ઊંડા ઊતરી ગયા; પણ પરીક્ષાનાં આ બધાં પરિણામો આપણી સામે ઊભાં તો છે જ. આ પરીક્ષાઓની સાથે જ્યારે ઇનામ આપવાની પ્રથા જોડાય ત્યારે આ મુશ્કેલીમાં ઊલટો વધારો જ થાય છે.

તા.

પત્રવ્યવહાર માટે ગ્રાહકો રેપર ઉપરનો હાથે લખેલો ગ્રાહક નંબર લખવાની મહેરબાની કરે એવી વિનતિ છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન

ધરમપોર (સિમલા હિલ્સ) થી એક બહેન પૂછે છેઃ- મારા પુત્ર અશોક અઢી વર્ષ હમણાં જ પૂરાં કર્યાં છે. તેનો શારીરિક તેમ જ માનસિક વિકાસ યથાર્થ રીતે થાય એવી મારી ખૂબ ઇચ્છા છે અને એ દિશામાં મારા પ્રયત્નો ચાલે છે. બાળકને ન મારવામાં હું સંપૂર્ણપણે માનું છું અને તેથી દરેક વખતે તેને સમજાવીને તેની પાસેથી કામ લઉં છું. સિદ્ધાંતથી આ બધું માનવા છતાં અમલમાં કોઈ વાર જરા ધાક રાખવો પડે છે પણ તેથી કામ સરતું નથી. અનેક પ્રસંગે શું કરવું જોઈએ તેનો નિર્ણય મારાથી થઈ શકતો નથી તેથી નીચેની બાબતોમાં આપના ખુલાસાની ઇચ્છા છે.

મારી માન્યતા મુજબ (અને બીજા મિત્રો વગેરે એમાં સહમત છે) કે. અશોક ખૂબ સમજદાર છે. એમાં ય એની યાદદાસ્ત તો બહુ જબરી છે. કોઈ પણ વાત જોતાં જ તે તેના ધ્યાનમાં ઊતરી જાય છે અને લાંબા વખત સુધી તે તેને યાદ પણ રહે છે. આ આવડતથી લાભ થાય છે તેટલો જ ગેરલાભ પણ થતો દેખાય છે.

લાભ તરીકે એ ગણાવી શકાય કે અશોક પૂરો બે વર્ષનો પણ થયો નહોતો ત્યાં તો તેના પિતાને રોજ ટાઈપરાઈટર ઉપર કામ કરતા જોઈ તે અંગ્રેજી મૂળાક્ષરો બધા જ ઓળખવા લાગી ગયો હતો; ગમે તે અક્ષર ગમે ત્યારે બતાવો તો પણ બરાબર ઓળખી શકતો.

આથી ઊલટા પ્રકારને માટે નીચેનો દાખલો આપી શકાય. એક વાર અશોક ખૂબ પાણી ઢોળતો હતો; મેં તેને ના પાડી. તુરત જ તેણે જવાબ આપ્યોઃ "બા! તું પણ ગધેડા જેવી છો; મને પાણી ઢોળવા જ નથી દેતી!" આ બનાવની પાછળ થોડોક ઇતિહાસ છે. હમણાં હમણાં અમારા એક સગાને ત્યાં અશોક રહી આવેલો. તેમનાં બાળકો જે બોલતાં તે બરાબર યાદ રાખી લેતો થયો છે અને જરૂર પડતાં તે પ્રમાણે હવે બોલવા માંડ્યો છે. એ રીતે પોતાની મરજી મુજબ કાંઈ ન થાય કે તુરત જ તે "ગધેડો છો" એમ બોલે છે અથવા તો મારે છે. અમારાં બે જણાં સિવાય અમારે ત્યાં અશોક ઉપરાંત કોઈ રહેતું નહોતું, એટલે 'ગધેડો' જેવા શબ્દો તેણે સાંભળ્યા હોય એ અસંભવિત જ છે; બીજાને મારવાનો તો તેને ખ્યાલ પણ ક્યાંથી આવે? પણ નવી પરિસ્થિતિમાં તે આવું નવું નવું તુરત પકડી લેતો થયો છે, કેમકે તેનામાં અનુકરણ કરવાની ટેવ બહુ જ છે.

આવો જ એક બીજો બનાવ છે. અશોક જમતો હતો ત્યારે વાડકીમાં દાળ પીરસી હતી. મને એમ હતું કે દાળ ગરમ હશે એટલે મેં કહ્યું: "અશોક! જરા ધીરો થા; દાળ ગરમ છે." તુરત તેણે વાડકી મોંએ અડકાડી તો બહુ ગરમ ન લાગી. મને કહેઃ "બા! તું જૂઠાબોલી છો. દાળ ગરમ ક્યાં છે?" બિના સાદી છે. મારા માનવા પ્રમાણે દાળ ગરમ હોવાથી તે ગરમ છે એમ કહેવામાં હું 'જૂઠાબોલી' ન કહેવાઉં એટલું તેને સમજાવતાં ભારે મુશ્કેલી થયેલી. અને હજુ ય તે વિષે અશોકની ખાતરી થઈ હશે જ એમ થોડું જ છે!

આ સાચું અને આ જૂઠું એવા શબ્દપ્રયોગો અમારા બે જણામાંથી કોઇએ અશોક પાસે કર્યા નથી; એટલે આ સઘળું તે નવા વાતાવરણમાંથી ગ્રહણ કરતો થયો છે. આવું તો ઘણું તે પકડે છે. બીજાની સોબતમાંથી તેને વેગળો રાખવો શક્ય નથી; તેની ઉંમર પણ હવે વધતી જાય છે એટલે

માત્ર ઘરનું જ વાતાવરણ છોડી તેણે બહાર આવવું જોઈએ એ પણ સ્વાભાવિક છે; બહારનાં બાળકોની સોબતની સારી માઠી અનેક અસરો તેના પર થવા સંભવ છે જ. મારો સવાલ એ છે કે આવે પ્રસંગે અયોગ્ય બાબતો તેના ધ્યાનમાં–સ્મૃતિમાં ન રહે એમ કરવા માટે મારે શું કરવું?

ઉત્તર

પોતાના બાળકની ઝીણી ઝીણી વિગતો ઉપર પણ ઝીણવટથી ધ્યાન આપનાર આવી માતાને ખરેખર ધન્યવાદ ઘટે છે. માતાઓ–ખાસ કરીને કેળવાયેલ માતાઓ 'બાલમાનસવિકાસ' ના વિષયનો આ રીતે અભ્યાસ કરતી થઈ જાય, એને અંગે ઝીણાં અવલોકનો અને ઉપાયયોજના વિચારતી થઈ જાય, તો કાલે સવારે દેશનું ભાવિ ઊજળું થઈ જાય–દેશની આખી સૂરત પલટાઈ જાય એ નિઃસંદેહ છે. આ માતાની શંકાઓને અંગે મારો ખુલાસો આ પ્રમાણે છેઃ—

"તમે લખ્યો છો તે પરથી ચિ. અશોકમાં નવી બાબતો તુરત ગ્રહણ કરી લેવાની શક્તિ રહેલી છે એ સાચું છે. મારી એ સલાહ છે કે તેની આ શીઘ્ર ગ્રહણશક્તિનો ઉપયોગ જે બાબતો તેણે શીખી લેવાની છે તે સાધ્ય કરવામાં થાય એવું કરજો. પણ સાથે સાથે મારે તમને એ પણ સૂચવવું જરૂરી છે કે અશોકની આ શક્તિનો ઉપયોગ તે વહેલો વહેલો લખતાંવાંચતાં શીખે, આંકના પાડા મોંએ કરતો થઈ જાય, છેક નાની ઉંમરે નિશાળની પરીક્ષાઓ પાસ કરી હોશિયાર ગણાય અથવા મેટ્રિક થવાની વિશિષ્ટતા મેળવે એવી એવી તમારી મહત્ત્વાકાંક્ષાઓ પોષવામાં કરશો નહિ. બનવા જોગ છે કે એ વર્ષ જેટલી નાની ઉંમરે જો તેને અંગ્રેજી અક્ષરો આટલી સહેલાઈથી યાદ રહી ગયા હોય તો તેની સ્વાભાવિક વૃત્તિ લેખનવાચન તરફ વધારે અભિરુચિવાળી થાય, પણ આ ઉપરાંત પણ એ શક્તિ અથવા આવડત બીજા માર્ગો ગ્રહણ કરે એ પણ બનવા જોગ છે. મારી એવી સલાહ છે કે અક્ષરશિક્ષણ–ભાષાશિક્ષણનું આ અંગ સતત જાગૃત રાખવા ઉપરાંત અશોક પોતાના હાથપગ હલાવતો થાય–તેને કંઈક હાથના ઉદ્યોગો કરવાનું સતત મળ્યા કરે એવી યોજના અવશ્ય કરશો.

'બા! તું પણ ગધેડા જેવી છો; મને પાણી ઢોળવા જ નથી દેતી!' જેવા ઉદ્‌ગારો અઢી વર્ષના બાળકને મોંએ સાંભળીએ ત્યારે ગુસ્સાને બદલે આપણાથી હસ્યા વિના રહેવાશે નહિ. આ બાબતમાં મારી એવી સલાહ છે કે આપણે આમાંથી એકેય જાતનો ભાવ આણવો નહિ; હસવું પણ નહિ તેમ જ ગુસ્સે પણ ન થવું.

ખરી વાત એ છે કે અશોક તમારી સામે પોતાનો વાંધો આગ્રહપૂર્વક બતાવવા માગે છે. 'પાણી ન ઢોળવું' એ તમારો નિયમ તેને અયોગ્ય (કદાચ અન્યાયભર્યો) લાગે છે, અને તે સામે તેનો વાંધો છે. પણ વાંધો દર્શાવવાની શિષ્ટ ભાષા તેને આવડતી નથી એટલે વિરોધ–વાંધો દર્શાવવાના જે શબ્દો તેણે સાંભળ્યા હતા તે તેણે વાપરી બતાવ્યા છે. માણસને વિષે અમણુંમો દર્શાવવાના શબ્દોમાં જો તેણે 'તું ગધેડો છે' જેવા શબ્દો કદી સાંભળ્યા જ ન હોત તો આવો શબ્દપ્રયોગ તેણે કદી પણ કર્યો જ ન હોત. છતાં પાણી ન ઢોળવાના તમારા નિયમ સામે તેના મનમાં જે અણગમો થયો–તેને જે વાંધો લેવા જેવું જણાયું–તે તો થાત જ. વાંધો દર્શાવનારી ભાષા જો તેને ન આવડતી હોત તો એણે પોતાનો વિરોધ હાથપગ પછાડીને કે બીજા ધમપછાડા કરીને અથવા છેવટ રડીને પણ દર્શાવ્યો જ હોત; છેવટ કાંઈ જ ન બનત તો મનમાં તો ભારે અસંતોષ અને ઉકળાટ તેણે અનુભવ્યો જ હોત.

એટલે ખરું જોતાં અશોકના શબ્દો કરતાં એ શબ્દોની પાછળ રહેલા અશોકના વાંધાનો જ આપણે ઝીણવટથી વિચાર કરવો જોઈએ.

બાળક આવી નાની ઉંમરે ભૂલભરેલી અથવા અયોગ્ય અથવા અવિવેકભરી ભાષા વાપરે એ સહજ છે, કેમકે આ ઉંમરે વિવેક અવિવેકની સમજણ બાળકમાં આવી હોતી નથી. બાળકને એટલું જ કહેવું જોઈએઃ "અશોક! કોઈને 'ગધ્ધેડો' ન કહેવાય. બા! મને પાણી ઢોળવા દે, એમ કહેવાય."

તમારી અને અશોકની વચ્ચેનો ઝઘડો ભાષાનો નથી. અશોકને જે બાબત કરવાનું અતિશય મન છે, જેમાં તેને બહુ મજા પડે છે, ગમ્મત લાગે છે, રમવાનું જે તેનું સુંદર સાધન છે, તે કરવાની તમે તેને ના પાડો છો તેમાં તેના વિરોધનું મૂળ રહેલું છે. તમે ના પાડો છો છતાં તે કરવાનું તેનું મન થાય જ છે. એટલે તમારું શારીરિક બળ વધારે છે અથવા તમારી પાસે સત્તા છે તેથી જ તેને તમારો નિયમ પાળવો પડે છે. બેશક પોતાનો વિરોધ દર્શાવી શકવાની તેનામાં શક્તિ છે, સખ્ત નિયમન તળે તે હજી કચડાઈ ગયેલ નથી, તે કારણે જ તે પોતાનો વિરોધ એવા કડક શબ્દોમાં (અર્થાત્ તેની ભાષાનું ભંડોળ મર્યાદિત હોઈ તે સંગ્રહમાંથી મળ્યા તે શબ્દોમાં) વ્યક્ત કરી શકે છે.

આ પ્રસંગને બીજી રીતે અવલોકીએ. દરેક બાળકને પાણીમાં રમવાનું બહુ પ્રિય છે; બાળક શું, મોટેરાંઓને એ પણ ગમે છે. પાણી વડે રમવાની આ વૃત્તિ જરાય અયોગ્ય નથી.

તમે તેને ના પાડો છો. તમારી 'ના' ની પાછળ કાંઈક આવાં કારણો હોવાનો સંભવ છેઃ (૧) કાં તો પાણી ઢળવાથી સઘળે બહુ ભીનું થતું હોય; (૨) કાં તો પાણીની તંગી હોઈ વાપરવામાં બૂબ કરકસર કરવી પડતી હોય; (૩) કાં તો એથી અશોક માંદો પડશે એમ તમને લાગતું હોય અથવા (૪) બાલી ઉધમાત શા માટે? એમ માનીને તમે અશોકને પાણી ઢોળવાની 'ના' પાડી હોય.

માત્ર જગ્યાનો સંકોચ હોઈ ભીનું થવાનો ભય હોય તો અશોકને "પાણી ન ઢોળીશ" એમ કહેવાને બદલે તમે તેને એક ઝારી સંપડાવી આંપો, બગીચામાં તેને નામે થોડાંએક ફૂલઝાડ રોપાવો અથવા કૂંડાં મુકાવો અને એને પાણી પાવાનું અશોકને સોંપો. આમ બનવું શક્ય ન હોય ત્યાં, સંયોગાનુસાર, પણ પાણી ઢોળી શકે એવો રસ્તો તેને કરી આપો અને એની પાછળ એને ગડમથલ કરવા દો.

બીજે કારણે પાણીની તંગી હોય તો તેનો સ્પષ્ટ કહોઃ "અશોક! અહીં પાણી મળતું નથી માટે નાહક ઢોળી શકાશે નહિ." બાળકો આપણે શાંતિથી સમજાવીએ તો વસ્તુસ્થિતિ અથવા આપણા હુકમોનાં કારણો સમજી શકે છે. કદાચ ન સમજે તો અથવા પાણી ઢોળવાની ઇચ્છા અનિવાર્ય થવાને કારણે તેણે ન સમજવાનું નક્કી કર્યું હોય તો તેને રડવા દો અથવા બીજી રીતે વિરોધ બતાવવો હોય તે બતાવવા દો. ફરી પૂછે ત્યારે ફરી વાર એ જ કારણ એટલી જ દૃઢતાથી આપો, અને ના પાડો. જીવનમાં ઘણી વાર ન ગમતી બાબતો કરવી પડે છે અથવા ગમતી ચીજ ન કરવાનો સંયમ કેળવવો પડે છે; જીવનનો આ અમૂલ્ય પાઠ તેને જેટલો વહેલો શીખવાનું મળે તેટલું વધારે સારું. એટલે આવી બાબતમાં કડકાઈ રાખવી પડે તો રાખવી; એમાં બાળકનું આખરી હિત સમાયલું છે.

ત્રીજા મુદ્દા પાણીથી બાળકની તંદુરસ્તી બગડશે કે કેમ તે છે. ઘણી માતાઓ ભોળપણ અથવા લાડને કારણે આવી માન્યતા ધરાવતી હોય

છે; તમે કઈ કોટિમાં છો તે બરાબર ઊંડાં ઊતરી તપાસી લેશો. ઠંડીમાં રહેવાથી જો ખરેખર અશોકને સળેખમ થતું હોય, શરદી થતી હોય કે તાવ આવતો હોય અથવા બીજી રીતે તંદુરસ્તીને નુકસાન થાય છે એવો તમારો અનુભવ હોય તો તમારે તેને પાણીમાં રમતો અટકાવવો જ જોઈએ; માતા તરીકેની એ અણગમતી ફરજ બજાવ્યે જ છૂટકો. તેને કહેશો કે પાણીમાં રમ્યા કરવાથી તાવ આવે છે માટે રમાય નહિ. કદાચ અત્યારે જ તમારી એ દલીલ અશોકને ગળે ન ઊતરે તોપણ વખત જતાં તેને તે સમજાશે.

પણ ઘણી વાર માતાઓ વિના કારણે બાળકોને નાજુક બનાવે છે. પાણીમાં જઈશ નહિ, શરદી થશે, તડકામાં ફરીશ નહિ, તાવ આવશે, વગેરે વારંવાર કહ્યા કરે છે. તે કરતાં બાળકો જરા સહનશીલ થતાં શીખે એ વધારે સારું. જરા ચાલે તો પગ દુખી જાય, અથવા સહેજ પવનમાં ફરે તો છીંકો આવવા માંડે, એમ કરવાથી બાળકની સુરક્ષિતતા જળવાતી નથી પરંતુ એકંદરે તેમાં તેમનું અહિત થાય છે, એટલું તો તમે પણ સ્વીકારતાં જ હશો.

માંદા પડવાની બીકે પાણીમાં રમતું અટકાવવું અથવા તો કપડાં મેલાં થવાની બીકે તેને ધૂળમાં રમતું રોકવું એટલે બાળકોના જન્મસિદ્ધ હકો પણ સીધી તરાપ છે. બનવા જોગ છે કે તમારા જેવા પરપ્રાંતથી ગયેલા લોકોનાં બાળકોને સિમલા–ધરમપુર જેવા મુલકમાં ઠંડું પાણી માફક ન આવે. તેમ હોય તો તેમાંથી માર્ગ નીકળી શકે છે. જેમ કે નહાવા સારુ ગરમ પાણી આપતી વેળા શરૂઆતમાં એ ગરમ પાણીમાં તેને રમવા દો. પણ તે વખતે એટલું પ્રથમ ઠરાવી લ્યો કે નાહ્યા પછી પાણીમાં રમી શકાશે નહિ. વખત જતાં તેમ જ ઉંમર જરા મોટી થતાં તેને ત્યાંની હવા માફકઆવી જશે તેમ તેમ તેને પાણીમાં રમવાથી નુકસાન નહિ થાય.

બીજો વિચાર એ પણ છે કે બાળકોને જ્યારે કશી પ્રવૃત્તિ હોતી નથી. ત્યારે આપણે જેને નકામા ઉધમાત કહીએ છીએ તેવું તેઓ કરે છે. એવા નકામા ધંધામાંથી જો બાળકોને રોકવાં હોય તો બાળકોને યોગ્ય પ્રવૃત્તિ આપવી જોઈએ. પોતાનાં નાનાં કપડાં ધોવાં, રકાબી ચમચાઓ વગેરે ધોવા, ભીનું કપડું લઈ બારીબારણાં લૂછવાં, બાગકામ કરવું, વગેરે અનેક તંદુરસ્ત પ્રવૃત્તિઓમાં બાળકને રોકવાથી તેઓ નકામી પ્રવૃત્તિ કરતાં અટકશે.

અને આ બધું વિચારવા ઉપરાંત એક બાબત એ પણ છે કે સામાન્ય રીતે એકબીજા પર પાણીના છાંટા ઉડાડવા અથવા નળ આવતો હોય ત્યારે હાથથી દબાવી પુવારો કરવો, વગેરે રમતો રમવાની અદમ્ય ઇચ્છા નાનાં બાળકો માટે જ નહિ પરંતુ મોટેરાંઓ માટે રહ્યા કરે છે. અને લોકોના આ માનસ પરથી જ રંગપાંચમ અને હોળી જેવા ઉત્સવો સમાજમાં પ્રચલિત થયેલા છે.

મારી સલાહ એવી છે કે 'તું ગધેડા જેવી છો' એ અશોકના શબ્દને બહુ મહત્ત્વ ન આપવું જોઈએ. તે શબ્દો પાછળ બાળકના મનમાં રહેલ તમારા નિયમ સામેના વાંધા તરફ જ હું તમારું ધ્યાન ખેંચવા માગું છું.

અશોકને તેમ જ તમારા સગાંના બાળકોને વિવેકભરી શિષ્ટ ભાષા કેવી જાતની હોય છે તે સમજાવશો તો તેઓ બધાં સારા શબ્દો બોલતાં અવશ્ય થઈ જશે. એટલું ખરું કે ઘરનાં વડીલ માણસો જો 'ગધેડા' જેવા શબ્દપ્રયોગો કરતાં હશે તો સુધારાને અવકાશ ઓછો છે. તમે બહુ સમજાવશો તો બાળકો મોટેરાંની અથવા તમારી હાજરીમાં એવા શબ્દો નહિ વાપરે, પણ તેમનામાંથી એ ટેવ નાબૂદ તો નહિ જ થાય એ નિઃસંદેહ સમજજો.

હું એમ નથી કહેવા ઇચ્છતી કે બાળકો 'ગધેડો છો' એમ કહેતાં શીખે અથવા તો એવા જ, બીજા અયોગ્ય શબ્દો વાપરતાં શીખે તો ચલવી લેવું. બાળકો ધૂળમાં રમતાં હોય તો શરીરે

લાગેલી ધૂળ અથવા કચરો જેમ ધોઈને આપણે બાળકને સાફ કરીએ છીએ, તેમ બાળકો ખરાબ શબ્દો બોલે તો 'ખરાબ શબ્દો છે' એમ કહી તેમને સારા શબ્દો વાપરતાં અવશ્ય શીખવવું; એ મેલ ધોવાવો જ જોઈએ. પરંતુ એટલું બરાબર તપાસવું કે એ મેલ અંદર રૂઢ થયેલ છે કે માત્ર ઉપરછલ્લો છે. જો બાળકમાં ઉદ્ધતાઈ પેસતી લાગે, બીજા તરફ તિરસ્કારની અથવા બીજાને ઉતારી પાડવાની વૃત્તિ-ટેવ બાળકને પડે છે એમ જણાય, તો તો અવશ્ય તેનો ઉપાય યોજવો જ જોઈએ. [ચાલુ] તા.

વિશિષ્ટ બાળકો

[અનુસંધાન ગતાંક પાનું ૪૩ થી]

૪

એક વધારે બાળકનો વિચાર કરી લઈએ.

શિક્ષકની નોંધ :—

હાજરી નિયમિત.
વાતો કરવાનો ભારે શોખ
હમેશાં કંટાળેલ દેખાય.
જ્યારે જુઓ ત્યારે મોં રોતીસૂરત.
અભ્યાસ કરવાનું ગમે જ નહિ.

બાલમંદિરમાં ચાર પાંચ માસથી આવે છે. શિક્ષકે અનેક પ્રયત્નો કરી જોયા પણ સફળતા મળી નહિ. લાંબીચોડી વાતો પુષ્કળ કર્યા કરે. વાતો પણ બાળકોને લાયક નહિ પણ જેને 'નાને મોંએ મોટી વાતો' કહીએ એવી જ હોય. થોડી થોડી વારે જઈ ઘડિયાળ જોઈ આવે. બરાબર બે વાગે એટલે ઘેર જવા તૈયાર થઈ ઓશરીમાં રોતો રોતો બેસે.

શિક્ષિકાએ પૂછ્યું : "તમે ઘેર ભણો છો ?" બાળકે તુરત જ "હા" ભણી.

માતા બાળકની પ્રગતિ વિષે પૂછપરછ કરવા આવ્યાં. બાલમંદિરમાં દાખલ થયા પછી તેણે કશી જ પ્રગતિ કરી નહોતી. માતાએ તેને બાલ-વર્ગમાં બેસારવાનું કહ્યું. કારણ પૂછતાં જાણવા મળ્યું કે એના દાદાજીની ઇચ્છા એનો ચાદમે વર્ષે જ મેટ્રિક કરાવવાની છે કેમકે બાળક બહુ જ હોશિયાર છે.

શિક્ષિકાએ જણાવ્યું: "પણ જો તમારે બાલ-મંદિરમાં રાખી પ્રગતિ સાધવી હોય તો ઘેર ભણાવવાનું સદંતર બંધ કરી દેવું પડશે. જ્યાં સુધી તમે તેને ઘેર બળજબરીથી ભણાવ્યા કરશો ત્યાં સુધી અહીં તેની સાચી પ્રગતિ થવાની આશા ફોગટ છે."

માતાએ શિક્ષિકાને મોઢે "ભલે તેમ કરશું." એવો જવાબ આપ્યો, પરંતુ ઘેર ભણાવવાનું થોડું થોડું ચાલુ જ રાખ્યું. માતા બીજી વાર પૂછપરછ માટે આવ્યાં ત્યારે શિક્ષિકાને નાઈલાજ માતાને પહેલો પ્રથમનો જ જવાબ આપવો પડ્યો.

માતા કેળવણી પામેલ છે. તેને સમજાવવામાં આવ્યું કે બાળકને તમે જે ઘેર ભણાવો છો તેમાં તેને રસ નથી. કદાચ તે કંટાળેલો અને મોં ચડાવેલ રહે છે. એવું ભણતર શા અપનું ? મહેરબાની કરી ફક્ત એક જ મહિનો ઘેર ભણા-વવાનું બંધ કરી દો અને શું થાય છે તે જુઓ.

માતાને વાત આખરે ગળે ઊતરી; ઘેર ભણા-વવાનું બંધ કર્યું. પણ ત્યારથી બાળકમાં ધીરે ધીરે ફરક પડવા લાગ્યો.

હવે તે બાલમંદિરમાં બીજાં બાળકો પેઠે જ ભણે છે. પ્રગતિ પણ સારી થઈ છે. મુદ્દાની બાબત તેનો કંટાળો દૂર થયો છે. હવે તે પ્રસન્ન રહે છે. ચહેરા પરથી રોતલપણું અને ચીડિયાપણું સાફ ઊડી ગયું છે. આનંદમાં રહે છે ને બીજાં બાળકો પેઠે હસે ફરે છે.

ઉંમરના પ્રમાણમાં લેખન-વાચનની પ્રગતિ ઘણી વધારે છે.

પણ.....પણ જો અગાઉની પેઠે ઘેર બળ-જબરીથી ભણાવવાનું રાખ્યું હોત તો તે બધાથી વધારે ને વધારે પાછળ પડતો જાત. કેમકે ઘેર ભણાવવામાં ઉંમરના પ્રમાણમાં તેના પર ભણ-તરનો બોજો બહુ વધારે થતો હતો. તા.

મુદ્રક : કૃ. ના. સોપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની. દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

બાલમંદિર

બાલમંદિર એટલે સ્વાતંત્ર્યની શાળા.
બાલમંદિર એટલે નિર્ભયતાની શાળા.
બાલમંદિર એટલે સ્વયંનિયમનવાળી શાળા.
બાલમંદિર એટલે વ્યક્તિસ્વાતંત્ર્યનો ધ્વજ.
બાલમંદિર એટલે અસ્ખલિત જીવનવિકાસ.
બાલમંદિર એટલે
વિકસિત વ્યક્તિઓનો વિકસિત સમાજ.

વર્ષ ૧૭ | ૧૯૯૮ | :: કાર્યાલય :: દાદર, મુંબઈ ૧૪ | અંક ૮ | આશ્વિન

બાળકોને શું કહેવું ?

આજની પરિસ્થિતિમાં બાળકોને શું કહેવું એ પ્રશ્ન ઘેરઘેર ઊભો થયો છે. "રાજકીય બાબતોમાં તમે પડશો નહિ. તમે નાનાં છો." એમ કહેવું જોઈએ એમ ઘણાં માને છે. પણ નાનાં છોકરાંઓ ઉપર આજુબાજુની પરિસ્થિતિનું પરિણામ થયા વગર રહેશે ?

અમારી શાળા ચાલે છે, ને આજુબાજુની કૉલેજો અને હાયસ્કૂલો બંધ છે. રોજ સવારે શાળા કૉલેજના છોકરાઓ રસ્તા પર ભેગા થાય છે. પોલીસ લૉરીઓ આવે છે. કોઈ કોઈ વાર લાઠીમાર ચાલે છે; કોઈ વાર કોઇને પકડવામાં આવે છે. એવું એવું ચાલ્યા કરે છે.

અમારી શાળાનાં છોકરાંઓ આ દૃશ્યો રોજ જોયા કરે છે. કોઈ કાંઈ શીખવે નહિ કે બોલે નહિ તો યે છોકરાંઓના મન ઉપર આ બધા બનાવોની કાંઈક અસર થયા વગર ન જ રહે.

આવાં પરિણામો તો રોજ દેખાય છે. આજકાલ છોકરાંઓને કાંઈ પણ થાય તો બધાં મળીને ખૂબ રાડો પાડવાનું મન થતું દેખાય છે. એક જણ 'ઓ' કરીને અવાજ કરે, કે બીજા બધાં તેમાં સાદ પૂરે. આમાં મોટાં નાનાં બધાં જોડાય. ને બધાં ન કરવાની વાત કર્યાનો આનંદ મેળવતાં હોય એમ દેખાય. જાણીજોઈને શિક્ષકોની દેખતાં તેમ કરવાનું તેમને મન થાય છે.

એક વાર નાનો ત્રણ વર્ષનો રામ ફર્યાદ લાવ્યો કે આ અરવિંદ પ્રતિભાનો હાથ દબાવે છે. મેં અરવિંદને તેમ કરશો નહિ એમ કહ્યું. પણ હાલના ગરમાગરમ વાતાવરણમાં વિચરતા રામને તેટલાથી સંતોષ ન થયો. તેણે પોતાના તરફથી ઉમેર્યું : 'તું મારે ઘેર આવ, એટલે તાઈ તને 'શૂટ' કરી દેશે.' આજુબાજુમાં ગોળીબાર ચાલતો હોય ત્યારે છોકરાંઓના મોંમાં આવા ઉદ્‌ગારો પણ નીકળવાના જ.

બીજીત્રીજીના છોકરાંઓ સ્વતંત્ર લેખન લખે છે ત્યારે બધી આ જ વાતો આવે છે. કોઈ લખે છે : "ગાંધીજીને છોડે નહિ ત્યાં સુધી અમે લાડવા ખાવાનાં નથી." કોઈ લખે છે : "અમે દિવાળી કરવાનાં નથી." આમ વાતાવરણની અસર દેખાયા જ કરે છે.

ફોટોની નેગેટીવ જેવાં બાળકોનાં મનો સંસ્કારક્ષમ હોય છે. તેના ઉપર આજુબાજુની પરિસ્થિતિના સંસ્કારો થયા વગર કેમ રહેશે ? ભાવનાઓ ઉભરાઈ આવ્યા વગર કેમ જ રહે ? ભાવનાના આવેગમાં અનેક જાતના નિશ્ચયો પણ થયા વગર કેમ રહે ?

આવે વખતે બાળકોના વિચારોને, તેમની ભાવનાને અને તેમની ક્રિયાશક્તિને સાચું વલણ આપવાની જવાબદારી વડીલોની છે.

કોઈ કોઈ બાળકોને કહે છે : "મહાત્માજી છૂટે નહિ ત્યાં સુધી ગળ્યું ખાવું નહિ." કોઇ કહે છે : "આપણા દેશનેતાઓ જેલમાં છે ને તમે મોજમજા કેમ કરો છો ? તમારે રમતો રમવી નહિ."

મોટાંઓને માટે જે ભાવનાઓ અથવા નિશ્ચયો યોગ્ય છે તે બધાં નાનાંઓને માટે યોગ્ય ન ગણાય.

બાળકોનું મન કુમળું છે. છતાં તાજું છે, ઉત્સાહી છે, ક્રિયાપ્રિય છે. તેમનું વાતાવરણ દુઃખથી ભારે થયેલું, નિરાશા ને શોકથી વ્યાપેલું ન હોય. મનમાં મનમાં દુઃખ કરી પોતાનાં અંગત સુખો લૂંટવાનું મોટાંઓને મન થાય તે સ્વાભાવિક છે; પણ બાળકોના જીવનમાં દુઃખની આવી છાયા છાઈ દેવી બરાબર ન ગણાય. જેલમાં જનારાંઓનો સ્વાર્થત્યાગ અને શારીરિક કષ્ટ સંભારવા ખાતર કોઇ મહિનામાં એક વાર જેલજમણ જેવું ઘરમાં રાખે તો ખોટું નહિ. પણ લાંબા કાળસુધી આકરી પ્રતિજ્ઞાઓ લઈ તે પાળવાની કે તોડવાની

મુસ્કેલીમાં બાળકોને મૂકવાં બરાબર નથી. પ્રતિજ્ઞા કરવી ને જબરજસ્તીથી પાળવી અથવા પળાતી નથી માટે ફરી ફરી નિશ્ચય કરવો ને ફરી ફરીથી તે તૂટ્યાનું દુઃખ માનવું, એવી પરિસ્થિતિમાં નાનાં બાળકો ન મુકાવાં જોઈએ. 'ઊલટું બરાબર ખાઓ, પીઓ મજબૂત થાઓ અને મોટાં થાઓ ત્યારે દેશની સેવા એવું કસાયેલ શરીર બનાવો' એવું વલણ તેમને આપવું જોઇએ.

વળી દુઃખ માની નિષ્ક્રિય બેસવાનું પણ ન કહેવું જોઇએ. અગાઉ 'વાનરસેના હૂક હૂક' કરતાં છોકરાંઓ નીકળતાં તે સારું હતું, કેમકે તે ક્રિયાપ્રધાન હોવાથી તંદુરસ્ત બિના હતી.

બાળકોને ભાવના વ્યકત કરવાની સાદી પણ ક્રિયાપ્રધાન, ઉત્સાહપ્રેરક અને જુસ્સાવાળી રીતો શોધી આપવી જોઇએ: નાનાં નાનાં સેવાનાં કામો, કે સૂતર કાંતવું કે સ્વદેશી વસ્તુઓનો પ્રચાર વગેરે કામો તેમને સારુ શોધવાં જોઇએ.

ત્રીજું છોકરાંઓ ભયથી ત્રાસી જાય, ભયભીત થાય એવા શબ્દો ઘણાંઓનાં મોંમાંથી નીકળ્યા કરે છે. "અરે ત્યાં જઇશ મા. ત્યાં ગોળી ખાઇને મરીશ" એમ કહે અથવા ફલાણી જગ્યાએ આમ બન્યું ને તેમ બન્યું એવી પોતે ભયભીત થઇને મોટાંઓ જ્યારે વાતો કરે, ત્યારે તેની અસર છોકરાંઓ ઉપર થાય છે ને તેઓ પણ બીવા લાગે છે. આજના વાતાવરણની ઓછામાં ઓછી એક સારી અસર તો બાળકો પર પડવી જ જોઇએ કે તેઓનો ભય નાશ પામવો જોઇએ. કૂશાથી બીવાની જરૂર નથી—ગમે તે થાય ને ગમે તે સામે આવે. આજે આપણા દેશમાં ને જગત આખામાં જે ચાલી રહ્યું છે તેમાં કેટલું બધું શૌર્ય છે, કુરબાની છે, નિર્ભયતા છે, તેની જ છાપ બાળકો ઉપર પડવી જોઇએ. રશિયા ને ચીન દેશની વાતો તો દિલ્હલાવી-રોમેરોમમાં શૌર્ય ઝળકી ઊઠે એવી છે. આજના વાતાવરણનો આટલો લાભ તો બાળકોને મળવો જ જોઇએ, કે કોઇનાથી ડરવું નહિ.

વળી એક વર્ગ – ઘણો મોટો વર્ગ – અહીં એવો પણ દેખાય છે કે જેમને કશું ક્યાંઈ ક્યાંઈ બને છે એનું ભાન જ નથી. મોટાંઓ તેમને કહે છે: "તું ચૂપ બેસ. તું બાળક છે. તું કાંઇ ન સમજે. તું તારે ભણ્યા કર એટલે બસ!" છોકરાંઓ પણ નિરાંતે તેટલું જ કરે છે. દુનિયામાં રહી છેક કોરા રહેવા જેવી આ વાત થઇ. વાતાવરણએ સૌથી મોટો શિક્ષક છે. તેની શિખામણ તોલેવી જ જોઇએ.

પાંચમું આવા જગદ્વ્યાપી ખૂનખાર યુદ્ધના કાળમાં આપણે બાળકોને હિંસા-દ્વેષથી બચાવવાં જોઇએ. કોઇ પણ યુદ્ધ થયું એટલે તે હિંસા ને દ્વેષમૂલક જ હોઇ શકે એમ ઘણા માને છે. આપણે મહાત્માજીની ભાષાનો અભ્યાસ કરીએ ત્યારે દેખાય છે કે તેઓ ઘણું કડક લખતા છતાં હિંસા ને દ્વેષથી પર રહીને લખતા. રાજ્યપદ્ધતિ દૂષિત છે, આક્રમણ ખરાબ છે, તેની સામે વિરોધ કરવાનું તેઓ કહે છે. બાળકો કુમળી વયે દ્વેષ અને હિંસાનાં બીજો ન સંધરે તે જોવું જોઇએ. કોઇને શત્રુ કહીએ છતાં તેના વિષે પણ ઔદાર્ય રાખવું, તેમનું હમેશ ભલું થાય એ જ ઇચ્છા કરવી, વગેરે સારા ગુણો કેળવવાની આ તક છે.

શિક્ષણ પત્રિકાનું લવાજમ

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે એક રૂપિયો ફક્ત વર્ષની શરૂઆત માર્ચ મહિનાથી ગણાય છે.

પરદેશ માટે લવાજમ દોઢ રૂપિયો અથવા બે શિલિંગ લેવાય છે.

લવાજમ નીચેને સરનામે મોકલવું:—
ગોપાળરાવ ગ. વિદ્વાંસ, વ્યવસ્થાપક, શિક્ષણપત્રિકા, મહાજન ગલી; જ્ઞાનમંદિર, રાવપુરા; વડોદરા.

છેલ્લે નિયમનું

આજના કાયદાભંગના વાતાવરણમાં વડીલોનું માનવું નહિ, ગુરુનું માનવું નહિ, બસ ગમે તેમ કરવું એવું બેકાયદાનું વલણ ઘણી વાર વિદ્યાર્થીઓની ચળવળને મળી જાય છે. ઉદ્ધતાઈથી વાતો કરવી એમાં જ જાણે શૂરાતન હોય, એવું ઘણાંઓને લાગે છે. અરાજક બેબંધશાહીનાં આ બીજ છે. ખરી રીતે તો નિયમન પાળનાર તે કાયદાનું સન્માન જાળવનાર જ સવિનય કાયદાભંગ કરી શકે એ ફિલસૂફી મન ઉપર ઠસવી જોઈએ. આ વાતો સૂક્ષ્મ છે છતાં બાળકો સમજી શકે એવી ભાષામાં તેમની આગળ મૂકીએ તો તેઓ મુદ્દો ગ્રહણ કરી શકે છે.

ટૂંકમાં બાળકોને ચાલુ પરિસ્થિતિનો વધારેમાં વધારે લાભ મળે છતાં તેનાં ગેરલાભમાંથી તેઓ બચે તે જોવાનું વડીલોનું કર્તવ્ય છે. તા.

નવી શાળા નથી ગમતી!

૧

"અરે ચંદુ! તું તો હવે બીજી નિશાળે જવાનો?"

ચંદુ ભારે બોલકો હતો. પાંચ છ વર્ષની જ ઉંમર હતી. તેણે કહ્યું: "હા, હું તો પેલી સ્કૂલમાં જવાનો. ત્યાં અત્યારથી જ અંગ્રેજી ભણાવે છે. પછી ચોથીમાં જઈએ ત્યારે તો કેટલું સરસ આવડી જાય!"

ચંદુએ માબાપની વાતોમાંથી સાંભળેલું બોલી બતાવ્યું. શિક્ષિકા સામે ઊંચું મોં કરી તે બોલી શકતો નહોતો; તેને જરાયે ગમતું નહોય એમ પણ જણાતું હતું. પોતાના રોજના મિત્રો સાથે જઈ રમવાનું મન થતું હતું, પણ પગ ઊપડતા નહોતા. છતાં ઘેર થયેલી વાતચીત મુજબ જવાબ તો જોરમાં આપી દીધો.

શિક્ષિકા વિચારમાં પડી ગઈ. તેને દિલગીરી થઈ. અંગ્રેજીની આ તે કઈ જાતની ગુલામી!

દુનિયાના કોઈ દેશમાં નથી એવી પરભાષા ભણવાની કેળવણી, આપણી ગુલામી દશાને લીધે દેશ પર લાદવામાં આવે છે. ખુદ આપણાં બાળકો પર એ ગુલામી ઠોકી બેસાડવામાં આપણ મોટેરાં અભિમાન લઈએ છીએ! પૂરતી રીતે બીજાના વિચારો સમજવા અને સ્પષ્ટ રીતે પોતાનું કહેવું કહી શકવા સારુ માતૃભાષા સિવાય બીજી કોઈ ભાષા કારગત ન જ નીવડી શકે. ભાષાની પાછળ વિચારસરણી રહેલી છે, શબ્દોના ઊંડા અર્થો સમાયેલા હોય છે. કોઈ પણ બાબતનું યથાર્થ—સાચું જ્ઞાન મેળવવામાં ભાષા જ મૂળ પાયો છે. બાળવયમાં જિજ્ઞાસા એ તો જ્ઞાનપ્રાપ્તિનું કુદરતી અંગ છે; હરેક બાબત વિષે 'આ શું છે? પેલું શું છે?' એમ પૂછી પૂછી નવા જગતનો સહસ્ત્રમુખી પરિચય બાળક પ્રતિક્ષણે મેળવતું હોય છે. તે કાળે જ્ઞાન મેળવવાનું સાધન જે ભાષા તેમાં જ અડચણ ઊભી કરવામાં માબાપોને આનંદ આવે છે. નિશાળો અભિમાનપૂર્વક જાહેરત કરવા માંડે છે કે અમારે ત્યાં પાંચમે વર્ષે જ અંગ્રેજી ભણાવવાનું શરૂ કરીએ છીએ! અને માબાપો આવી બાબતોથી અંજાઈ જઈ પોતાનાં કુમળાં બાળકોને એવી શાળાઓમાં જ ભણવા મોકલે છે. દેશનું અને બાળકોનું દુર્ભાગ્ય આથી વિશેષ બીજું શું હોય?

૨

"કેમ, રમણિકનું નામ કઢાવી નાખ્યું છે? શા માટે?"

"ના ના. ખાસ કારણ કાંઈ નથી. પણ મનમાં એમ થાય છે કે હવે તેને પાંચ વર્ષ પૂરાં થયાં છે

તો સરખી રીતે ભણવાનું શરૂ કરે તો સારું."

"સરખી રીતે એટલે? અહીં શું અમે નથી ભણાવતાં?"

"ના, એવું તો કેમ કહેવાય? પણ મનમાં એમ છે કે વ્યવસ્થિત નિયમિત રીતે ભણે તો વધારે ઠીક."

"અમે પણ વ્યવસ્થિત રીતે જ ભણાવીએ છીએ. જુઓ, આ રહ્યા અભ્યાસક્રમ."

"હા હા, તે તો છેસ્તો. પણ ત્યાં વધારે ઠીક પડશે."

અમારી શાળામાં બીજી શાળાઓથી જરા જુદી રીતે, જુદી જાતનાં સાધનો દ્વારા, જુદી પદ્ધતિથી ભણાવાય છે. એમ છે કે માબાપોને આ જુદી જાત–નવીનતા જ ગમતી નથી. અમારી શાળામાં બાળકો મજેથી જાણે રમતાં હોય એવું દેખાય છે. માબાપોને એમ થાય છે કે રમતાં રમતાં તે શી રીતે ભણી શકાય? અમારી શાળામાં બાલવર્ગમાં આંક ગોખાવાતા નથી કે પહેલીમાં પાયા અર્ધા ભણાવાતા નથી; ઘેરથી બારાખડી કે અક્ષરો વા શબ્દો લખી લાવવાનું અપાતું નથી. અહીં બાળકો શી રીતે ભણતાં હશે? બધી શાળામાં ચાલે છે એ ચીલે જ ભલે બાળકો ભણતાં. બીજાંને આવડે છે તે પોતાના બાળકને પણ આવડશે એમ બધાં માબાપો માને છે; અને જે બધાંને નથી આવડતું તે પોતાના બાળકને ન આવડે તો શી ખોટ જવાની છે, એવી જાણે કે તેમની વિચારસરણી હોય છે.

પ્રવાહપતિતદશાનું એવું છે!

૩

"કેમ જમનાબેન! સરોજબેનને કેમ ઉઠાડી લ્યો છો? એ તો અહીં બહુ સરસ ભણે છે!"

"ભારે હોશિયાર છે એટલે જ ઉઠાડી લેવી છે."

"એ તો કંઈ ન સમજ્યું."

"જુઓ સમજાવું. સરોજને અંગે મેં મારા મનમાં અનેક મોટી આશાઓ બાંધી છે. ૧૩–૧૪ વર્ષની ઉંમરે જ તે મેટ્રિક પાસ થઈ જાય એવી મારી ઇચ્છા છે. બીજી નિશાળમાં તેઓ જલદી જલદી ભણાવી વર્ગો ચડાવી દે છે."

"પણ આજે ય તે સરોજબેન, ઉંમરના પ્રમાણમાં બીજાં બધાં બાળકોથી આગળ જ છે. જેટલો આગળ અભ્યાસ તે પોતાની મેળે માગે છે અને કરે છે, તેટલો અમે તેમને આગળ આગળ કરાવીએ પણ છીએ."

"બરાબર છે; તે પોતે માગે તેટલું જ તમે આગળ ભણાવો છો. મારી ઇચ્છા એથી વધારે ભણાવવાની છે."

"નાહકે આટલી નાની ઉંમરમાં શા સારુ એમને વધારો છો? તે જાતે જ વધારે વધારે વાંચે–લખે છે. મારા મનમાં તો એવું પણ ઘણી વાર થઈ આવે છે કે ભણવાની ના પાડી સરોજબેનને રમવા જવાનું કહેવું. તેમના શરીર સામું તો જુઓ?"

"એ તો એનો બાંધો જ એવો છે. કાંઈ નબળી નથી. પેલી નિશાળમાં તેને ત્રીજીમાં બેસારવાના છે. એ રીતે એક વર્ષ કુદાવી દઈ તેને આગલા ધોરણમાં બેસારવી છે. જુઓ બેન! તેનું સર્ટિફીકેટ મોકલી આપજો, હો કે!"

સરોજબેનનાં દુર્ભાગ્ય કે એણે ભણેલી અને મહત્ત્વાકાંક્ષી માતાને પેટ જન્મ લીધો!

હમણાં હમણાં સરોજબેન અમારે ત્યાં બહુ કંટાળી જાય છે. ગણિતની નોટ હાથમાં લેતાં જ તે નાખી દેવાનું તેને મન થઈ આવે છે. વાંચતી વેળા માથું પકડીને જાણે બેસે છે. પણ 'જરા બહાર જઈ લપસી આવો' કે 'બગીચામાં પાણી પાઈ આવો' એમ કહેતાં જ આનંદમાં આવી જાય છે. અને જમનાબેન તો કહે છે, 'મારે

સરોજને એક વર્ષ આગળ કુદાવી દેવી છે!' ઘેર મારતર ભણાવવા રાખશે ને નિશાળમાં પાંચ કલાક બીજા ભણશે!

ગરીબ બિચારાં સરોજબેન! Cruetly to animals-ની કલમ તળે જમનાબેનનું કૃત્ય ગુનાહિત ગણાશે? સમાજ એવું વિચારશે?

૪

"મારું માનતાં હો તો વિનુને તમે શાળામાંથી ન લઈ જશો." બહેન "પણ અહીં તો તે ભણતરમાં બહુ પાછળ રહી ગયો છે."

"તમારા આ શબ્દોથી મને ભારે નવાઈ લાગે છે. હું તો મનમાં હરખાતી હતી કે અમારી મહેનત માટે તમારા મનમાં અમારા વિષે સારો ભાવ પેદા થયો હશે. પણ મને લાગે છે કે તમારો વિનુ વિષે તમારું અજ્ઞાન જ બહુ જબરું છે. તમે એને કેટલો મોડો અહીં બેસાડ્યો તેનો વિચાર કર્યો? હજી યે તોતડું બોલે છે. કેટલો લાડમાં ઉછેરલો છે? તે એકલાની પાછળ શિક્ષિકાને રોકી છૂટો પાડી તેનામાં એકાગ્રતા આણી એ તમારા ખ્યાલમાં આવે છે? શરૂઆતમાં તો તેનું ચિત્ત કશામાં ચોંટતું જ નહોતું. ધીરે ધીરે બીજા ધોરણમાં રાખીને પણ તેને અક્ષરો શીખવ્યા. ત્યાર પછી એક સ્વતંત્ર શિક્ષિકાને સોંપી તેને પહેલીમાં બેસાડ્યો. હજી આજે પણ વિનુભાઈ સમધારણ સ્થિતિએ પહોંચ્યા નથી. હજી તે પોતાની ઇચ્છાથી કશું કરતા નથી, પણ ધીરે ધીરે લાઈનમાં આવવા ઉપર છે. થોડે દિવસે પોતે જ રસપૂર્વક કામ કરવા માંડશે."

"પણ તમે તો તેને આ વર્ષે ય પહેલીમાં જ રાખ્યો ને?"

"પણ વર્ગની સાથે તેનો અભ્યાસ કયાં ચાલે જ છે! સિવાય પહેલી ચોપડીનો અભ્યાસ અધૂરો છે એટલી જ નોંધ અમે તો વિનુભાઈ માટે કરી છે. એનો અર્થ એમ નથી કે તેમને નાપાસ કરીને અમે પહેલી ચોપડીમાં પાછળ રાખી લીધા છે! અમે તો વિનુભાઈને એકલા જ ભણાવવાની ગોઠવણ વિચારી છે; જ્યારે રમવાના તેમ બીજા બધાં વ્યવસાયોમાં તો વિનુભાઈ તેમની ઉંમરનાં બાળકો સાથે જ રહેશે. વિનુભાઈની ઉંમર લગભગ ૭ વર્ષની થઈ છે! તેમને શું ૪-૫ વર્ષનાં પહેલીનાં જ બાળકો સાથે અમે રાખી મૂકશું એમ તમે ધારો છો?"

"ભલે, જો ઉપરના વર્ગમાં બેસાડવાનાં હો તો જોઈશું વળી."

"પણ એનો અર્થ એ બીજી ચોપડીમાં બેઠા એમ તમે ન કરશો. અમારે એક આખો શિક્ષક રોકી વિનુભાઈને સ્વતંત્ર ભણાવવા પડે છે એ ધ્યાનમાં રાખશો."

"હું એ કાંઈ ન સમજ્યું. પેલી શાળામાં એને બીજા ધોરણમાં બેસાડવાના છે. ઘેર મારતર રાખશું, એ તેને વર્ગની સાથે કરી દેશે."

"ભલે, તો તમારી મરજી."

નવું શિક્ષણશાસ્ત્ર કહે છે કે વ્યક્તિગત ત્રૂટીઓ તપાસી તેને સારુ સ્વતંત્ર અને વિશિષ્ટ ઉપાય યોજવો. પણ માબાપોને એવી ઉપાયયોજનાની કયાં ગરજ છે? 'અમે ફી આપીએ છીએ; તમે ભણાવી દો ને ઉપલા વર્ગમાં ચડાવી દો. ભલે પછી બાળકને તે ગમે કે ન ગમે, તેનું ધ્યાન ચોંટે કે ન ચોંટે!' એવી માગણી માબાપો કરે છે. તેઓ તો કહે છેઃ 'ભલે મારો, પણ અમારાં બાળકોને ભણાવી દો!'

આ સ્થિતિમાં નવી શાળા, નવો શિક્ષક અને નવું શિક્ષણશાસ્ત્ર શું કરી શકે? તા.

પરીક્ષાના લાભાલાભ

[અનુસંધાન ગતાંક પાને ૭૯ થી]

કલકત્તાવાળા ભાઈનો બીજો મુદ્દો એ હતો કે શિક્ષકને પોતાને જ પોતાના વર્ગનાં બાળકોની પ્રગતિનો ખ્યાલ ઘણી વાર પૂરેપૂરો હોતો નથી. એ ભાઈનો આ મુદ્દો કંઈક અંશે સાચો છે.

અમારી શાળામાં અમે પરીક્ષા લઈએ છીએ; તેનો હેતુ મોટે ભાગે બાળકોની પ્રગતિ કેટલી થઈ છે તે શિક્ષકો જાણી શકે તે જ હોય છે. ખાસ કરીને જે શાળાઓમાં વર્ગશિક્ષણની પદ્ધતિ નથી, રોજ સવાલ જવાબ કરાતા નથી, બાળકો વ્યક્તિગત અભ્યાસમાં મચેલાં રહે છે, એવી નવી શાળાઓમાં અનેક વાર દરેક બાળકની પ્રગતિ કેટલી થઈ છે, આજની ઘડીએ તે શું કરી રહ્યું છે, વગેરે જાણવાનું પ્રત્યક્ષ સાધન શિક્ષક પાસે હોતું નથી. એથી છેક નાનાં એટલે ત્રણ વર્ષની ઉંમરનાં બાળકોની પણ તપાસ લેવી જ પડે છે.

છતાં સાધારણ રીતે બાળકોની શક્તિનું માપ શિક્ષકને આવી જાય છે. સિવાય બાળકો શું કરી રહ્યાં છે તે પણ શિક્ષક જાણતો જ હોય છે. વળી હમેશાં જેની સાથે પરિચય રહે જ છે, રોજ જેના અભ્યાસમાં ભાગ લઈએ છીએ, તેવા બાળકે એકાદ વાર પરીક્ષામાં બહુ ઊંચી જાતના જવાબો આપ્યા હોય કે સાવ નબળા જવાબો આપ્યા હોય, ઉપર સર્વાંશે આધાર રાખી શકાય નહિ. ઘણી વાર જેને કશું ન આવડતું હોય તેવું બાળક પરીક્ષામાં ઉત્તમ જવાબો લખી શિક્ષકને ચકિત કરી દે છે, તેમ ઘણી વાર કાયમ હોશિયાર દેખાતું બાળક પરીક્ષામાં કોઈ વાર કશું જ લખી શકતું નથી; પણ તેટલા ખાતર તેને નાપાસની કક્ષામાં મૂકવું યોગ્ય ન ગણાય.

શિક્ષકોએ બાળકોની પ્રગતિથી સતત વાકેફ રહેવું અતિ આવશ્યક છે. તેનું કારણ મૂળે તો જે બાળકો અભ્યાસમાં પછાત રહેતાં હોય તેમને પ્રગતિમાં આડે આવતી અડચણો દૂર કરવાનું, વધારે મદદની જરૂર હોય તેમને તે આપવાનું અને જેમણે સોંપેલો અભ્યાસ પૂરો કર્યો હોય તેવાં બાળકોને આગળ વધવા પ્રવૃત્ત કરવાનું જ છે. શિક્ષક માત્ર ભણાવ્યા જ કરે અને માત્ર છમાસિક કે વાર્ષિક પરીક્ષા વખતે જ જો પોતાને સોંપાયેલ બાળકોની પ્રગતિ જાણે તો તે શા કામનું? પ્રગતિ કે કુંઠિત દશાનું માપ આવ્યા પછી જો તે સંબંધે શિક્ષક કશો ઇલાજ કરી શકે તેવી સ્થિતિમાં ન હોય તો પછી એ પ્રગતિ કે કુંઠિત સ્થિતિ જાણવાથી લાભ પણ શો થાય? માટે જ અઠવાડિયે કે પખવાડિયે શિક્ષકે બાળકોની તપાસ અથવા સામાન્ય પરીક્ષા લેવી જોઈએ અને તેમને આગળ કઈ જાતની મદદ આવશ્યક છે તે જાણવું જોઈએ.

વળી પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો પણ ઘણી વાર માર્ગદર્શક થઈ શકે છે. હોશિયાર બાળકોને શીખવેલાં પુસ્તકોની બહારનું કાંઈક પૂછીએ તો તેમને અભ્યાસની બહારનાં ઇતર પુસ્તકોનું વાંચન કરવાનો માર્ગ સૂઝે છે. એ જ પ્રમાણે કોઈ કોઈ પ્રશ્નો વર્તમાનપત્રો કે છાપાંઓમાં આવતી હકીકતો અંગે પૂછ્યા હોય તો વર્તમાનપત્રોના વાંચન તરફ તેમનું લક્ષ દોરી શકાય છે.

એટલે આવી જાતની પરીક્ષાઓ અથવા તપાસ આવશ્યક જ છે; તેની સામે કોઈને વાંધો ન જ હોઈ શકે. જે વાંધાભર્યું છે તે તો પરીક્ષાની બીક અને અભ્યાસનું મુખ્ય ધ્યેય પરીક્ષા જ બની જાય, તે છે.

ત્રીજો પ્રશ્ન ઈનામોનો છે. ઈનામો રાખવાથી કેવી જાતનો લાભ થાય છે તે હજુ હું સમજી શકતી નથી.

એમ કહેવામાં આવે છે કે. એક અથવા બે ચાર ઈનામોની યોજના હોય તો તે મેળવવા સારુ ઘણા વિદ્યાર્થીઓ ખંતથી અભ્યાસ કરવા મંડી પડે છે; અભ્યાસ વધારે સારી કોટિનો થાય એટલે તેમનું જ્ઞાન પણ વધે છે અને એમના ઉત્તરો ઊંચી પ્રતિના મળે છે. અને એમ અભ્યાસનું સામાન્ય ધોરણ ઊંચું ચઢતું જાય છે. ઊલટું જો ઈનામો ન રાખીએ તો અભ્યાસ કરવાની ઉત્તેજના ન રહેવાથી એકંદર ધોરણ જ સામાન્ય કોટિનું રહે છે.

શિક્ષણનું ધોરણ ખરું જોતાં શિક્ષક ઉપર વધારે આધાર રાખે છે; અથવા જ્યાં વર્ગશિક્ષણ-પદ્ધતિ ચાલતી હોય ત્યાં તે વર્ગના આખાય સમૂહ પર અવલંબે છે. કલકત્તાવાળા ભાઈએ આને માટે વિદ્યાર્થીઓનું વર્ગીકરણ કરવાની જે પદ્ધતિ સૂચવી છે તે જો કે સારી છે, પણ એમાં એ સાવચેતી લેવાની છે કે તે રીતે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ દરજ્જાઓ વર્ગમાં પાડ્યાનું વિદ્યાર્થી-ઓના ધ્યાનમાં આવવું ન જોઈએ. તો જ આવા વર્ગીકરણનો લાભ થાય.

ધારો કે વર્ગીકરણમાં પછાત વર્ગમાં એકાદ બે હોશિયાર વિદ્યાર્થીઓ હોય અને તેમણે બધાં ઈનામો જીતી લીધાં હોય; પણ એ કારણે એ વર્ગનું એકંદર ધોરણ ઊંચું ચઢ્યું એમ શી રીતે કહી શકાય ? અને એવા હોશિયાર વિદ્યાર્થીઓ ન હોય તે આખા વર્ગનું ધોરણ ઈનામને કારણે ઊંચું ચઢે નહિ; જે જવાબો મળ્યા હોય તેમાંથી જ સારા ઊતરતા વગેરે જવાબોનો નિર્ણય કરી ઈનામ તો આપવાં જ પડે છે. એટલે માત્ર ઈના-મોની યોજના રાખવાથી એકંદરે વિદ્યાર્થીઓના અભ્યાસનું ધોરણ ઊંચું ચડતું જાય છે એ માન્યતા બરાબર નથી.

વર્ગના અભ્યાસનું ધોરણ વર્ગની—સમૂહની એકંદર સામાન્ય ધોરણે જે પ્રગતિ થતી હોય તેના પર જ અવલંબે છે શાળામાં કોઈ વર્ગમાં ૪૦ વિદ્યાર્થીઓમાંથી ૫ બહુ હોશિયાર હોય, ૩૦ મધ્યમ કોટિના હોય અને ૫ મંદબુદ્ધિ હોય તો વર્ગનું એકંદરે શિક્ષણનું ધોરણ સામાન્ય કોટિનું જ રહે; તેને બદલે સદ્‌ભાગ્યે કોઈ વર્ગમાં જો ૩૫ જેટલા હોશિયાર વિદ્યાર્થીઓ હોય તો એ વર્ગનું ધોરણ અવશ્ય ઊંચી કક્ષાનું જ રહેવાનું એથી ઊલટું જે વર્ગ બહુ જ નબળા વિદ્યાર્થીઓથી ભરેલો હોય તેમાં ઈનામો અથવા સ્કોલરશિપો રાખવાથી તેનું ધોરણ ઊંચું ચડાવી શકશે જ એવું ન કહી શકાય. એમનું ધોરણ ઊંચું ચઢાવવું હોય તો તે ધીરે ધીરે જ બની શકે.

ટૂંકમાં ઈનામોથી અભ્યાસનું ધોરણ ઊંચું ચઢે છે એમ કહેવું વ્યાજબી નથી. ઊલટું હોશિયાર બાળકોથી ભરેલા વર્ગનું ધોરણ ઈનામો કે સ્કોલરશિપોની ગેરહાજરીમાં પણ ઊંચું જ રહેવાનું અને એની પ્રગતિ પણ પુષ્કળ થવાની. આવા વર્ગમાં એકંદર સમજશક્તિની કક્ષા ઉચ્ચ જ રહે અને એથી ભણાવવાનું ધોરણ પણ વધારે અઘરું—ઊંચી કોટિનું જ રહે.

એટલું કબૂલ કરવું જોઈએ કે એ ભાઈ સૂચવે છે એવા ત્રણ વર્ગો (ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ) પાડવાથી બાળકોને લાભ થાય; પણ તે સાથે પોતાના આવા વર્ગો પડ્યા છે તેની છાપ બાળકોના મન ઉપર પડવી ન જોઈએ. આવા વર્ગોમાં ઉત્તમ કોટિનાં બાળકોની પ્રગતિ ઝપાટાબંધ અવશ્ય થઈ શકશે. તેમ જ કનિષ્ઠ દરજ્જાનાં બાળકો પણ પોતાની ગતિએ ધીરે ધીરે પણ પ્રગતિ અવશ્ય કરી શકશે; સિવાય આવો આખો વર્ગ જુદો હોય ત્યારે શિક્ષક પણ તેવાં બાળકોને આવશ્યક મદદ વિશિષ્ટ રીતે આપી શકશે.

આમાં સૌથી વધારેમાં વધારે નુકસાન ઉચ્ચ-નીચના વર્ગોની ઊંડી અસર બાળકોનાં મન ઉપર

કાયમને માટે પેડી જાય એ છે. કનિષ્ઠને માટે પોતે કનિષ્ઠ છે એવી લાગણી પેદા થવી જેટલે અંશે અહિતકર છે એટલે જ અંશે ઉચ્ચ કોટિનાં બાળકોમાં પોતે હોશિયાર હોવાની ભાવના જાગૃત થવી એ છે. આવી ગ્રંથિઓ એક વાર બંધાય પછી જિંદગીભર ટકે છે, અને કાયમને માટે જીવન બરબાદ કરે છે. એટલે સારો માર્ગ તો આવાં વર્ગીકરણ ટાળવાં એ જ છે.

ઈનામોની યોજનાથી જે પ્રોત્સાહન મળે છે તેમાં પણ અભ્યાસનો મૂળ હેતુ બદલાઇ જ જાય છે. સારા લેખકો કોઈ રૂ. ૧૦૦–૨૦૦ ના ઈનામની લાલચે લેખ લખે અને ઈનામના અભાવે આળસની જેમ કશું જ ન લખે એ પણ માનસિક વિકૃત દશા જ દર્શાવે છે. પણ આવા દાખલાઓ અપવાદ રૂપે જ હોય છે. આજે જે અનેક માસિકો ચાલે છે તેમ જ પુસ્તકો લખાય છે તેમાં લખાતું સાહિત્ય આવી કોઈ ઈનામની લાલચ વિના જ સ્વયંસ્ફૂર્તિથી ઊપજતું આપણે જોઈએ છીએ. બાળકો પણ એક વાર લખવાની ફાવ આવી જતાં તો લખલખ જ કર્યા કરે છે એવો અનુભવ સ્વયંસ્ફૂરિત પ્રવૃત્તિ પર ચાલતી શાળાઓનો જ નહિ પણ સહુનો છે. એને બદલે ઈનામ માટે જ લખવાની પ્રથા શરૂ થયા પછી કશા પણ બદલા વિના લખવાનું દિલ જ થવાનું નહિ. આવી પ્રથા સ્વયંસ્ફૂર્તિજન્ય સર્જન અને કલાનિર્માણને હાનિ પહોંચનાર નીવડે છે.

વળી ઈનામની પદ્ધતિમાં હરીફાઈનું તત્ત્વ હોવાથી તેમાં ઈર્ષા, દ્વેષ, વગેરે જન્મે છે એવો સહુનો અનુભવ છે. ઈનામો હોય ત્યાં વિદ્યાર્થીઓ પરસ્પર મદદ આપતાં અટકી જાય છે. પોતે શું વાંચે છે તે વર્ગમાં બીજું કોઈ જાણી ન જાય એટલેથી જ ન અટકતાં ઘણી વાર અન્યનાં પુસ્તકો સંતાડી દેવાં અથવા અન્યનું કરેલું કામ વગસાડી દેવા સુધી તેઓ પહોંચે છે. પોતાનું સારું થાય એટલાથી આ ઈનામની પ્રથામાં અટકાતું નથી; પરંતુ બીજો હમેશાં નીચા દરજ્જાનો રહે–ઊતરતો ગણાય તો જ ઈનામ મળે એવી હીન વૃત્તિ અનાયાસે ઘર કરતી જાય છે. બેશક, કેટલાક વિદ્યાર્થીઓમાં બેલાડીપણું હોય છે એ વિષે ના કહેવાય; તેમ કેટલાક ઇનામ મેળવવાની પરવા જ કરતા નથી તેથી જાણેઅજાણે પણ દ્વેષ ઈર્ષાદિમાંથી બચી જાય છે. પણ સરવાળે અને ઘણા કિસ્સાઓમાં ઈનામની પ્રથાને કારણે દ્વેષ, ઈર્ષા, વગેરે વધે જ છે.

ઈનામની પ્રથાનું બીજું પરિણામ લાલચ છે. જે કાંઈ કરવું તેમાંથી કશોક લાભ મળતો હોય તો જ તે કરવું એવી વૃત્તિ વિકાસની વિઘાતક છે. ઘણાં બાળકોને નાટકો કરવાં ગમે છે. ઘણામાં અભિનય અને વિનોદ કરવાની કલા શ્રેષ્ઠ પ્રકારની કુદરતી રીતે જ હોય છે. એવાં બાળકો–વિદ્યાર્થીઓ જો ઉત્સવોમાં ભાગ લે ને સુંદર કામ કરી બતાવે તો પોતાને તેમ જ પ્રેક્ષકોને પણ શ્રેષ્ઠ આનંદ આપી શકે છે. કલાના ઉત્તમ વિકાસથી જે આનંદ થાય તે જ આ બધી ક્રિયાઓનો બદલો છે. પણ કેટલાક દાખલાઓમાં એવું માનનારા પણ હોય છે કેજો આવા ઉત્સવ–નાટકોનાં ભાગ લીધા પછી ઈનામ કે કશો લાભ ન મળવાનો હોય તો એ તકલીફ શા સારુ ઉપાડવી ?

ખરું જોતાં ઈનામો લેવાં, વાહવાહ મેળવવી, વગેરે માનસિક દુર્વ્યસનો ગણવાં જોઈએ. આ પ્રથાના પ્રચારને કારણે સામાન્યતઃ નિર્લોભ વૃત્તિથી સારું કામ કરવા કોઈ તૈયાર થતું હોય એમ ઓછું બને છે. સમાજસેવા કરવી હોય તોપણ તેમાંથી પોતાને કશોક લાભ મળતો હોય, પોતાની ભારે વાહવાહ થતી હોય અથવા સરકાર–દરબારમાંથી કોઇ માન-ઇલ્કાબ કે ચાંદ મળવાનો હોય તો જ કરાય છે. કોઈ વ્યક્તિ આ બધાને અભાવે

કેશું કામ કરવા આગળ આવતી જ નથી. અને આવા કોઈક હેતુથી દોરવાઈને જ અનેક કાર્યકર્તાઓ કામ કરતા હોવાથી જ્યારે સંઘટિત થઈ કામ કરવાનો વારો આવે છે ત્યારે બખેડા થાય છે અને બધે અવનતિ થતી જોઈ એ છીએ.

સ્કોલરશિપો અથવા શિષ્યવૃત્તિઓ આપવા માટે લાયક માણસની પસંદગી કરવાની મુશ્કેલીઓ અન્ય રીતે પણ દૂર કરી શકાય. શિક્ષકોની ભલામણો પ્રામાણિકપણે કરાતી ભલામણો આનો એક સુંદર ઉપાય છે. શિષ્યવૃત્તિની બાબતમાં તો મારી એવી માન્યતા છે કે વિદ્યાર્થી ગરીબ છે માટે તેને તે આપો એવી માન્યતા લાભપ્રદ નહિ પરંતુ હાનિકર નીવડે છે. એક કાળ એવો હતો કે ભણવાની તીવ્ર જિજ્ઞાસાને કારણે વિદ્યાર્થી—ગરીબ વિદ્યાર્થી ગમે તેટલી મહેનત કરવા તત્પર રહેતો; અભ્યાસ સારુ પૈસા મેળવવા ગમે તે કામ કરવા તૈયાર રહેતો. આજે વધારે પ્રમાણમાં કશી ય મહેનત વિના શિષ્યવૃત્તિઓ મળી શકે તેવું થયુ છે તેથી ભણવા સારુ પરસેવો ઉતારીને પૈસા કમાવાની વૃત્તિ લય પામતી જાય છે. તે સાથે સ્વમાનવૃત્તિનો પણ લોપ થતો જાય છે.

રાષ્ટ્રનાં બધાં બાળકોને યોગ્ય અને જરૂરી કેળવણી આપવાની જવાબદારી રાજ્યની છે. તેમ જે જાતની કેળવણી લેવા સારુ વિદ્યાર્થી લાયક હોય તેવી કેળવણી આપવાની યોજના રાજ્યે કરવી જ જોઈ એ. આમ થાય તો જ ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવાના સવાલનો તોડ નીકળે. આજે તો એવું બને છે કે ભણવાની લાયકાત કરતાં ભીખ માગવાની—શિષ્યવૃત્તિ મેળવવા સારુ—લાયકાત વધારે ધરાવનાર વિદ્યાર્થીને જ સ્કોલરશિપોનો લાભ મળે છે, અને લાયક વિદ્યાર્થી તે વિના ભૂખે મરે છે.

સ્કોલરશીપો આપવાનું ધોરણ પરીક્ષાનાં પરિણામો ઉપર જ જો અવલંબે તો સ્કોલરશિપો ગરીબ વિદ્યાર્થીઓ જ મેળવે એવું ન પણ બને. સ્પર્ધા પર યોજાયેલી પરીક્ષાઓ ગરીબ વિદ્યાર્થીઓ માટે યોગ્ય નથી. સિવાય જો ગરીબ વિદ્યાર્થીઓની જ પરીક્ષા લેવાનું ઠરાવીએ તો કોણ ગરીબ એ નક્કી કરવું વળી એથી પણ આકરુ થઈ પડે. એટલે જ્યાં મદદ તરીકે સ્કોલરશિપો આપવાની હોય ત્યાં તે ભલામણ અને ઓળખાણ ઉપરથી અપાય છે તે જ યોગ્ય છે. એક જ સ્કોલરશિપ માટે એક કરતાં વધારે ગરીબ વિદ્યાર્થીઓને ઉમેદવારી કરતા હોય ત્યાં બેશક બીજું સાધન ન હોય તો તેમણે પરીક્ષામાં મેળવેલા ગુણ ઉપરથી એનો નિર્ણય થઈ શકે. છતાં આવી સ્કોલરશિપો બને ત્યાં સુધી ભલામણ, ઓળખાણ અને શિક્ષકોના અભિપ્રાયો ઉપર યોજાય એ જ વધારે સારું. પરીક્ષા વિદ્યાર્થીની બુદ્ધિશક્તિનું માપ અમુક અંશે બતાવે છે એ ખરું; પણ સ્કોલરશિપોનો સદુપયોગ થાય તેમ જો આપણે ઇચ્છતા હોઈ એ તો માત્ર બુદ્ધિમાન વ્યક્તિ કરતાં શીલવાન વ્યક્તિને જ પસંદ કરવી જોઈ એ. તા.

બાળકો બોલે છે

સુરેશની ઉંમર સાડાત્રણ વર્ષની છે. એનું મૂળ નામ નવનીતલાલ હતું પણ તેને તે ગમતું નહોતું એટલે સુરેશ એ નવું નામ પાડેલું. એક દિવસ કુટુંબમાં બધાં જમવા બેઠાં હતાં ને ગમ્મત ચાલતી હતી. નાના કાકાએ સુરેશને ચીડવવા ખાતર "કેમ નવનીતભાઈ, કાં નવનીતભાઈ!" એ રીતે તેની સાથે વાત શરૂ કરવા માંડી. થોડી વાર વિચાર કરીને સુરેશે કહ્યું: "નાના કાકા! જમતી વખતે શાંતિ; બહુ વાતો ન થાય!"

× × ×

ચાર વર્ષની મધુરી એક વાર જરા વાંકમાં આવી ગઈ. બા ખીજાઈ ગઈ અને રહી ન શકાયું એટલે બે ચાર લપાટો લગાવી દીધી. મધુરીએ જોરથી આક્રંદ શરૂ કરી દીધું અને ફરિયાદ માંડી: "બા! પણ તું કેટલું જોસથી મારે છે! અમને લાગતું નહિ હોય?"

બાલસંદ્રિના ઉત્સવો

નાટકોમાં પાત્રોની પસંદગી

બાળશાળામાંનાટકો કરતીવેળા કયા બાળકને કયો પાઠ આપવો એ નક્કી કરવાનું કામ ઘણું મુશ્કેલ છે. અનેક વાર શિક્ષકો આમાં ભારે જબરી ભૂલો કરી બેસે છે, અને તેનાં વિષમ પરિણામો બાળકો પર થાય છે.

સાધારણ રીતે સુંદર-દેખાવડાં બાળકોને નાટકો માટે પસંદ કરવાની ભૂલ ઘણા મોટા ભાગનાં શિક્ષકો કરી બેસે છે. આ ભૂલ કન્યાશાળાઓમાં ખાસ કરીને વધારે બને છે. કેટલેક ઠેકાણે પસંદગીનું આ ધોરણ સાફ સાફ જાહેર થાય છે; તો કેટલેક ઠેકાણે જાહેરમાં મુકાતું નથી. પરંતુ બાળકોના ધ્યાનમાં આ બાબત તુરત આવે છે. બાળકોની અંદર અંદર થતી વાતચીતો સાંભળનાર તે તુરત પારખી જાય છે.

શિક્ષકોની આવી જ એક બીજી ભૂલ પૈસાદાર અથવા અમલદારનાં બાળકોની પસંદગી અંગે થાય છે. આવાં બાળકોને કશું આવડતું ન હોય તોપણ તેમને નાટકોનાં પાત્રો તરીકે પસંદ કરવામાં આવે છે. ઘણા કિસ્સાઓમાં તો શ્રીમંતો અથવા અમલદારો પોતાની પ્રતિષ્ઠા અને લાગવગનું દબાણ શિક્ષકો ઉપર આણે છે, અને પ્રાથમિક શાળાઓના શિક્ષકોને સહેજે આવા દબાણને તાબે થવું પડે છે. પણ બાળકોના હિત ખાતર આ બાબતમાં શિક્ષકોએ જેમ મક્કમ રહેવાની જરૂર છે, તેમ જ આ રીતે માબાપની પ્રતિષ્ઠાનો લાભ (અથવા ખરું તો ગેરલાભ) બાળકોને મળવો તે પણ અનિચ્છનીય છે—અન્યાયી છે. શ્રીમંત અથવા સત્તાધારી માબાપો માટે તે પગલું ગેરવ્યાજબી જરૂર છે. બાળકો પોતાને થતો અન્યાય બરાબર પારખી શકે છે અને તેમનું દિલ પારાવાર દુભાય પણ છે. ઉલટ પક્ષે જે બાળકને આવો લાભ મળે છે તેનું પણ વિકાસની દૃષ્ટિએ આમાં અહિત જ છે. બાળક પૈસાદારનું છે, ગામના અમલદારનું છે અથવા તો શાળાના કોઇ અધિકારીનું છે માટે જ તેને નાટકોમાં પસંદ કરવું એ ધોરણ ગેરવ્યાજબી ગણીને તેનો ત્યાગ કરવો જ જોઈએ.

ત્રીજો કિસ્સો જરા જુદી તરેહનો છે. શાળામાં કેટલાંક બાળકો હમેશાં આગળ પડતાં હોય છે અથવા શિક્ષકોને નજરે વારંવાર આગળ પડવાનો પ્રયત્ન કરે છે. આવાં બાળકો સોંપો તે કામ કરવા સદા તત્પર હોય છે; તેમનામાં હિંમત પણ હોય છે. એટલે સ્વાભાવિક રીતે જ શાળાનાં ઘણાં કામો તેમને જ સોંપવામાં આવે છે. આવે પ્રસંગે શિક્ષકનું પગલું હમેશાં અન્યાયી હોય છે એમ તો ન કહી શકાય. પણ શાળામાં બીજાં જે બાળકો શરમાળ હોય, બીકણ હોય, આગળ આવવા ઇચ્છા ન ધરાવતાં હોય, તેઓ સ્વભાવે કાયમ એવાં જ (દોષયુક્ત) રહી જાય છે. શાળામાં નાટકો અને ઉત્સવો એ એવા પ્રસંગો છે કે જેનો લાભ વધુ ઓછે અંશે દરેક બાળકને મળવો જ જોઈએ. અર્થાત્ શિક્ષકોની એ ફરજ છે કે આવાં શરમાળ અથવા કશું ન કરવાની વૃત્તિ ધરાવતાં બાળકોને હર કોઇ રીતે રંગભૂમિ પર આણવાનું યોજવું જોઈએ. બધાં જ બાળકોએ કાંઈક તો ભાગ લેવો જ પડશે એવું ધોરણ રાખવામાં આવે તો આવાં બીકણ અથવા શરમાળ બાળકો પણ કામ કરતાં થઇ જાય છે. આવાં બાળકોને સારુ સમૂહરમતો, સમૂહગીતો વગેરે યોજી શકાય. સિવાય નાટકમાં જેમને કશું કર્યા વિના કે બોલ્યા વિના માત્ર રંગ-

ભૂમિ પર ફક્ત હાજર રહેવાનું જ હોય એવા કેટલાક પાઠો—દાખલા તરીકે સિપાઈનો કે એવામાં આવાં બાળકોને રોકી શકાય. ધીરે ધીરે આવાં બાળકોનો શરમનો ખોટો પડદો આખરે ચિરાઈ જાય છે. બેશક જે બાળકોમાં નાટકો કરવાની કુદરતી આવડત હોય છે તેમને તો પોતાના આ ગુણનો સંપૂર્ણ વિકાસ કરવાની અનુકૂળતા મળવી જ જોઈએ. તેમ આવાં બાળકો જેટલી સુંદર રીતે પાઠો ભજવી બતાવે તેથી ઘણે ઊતરતે દરજ્જે આગ્રહથી તૈયાર કરેલાં શરમાળ બાળકો ભજવશે એ પણ એટલું જ સાચું છે. પણ આવાં શરમાળ બાળકોને વશે કુવશે પણ નાટકોમાં કાંઈક ભજવી બતાવવા રોકવામાં જ આવે તો આખરે તેમનું શરમાળપણું દૂર થઈ તેઓ હિંમત કેળવતાં થાય છે, અને ધીરે ધીરે રમતોમાં, નાટકોમાં, વગેરે બધાંમાં ડાંખરાપણું બતાવતાં થાય છે.

ઘણી વાર સારો અભિનય કરી બતાવનાર બાળકોમાં મુખ્ય પાઠ ભજવવા સારુ અંદરોઅંદર સરસાઈ ચાલે છે. બે ત્રણ બાળકોને અમુક એક જ પાત્રનો પાઠ ભજવી બતાવવાની હોંશ હોય છે. આવે પ્રસંગે એ બધાં બાળકોને ભજવી બતાવવાના સંવાદ કે નાટકનો અમુક ભાગ ભજવવાનું કહેવું, અને તેઓ અંદરોઅંદર જ કોણ વધારે સારો પાઠ ભજવે છે તે નક્કી કરે એમ ગોઠવવું. આમાં બધી વાર સફળતા જ મળે એવું ન બને. તોપણ પ્રયોગ કરવાથી બાળકોને પોતાને અન્યાય થયો છે, અને શિક્ષક પક્ષપાતી છે એવી લાગણીને ઓછું સ્થાન રહેશે.

વળી શાળાના વાર્ષિક ઉત્સવ વખતે અથવા બીજા કોઈ ખાસ સમારંભ વખતે જ નાટકો કરવાં એવી પ્રથા ન રાખતાં અઠવાડિયે પખવાડિયે શાળામાં જ અથવા વર્ગમાં જ નાનાં નાનાં નાટકો અથવા સંવાદો ભજવવાનું ગોઠવ્યું હોય તો સંવાદો, નાટકો, ગીતો વગેરે કાર્યક્રમોમાં બધાં બાળકોને વારા ફરતી કામે લઈ શકાય છે. આવા કાર્યક્રમો યોજ્યા હોય ત્યારે શરમાળ બાળકો અથવા કોઈ જાતનો પાઠ કરવા ન ઇચ્છતાં બાળકોને આવે પ્રસંગે પાઠમાં લઈ શકાય.

શાળાની એ ફરજ છે કે બાળકોમાં ગુપ્ત અથવા સુપ્ત દશામાં જે શક્તિઓ રહી હોય તેમને જાગ્રત કરી ગતિમાન કરવી.

બીજું એ પણ છે કે જેટલાં વધારે બાળકોને આવા ઉત્સવોમાં ભાગ લેતાં કરી શકાય તેટલી વધારે સંખ્યાનાં બાળકોને ઉત્સવ વિષે મમત્વ રહે. જે બાળકોમાં વિશિષ્ટ આવડત રહેલી દેખાય તેમને એનો વિકાસ સાધવાની યોગ્ય તક સાંપડે એ પણ જરૂરનું છે. છતાં એકંદરે આવડતવાળાં બાળકોને પક્ષપાત થાય છે એવું વલણ પાત્રોની પસંદગીમાં ન રહે વિષે શિક્ષકે ખૂબ સાવચેત રહેવું જોઈએ. તા.

નૂતન બાલશિક્ષણ સંઘના સભ્યો માટે વધારાનું લવાજમ

સામાન્ય સભ્ય વાર્ષિક આઠ આના.

બાલશિક્ષણમાં કામ કરનાર તરફથી સક્રિય-સભ્ય તરીકે વાર્ષિક રૂપિયા બે.

બાલકાર્ય તરફ સહાનુભૂતિ દર્શાવનાર તરફથી સહાયક સભ્ય તરીકે વાર્ષિક રૂપિયા બે.

બાલશિક્ષણ સંસ્થાને સંઘ સાથે જોડાણ માટેનું લવાજમ રૂપિયા પાંચ વાર્ષિક.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણપત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

શિક્ષણ કે વિકાસ

બાળકે ગોખેલું બોલી બતાવ્યું — તેમાં શું ?
બાળકે સ્વકલ્પનાથી ગાડી બનાવી — સારું લાગ્યું.
બાળકે શિખવેલો દાખલો ગણ્યો — તેમાં શું ?
બાળકે સ્વબુદ્ધિથી કોયડો ઉકેલ્યો — સારું લાગ્યું.
બાળકે શિખવેલા જવાબો આપ્યા — તેમાં શું ?
બાળકે પોતાનો વિચાર દર્શાવ્યો — સારું લાગ્યું.
બાળક પઢાવેલું પઢ્યું — પોપટ જેવું લાગ્યું.
બાળક અંદરથી બોલ્યું — સંતોષ થયો.

બાળકોની-અર્ભકોની ઇંદ્રિયોની કેળવણી

આપણી એવી સમજણ છે કે બાળકોની કેળવણીની શરૂઆત તે નિશાળે જવા માંડે ત્યારથી થાય છે. વળી કેળવણીનો આપણો અર્થ પણ મર્યાદિત છે. અક્ષરો શીખવા, અંક શિક્ષણ લેવું, પાડા મોંએ કરવા અથવા શ્લોકો બોલવા એને ભણવા માંડ્યા એમ આપણે સમજીએ છીએ. જ્યાં બાળકોને ઘેર ભણાવવાની રીત હોય છે ત્યાં ભણતરનો અર્થ સ્લેટ પેન લઈ માબાપોએ પોતે અથવા માસ્તર દ્વારા બાળકોને અક્ષર ઘૂંટવા બેસારવાં એવો અથવા તો અક્ષરનાં સચિત્ર કાર્ડો પરથી અક્ષરો ઓળખાવવા એવો કરવામાં આવે છે, અને એને જ ભણતરની શરૂઆત માનવામાં આવે છે.

ખરું જોતાં બાળકની બૌદ્ધિક કેળવણીની શરૂઆત બહુ નાની વયથી એટલે કે બાળક લગભગ ૨–૩ મહિનાનું થાય ત્યારથી થાય છે. અને નિયમન તેમ જ ટેવની શરૂઆત તો જન્મને પહેલા દિવસથી જ કરાવી શકાય છે.

બાળકોની આ બૌદ્ધિક કેળવણી–વિકાસ શું છે તે આપણે તપાસીએ.

બૌદ્ધિક કેળવણીની શરૂઆત ઇન્દ્રિય કેળવણીથી થાય છે. એટલે આ જ્ઞાનેંદ્રિયોની વપરાશ સૂક્ષ્મ, સ્પષ્ટ અને સાચી વપરાશથી માંડીને કેળવણીનો પ્રારંભ થાય છે.

આ કેળવણી બધાં બાળકોને ઘરમાંથી જ મળે છે. સતત મળ્યા કરે છે. માત્ર એ કેળવણી પદ્ધતિસર યોજનાબદ્ધ ન હોવાને કારણે આપણે એને શિક્ષણ નહિ પણ બાળકોની રમતોના નામે ઓળખીએ છીએ.

બાળક બે ત્રણ માસનું થવા માંડે એટલે એ માતાના મોં સામે જોઈ હસવા માંડે છે, માતાનું મોં ઓળખતું થાય છે, અને પછી ધીરે ધીરે ઘરનાં બીજાં માણસોના મોં પણ ઓળખતું થાય છે. આપણે ત્યાં આ વિકાસકાળ દરમિયાન બાળકના ઘોડિયે કે પારણે કપડાંના કે અન્ય જાતનાં રંગીન પોપટ વગેરે રમકડાં બાંધવાનો ચાલ છે. રંગીત હલતો ચલતો પદાર્થ જોતાં બાળક તે તરફ જોઈ રહે છે; ડોક વાળીને લંબાઈને જુએ છે, તેની સામે તાકી રહે છે અને હસે છે. બાળકની આ ક્રિયા આસપાસનાં સહુને આનંદ પમાડે છે. રંગીન રમકડાં તરફ તાકી રહેતું અને હાથ પગ હલાવી. પછાડી એ ચીજ લેવાનો પ્રયત્ન કરતું અને એ રીતે કિલ્લોલ કરતું બાળક ખરેખર સૌનું મનરંજન કરે છે. આ કાળે બાળકને ઘરની બહાર લઈ જઈ ને ફૂલો, ઝાડો અને સૃષ્ટિના આસપાસના પદાર્થોનું અવલોકન કરવાની–નિહાળવાની તક આપવી જોઈએ. ઘણાં કુટુંબોમાં બાળકને બાબાગાડીમાં બેસાડી બહાર ફરવો લઈ જવાનો રિવાજ શહેરમાં હોય છે પણ મોટે ભાગે એની પાછળ બાળકને ખુલ્લી હવાનો લાભ આપવાનો હેતુ જ ફક્ત હોય છે. આ કરવામાં બાળકની ઇંદ્રિય કેળવણીને અનાયાસે અગત્યની તક સાંપડે છે એ બહુ ઓછા લોકોના ખ્યાલમાં હોય છે. મોટે ભાગે માબાપોને આ બાબતની કશી માહિતી જ હોતી નથી.

પણ આવી જાતની ઇંદ્રિય કેળવણી સારુ બાળકને બાબાગાડીમાં અથવા તેડીને દૂર સુધી ફરવા લઈ જવું જ જોઈએ એવું કશું નથી. આપણી જ ઓશરીમાંથી, આંગણામાં લઈ જઈને, અગાશી પરથી અથવા પડોશીને ત્યાં જઈને પણ બાળકની નજરે જુદી જુદી ચીજો–

ફૂલો, ઝાડ, પાન, વગેરે—આવે એટલું કરીએ તોય બસ થઈ પડે. બાળકો તો ઘરમાં જ ટીંગાન ડેલી અથવા લટકતી અનેક ચીજો—ઘડિયાળ, ફ્રાનસ, દીવા, પહેરવાનાં જાતજાતનાં નાનાં મોટાં કપડાં વગેરે ઘણું ઘણું જોયા કરે છે, આપણે બાળકને તેડીને એ બધું બતાવવું પણ જોઈએ.

આ બધી વસ્તુઓ જોવામાં બાળકનું ધ્યાન ત્રણ બાબતો તરફ મુખ્યત્વે ખેંચાય છે—રંગ, આકાર અને હલનચલન એટલે ગતિ.

નાનાં બાળકો પોતાની આંખો આ બધું જોવામાં વાપરે છે તે કામે તેમના કાન પણ પોતાનું કામ કર્યે જ જાય છે. બાળકો આંખ વડે જેમ રૂપ—અને રંગ જોવાનું કામ કરે છે તેમ જ કાનવડે તેઓ જુદી જુદી જાતના અવાજો સાંભળ્યા કરે છે, અને તેમાંથી પ્રથમ મોટે ભાગે માતાનો અવાજ બાળક પહેલું ઓળખવા—તારવી કાઢવા લાગે છે. બાળકનું ઇંન્દ્રિય કેળવણી લેવાનું સાધન આ કાળે ઘૂઘરો સામાન્યતઃ હોય છે. આજ કાલ મળતા પરદેશી ઘૂઘરાઓમાં તો વળી અનેક જાતના અવાજોનો સમાવેશ કરેલો હોય છે. ચૂં ચૂં કરતી ચકલી; પોં પોં કરતાં ભૂંગળાં અને એજ રીતે ટનટન સરસર, સૂઊ...ફૂરરર વગેરે જાતના અવાજો અનેક રમકડાંમાં થાય છે. નાનાં બાળકોને અવાજના આ બધા પ્રકારો બહુ આકર્ષક લાગે છે. અને એ દૃષ્ટિએ કેળવણીનો વિચાર કરતાં આ બધાં રમકડાં આટલા પૂરતાં ઉપયોગી પણ છે.

આવા કૃત્રિમ આવાજો ઉપરાંત બાળકો અનેક કુદરતી અવાજો પણ સાભળ્યા કરે છે. બિલાડીનું મિયાંઉ, કૂતરાનું ભસવું, ગાયનું ભાંભરવું, કાગનો કો કો અવાજ કે કાબરનો કલબલાટ બાળકની શ્રવણેંદ્રિયની કેળવણીનાં વિકાસક-પોષક સાધનો જ બની રહે છે.

ઉપરાંત શહેરોમાં ખાસ કરીને ફેરિયાઓના ભિન્ન ભિન્ન જાતના પોકારો પણ બાળકોનું ધ્યાન ખેંચે જ છે. 'કરવી છે...કલા...ઈ' કે 'ચણા જોર ગરમ' અથવા શાક વેચનારીનાં 'લ્યો...રિંગણા તાજાં પૈસાનાં શેર' વગેરે પોકારો બાળકોને ભારે રંજન કરે છે, અને આ બધા શબ્દો એવા ઊંડા ઊતરી જાય છે કે ઉપર મોટી થતાં એટલે કે દોઢ બે વર્ષનું બાળક થાય ત્યારે પોતે જ આ બધા બોલો બોલવા માંડે છે, અને તેની મજા માણે છે.

આજના શહેરી કે અર્ધ શહેરી વાતાવરણમાં મિલો કે કારખાનાંનાં ભૂંગળાં, રેલવે એંજિનની સીટીઓ, મોટરોનું ભૂં ભૂં, અને સાઈકલોની ટોકરી પણ અવાજ-આકર્ષણનાં સાધનો છે. ફોનોગ્રાફ, રેડિયો, અથવા હારમોનિયમના મધુર ધ્વનિઓ આસપાસ રોજ કાને પડ્યા જ કરે છે.

આ બધા અવાજો બાળકોનું, છેક નાનાં બાળકોનું પુષ્કળ ધ્યાન ખેંચે છે, આપણે મોટેરાંઓએ પણ બાળકોનું એ તરફ લક્ષ જાય એમ કરવું જોઈ એ.

નીંદરભરી આંખે હાલરડાં ગાતી માતાના મીઠા વહાલસોયા અવાજનાં ઘેન બાળકને ઓર લિજ્જત આપે છે, અને ઇંદ્રિય વિકાસનું આ સાધન માતા માનવ સૃષ્ટિની શરૂઆતથી વાપરતી આવી છે, આજનાં સિનેમાનાં ગીતોએ માતાના કંઠમાંથી આ જૂનાં હાલરડાંને દેશવટો દીધો છે-એ ખેદની બિના છે. ભણેલી માતાઓને મારી આગ્રહ ભરી વિનતિ છે કે તમારાં-જ બાળકો ખાતર આ મીઠા કોડભર્યા ગીતશ્રવણથી ભૂખ્યાં બાળકોને વંચિત નરાખશો.

બે ચાર મહિનાનું બાળક રડવા માંડે ત્યારે સહેજે આપણે સૌ કોઈ મોંથી ગમે તે પ્રકારનો જાતજાતનો અવાજ કરીને તેને શાંત કરવાનો

પ્રયત્ન કરીએ જ છીએ. આવા બોલમાં જીભને જાતજાતનાં વલણ આપી ભિન્ન ભિન્ન પ્રકારના અવાજ કાઢીને મા બાળકને સમજાવવાનો પ્રયત્ન કરે છે; તે સાથે જાતજાતના લાંબાલાંબા બોલ બોલી બતાવે છે. આ બોલનો અર્થ બાળકો જરાય સમજતાં નથી, છતાં એમાં રહેલી નાદ-મધુરતાને કારણે જ બાળકો ચૂપ થઈ શાંતિથી સાંભળ્યા કરે છે. બાળકોમાં રહેલી કુદરતી ધ્વનિ-પ્રિયતા તેનું મુખ્ય કારણ છે.

ટૂંકમાં કહીએ તો શરૂઆતના છ મહિના બાળકનું મુખ્ય આકર્ષણ હલતા ચલતા રંગીન પદાર્થો અને જાતજાતના આલ્હાદકારક અવાજો છે. કારણકે આ કાળે બાળકની આ બે ઇંદ્રિયો મુખ્યત્વે વિકાસ સાધી રહી હોય છે.

રડતા બાળકને છાનું રાખવામાં અને રમાડવામાં અનુભવે આ સાધનો સૌથી વધારે પરિણામકારક જણાયાં અને મોટેરાંઓએ બાળકોના રમકડાંમાં આવી જાતની અનેક ચીજોનો સમાવેશ કર્યો. અને સ્વાભાવિક રીતે જ દરેક ઘેર વપરાતાં આ જ જાતનાં સાધનો મારફત પ્રત્યેક બાળક પોતાની દૃષ્ટિ અને શ્રવણની ઇંદ્રિયનો વિકાસ કર્યા કરે છે. એટલે આને અંગે વધારે ધ્યાન ખેંચવાની જરૂર જણાતી નથી. છતાં જે માબાપો માત્ર અજ્ઞાનને કારણે જ આ બધી બાબતોમ બેદરકારી રાખતાં હોય તેમણે બાળકોનાં આ રમકડાંનું ખરું રહસ્ય જાણી લઈ તેનો વપરાશ ચાલુ કરવાનું ધ્યાનમાં રાખવું. માત્ર રમત ગણીને આ તરફ દુર્લક્ષ કરવું ઇષ્ટ નથી.

માતાઓ અને ઘરનાં મોટેરાઓ જેટલા પ્રમાણમાં આ જાતની રમતો બાળકો સાથે રમતાં હોય કે રમાડતાં હોય તેટલા પ્રમાણમાં બાળકોની આ બે ઇંદ્રિયોનો ઝડપી વિકાસ યથા કાળે થાય અથવા ન થાય. ઘણી માતાઓ સ્વભાવે સાવ શાંત અથવા મૂંગા જેવી હોય છે. ઘણે સ્થળે બાળકોને નોકરોને હવાલે કરી દેવાનો રિવાજ પણ જોઈએ છીએ. અને નોકરોને બાળકો રમાડવાં એ નોકરીનું કામ હોવાથી એ વિષે પુષ્કળ બેદરકાર રહે છે. તેમને બાળકો સાથે આવી રમતો કરવાનું ગમતું પણ નથી હોતું. નોકરો તો બાળકને બાબાગાડીમાં નાખીને બગીચામાં લઈ જઈ છોડી દે છે, અને પોતાના જેવા બે ચાર સમવયસ્ક અથવા સમાન ધંધાદારીઓ જોડે વાતોમાં મશગૂલ બને છે. ઉલટ પક્ષે કેટલીક માતાઓ બાળકો પાછળ આટલો વખત ગાળી શકતી નથી. ખાસ કરીને મિલમાં મજૂરીએ જતી માતાઓની બાબતમાં આવું પુષ્કળ અંશે બને છે. આવાં બેનસીબી બાળકોને મિલોના ઘોડિયા વર્ગમાં પડ્યા રહેવું પડે છે અથવા તો અફીણની ગોળીના ઘેનમાં સબડ્યા કરવું પડે છે.

આવાં બાળકોનો પ્રશ્ન અતિ વિશાળ હોઈ રાજ્ય તરફથી આને અંગે સાવચેતીનાં પગલાં લેવાય તો જ કાંઈક બને. પરંતુ મધ્યમ વર્ગનાં અને ખાસ કરીને શ્રીમંત અથવા અમલદાર માબાપોને મારી આગ્રહ ભરી વિનતિ છે કે માત્ર નાનીશી બેદરકારી બાતર પોતાના પ્રિય બાળકને ઉકત કેળવણીથી વંચિત ન રાખવાં.

કેળવણીની દૃષ્ટિએ આંખ અને શ્રવણેંદ્રિયની આ કેળવણીની ત્રણ કક્ષાઓ થાય: (૧) માત્ર જોવું, અથવા કાન દઈ સાંભળવું એ પહેલી ક્રિયા, (૨) એ પછી એકાગ્રતા પૂર્વક જોવું અને સાંભળવું એને મૂકી શકાય. (૩) આ ઇંદ્રિય વિકાસની ત્રીજી કક્ષા (નાનાં બાળકો પૂરતી) વસ્તુઓ પરત્વેના ઝીણા ઝીણા ભેદ પારખવાની છે.

મોટેરાંઓની ફરજ બાળકોને વિકાસની આ ક્રિયા દરમ્યાન જેમ સાધનો સંપડાવી સહાય કરવાની છે, તેમ બીજીરીતે એટલે બાળકો આ બંને જાતની

ઇંદ્રિયોનો વિકાસ સાધી રહ્યાં હોય ત્યારે તેમની એકાગ્રતાનો ભંગ ન કરીને પણ તેમને સહાય આપવાની હોય છે. બીજું એ પણ જોવાનું છેકે આ, વિકાસ પ્રાપ્તિમાં વ્યગ્રતા પણ ઊભી થવી ન જોઇએ. બાળકોની આંખો વધારે પ્રમાણમાં ખેંચાય અથવા કાનને અતિ કર્કશ લાગે એવું થવું ન જોઈએ. ઉપરાઉપરી અનેક જાતનાં તથા રંગબેરંગી રમકડાં બાળકમાં આ જાતની વ્યગ્રતા ઉત્પન્ન કરે છે. એકની એક ચીજ વારંવાર અથવા સતત જોયા કરવી, બીજે દહાડે પણ એ જ ચીજો એ જ સ્થળે નિહાળવી, વગેરે કરવું બાળકને ગમે છે. તેઓ એક ચિત્રથી આ રીતે જ ઇંદ્રિયોની કેળવણી લઈ રહ્યું હોય છે. બાળકને તે પોતાની મેળે સાધવા દેવું.

જેમ બાળકને સાવ એકલું છૂટું—તેની સાથે ન રમતાં કે ન બોલતાં છોડી દેવું ઇષ્ટ નથી તેમ જ બાળકની સાથે અતિશય રમવું,-તેને ખૂબ હસાવવું, અનેક ચીજો ઉપરાછાપરી બતાવવી અથવા સંભળાવવી એ પણ ઇષ્ટ નથી. તા.

ચિત્રકામ ને રંગકામ

શિક્ષિકા—તાઈ, પેન્સિલો તો છે જ નહિ. બાળકો ચિત્રો શી રીતે કાઢશે ?

તાઈ—કેમ ? ઑફિસમાં પેન્સલો નથી ?

શિ૦—ના ના. ત્યાંની બધી પેન્સિલો ગયે મહિને જ લઈ લીધી હતી. આઠ આને ડઝન મળતી હતી તે હવે બે રૂપિયે અઢી રૂપિયે, પણ મળતી નથી. ને કાગળો પણ ખૂબ મોંઘા થયા હવે થશે શું ? ચિત્રકામ બંધ જ કરવું પડશે. ફી વધારીને પણ પાલવશે નહિ. વાલીઓને આ મોંઘવારીના દિવસોમાં વધારે ફી આપવી કયાંથી પરવડે ?

તાઈ—ઠીક થયું. મને બહુ આનંદ થાય છે. આ આપણે પણ ગુલામ જ છીએ ને ? કાગળ ને રંગીન પેન્સિલો મળતી હતી ત્યાંસુધી બીજું કાંઈ શોધવાનું સૂઝતું જ ન હતું. આપણે કાગળ પેન્સિલ વાપરીએ એટલે ગામડામાં પણ તે જ, મજૂર શાળામાં પણ તે જ, ને બધે તેજ. ઠીક થયું. કાગળ પેન્સિલ મળતાં જ નથી એટલે બીજું કાંઈ શોધાશે. આપો રજા એ કાગળ પેન્સિલને.

શિ૦—તો શું ચિત્રકામ બંધ જ રાખવાનું ?

તાઈ—નારે. બંધ શું કામ ? ઘણા દિવસથી હું વિચારુ છું. શિક્ષકોને પ્રયોગ કરી જોવાનું કહું છું. પણ કોઈ કરતું નથી. ને કયાંય થતું નથી. તે હવે કરીશું.

શિ૦—તે શું ?

તાઈ—કેમ ? ઘણી વાર મેં કહ્યું છે કે આપણે જુદા જુદા ફલક ને જુદું જુદું સાધન વાપરી જોવું જોઈએ. ગામડાનાં લોકો ઘરની ભીંતો પર, જમીન પર, ગોળા પર અનેક જગ્યાએ સુશોભન કરે છે. તે બધા પેન્સિલો નથી માટે અટકતા નથી. તો આપણે શું કામ અટકીએ ? હવેથી જમીન પરની રંગોળી ઉપર ભાર દેવાનો. માટલી ને કૂંડાં ને કોડિયાં રંગાવવાનાં. ગાર કરવી, ઓકળી પાડવી. એ બધી ચિત્રકળા જ છે ને ? ભીંત ઉપર ચિત્રો કાઢવાનાં.

શિ૦—પણ આવું બધું કરવા માટે સાધનો કયાં છે ?

તાઈ—હાં. તે નવલખીની દુકાને તૈયાર મળશે નહિ. પણ આપણે તૈયાર કરી લેવાં પડશે. ગોતી લેવાં પડશે. પથરા, પીળી ધોળી માટી, ગેરૂ, ખડી વગેરેમાંથી રંગો ઉપજાવવા પડશે. આપણાં બ્રશો આપણે નાળિયેરનાં બનાવી લેવાં પડશે.

આ કાગળ પેન્સિલો મળતી નથી એને હું તો ઇષ્ટાપત્તિ ગણું છું. ઠીક થયું એ ગયું. હવે નવા પ્રયોગો, નવી શોધખોળને અવકાશ મળશે. કાગળ પેન્સિલ યાદ પણ ન આવે એટલાં સરસ બીજાં સાધનો ઉપજાવી કાઢો. તા.

દૃષ્ટિભ્રમ

[બાળકમાં જન્મથી જ રહેલી કેટલીક વૃત્તિઓના વિકાસને અંગે થતી પ્રતિક્રિયાઓને આપણે ઘણીવાર તોફાન તરીકે ઓળખીએ છીએ, ઓળખાવીએ છીએ. આ એક દૃષ્ટિભ્રમ છે. નીચેના લેખમાં બાળકની રચનાત્મક વૃત્તિને કેવી રીતે ઊગતી જ દાબી દેવામાં આવે છે તેને લગતા પ્રસંગો છે.–લેખક]

(૧)

ચોમાસું આવ્યું. વરસાદ ઠીક ઠીક પડી ચૂક્યો હતો, એટલે જમીન પણ પોચી થઈ ગઈ હતી. કેટલાંક બાળકો માટીનાં ઢેરાં, જુદા જુદા વાસણમાં માટી ભરી તેવી જ આકૃતિઓ તથા માટીના લાડવા વગેરે બનાવવામાં મશગૂલ હતાં, ઢેરામાં મહાદેવજી બનાવીને પધરાવતાં. પણ આરતી બોલાતી, પ્રસાદ પણ વહેંચાતો. આમ સર્વત્ર આનંદ, આનંદ થઈ રહ્યો હતો. ત્યાં એક બહેને આવી ઓચિંતો ચિનુના ગાલ ઉપર એક તમાચો લગાવી દીધો. ' હરામખોર ! હમણાં જ નવરાવ્યો ધોવરાવ્યો છે, એટલામાં પાછો લૂગડાં મેલાં કરવા આવ્યો કેમ ? જા ઘેર, અને ચોપડી ઉઘાડીને બેસ ' બાળક રડતો રડતો ઘેર ગયો. મને થયું, દૃષ્ટિભ્રમ !

(૨)

કનુની બાએ કહ્યું હતું કે ' હું પાણી ભરીને આવું ત્યાં સુધીમાં બેબીને બરાબર હીંચોળ જે. જો જાગી ન ઊઠે, નહિ તો પાછી વીતાડશે.' પણ કનુની બા ને પાણી જતાં જોઈ બીજા છોકરા દોડી આવ્યા અને કનુના આંગણામાં ઘર ઘર રમવાં મંડી પડ્યાં. ઘર બનાવ્યું, વળી ઝાડનાં પાંદડાના નળીયાં પણ ગોઠવ્યાં. કનુ એક બાજુએ ઘરનાં માણસોને પાણી જોઇએ તે માટે કૂવો બોદવા મંડ્યો. થોડુંક બોદ્યું અને દોડતો દોડતો ઘરમાંથી પાણીનો લોટો ભરી લાવી તેમાં રેડ્યો. કૂવામાં પાણી આવ્યું ! પાણી આવ્યું ! કહી બધાં બાળકો હર્ષનાદ કરવા મંડ્યાં. જશુ તો નાનકડું ડબલું ભરી ઘરમાં પણ મૂકી આવ્યો. પછી બધાં બાળકો એક જ ઘરનાં માણસો હોય તેમ હારબંધ બેસી ગયાં. અને કનું બધાની હથેલીમાં પાણી આપવા મંડ્યો. હાથ મુખ પાસે લઈ જઈ પાણી પીવાને બદલે કોણીથી નીચે ઉતારી દેવાનું કાર્ય થતુ હતું. એવામાં કનુની બા પાણી ભરી આવ્યાં. તેમણે બેહું ઉતારતાં પહેલાં જ ભરડવાનું શરૂ કર્યું. "મારા રોયા, ઊભા રહો ને ? બધા ભેગા થયા છો તે ! તમારાં આંગણાં નથી તે અહીં મરો છો ? અને આ નખ્ખોદ્યો કનુડો ! તારું તો મોત જ આવ્યું છે, ઊભો રહેને ! મારા પીટયા ! આખા ગામનો વસ્તાર ભેગો કરે છે તે !...આમ તેમની કર્કશ વાણીની ધારા ચાલતી હતી ત્યાં તો ' મરે નહિ તારા હોય તે !' એમ કહી બીજાં બહેન મેદાને પડ્યાં. તેને ન પાલવતું હોય તો એના ઘરમાં પૂરી રાખે ! આમ ત્રીજાં બેનનો પડકાર જોતજોતામાં થયો. વાત વધી પડી. ભેગાં થનારનો મહામેળો જામી ગયો.

હું ત્યાં થઈ પસાર થઈ રહ્યો હતો.

મેં વિચાર કર્યોઃ દૃષ્ટિભ્રમ !

(૩)

હું હમણાં જ તાલીમ લઈ. નવોસવો છૂટ્યો હતો, એટલે મારી પ્રયોગો કરવાની વૃત્તિ તો ખરી જ. અને તેમાંયે ભૂગોળ જેવો વિષય તો ખૂબ જ શુષ્ક, એટલે આ વિષયનું થોડું ઘણું જ્ઞાન આજે બાળકોને નદી ઉપર લઈ જઈ, આપવાનો મેં નિશ્ચય કરેલો. ત્યાં લઈ જઈ

હમણાં જ મેં લખેલી 'નદીની આત્મકથા' બાળકોને કહી સંભળાવી. ત્યાર પછી નદી ઉપરથી દરિયાનો પણ સામાન્ય ખ્યાલ આપ્યો. ત્યાર બાદ નહેર, તળાવ અને બેટનો ખ્યાલ નદીકાંઠે આકૃતિઓ કહાડી આપવાનો હતો. કોઈ પાણી રેડવાના; કોઈ ખોદવાના તો કોઈ સફાઈ કરવાના એમ સૌ બાળકો કામે લાગ્યાં હતાં. આમ બધા આનંદથી પ્રત્યક્ષ આકૃતિ દ્વારા કેટલી સરળતાથી જ્ઞાન મેળવી લેશે એનો વિચાર હું કરતો હતો. ત્યાં તો 'એ ચીનિયા? અલ્યા ઓ ચીનિયા!' એમ બૂમો પાડતી ચીનિયાની બા આવતી હતી. આવીને તેણે મને તો ઊધડો જ લેવા માંડ્યો. 'તે માસ્તર, આ શું કરો છો?' મેં પૂરતી સભ્યતાથી કહ્યું. આ તળાવની આકૃતિ બનાવી છે; આ બેટની. આમ આવી આકૃતિઓ કરવાથી બાળકને વ્યાખ્યાઓ ગોખવી પડતી નથી; વળી જે જાણે તે પાકે પાયે જાણી શકે; આ ઉપરાંત મોટામાં મોટો ફાયદો તો એ કે તેની સર્જનશક્તિ (રચનાત્મક શક્તિ) આથી ખૂબ ખીલે છે. આથી તેનો ખૂબ વિકાસ..... હું વાક્ય પૂરું કરું તે પહેલાં તો ચિનુની બા ધૂરકી ઊઠ્યાં. 'આમ ને આમ કરીને છોકરાંને વૈણ બહાર કરી મૂક્યાં છે. તમને તે કાંઈ લાજ-શરમ છે કે નહિ? આ નાનાં નાનાં છોકરાંને નદી ઉપર લાવ્યા છો તે કોઈ ડૂબી મરશે ત્યારે? અને વળી પાછા આ ભાતભાતના ચાળા માંડ્યા છે. આ સારું ભણાવવાની દાનત હોય તો ટકીને નિશાળમાં જ ના બેસે! આ તો આજ અહીં અને કાલ તહીં; આજ તો છોકરાંને અમુક બતાવવું છે ને આજ તો તમુક બતાવવું છે એમ કરી કરીને જ્યાં ત્યાં ભટકવું. અ રેવંદાસ માસ્તર બિચારા ગરીબડી ગાય જેવા હતાં. કોઈ દહાડો છોકરાને પાણી પીવાય ન છોડે. આખો દહાડો બસ ભણાય ભણાય કરે. એવા માસ્તર તો એક જ થાય. માસ્તર આ તમને કહ્યું, આજ પછી કોઈ દહાડો મારા ચીનિયાને તમારે નદી ઉપર ન લાવવો. નહિ તો માર જેવી કોઈ ભૂંડી નથી! અલ્યા ચીનિયા, લાવને તારાં લૂગડાં કહાડી આપને! મારે ધોવા જવું છે, ને લે આ બદલી લે.' છેવટે તે રસ્તે પડ્યાં. હું વિચારતો હતો: દૃષ્ટિભ્રમ!

રવિ.

આપણા તડાકા અને બાળકો

મોટેરાં જ્યારે પોતે કોઈ પણ જાતની વાતો કરતાં હોય છે ત્યારે આસપાસ ફરતાં બાળકો પર તેની શું અસર થાય છે તેનો ખ્યાલ જરા બણ નથી રાખતાં. ખાસ કરીને માતાઓ પોતાના સગાં કે પાડોશણો સાથે જાહેર કે અંગત વાતો કરતાં હોય છે ત્યારે આસપાસ ફરતાં બાળકો પર તેની શી અસર થશે તેના વિચાર કરતાં જ નથી. માબાપો એમ સમજે છે કે નાનાં બચ્ચાં શું સમજવાનાં હતાં! બહુ તો જરા ધીમેથી વાતો કરે કે છોકરાંને આઘાં પાછાં કરે. પણ તેવી વાતો ન જ કરાય કે બાળકોની હાજરીમાં તો બીલકુલ ન થાય તેની કદી પણ કાળજી રાખતાં નથી. પરિણામે બાળકો તે બધી વાતો સાંભળે છે કે સાંભળવા પ્રયત્ન કરે છે. વાતો સાંભળવાના પ્રયત્નમાં માત્ર કુતૂહલ વૃત્તિ સિવાય બીજું કાંઈ નથી હોતું. બાળક સાંભળેલી વાતો પોતાની શક્તિ પ્રમાણે સમજવા પ્રયત્ન કરે છે અને તે ઉપરથી સ્પષ્ટ કે અસ્પષ્ટ એવા ખ્યાલો બાંધે છે. આમાં

એક વાત એ છે કે બાળકોની પોતાની કલ્પનાશક્તિ એમને ખૂબ મદદ કરે છે. જો બાળકની કલ્પનાશક્તિ ખૂબ સતેજ હોય તો તે સાંભળેલી વાતની આસપાસ કેટલીય વાતો–કલ્પનાનાં દૃશ્યો ગૂંથે છે ને મનને સમજાવવા ચિત્ર બહુ કરે છે. ને જો બાળકની કલ્પનાશક્તિ એટલી વિશાળ ન હોય તો તે જેટલા પ્રમાણમાં હોય તેટલા પ્રમાણમાં તે કલ્પનાના પ્રદેશમાં ઊડેછે અને પોતાના મનમાં કાલ્પનિક ચિત્રો બડાં કરે છે.

બીજી વાત એ છે કે બાળક જે વસ્તુ સાંભળે છે તે તે વસ્તુ કેવીછે તેનો તે ને બહુ સ્પષ્ટ ખ્યાલ હોતો નથી. દા. ત. એકવાર એક સનાતની કથાકાર ભવિષ્યમાં જમાનો કેવો ફરી જશે તેની વાતો કરતા હતા. એક બાળકે તે સાંભળ્યું. વાત એ હતી કે વૈજ્ઞાનિક ફેરફારોનો ધસારો એવો તો જબ્બર થશે કે બધાંય માણસ મોટરમાં જ ફરશે. રસ્તા પર કોઈ ચાલશે જ નહિં. બધા લોકો મોટર સિવાય બહાર જ નહીં નીકળે વગેરે. આ બધું સાંભળનાર એક બાળક એ હકીકતને પોતાની શક્તિ પ્રમાણે સમજે છે અને કલ્પનાના રંગો પૂરે છે. પરિણામે બાળક શોચે છે. કે શું મોટરમાં જ ફરવાનું ? કોઈ ને ચાલવા જ નહિં દે? એટલા બધા પૈસા (મોટર ખરીદવાના) નથી તો મોટર ક્યાંથી લાવશું ? તો પછી બહાર તો નહીં જ નીકળાય ! ત્યારે શું ઘરમાં જ બધો વખત બેસી રહેવું પડશે ? પોતાના મિત્રોને મળી જ નહીં શકાય ? વગેરે

એવોજ એક બીજો દાખલો છે. તે મહારાજ ગપ્પાં લગાવતા કહેતા. 'આ લડાઈમાં વિલાયતમાં એટલા બધા માણસો મરી ગયા છે કે અસંખ્ય મડમો વિધવા થઈ છે. તે બધાને આગબોટમાં ચડાવી અહીં મોકલી દેશે ને દરેકને એક એક આપી દેશે.'

બાળક મહાન વિચારમાં ઊંડે ઊતરી જાય છે કે સાચે જ એવું થશે તો તો પોતાને પણ એક મડમ પરણવી પડશે. એ તો ભારે થશે. પોતે તો અંગ્રેજી જાણતો નથી. તે મારી ભાષા કેમ સમજશે. તે તો માંસ મચ્છી ખાય ને પૈસા ખૂબ ઊડાવે. પોતાની પાસે તો કાંઈ જ નથી; તેની સાથે જમીએ તો :વટલાઈ જ જઈને ? ત્યારે હવે શું થશે ?

આ બધી વાતો ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે બાળકોને આપણાં ગપ્પાં કે અર્ધસત્ય હકીકતો પણ કેવી મૂંઝવી શકે છે.

આ તો સાદી હકીકત છે. પણ સ્ત્રીઓ તો ઘણીએ ન કરવાની અંગત વાતો પણ નાનાં મોટાં છોકરાંની હાજરીમાં કરતાં અચકાતી નથી. બાળક તે બધું સાંભળે છે. ચિત્ર વિચિત્ર ખ્યાલો બાંધે છે ને પરિણામે વિચારોની વિકૃતિ પેદા થાય છે.

વિચારોની વિકૃતી કર્તવ્યભ્રષ્ટ બનાવે છે. માબાપો અને સૌ કોઈ વાતો કરતાં પહેલાં વિચારીએ કે આસપાસ ફરતાં બાળકો ઉપર તેની શું અસર થશે. સારી વાત તો એ છે કે તેવી વાતો જ તેમની હાજરીમાં ન કરીએ.

વિષ્ણુપ્રસાદ.

અંકગણિતનું શિક્ષણ

લેખાંક ૫

અગાઉના લેખમાં કડકડાટ સરવાળા બાદબાકી મોંએ કરાવવા માટે ડૉ. મોન્ટેસોરીએ 'સ્ટ્રીપ બોર્ડ' નામનાં સાધનો યોજ્યાં છે તે વિષે સૂચન કરવામાં આવ્યું હતું. આ સ્ટ્રીપ બૉર્ડનો મુખ્ય ઉપયોગ અગાઉ બાળકોએ વસ્તુઓના વપરાશ પરથી જે નાના નાના સરવાળા બાદબાકી કરવાનું સાધ્યું હતું તે જ ક્રિયાને પુનરાવર્તન આપી તુરત જ એના ઉત્તરો બાળકો મોંએ કડકડાટ આપે તે માટેનો છે.

આ સાધનમાં સરવાળા માટે લાકડાનું પાટિયું અને ક્રમિક લંબાઈની પટ્ટીઓ મુખ્ય છે. પાટિયાં ઉપર આડાં અઢાર ખાનાં પાડેલાં હોય છે; તેમા મથાળે શરૂઆતમાં અર્ધા ભાગમાં ૧ થી ૯ સુધીના આંકડા વાદળી રંગે લખેલા અને ૧૦ થી ૧૮ સુધીના આંકડા લાલ રંગે લખેલા હોય છે. આવી આડી ખાનાંની હાર આખા પાટિયા પર કરેલી હોય છે, એટલે પાટિયા પર ચોરસ ખાનાંની લાદી પાથર્યા જેવું બની જાય છે. આ પાટિયા ઉપરાંત એમાં પાડેલાં ચોરસ ખાનાં જેવડી જ પહોળી પરંતુ ૧, ૨, ૩, એમ ક્રમે ક્રમે ૯ ખાનાં સુધી પહોંચે એવી વાદળી નવ પટ્ટીઓ હોય છે; દરેક પટ્ટી ઉપર જમણા છેલ્લા ખાનામાં ૧, ૨, ૩, એમ ૯ સુધી આંકડા લખેલા હોય છે. આવી જ બીજી નવ પટ્ટીઓ હોય છે, પણ તે લાલ રંગેલી અને અંદર દરેક ખાના પ્રમાણે લીટા પાડેલી હોય છે. સાધન વાપરતા પહેલાં પાટિયું અને આ પટ્ટી રાખવાની પેટી હોય છે તે ખોલીને ઢાંકણા ઉપર આ વાદળી તેમ જ લાલ પટ્ટીઓ એક તળે બીજી એમ બે ભાગમાં ક્રમસર ગોઠવી રાખવાની હોય છે.

સરવાળા કરવા માટે સરવાળા દર્શક જુદા કાર્ડ પણ રાખવામાં આવે છે. તે દરેક કાર્ડ ઉપર જુદી જુદી જાતના સરવાળા (ઉત્તર વિના) નોંધેલા હોય છે. દાખલા તરીકે ૬+૧, ૬+૨, ૬+૩,...૯+૫, ૯+૬, વગેરે. હવે ધારો કે ૬+૧ વાળું કાર્ડ લઈ સરવાળો કરવો છે. બાળકે પહેલો આંકડો દર્શાવતી સંખ્યા ૬ માટે વાદળી રંગની ૬ વાળી પટ્ટી લઈ પાટિયાના ખાના પર આંકડા લખેલી આડી હારની નીચે ૧ થી શરૂ કરી વાદળી પટ્ટી મૂકવી. પછી ૧ ઉમેરવાનો છે તો તે આંકડાવાળી લાલ રંગની ૧ ની પટ્ટી લઈ પાટિયા પર પેલી વાદળી પટ્ટીની બાજુએ માંડવી એટલે એ છેલ્લી પટ્ટીનો છેડો મથાળે ૭ લખ્યું છે તેની નીચે આવશે. સામાન્ય રીતે ૬+૧=૭ એટલે ૭ નો જવાબ બાળક જલદી આપી શકે છે પણ આ પાટિયાનો સાચો ઉપયોગ તો ૫+૪ અથવા ૯+૭ ના સરવાળા કરતી વખતે જણાઈ આવે છે. એ વખતે વાદળી ૫ ની કે ૯ ની પટ્ટીને પડખે અનુક્રમે ૪ અથવા ૭ ની લાલ પટ્ટી મૂકતાં જ મથાળેની આડી હારમાં એ પટ્ટી પૂરી થાય એ જ આંકડો ફક્ત જોવાનો રહે, અને તુરત જ ૯ અને ૧૬ જેવા જરા અઘરા સરવાળાના ઉત્તરો પણ તુરત આવી જાય. આમ રમત ચાલે ત્યારે બાળક પાસે બોલાવી લેવાય "પાંચ અને ચાર નવ," અથવા "નવ અને સાત સોળ." આ સરવાળા બાળકો મોંએ જ બોલે તો પણ ચાલે. કેમકે સરવાળાના ઉત્તરો મેળવતાં ગતિ વધારવી એ હેતુ હોવાથી મોંના ઉત્તરો ઠીક થઈ પડે. છતાં પણ બાળકોને લખતાં આવડતું હોય ત્યાં આ દાખલાના જવાબો તેઓ લખે તોય લાભ જ થાય.

એક રીતે આ સાધન સરવાળાના પાડા ગોખીને તૈયાર કરવાનું સાધન ગણાય. પરંતુ સમજ્યા વિના સરવાળા ગોખી મારવા અને આ રીતે સરવાળા સાધવામાં ભારે મહત્ત્વનો તફાવત છે. આ સરવાળા તૈયાર કરતી વેળા દરેક પળે બાળકની નજરે આંકડાના માપસર પટ્ટાઓ સતત રહ્યા જ કરે છે, એટલે સંખ્યાના તફાવતનું પ્રમાણ [જેમકે ૫ કરતાં ૭ એ ૨ વધારે છે.] સ્પષ્ટ રીતે મગજ પર છાપ પાડ્યા જ કરે છે. ૭+૮ નો જવાબ ૧૫ તુરત મોંએ આપનાર બાળક કરતાં આ સ્ટ્રીપ બોર્ડ પરથી જવાબ મેળવનાર બાળક પાસે ૭+૮ અને ૧૫ એ ત્રણે સંખ્યાનું પ્રમાણ સચોટ રીતે હોય છે. એક રીતે આ લંબાઈના પ્રમાણનો ખ્યાલ સંખ્યા માટે લાંબી સીડી પરથી બાળકે મેળવેલો તો હોય છે; આ સરવાળાથી એ ખ્યાલ વધારે દૃઢ અને સુસ્પષ્ટ રીતે મળે છે.

બાદબાકીનું સાધન પણ આ સરવાળાના પાટિયાને મળતું જ હોય છે. આ પાટિયા પર ચોરસ ખાનાં વગેરે સરવાળાના પાટિયા પ્રમાણે જ પાડેલાં હોય છે; માત્ર એમાં મથાળાની હારમાં જે આંકડા લખેલા હોય છે તેના રંગમાં તફાવત હોય છે, એટલે કે ૧ થી ૯ સુધીના પહેલા આંકડા લાલ રંગથી લખેલા હોય છે અને ૧૦ થી ૧૮ સુધીના બાકીના આંકડા ભૂરા રંગથી લખેલા હોય છે. સિવાય ૧ થી ૯ સુધીની વાદળી રંગની પટ્ટીઓ તો હોય છે, પણ લાલ પટ્ટીઓને બદલે ૧ થી ૧૭ સુધી આંકડા લખેલી અને ઉપર જરા ય આંકા પાડ્યા વિનાની પાટિયાના સાદા રંગની સત્તર પટ્ટીઓ હોય છે.

સાધન વાપરવા માટે સરવાળા પેટીની જેમ જ આ બાદબાકીની પેટીમાં પણ ઢાંકણા ઉપર શરૂઆતમાં આ બન્ને જાતની પટ્ટીઓ ક્રમસર ગોઠવીને કામની શરૂઆત કરવી.

સરવાળાની પેઠે જ બાદબાકીઓના દાખલા માંડેલાં જુદાં જુદાં કાર્ડ પેટી સાથે રાખવાનાં હોય છે. કાર્ડો ઉપર ૫–૪, ૫–૩, ૫–૨, ૫–૧, ૫–૫ વગેરે દાખલાઓ લખી રાખ્યા હોય છે. હવે પાટિયા પર દાખલા કેમ કરાય તે ઉદાહરણ લઈ સમજીએ.

ધારો કે ૭–૪ નો દાખલો ગણવો છે. આને માટે પેલા પાટિયા પર ૧ થી ૭ સુધીના જ આંકડા દેખાય અને બાકીના દબાઈ જાય એમ કરવાનું હોય છે. અને તેટલા સારુ પેલી સાદી ૧ થી ૧૭ પટ્ટીઓ હોય છે. તેમાંથી ૮ થી ૧૮ સુધીના આંકડા ઢાંકી દે તેવી પટ્ટી લઈને એ આંકડા ઢાંકી દેવાના હોય છે. કઈ પટ્ટી મૂકવાથી ઉપયોગી આંકડા પછીના બધા આકડા ઢંકાઈ જશે એ નક્કી કરવું–એવી યોગ્ય પટ્ટી બરાબર શોધી કાઢવી એ જરા અગવડ ભર્યું બને છે; બે ત્રણ પટ્ટીઓ બદલાવ્યા પછી જ યોગ્ય લંબાઈની (ઉપરના દાખલામાં ૧૧ વાળી) પટ્ટી જડે છે. પણ એના સારુ એક યુક્તિ પણ છે. ઘણીવાર બાળકો આ તદબીર શોધી કાઢે છે, પણ એ યોજના આપણે બાળકોને શરૂથી બતાવી પણ શકીએ. એ સાદી પટ્ટીઓ ૧૭ થી માંડીને ૧ સુધીની ક્રમવાર ઉપરથી નીચે ગોઠવી રખાવવી. હવે ૧૭ ની પટ્ટી મૂકવાથી ૧ વાળો આંકડો ખુલ્લો રહે અને બાકીના બધા ઢંકાઈ જાય. એટલે ૧ વાળો આંકડો ખુલ્લો રાખવો હોય તો ગોઠવેલી સાદી પટ્ટીમાંથી પહેલી પટ્ટી વાપરવાથી એ બને છે: એ જ રીતે ૭ નો આંકડો ખુલ્લો રાખવો હોય તો ૭ મી પટ્ટી (૧૭ થી માંડીને—જેમકે ૧૭, ૧૬, ૧૫, ૧૪, ૧૩, ૧૨, ૧૧) એટલે ૧૧ વાળી પટ્ટી લઈએ તો આપણું કામ સરે; ૧૦ નો આંકડો ખુલ્લો રાખવો હોય તો ૧૦ મી પટ્ટી એટલે ૮ આંકડા વાળી લેવાની વગેરે.

ઉપરના ઉદાહરણમાં આપણે ૭ નો આંકડો ખુલ્લો રાખવો છે એમ જોયું. બાદ કરવાની સંખ્યા હવે ૪ ની છે. તો ૪ વાળી વાદળી પટ્ટી લઈ સાદી પટ્ટીની ડાબી બાજુએ તે પહેલાંના આંકડા ઢંકાઈ જાય તેમ તે ગોઠવવી. [સરવાળામાં આપણે લાલ પટ્ટી જમણી બાજુ મૂકતા હતા.] આમ મૂકવાથી આંકડા પૈકી ૭, ૬, ૫, ૪ એટલા આંકડા દબાઈ જશે અને પાટિયા ઉપર |૧|૨|૩| આટલો જ ભાગ ત્રણના આંકડા સુધીનો એ હારમાં ખુલ્લો દેખાશે. એ દેખાતા આંકડાનો છેલ્લો આંકડો એટલે અહીં ૩ આપણા દાખલાનો ઉત્તર થયો.

આ લખવામાં જેટલો વખત ગયો તેટલો વખત બાળકને આ બધું સમજાવતાં કે ખાસ કરીને તેની પાસે દાખલાનો જવાબ મેળવતાં જતો નથી. બાળક તો તુરત ૭ માંથી ૪ બાદ કરીએ તો ૩ રહે તે શોધી શકે છે.

સરવાળાની પેઠે જ આ બાદબાકીના દાખલા મોંએ કરવા સારુ મુખ્યત્વે છે એટલે બાળકો કાર્ડો ઉપરથી દાખલા મોંએ કરે એમ કરાવવું; છતાં પણ લખી આપવાની રીત ન જ વાપરવી એમ નથી. આપણો હેતુ ઉત્તર–સાચા ઉત્તર મેળવ્યા છતાં ઝડપ વધારવાનો હોવાથી મોંના દાખલાથી એ સારી રીતે સરશે.

આ પાટિયાં :(સ્ટ્રીપ બૉર્ડ) બાળકોને માટે સરવાળા બાદબાકી અંગેનાં તુરત ઉત્તર મેળવવાનાં 'રેડી રેકનર્સ' ની ગરજ સારે છે. આ પાટિયાની મદદથી બાળકો ૧ થી ૧૮ સુધીની સંખ્યાના સરવાળા બાદબાકી ઝપાટાભેર મોંએ કરતાં શીખી જાય છે. અને આ હાજરજવાબીપણાનું મહત્ત્વ ભવિષ્યમાં તેમના ગણિતના કામ માટે પુષ્કળ છે. આવાં ઉદાહરણો માત્ર આંકડાના કાર્ડોથી અથવા અન્ય રીતે આંક મોઢે કરાય છે તેમ મોઢે કરાવી શકાય; પરંતુ ઉપરના સાધનોની મદદથી બાળકને હરેક પ્રસંગે આ બધા દાખલાઓમાં દરેક સંખ્યાનું પ્રમાણ તેના મહત્ત્વ પ્રમાણે સતત દૃષ્ટિ સન્મુખ રહેતું હોવાથી મુખપાઠ ઉપરાંત ગણિતની સાચી અને સ્પષ્ટ કલ્પના પણ તેમના મગજમાં ઊંડી છાપ પાડે છે.

આ સાધનોનો વપરાશ કેમ થાય તે એક વાર બાળકોને બતાવી દીધા પછી શિક્ષકને કાયમ હાજર રહેવાની જરૂર નથી રહેતી. બાળકો પોતાની મેળે જ આ સાધનો વાપરે છે. આંકડાના વપરાશથી સુપરિચિત થાય છે અને સરવાળા બાદબાકી મોંએ કરતા છતાં એ ગોખણિયું ન થઈ જતાં પટ્ટીઓની મદદથી એ બધું પ્રમાણસર સ્પષ્ટ તેની નજરે રહ્યા કરે છે, બાળકો સંખ્યાનો તુલનાત્મક ખ્યાલ સતત મેળવ્યા કરે છે.

આ પાટિયાંની બનાવટ સાવ સાદી છે. થોડુંક સુતારી કામ આવડતું હોય તો ઘેર પણ એ સહેલાઈથી બની શકે છે.

બાળશાળાઓમાં આ સાધન અતિ ઉપયોગી અને અનિવાર્ય ગણાવું જોઈએ.

તા.

નોંધ

નૂતન બાલ-શિક્ષણ સાધનાં પ્રમુખ શ્રી. સરલા દેવી સારાભાઈના જ્યેષ્ઠ પુત્ર શ્રી. સુહૃદભાઈના યુવાન વયે થયેલા અકાળ અવસાનની નોંધ લેતાં અમને અત્યંત ખેદ થાય છે.

ભાઈ સુહૃદભાઈ સંઘના આજીવન સભ્ય હતા. નૂતન બાલ કેળવણીમાં જ તેઓ ઉછર્યા હતા અને પોતાના પુત્રની કેળવણી માટે પણ ખૂબ ઊંડા રસથી વિચાર કરતા હતા. શિક્ષણ પત્રિકા સાથે તેમનો ઘણો જૂનો સંબંધ હતો. તેઓ અને તેમનાં પત્ની મનોરમાબેન

બન્ને નૂતન બાલ કેળવણીના સિદ્ધાંતોને સારી પેઠે સમજી શકયાં હતાં અને જીવનના રોજના વ્યવહારમાં ઉતારવા પ્રયત્ન કરી રહ્યાં હતાં. એવા એક શિક્ષણ રસિક આશાસ્પદ યુવાનના અકાળ મૃત્યુથી અમને સૌને ખેદ થાય છે. તેમના મૃત્યુથી તેમના કુટુંબીજનો પર આવી પડેલા દુખમાં અમે સહભાગી છીએ.

નૂતન બાલ-શિક્ષણ સંઘની - અમદાવાદ અને મુંબઈ શાખાની કાર્યવાહક સભાએ ભાઈ સુહૃદ-ભાઈના અકાળ અવસાન અંગે નીચે પ્રમાણે ઠરાવ પસાર કર્યો હતો.

'શ્રી. સુહૃદભાઈનું અકાળ અવસાન થતાં નૂતન બાલ શિક્ષણસંઘનાં પ્રમુખ શ્રી. સરલાદેવી અંબાલાલ, શેઠ શ્રી. અંબાલાલ સારાભાઈ, શ્રી. મનોરમા બેન સારાભાઈ અને કુટુંબી જનો ઉપર જે આપત્તિ આવી પડી છે તે પ્રત્યે નૂતન બાલ શિક્ષણસંઘના સભ્યો સહૃદય દિલસોજી પ્રદર્શિત કરે છે અને સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાન્તિ આપો એવી પ્રાર્થના કરે છે.'

મુંબઈના ભાટિયા સ્ત્રીમંડળ હસ્તક ચાલતાં બાલ મંદિરોનું નિરીક્ષણ નૂતન બાલ શિક્ષણ સંઘનાં મંત્રી શ્રી. તારાબેન મોડકે કર્યું હતું. મુંબઈનું ભાટિયા સ્ત્રીમંડળ લોકસેવાની અનેક પ્રવૃત્તિઓ જેવી કે, બાલ મંદિરો, કન્યા મંદિરો, પુસ્તકાલયો અને ગૃહ ઉદ્યોગાલયો ચલાવી રહ્યું છે. ખાંડ બજાર અને કોટ જેવા ધમાલિયા લત્તાઓમાં બાલ મંદિરોનું સુવ્યવસ્થિત સંચાલન ભાટિયા સ્ત્રી મંડળની વ્યવસ્થા શકિત અને કાર્યદક્ષતાનું ઉત્તમ પ્રતિક છે. બાલ મંદિરોમાં નવીન બાલકેળવણીના સિદ્ધાંતોની સુંદર રીતે ખિલવણી થઈ રહી છે. પૂરતાં સાધનાં, કાર્યકર્તાઓની શિશુ સેવાની તમન્ના અને શિક્ષકોની પદ્ધતિસરની શિક્ષણસરણી બાલ જગતની ઉત્તમ સેવા કરી રહ્યાં છે. ભાટિયા સ્ત્રી મંડળની અનેકવિધ પ્રવૃત્તિઓ સ્ત્રી કાર્યદક્ષતાની સુંદર પ્રતિતિ કરાવે છે અને સ્ત્રીઓ માટે અનુકરણીય આદર્શ રજૂ કરે છે.

તંત્રી

— —

નૂતન બાલશિક્ષણ સંઘના સભ્યો માટે વધારાનું લવાજમ

સામાન્ય સભ્ય વાર્ષિક આઠ આના.

બાલશિક્ષણમાં કામ કરનાર તરફથી સક્રિય-સભ્ય તરીકે વાર્ષિક રૂપિયા બે.

બાલકાર્ય તરફ સહાનુભૂતિ દર્શાવનાર તરફથી સહાયક સભ્ય તરીકે વાર્ષિક રૂપિયા બે.

બાલશિક્ષણ સંસ્થાને સંઘ સાથે જોડાણ માટેનું લવાજમ રૂપિયા પાંચ વાર્ષિક.

શિક્ષણ પત્રિકાનું લવાજમ

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે એક રૂપિયો. ફકત વર્ષની શરૂઆત માર્ચ મહિનાથી ગણાય છે.

પરદેશ માટે લવાજમ દોઢ રૂપિયો અથવા બે શિલિંગ લેવાય છે.

લવાજમ નીચેને સરનામે મોકલવું:—
ગોપાળરાવ ગ. વિદ્વાંસ, વ્યવસ્થાપક, શિક્ષણપત્રિકા, મહાજન ગલી; જ્ઞાનમંદિર, રાવપુરા; વડોદરા.

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

તત્ત્વ ઉપાસના

તત્ત્વ – વિચારને માટે બુદ્ધિ જોઇએ.
તત્ત્વ – આચારને માટે કર્મબળ જોઈએ..
ભાવના આ બન્નેને જોર આપે છે.
પણ ભાવના તેને નબળાં પણ પાડી શકે છે.
ભાવનાના આંદોલનોમાં
તત્ત્વ ઉપાસના ટકાવવી મહામુશ્કેલ.
માટે નબળી ભાવનાથી ચેતવું જોઈએ.

વર્ષ ૧૭ | :: કાર્યાલય :: | અંક ૧૦
૧૯૯૬ | દાદર, મુંબઈ ૧૪ | માગશર

સ્વ. ગિજુભાઈ સ્મારક બાળા

સ્વ. ગિજુભાઇએ બાળકો માટે કેટલું બધું કર્યું છે. તેમની વકીલાત કડકમાં કડક શબ્દોમાં કરી બાળકોના જીવન હકકો માટે તેઓ જિંદગી સુધી લડયા. બાળકોની સાથે ગાયું, બાળકોની સાથે તેઓ નાચ્યા. બાળકોને વાર્તાઓ કહી અને બાળકો માટે વાર્તાઓ લખી. એકંદરે તેમનું બધું કાર્ય તેમણે બાળકોને જ અર્પણ કર્યું હતું.

બાળકોએ તે જાણવું જોઈએ. આજનાં બાળકોએ જાણવું જોઈએ. ભવિષ્યનાં બાળકોએ પણ જાણવું જોઈએ. બાળકો મોટાં થઈને તેમનાં બાળકોને ને તેઓ મોટાં થશે ત્યારે તેમનાં બાળકોને સ્વ. ગિજુભાઈના કાર્ય વિષે કહેશે. સ્વ. ગિજુભાઈનું સ્મારક એ રીતે થવું જોઈએ કે દરેક બાળક તેમને જાણે, તેમનાં કાર્યને જાણે અને તે આગળ ચલાવે.

આ દૃષ્ટિથી સ્વ. ગિજુભાઈ સ્મારક બાળા છાપવાનું નકકી કર્યું છે. જેથી પ્રાંતેપ્રાંતના બાળકોના હાથમાં સ્મારક બાળાની ચોપડી જાય ને તેઓને પૂ. ગિજુભાઈનું સ્મરણ કરાવી આપે, ઓળખાણ કરી આપે.

સ્વ. ગિજુભાઈ એ પોતાના જીવતાંજ બાળ સાહિત્ય નવી ઢબે, નવી શૈલીએ અને નવા વિષયોમાં લખીને પોતાનું સ્મારક તો કરીજ રાખ્યું છે. હવે જે આપણે સ્મારક કરવાનું તે જુદી જાતની બાળા શરૂ કરીને કરવુ જોઈએ. સ્વ. ગિજુભાઈ એ બાળકોની એક જાતની ભૂખ ભાગી. શું વાંચવુ? શું વાંચવું ? એમ બાળકોને થતું હતું વાંચવુ તો છે પણ વાંચવા જેવું કાંઈ નથી એવી તે વખતે સ્થિતિ હતી. સ્વ. ગિજુભાઈ એ હાથ બતાવ્યો અને તે સ્થિતિ સુધરી છે. તે રસ્તે બીજા ઘણા નવું નવું લખે છે, છપાવે છે. તેથી બાળકોને વાંચવાનું મળે છે.

એજ જાતની બીજી એક ભૂખ ભાગવાની જરૂર છે વાચનની પહેલાં બાળકો ચિત્રની ભાષા સમજી શકે છે. ચિત્રની ભાષા જાગતિ છે. તેની લિપી ખાસ શીખવી પડતી નથી. તેનું વ્યાકરણ ખાસ જાણવું પડતું નથી. ચિત્રો જોતાં શીખવું પડે છે. ચિત્રો જોતાં જોતાંજ તે આવડે.

ચિત્રોથી બાળકોને ઘણો જ આનંદ મળે છે તેનું કારણ છે કે વાચનથી કલ્પનાની આંખ આગળ જે પ્રત્યક્ષ થાય છે તે ચિત્રથી પોતાની ચર્મચક્ષુ આગળ પ્રત્યક્ષ જ બહુ હોય છે. સ્પષ્ટ ને સરસ કલ્પના તો પ્રત્યક્ષ જોએલું હોય તો જ આવે. ને બાળકે જગત બહુ થોડું જોએલું હોય છે–એટલે જગતનો વિવિધ પરિચય કરાવવાને માટે ભાષા કરતાં પણ ચિત્રો વધારે ઉપયોગી છે.

આજ વિચારથી બાળવાચનમાં ચિત્રોની યોજના થઈ છે. પણ ખરી રીતે વાચન સાથે ચિત્રોની જરૂર છે તેના કરતાં ચિત્રાની સ્વતંત્ર ચોપડીની વધારે જરૂર છે. આજે તો બાલવાચનપોથીમાં ચિત્રો હોવાંજ જોઈએ એવો સરકારે કાયદો કર્યો છે એટલે બે આનાની કે ચાર આનાની ચોપડીમાં ઢૂકવાં પરવડે એવાં ગમે તેવાં સસ્તામાં સસ્તાં ચિત્રો આપવાં એ પ્રથા થઈ ગઈ છે. એમાં વળી કોઈ જરા સારાં કરે તો કોઈ ગમે તેવાં કરે. બાળકો માટે આવાં ચિત્રોથી કામ ન સરે. જેમ બાળવાર્તાની, બાળ કવિતાઓની ચોપડીઓ હોય તેમજ બાળકો માટે ચિત્રોનીજ ચોપડીઓ હોવી જોઈએ. તે માત્ર એક આનંદ કે મજા છે

માટે નહિ પણ બાળકોના બુદ્ધિવિકાસમાં તેનું ચોકકસ સ્થાન છે માટે. બાળ ઉમરની એ આવશ્યક જરૂરિઆત છે માટે.

આજે થોડાએક ભીંતે ટીંગાડવાનાં ચિત્રો નીકળ્યાં છે; થોડાએક ચિત્રપટો નીકળ્યા છે. બાકી ઘણીખરી અંગ્રેજી ચોપડીઓથી બાળકોની આ જરૂરિયાત પૂરી પાડવાનો પ્રયત્ન થાય છે. ભીંતનાં ચિત્રો ને ચિત્રપટો તદ્દન સામાન્ય કોટીનાં છે. અંગ્રેજી ચોપડીઓ કેટલીએક બહુ જ સુંદર છે. ચિત્રો હોવાથી તેમનો થોડો ઘણો ઉપયોગ થાય છે. તેમનાં દેશો વિષે જ જણવું હોય ત્યારે તે કામની છે. પણ તેમનાં નર્સરી રાઇમ્સ એમની નર્સરી વાર્તાઓનાં કે રમતોનાં કે બાળ જીવનનાં ચિત્રો રોજને રોજ જોવાથી શો લાભ ! તેમનાં બાળકો કેમ રમે છે. તેમનાં ખેતરો; તેમનાં ખેતરોનાં પશુપક્ષી ને ખેતીજીવન જાણવા માટે તે બધું બહુ સાંરું છે. પણ આપણાં બાળકો આપણું ગામડું, આપણું ખેતીજીવન, આપણાં પશુપક્ષી, આપણાં અનાજ ને શાક-ભાજી કાંઈ ન જાણે ને માત્ર તેમના ગુલાબી ડુકરનાં બચ્ચાં ને રાયનાં ખેતરો ને બરફથી આચ્છાદિત ઝાડો જુએ: ને સ્નોબૉલની રમતોનાં ચિત્રો જુએ એ બરાબર લાગતું નથી.

ચિત્રના વિષયો માટે આપણો દેશ ઘણોજ સંપન્ન છે. તેની માહિતી આપણાં બાળકો આગળ ચિત્રના રૂપમાં શા માટે ન આવે? ભૂગોળની દૃષ્ટિએ, ઇતિહાસની દૃષ્ટિએ, મનુષ્ય જીવનની દૃષ્ટિએ, આપણી જૂની સંસ્કૃતિની દૃષ્ટિએ, આપણું બાળજીવન ને બાળજીવનની ગમ્મતોની દૃષ્ટિએ, ચરાચર સૃષ્ટિના પરિચયની દૃષ્ટિએ, વિજ્ઞાનની દૃષ્ટિએ એમ અનેક દૃષ્ટિએ સુંદર પુસ્તકો હોઈ શકે. તેમાં આપણી વિશિષ્ટ ચિત્રકળા પણ પ્રગટ થાય. આપણું જીવન વિષેનું દૃષ્ટિ બિંદુ પણ રજૂ થાય. લોકકળા ને લોક ચિત્રમાં જે જે સંસ્કારી તત્ત્વો છે તે બાળચિત્રનાં પુસ્તકોમાં અવશ્ય આવે એ પણ જોવાવું જોઈએ. લોકબાલવાર્તા ને લોકબાલગીતો બાળકોને ખાસ માફક આવે છે. ભાષા, રચના, વિષય, કાવ્યમયતા ને રસિકતા બધી દૃષ્ટિએ લોકબાળસાહિત્ય જેમ બાળકોને ફાવે તેમ નીવડયું છે તેમ જ લોકકળા પણ બાળમનને વધારે સારી રીતે માફક આવશે. માત્ર જેમ લોક સાહિત્યના મોટા અને અવ્યવસ્થિત જથ્થામાંથી પૂ. ગિજુભાઈએ રત્નો ઉપાડી ઉપાડી ખંખેરીને; લૂછીને, સરસ રૂપમાં બાળકો આગળ ધર્યાં; તેમ બાળકો માટેના લોકકળાના નમૂના શોધીને તેઓ ગ્રહણ કરી શકે, મજા લઈ શકે તેવા રૂપમાં બાળકો આગળ ધરવાનું કામ બાળરસિક ને બાળકોને સમજી શકે એવા ચિત્રકારોએ કરવાનું છે.

બીજું જેમ બાળવાચનના ને બાળકવિતાના યોગ્ય વિષયો બાળસાહિત્ય લખનારા લેખકોને હાથ આવવા લાગ્યા છે, તેમ જ બાળ ભાષા પણ ખેડાણી છે; બાળમન ઊડી શકે, ઝીલી શકે એવી કલ્પના, તરંગો, ગગન વિહાર બધું બાળ કાવ્યમાં ને ગદ્યમાં આવ્યું છે. તે બધું બાળ ચિત્રનાં પુસ્તકોમાં લાવનાર બાળ ચિત્રકારોની હવે જરૂર છે. જેમ ચકલી ને કાગડા કે ગલુ-ડિયાં: ને બચોળિયાં એ બાળભોગ્ય વિષયો છે એમ બાળલેખકોને ખબર પડી એટલે તે એક જ વિષય ઉપર અનેક લેખકોએ કલમ અજમાવી ઘણી જાતનાં કાવ્યો, પાઠો ને વાર્તાઓ લખી તેમ જ એજ વિષય ઉપર ચિત્રકારો પોતાની પિંછી ચલાવે તો ચકલીનાં કેટલાં સુંદર ચિત્રો આપણી આગળ આવે. ચકલી ધૂળમાં નહાય છે, ચકલી માળો બાંધે છે, ચકલી દાણા ટીપે છે, ચકલી પોતાનાં બચ્ચાંને ખવરાવે છે,

નાચતી ચકલી, ઊડતી ચકલી, ઝાડપર ચકલી, ઘર ઉપર, ઘરની અંદર અનેક રીતે એકે ચકલીને ચિત્રકાર રજૂ કરી શકે. સાહિત્ય, વિજ્ઞાન બાળ જીવન સાથે સંકળાએલું પશુપક્ષીનું જીવન બધું બાળકની આંખ આગળ પ્રત્યક્ષ કરી દઇ શકે. ટૂંકમાં જે બધા વિષયો બાળકના રસના કુતૂહલના, અને બાળ જીવન તરીકે આજ સુધી ચુંટાયા છે તે બધા બાળચિત્રપોથીના હોઈ શકે છે. સાગર ને હોડકાં; વિમાન ને પતંગિયાં, પતંગ ને ગેડીદડો, ફૂલો ને પક્ષી, ગૃહ જીવન; સગાં સંબંધી કેટલાં નામ દઈ એ? બાળકના રસનું ક્ષેત્ર બાળસાહિત્યકારોએ પકડી પાડયું છે. બાળકની દુર્દમ્ય–જિજ્ઞાસા ને કુતૂહલને તેમણે જાણ્યું છે. બાળકની ગમ્મત ને વિનોદ–વૃત્તિ સાથે તેઓ એકરૂપ થયા છે તેમ જ ચિત્રકારો થાય તો બાળકોની અજબ એવી ચિત્રસૃષ્ટિ તેઓ ઉત્પન્ન કરી આપી આ ક્ષેત્રમાં જે આપણા બાળકોની કંગાલ હાલત છે તે મટાડી શકે છે.

આજની પરિસ્થિતિમાં કાંઈ પણ છાપવું એજ મહા મુશ્કેલીવાળું થયું છે. તેમાં ચિત્રો અને તે પણ રંગીન તો અત્યંત અઘરૂં, લગભગ અશકય જેવું થયું છે. છતાં પૂ. ગિજુભાઈનું સ્મારક કરવું હોય તો તે યોગ્ય વખતે જ થવાની જરૂર છે. મૂળે સ્મારક ફંડ શરૂ કરતાં જ મોડું થયું. પછી તેની વ્યવસ્થા થતાં કેટલોયે કાળ ગયો. ને હવે થોડાં ઘણાં પણ નાણાં પાસે છે ત્યારે પરિસ્થિતિને કારણે આ વસ્તું આગળ ઠેલીએ ને સ્મારકનો વખત ચાલ્યા જવા દઈએ એ યોગ્ય નથી.

એટલે ધીમે ધીમે થોડા પ્રમાણમાં પણ શરૂઆત થાય તેજ યોગ્ય એમ જણાય છે.

મૂળે ચિત્રની ચોપડીઓ મોંઘી પડે છે માટેજ તેની શરૂઆત આપણા દેશમાં નથી થઈ શકતી. આગળ ઉપર બાળવાર્તાવાલિ ને ચાલણગાડી વગેરેમાં સારાં ચિત્રો આપવાનો પ્રયત્ન થએલો. ને ૧॥ રૂપિયે એક વાર્તાની ચોપડી ને ચાર આને એક બાળપોથી દેશની ગરીબાઈની દૃષ્ટિએ ટીકાપાત્ર થએલી હું જાણું છું. બીજું આજકાલ ચિત્રકારોને પણ આજ ધંધા ઉપર ગુજરાન ચલાવવાનું હોય છે. દક્ષિણામૂર્તિ ભવનના લેખકોએ કાંઈપણ વેતન લીધા વગર લખી આપવાનું વ્રત લીધું ને પ્રકાશનમંદિરે પણ ધંધાદારી રીતે નફો મેળવ્યા વગર વેચવાની યોજના કરી ત્યારેજ ઘેર ઘેર બાળસાહિત્યની ચોપડીઓ દેખાવા લાગી. ચિત્રપોથીની યોજનામાં ચિત્રકારોની પરિસ્થિતિ અને ચિત્રપોથી ખરીદનાર માબાપોની પરિસ્થિતિ ધ્યાનમાં લઈને યોજના કરવાની જરૂર છે. તે માટે બેજ રસ્તાઓ દેખાયં છે. એક તો જે ચિત્રકારો બીજી કોઈ નોકરી અથવા કામો કરી પોતાનું ગુજરાન આજ ચલાવે છે ને જેમને ગુજરાનની ખાસ ચિંતા નથી તેમણે આ સ્મારકમાં પોતાના ફાળા તરીકે વિનામૂલ્યે ચિત્રો આપવાં જોઈએ. પૈસાદારો જેમ ગિજુભાઈ પ્રત્યેના પ્રેમભાવથી અને તેમનું કામ આગળ ચલાવવાની શુભ ભાવનાથી સ્મારક ફંડમાં નાણાં ભરે છે તેમજ ચિત્રકારોએ પોતાની પિંછી અને પ્રતિભા આ સ્મારકને ભેટ કરવી એવી અમારી તેમને આગ્રહ ભરી વિનંતિ છે. જે ચિત્રકારો પોતેજ આર્થિક મુશ્કેલીમાં હોય તેમને મફત કામ કરવું શકય બનશે નહિ એ સમજી શકાય છે. પણ તેઓ બહુજ માફક કિંમતે કામ કરી આપે એટલું તો તેમની પાસે પણ માગીએ છીએ.

બીજું તો એ કે પુસ્તકો વધારે જથ્થામાં છપાય તોજ કાંઈક માફક કિંમતે વેચી શકાય છે એ બન્નરભાવનું સાદું તત્વ છે. બ્લૅકી વગેરે અંગ્રેજી ફર્મસ્ ને પાંચ છ આને રંગીન ગ્લેઝ કાગળના ચિત્રોની ચોપડી વેચવી પોસાય ને આપણી બાળ-

વાર્તાવલિ દોઢ રૂપિયો કિંમત રાખીને પણ ખોટ ખાઈને વેચવી પડે તેનુ એક રહસ્ય આ હશે. તે માટે ઉપાય એ છે કે હિંદુસ્તાનના તમામ પ્રાંતોમાં આ પુસ્તકો વેચાય એવી યોજના કરવી જોઈએ. નીચે લખવાનાં નામો અથવા વાક્યો દરેક ભાષામાં લખવાની યોજના થઈ શકે. કાંતો હિંદી, મરાઠી, બંગાળી અને ગુજરાતી એવી જુદી જ નકલો છપાય પણ ચિત્રનો બ્લૉક એકજ રહે અથવા પુસ્તકમાં બે ત્રણ ભાષાઓ લખાય. એ તો વિગતોનો પ્રશ્ન છે. ને તે આગળ ઉપર છપાવતી વખતે ઉકેલી શકાય. મુખ્ય તો ચિત્રપોથીની સામટી નકલો છાપવાની યોજના કરવાની વાત સ્વીકારવી જોઈશે. આ રીતે આપણે આપણાં બાળકોના વાલીઓ તે ખરીદી શકે એવી ચિત્રની ચોપડીઓ બહાર પાડવાની યોજના કરી શકીએ. જે લોકો આજે ચાર આનાથી દસ દસ રૂપિયા સુધીની ચિત્રની, ચોપડીઓ બ્લૅકી થૅકરી કે લૉંગમેન વગેરે પાસેથી ખરીદે જ છે તે લોકોએ આ ચિત્ર પોથીઓના વેચાણમાં પહેલા ઑર્ડર નોંધાવીને મદદ કરવી જોઈએ. એટલે એક નવી દિશામાં બાળકોને આવશ્યક એવી જરૂરિયાત પૂરી પાડવાનુ સુંદર કાર્ય ગિજુંભાઈના સ્મારક તરીકે થઈ શકશે.

આજે પૂ. ગિજુભાઈનાં સગાંઓ, ને તદ્દન નજીકના મિત્રો અને તેમના પ્રત્યે અત્યંત આદર ને પ્રેમ ધરાવનાર વિદ્યાર્થીઓમાં મને કેટલાએ ચિત્રકારો દેખાય છે. તે બધા સાથે મળી આ કામમાં સહકાર આપે તો કેટલું ઝડપથી ને ઉત્તમ કામ થશે. આ લેખ દ્વારા તે બધાને મારી વિનંતિ છે કે તેઓ કઈ રીતે સહકાર આપી શકે તે તેમણે મારા પર પત્ર લખીને જણાવવું; તેમજ પોતાના વિચારો પણ જણાવવા. મારી ખાતરી છે કે તેમની સૂચનાઓ ઘણી જ કીમતી નીવડશે.

મારી ધારણા છે કે આ માળાની પહેલી ચોપડી બાળકોનો મિત્ર–ગિજુભાઈ એ હોઇ શકે. દરેક બાળક તેમનો હસતો ચેહરો જુએ, તેમની બાળપ્રિય મૂછો, ને તેમની ઘણીં વાતો ચિત્રકારો માટે સુંદર વિષય છે. જે જે ચિત્રકારોએ તેમને નાચતા, ગાતા, નાટક કરતા, ગંભીરતાથી વ્યાખ્યાનો આપતા, ઓરડો ચલાવતા, ભોજન વખતે શાંત બેસી ઓમ સહનાંવવતુ બોલતા જોયા છે તે તે એક એક સુંદર ચિત્ર દોરીને તો જરૂર આપી શકશે. એ પુસ્તક ફોટાઓનું નહિ પણ ચિત્રનું હોય. તે મોટાઓની દૃષ્ટિએ નહિ પણ બાળકોની દૃષ્ટિએ હોય. ને ગઈ કાલનાં ને આજનાં જ નહિ પણ ભવિષ્યનાં બાળકો માટે પણ હોય. શ્રી રવિભાઈ, શ્રી સોમાભાઈ, શ્રી વિનુભાઇ શ્રી. સુશીલાબેન. શ્રી. નર્મદાબેન, એવાં દસકે નામો તો સહેજે લઈ શકાય કે જે બધાં મળી પહેલી ચોપડી તો તરત જ કરી આપી શકશે.

આ પછીનો પહેલો સેટ તો જે ચિત્રકારો પોતાની કળાની ભેટ આપી શકે તેમના ચિત્રોની થશે. આશા રાખીએ કે જરૂર એવી ભેટો આવશે.

સાભાર સ્વીકાર

શ્રી. તારાબાઈ પ્રેમચંદ તરફથી હરિજન શાળાઓને મફત શિક્ષણપત્રિકા આપવા માટે ગયા માસે અમને રૂા. ૨૫ ભેટ મળ્યા છે. તેનો આભાર સાથે સ્વીકાર કરીએ છીએ. તેમાંથી પંદર શાળાઓને પત્રિકા મોકલવી શરૂ કરી છે. જે હરિજન શાળાઓને પત્રિકાની જરૂર હોય તે અમને જણાવે.

શિક્ષણ પત્રિકાનું લવાજમ

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે એક રૂપિયો ફક્ત વર્ષની શરૂઆત માર્ચ મહિનાથી ગણાય છે.

પરદેશ માટે લવાજમ દોઢ રૂપિયો અથવા બે શિલિંગ લેવાય છે.

લવાજમ નીચેને સરનામે મોકલવું :—

ગોપાળરાવ ગ. વિદ્વાંસ, વ્યવસ્થાપક, શિક્ષણપત્રિકા, મહાજન ગલી; જ્ઞાનમંદિર, રાવપુરા; વડોદરા.

વિજ્ઞાન શિક્ષણ

હાલની પ્રાથમિક શાળામાં અત્યંત મહત્ત્વના છતાં અત્યંત દુર્લક્ષિત એવા બે વિષયો શિક્ષકો ચલાવે છે. એક હસ્તવ્યવસાય અને બીજો વિજ્ઞાન અથવા સૃષ્ટિજ્ઞાન. શિક્ષકોને ગણિત, ભાષા, ઇતિહાસ ને ભૂગોળ આ મહત્ત્વના વિષયો લાગે છે. ખાસ કરી ગણિત, લેખન ને વાચનનું મહત્ત્વ બધાંએ બહુજ વધાર્યું છે. પણ ખરું જોતાં બાળકોના વિકાસની દૃષ્ટિએ વિજ્ઞાન અને હસ્તવ્યવસાય એ વધારે મહત્ત્વના વિષયો ગણવા જોઈએ. એનું કારણ એ કે લેખન, વાચન, ગણિતનો ઉપયોગ તેમના અત્યારના જીવનમાં એટલો બધો નથી; જેટલા પ્રમાણમાં આપણે તેના પર ભાર મૂકીને શીખવ્યા જ કરીએ છીએ. ઘુંટાવીએ, મોઢે કરાવીએ, કટકટ ગણતાં કરીએ, ધડધડ વાંચતાં કરીએ તે બધાનો તેમના આગળના જીવનમાં ઉપયોગ હોય છે. પણ હસ્તવ્યવસાય વડે તેઓ પોતાના હાથપગ વાપરતાં થાય, જીવન ઉપયોગી એવીઃ હીલચાલો શીખે, નવું નવું ઉપજાવતાં શીખે, કલાત્મક સુંદર એવું જોતાં ને કરતાં શીખે એ તેમને માટે વધારે જરૂરનું છે. આમાં બેઠા બેઠા બુદ્ધિ ચલાવવાની હોતી નથી. પણ હાથ પગ હલાવવાના હોય છે. તેનો વપરાશ મળે છે; ને સૌથી વધારે તો સર્જન શક્તિને વેગ મળે છે. પોતે જાતે કાંઇક બનાવવાનું મળે છે. આમાં વિકાસનું સાચું પોષણ થાય છે. આ જ દૃષ્ટિએ કેળવણીકારોએ આ વિષયનું મહત્ત્વ ગાયું છે ને તેથી જ તે પ્રાથમિક શાળામાં દાખલ થયું છે. પણ પ્રાથમિક શાળામાં હજી પાંડિત્ય શિક્ષણનુ જોર એટલું બધું છે કે શિક્ષકો, વાલીઓ ને નિરીક્ષકો બધાં છોકરાંઓને ગણિત કેટલું આવડ્યું છે, આંક મોઢે થયા છે કે નહિ, દાખલા ગણે છે કે નહિ, કડકા લખે છે કે નહિ, કડકડ વાંચે છે કે નહિ એ જ જુએ છે. છોકરાંઓએ પોતે કાંઈ તૈયાર કર્યું છે કે કેમ એ તો કોઈ જોતું જ નથી.

વિજ્ઞાન શિક્ષણથી ખાસ તો વૈજ્ઞાનિક રીતે વિચાર કરવાનું શિક્ષણ મળે છે તે મહત્ત્વનું છે. વૈજ્ઞાનિક દૃષ્ટીએ આસપાસની દુનિયાને જોવી, વૈજ્ઞાનિક રીતીએ તેને સમજવી ને વૈજ્ઞાનિક એટલે શુદ્ધ તાર્કિક રીતીએ વિચાર ને અનુમાનો કરવાં ને સિદ્ધાંતો બાંધવા એ અત્યંત મહત્ત્વની બાબત છે. કોઈ વાર્તામાં આવે કે અલાદીને જૂનો દીવો ઘસ્યો એટલે રાક્ષસ ઉત્પન્ન થયો ને તેણે એક રાતમાં સાત માળનો મહેલ બાંધી આપ્યો. તે બાળકો સાંભળશે; મજા લેશે– પણ વૈજ્ઞાનિક વિચાર કરનારું બાળક તેના પર વિશ્વાસ રાખશે નહિ. આ બધું શક્ય છે! એવું બની શકે? વગેરે પ્રશ્નો તે તરત પૂછશે. બોટી વાતો ગમ્મત તરીકે સાંભળવી એ જુદું અને દેવાદિની પૌરાણિક કે પરીની વાતો બધી સાચી જ એમ ધર્મભોળપણામાં માની લેવું એ જુદું. વૈજ્ઞાનિક રીતે વિચાર કરનારાં બાળકો તરત પૂછવા લાગે છે કે, આમ બની શકે? કેમ બને? આનું કારણ શું? હરેક વાત વૈજ્ઞાનિક રીતે તપાસીને–કસીને સમજી લેવાની વૃત્તિ બાળકમાં જાગવી જોઈએ. એનું જ નામ વૈજ્ઞાનિક શિક્ષણ. વિજ્ઞાનની કોઈ પણ અમૂક શાખા, તેની ખાસ ચોપડીનો અભ્યાસ અથવા ખાસ વિશિષ્ઠ હકીકત કે પ્રયોગ છોકરાંઓને શીખવાડવો કે તેમની પાસે બોલાવી લેવો કે તેની પરીક્ષા લેવી વગેરે કરવાની જરાએ જરૂર નથી. ઊલટું એ રીતે વિજ્ઞાન-શિક્ષણ

તો કંટાળારૂપ થાય ને વૈજ્ઞાનિક વાતો પ્રત્યે પ્રેમ ઊપજવાને બદલે અણગમો પેદા થાય. ભૂલ વગર કહેતાં આવડે એ મહત્ત્વનું નથી પણ શુદ્ધ તર્ક-બુદ્ધિ બીલે તે જરૂરનું છે. આવી બાબતોમાં જિજ્ઞાસા વધે, પ્રયોગ કરી જોવાની વૃત્તિ જાગે, માહિતી મેળવવાનો શોખ ઉત્પન્ન થાય એ જરૂરનું છે. બરાબર અવલોકન કરતાં આવડે, તે પરથી બરાબર વિચાર કરતાં ને બરાબર અનુમાનો બાંધતાં આવડે એ જરૂરનું છે. બાળકોના શિક્ષણનો આ પાયો છે. એટલે જ વિજ્ઞાન શિક્ષણ ઉપર વધારે ધ્યાન આપવું જોઈએ. સારા સારા શિક્ષકોએ વિજ્ઞાન-શિક્ષણ કઈ રીતે અપાય તેનો વિચાર કરી તે ઉત્તમ રીતે શિખવવાની યોજના ઘડવી જોઈએ.

વિજ્ઞાન શિક્ષણ મૅટ્રિકનો વિષય માની લેવામાં આવ્યો છે.વૈજ્ઞાનિક પ્રયોગ શાળા હાઈસ્કૂલમાં હોવી જ જોઈએ એવો યુનિવર્સિટીનો નિયમ છે. પણ પ્રાથમિક શાળાની પ્રયોગશાળા વિષે કોઈએ વિચાર જ કર્યો નથી. ત્યાં એક સૃષ્ટિનિરીક્ષણ જેવો ગૌણ વિષય રાખીને પતાવી દેવામાં આવ્યું છે. તે બરાબર નથી. જગતનો પરિચય અત્યંત ઉત્સુકતાથી, અત્યંત કુતૂહલથી ને જિજ્ઞાસાથી કરી લેવાની ઇચ્છા બાળવયમાં સૌથી વધારે તીવ્ર હોય છે. તે જ વખતે તેમને વૈજ્ઞાનિક દૃષ્ટિ અને વિચારસરણીની દિશા મળી જાય તો તે ખૂબ જ લાભદાયી થાય.

ઉપર કહ્યું તેમ પ્રાથમિક શાળામાં વિજ્ઞાનનાં બાસ પાઠય પુસ્તકો રાખી તેના પાઠો તૈયાર કરી લેવામાં વિજ્ઞાન શિક્ષણ જરા પણ સારું થતું નથી. સાચું જીવંત શિક્ષણ મળવું જોઈએ. તે માટે નીચેની બાબતો થવી જોઈએ.

(૧) વૈજ્ઞાનિક અવલોકન. (૨) વૈજ્ઞાનિક સંગ્રહો. (૩) વૈજ્ઞાનિક રમતો. (૪) વૈજ્ઞાનિક ચિત્રનિરીક્ષણ. (૫) વૈજ્ઞાનિક પ્રવાસો. (૬) વૈજ્ઞાનિક પ્રદર્શનો (૭) વૈજ્ઞાનિક ખબાણ (૮) વૈજ્ઞાનિક પુસ્તકાલય. આ આઠ બાબતો કેવી રીતે થઈ શકે તે હવે જોઈ એ.

(૧) વૈજ્ઞાનિક અવલોકન

વૈજ્ઞાનિક શોધ, પ્રયોગ વગેરે બાબતોના મૂળમાં વૈજ્ઞાનિક અવલોકન હોય છે. વૈજ્ઞાનિક રીતે અવલોકન કરવું અને માત્ર જોવું એમાં ફેર છે. વૈજ્ઞાનિક અવલોકનમાં પહેલી વાત તો એ હોય કે જોવું હોય તેવું જ જોવું જોઈએ. ઘણીવાર જોનાર પોતાના મનમાં જે હોય તે બહાર જુએ છે. ઘણીવાર તેને જે જાતનું જોવાની ઇચ્છા હોય અથવા ગમે એવું છે માટે તેને તેવું દેખાયા કરે. પણ ખરો વિજ્ઞાન-શાસ્ત્રી પોતાના ઘરનું કશું પણ ઉમેરવા તૈયાર હોતો નથી. જે હોય ને જેવું હોય તેવું જ તે જુએ છે. તેવું જોવું જ તેને ગમે છે.

બીજું અવલોકનમાં ખૂબ ધીરજ જોઈએ, જરા પણ કંટાળા વગર કલાકો ને કલાકો પણ અવલોકન કરી શકે તે જ ખરો વૈજ્ઞાનિક થઈ શકે.

ત્રીજું થોડાંએક અવલોકન પરથી ઉતાવળે સિદ્ધાંતો ને અનુમાનો ન થઈ શકે. પોતાનાં અનુમાનો ફરી ફરીના અવલોકનથી સાચાં છે કે નહિ તે નક્કી કરી લેવાની તેની તૈયારી હોય છે.

આ જાતનું અવલોકન કરતાં આવડે તે માટે અવલોકન કેમ કરાય એ વિષે છોકરાંઓ આગળ એક વ્યાખ્યાન આપવાથી નહિ ચાલે. પણ શિક્ષકોએ બાળકો સાથે વૈજ્ઞાનિક રીતે અવલોકન કરવું જોઈશે. એવા પ્રસંગો ઊભા કરવા જોઈશે. અને તેમ કરવું જરાએ અઘરું હોતું નથી.

અમારી શાળાના થોડા દાખલાઓ આપું એટલે સ્પષ્ટ થશે. શાળામાં નાનાં અઢી ત્રણ વર્ષનાં બાળકો આવે છે. રોજ સવારે આવતાંવેંત

બગીચામાં એક આંટો ફરી આવવાનો અમારો રિવાજ હતો. ચીકુના ઝાડ પાસે જઈને કેટલાં ચીકુ બેઠાં છે તે ગણી લેવાનું પહેલું કામ. રોજ તે કેટલાં મોટાં થયાં છે, નવાં કે નાનાં કેટલાં છે વગેરે જોઈ લેવાનું. પછી આંબાના સમાચાર લેવાનું. નવાં કૂણાં પાંદડાં આવ્યાં હોય, કોઈવાર મોર આવ્યા હોય, કેરી બેઠી હોય તે બધું ઋતુ પ્રમાણે જોતા જવાનું. પછી આવે નાળિયેરી. એના ઝાડ ઉપરતો ઘણું જોવા જેવું મળી આવતું. પછી આવે કેળ. એનાં નવાં નવાં પાંદડાં આસ્તે આસ્તે ઉકલતાં જાય અને મોટાં મોટાં થતાં જાય. પછી એના પર એક જ ફૂલ આવે અને પછી કેળાંની લૂમ થાય બધું જઈ જોવા જેવુ. પછી જામફળ અને સરગવો; એરંડી અને પારિજાતકનાં બી ભેગાં કરવાનું કામ આવે એમ કરતાં આટાં પૂરો થાય. વચ્ચે વચ્ચે ફૂલ ઝાડ પણ આવતાં. એની નીચે પડેલાં ફૂલો વીણી લાવવાનું કામ પણ ચાલતું. એકંદરે બગીચામાં પાન, ફૂલ, ફળ બધાંના સમાચાર લઈને આ નાનકડા વનસ્પતિ-શાસ્ત્રીઓ પાછા આવે ત્યારે કેટલુયે જ્ઞાન ભેગું કરી લાવે. ઝાડો સામે જોતાં જોતાં ઘણી વાર જુદાં જુદાં પક્ષીઓ દેખાતાં. પતંગિયાં તો કેટલીયે જાતનાં, ઇયળો અને કીડા મંકોડા તો ચોમાસામાં ઊભરાયલા જ હોય. ઘણીવાર નાળિયેર જોવા ઊંચું માથું કરતાં આકાશમાં ફરતાં વાદળાં તો કોઈવાર સમડીઓ અને વિમાનો પણ દેખાઈ આવતાં. આ બધું અત્યંત ઉત્સુકતાથી અને એકધ્યાનથી બાળકો જોતાં હતાં.

ઘણીવાર તેઓ ઉતાવળાં થઈ જતાં. શિયાળામાં પણ કોઈ કોઈને આંબા ઉપર કેરી આવી છે એવો ભાસ થઈ આવતો અને તેઓ કેરી જોઈ છે એવું ગપ્પું મારવા પ્રેરાતા. ત્યારે બીજા છોકરાઓ તેમને વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોવાની ફરજ પાડતા. કોઈ કહે, "ક્યાં છે કેરી બતાવો?" કોઈ કહે, "મોર પણ નથી આવ્યો ત્યાં કેરી ક્યાંથી?" કોઈ કહે, "કેરી તો ઉનાળામાં હોય." એવી વાતચીતથી પેલાં ઉતાવળાં છોકરાંઓને વૈજ્ઞાનિક સત્ય શીખવું પડતું. શિક્ષક તો કોઈ પૂછે તેનો જવાબ આપે અથવા તો કોઈ નવી વાત બીજાઓએ નહિ જોઈ હોય તો તે તરફ છોકરાઓનું ધ્યાન ખેચે. શિક્ષક જો જરાક કહે કે "આજે ચંપાની વાસ આવે છે. ચંપા પર ફૂલ બીલ્યું કે શું?" કે તરત આખી ટોળી તપાસ કરવા નીકળે અને ચંપાને લગતી બધી વાતો ભેગી કરી લાવે. આ રીતે શાળાને ફરતી એક પ્રદક્ષિણામાં વૈજ્ઞાનિક અવલોકનનો સુંદર પાઠ મળી જતો.

છોકરાઓ થોડા મોટા થયા એટલે તેમને એક "મેગ્નિફાઈન્ગ ગ્લાસ" આણી આપ્યો. એ હાથમાં લઈ ફૂલ, પાન, કીટકો, જે હાથ આવે તે તપાસી જોવા લાગ્યા. પોતાના હાથ, ચામડી, નખ અને પહેરેલાં કપડાં એવું એવું પણ જોવાની એમને મજા આવતી. ત્યાર પછી તો અમે એક નાનું એવું શૂક્ષ્મદર્શક યંત્ર (માયક્રોસ્કોપ) ખરીદ્યું. એમાં કાચ ઉપર ફૂલનાં રજકણો, કે એવું એવું કેટલુંય ઝીણું ઝીણું જોવાની તેમને બહુ જ મજા પડે છે. આ એક રમત જ થઈ પડી હતી પણ તે તેમને સાથે સાથે વૈજ્ઞાનિક અવલોકન શીખવતી હતી.

એકવાર અમે માટીના ચલાણામાં થોડાક દાણા વાવ્યા. કોઈએ વટાણા પસંદ કર્યા, કોઈ એ વાલ તો કોઈ એ ઘઉં. એવી રીતે સોળ સત્તર છોકરાઓએ જુદા જુદા ચલાણામાં, જુદા જુદા દાણા વાવ્યા. તેને રોજ પાણી પાવાનું તથા અંકુર ફૂટયો છે કે નહિ તે જોવાનું કામ ચાલતું. રોજે રોજ એનું બારીક અવલોકન કરવામાં

છોકરાઓનો પા અડધો કલાક સહેજે નીકળી જતો. રોજ પોતાના ચલાણામાં કેવું ફ઼ ઊગ્યું છે; અને બીજાના ચલાણામાં શુ થયું છે, એના તુલનાત્મક અવલોકનની વાતો ચાલે. એ ઉપરથી ધાણા તો હજી ઊગ્યા જ નથી, રાઈ તો ત્રીજે દિવસે ઊગી, ઘઉંને તો જરા વાર લાગી, એવી એવી વાતો ચાલતી. તેમજ આનાં પાંદડાં કેવાં છે, તેનાં પાંદડાં કેવાં છે, તે પણ જોવાતું. આ ઘઉં તો ઘાસ જેવા દેખાય છે, ચોળા મગની તો લાંબી લાંબી દાંડલી થાય છે, આ મગફળી તો ત્યાંને ત્યાંજ પાંદડાં કાઢે છે એવી પણ વાતો ચાલતી. એકંદરે ૧૫–૨૦ દિવસ સુધી રોજ ને રોજ એની પ્રગતિ જોવાનું કામ ચાલતું હતું. આઠેક દિવસમાં બધાના જુવારા લીલાછમ થયા હતા એટલે રોજ જમતી વખતે એનો જ શણગાર થતો અને એની જ વાતો થતી. સવારે આવતાંવેંત એમને બહારની બાજુએ મૂકવાનું, બપોરે અંદર લાવવાનું, સાંજે બાજુએ મૂકી પાણી પાવાનું એવું કામ પણ છોકરાઓને કરવાનું રહેતું.

પછી ગ્લાસમાં દાણા ઉગાડવાની રીત હાથ આવી. એની વળી વધારે ગમ્મત. પહેલાં ચલાણામાં માટીની નીચે શું થાય છે તે દેખાતું ન હતું. માત્ર ઉપર આવેલાં પાંદડાં જ દેખાતાં પણ આ કાચના ગ્લાસમાં તો નીચેનાં મૂળ અને ઉપરનાં પાંદડાં અને વચ્ચેના દાણાનું શું થતું એ બધું જ દેખાતું. આ રીતે દાણાના અવલોકનમાં ધીરજથી લાંબા કાળ સુધી જોયા કરવાની છોકરાઓને તક મળી.

એ જ પ્રમાણે ઈયળ એ પણ એક સરસ શિક્ષક છે એમ દેખાઈ આવ્યું છે. ચોમાસામાં ઘણી ઈયળો જડી આવે છે. એ શું ખાય છે, તે જાણીને, એનાં પાંદડાં એને આપીએ તો ઈયળ ખાવા લાગે છે અને છોકરાઓ તે જોતાં ધરાતાં જ નથી. અમે એકવાર રેશમની ઈયળોનાં ઈંડાં લાવ્યાં હતાં. એ તો એક ઘોળો નાનો એવો ઝૂમખો હતો. એ દીવાસળીની પેટીમાં લાવી શકાયાં હતાં પણ એમાંથી થોડાક દિવસમાં ઇયળો નીકળી ત્યારે તો એક મોટું ખોખું રાખવું પડયું. પહેલાં તો પાંચસાત એરંડીનાં પાંદડાં પૂરતાં થતાં પણ પછી તો ટોપલી ભરીને લાવવાં પડતાં. એટલી મોટી મોટી ઇયળો થઈ. એમ કરતાં એના કોશેટા બન્યા અને કેટલાય દિવસે એમાંથી પતંગિયાં નીકળ્યાં. એ બધું જોતાં તો દોઢ બે માસ ચાલ્યા ગયા. એટલે ધીરજથી અવલોકન કરવાને માટે આ ઈયળોને ઉછેરવી બહુ જ ઉપયોગી છે એમ દેખાઈ આવ્યું.

આમ બીયાં વાવવાં, ઇયળો તથા માછલીઓ ઉછેરવી. કૂતરાં બિલાડાં કે પોપટ પાળવો એ બધાથી વૈજ્ઞાનિક અવલોકનને ઘણી જ મદદ થાય છે. એ રોજ કાંઈક નવું બતાવે છે અને આપણને ધીરજથી રાહ પણ જોવરાવે છે. આવા અવલોકનથી જોવું હોય તેવું બરાબર જોવાની ટેવ પડે અને વિચાર કરવાની પણ ટેવ પડે. એકવાર એક છોકરો એક ઇયળ ઉછેરવા માટે ઘેર લઈ ગયો. બેચાર દિવસે તે મને કહે કે, "મારી ઇયળ તો મરી ગઈ!" બીજો છોકરો કહે, "એ મરી નહિ ગઈ હોય પણ કદાચ સૂતી હશે." ત્યાં એક મોટો છોકરો આવ્યો તે કહે, "અરે! અરે! તેનો તો કોશેટો થશે." એટલે પેલો છોકરો મને પૂછવા લાગ્યો કે શું એ કહે છે તે સાચું? મેં કહ્યું, "તમારી ઇયળ અહીં લઈ આવજો આપણે એને અહીં રાખીને જોઈશું એટલે ખબર પડશે કે એનું કહેવું સાચું કે ખોટું. થોડા દિવસમાં એ ઇયળનો કોશેટો થયો ને પેલા છોકરાનું કહેવું સાચું એમ અમે બધાએ

નકકી કર્યું. આ રીતે આ નાનો છોકરાં ઉતાવળે અનુમાન કરતો હતો તેને સાચી રીતે વિચાર કરવાની દિશા મળી. આ જાતના અવલોકનને વૈજ્ઞાનિક અવલોકન કહેવાય. અને એની તક બાળકોને આપવી જોઈએ. (ચાલુ)

ત્રા૦

અમારો બટુક

અમારો બટુક બહુ જ તોફાની. જ્યાં જાય ત્યાં એની રાડ બોલાતી.

હાથમાં એકાદ લાકડી તો હોય જ. જે આવે તેને મારે. નાના મોટા કોઈને ગણે નહિ. કોઈનો હાથ ખેંચે, કોઈનો પગ ખેંચે, કોઈને ધકકો મારી પછાડે તો કોઈના વાળ ખેંચે. એની મરજી વિરૂધ્ધ થયું કે બસ ન પૂછો વાત. સહુ તેનાથી ડરતા.

સહુને થતું કે બટુક કોઈનાથી ડરે જ નહિ. સાક્ષાત યમ આવે તો એનાથી પણ એ ડરે એવો નથી. બીજી માતાઓ પોતાના બાળકોને કહેતી "તું તે કયાંથી આવો નમાલો થયો? જોતો નથી આ બટુક કેવો છે? છે કોઈની બીક! કોઈ આવ્યું કે લાકડી લઈને ફટકારી જ છે."

બટુકની બા એની પોતાની સામે લાકડી ઉગામે તોજ ગુસ્સે થતી. બીજાને બટુક મારે તે તો તે કૌતુકથી જોઈ જ રહેતી.

એક દિવસ સહુના મનમાં પ્રશ્ન ઊઠયો કે બટુક સાચેસાચ નિર્ભય છે કે બીકણ?

બટુકની માશીને ઘેર લગ્ન હતાં. ત્યાં ઘણા લોકો આવ્યા હતા. બટુક પણ પોતાની બા સાથે ગયો હતો. તેની વયનાં બાળકો ત્યાં ઘણાં હતાં. બા તો રસોડામાં કામકાજમાં રહેતી. લગ્નમાં આવેલાં બધાં જ બાળકોની સંભાળ લેવાનું કામ એક ફઈબાને સોંપવામાં આવ્યું હતું. બાળકોને જમાડવાની, સુવાડવાની વગેરે વ્યવસ્થા તે જ કરતાં. ફઈબા જરા કડક હતાં. એટલે કે બાળકોને મારતાં કારવતાં નહિ પણ ગમે તે બાળક પોતાને ફાવે તેમ કરી શકતું નહિ. તેમનો કાયદો કડક હતો.

બટુકે પહેલે જ દિવસે પોતાનું તોફાનીપણું બતાવી આપ્યું. એક બાળકને ધકકો માર્યો ને ફઈબા સામે મારવા માટે હાથ ઉગામ્યો. ફઈબાએ હાથ પકડી લીધો અને કહ્યું:—

"બટુક, કોઇને મારવાનું નથી હોં કે, અને કોઈને ધકકો પણ દેવાય જ નહિ. ચાલો લાકડી ફેંકી દો."

બટુક તો બાઘા જેમ જોઈ જ રહ્યો. આજ સુધી તેને જે કહેવામાં આવતું તેનાથી આ જુદું જ હતું. આમાં પ્રભાવ હતો પણ રોજની જેવી બીક કે ડરામણી નહોતી. મોટેથી બૂમ પાડીને કહેવામાં નહોતું આવ્યું. કહેવા પ્રમાણે નહિ કરીએ તો શું થશે એવું દેખાવમાં આવતું ન હોતું. કહેલા શબ્દો સરળ જ હતા. પણ કોણ જાણે કેમ બટુકને તે ગમ્યું નહિ. ફઈબા સામે તો તે થઈ શકયો નહિ પણ બા પાસે જવાની હઠ કરી રડવા લાગ્યો. બાળકો સાથે રમતો નહિ કારણ કે તેની મરજી પ્રમાણે મારી શકાતું નહિ. ફઈબા તે ચાલવા દે જ નહિ એવી તેને ખાતરી થઈ ગઈ હતી. એને તો એમ જ થયું કે કયારે ઝટ ઘેર જાઉં.

એક બે દિવસમાં જ બટુક આ નવી વ્યવસ્થાથી કંટાળ્યો. બીજાં બાળકો હસતાં, રમતાં, ગીતો ગાતાં, વાજાંવાળાઓ પાસે જઈ વાજા

સાંભળતાં અને લહેર કરતાં. ફઈબા સાંજે જમવાનું પત્યા પછી વાર્તા કહેતાં તે સાંભળતાં સાંભળતાં સહુ સૂઈ જતાં. જમવા વખતે ફઈબા હોંશે હોંશે જલેબી પૂરી બીજું જે હોય તે પીરસતાં. પણ નિયમ પ્રમાણે સહુને વર્તવું પડતું.

બટુકે તો રડવાનું જ શરૂ કર્યું. ફઈબાથી તે ગભરાણેા કે કોણ જાણે પણ ઘેર જવાની હઠ લઈ બેઠેા. બટુકની બાને પણ નવાઈ લાગી. "આ શું? બટુક કોઈથી ડરે નહિ અને આ શું થયું? કોઇની સાથે રમવું નહિ, હળવું નહિ, મળવું નહિ. એટલું જ નહિ પણ પૂરું ખાતો પણ નથી. બસ એક જ વાત ઘેર ચાલ." બાને કામ પણ કરવા દે નહિ. કોઈની સાથે બોલવા પણ દે નહિ. બાળકો સામે અને ફઈબા સામે જુએ કે રડે. બાને બધું કામ છોડી તેની પાસે બેસવું પડે.

લગ્ન ઉકલ્યાં ને સહુ પોત પોતાને ઘેર ગયાં. બટુક પણ બા સાથે જવા તૈયાર થયેા. બટુક બહુ જ વિચિત્ર બની ગયેા હતેા. બા બિચારી શું કરે? ઘરે પહોંચ્યા કે બટુક ભાઈ એના એ બની ગયા. માશીનાં ઘરની વાત કોઈને કહેા તેા સાચી માને જ નહિ.

સહુને પ્રશ્ન થયેા કે થયું શું? કોઈએ તેને દમ ભરાવ્યેા કે માર્યો કે શું થયું? બટુકની બાએ તેા શંકા થવાથી બેનને પૂછ્યું પણ હતું કે, "ફઈબા છોકરાંને મારતા તેા નથી ને?" બટુક આમ કેમ કરે છે! બેને ખાતરીપૂર્વક કહ્યું કે "મારે તેા શું પણ કોઈને આપણી જેમ ઉપડતે સાદે બોલાવતા પણ નથીને."

તેા પછી બટુકને માશીને ઘેર શું થયું? વાચક વિચારે.

સ્વાતંત્ર્યમાં સ્વતઃનિયમન

૧

તખતેશ્વર પ્લોટમાં આવેલી ટેકરીની તળેટીમાં આવેલા એક ઘરમાં બાલમંદિરનાં બે નાનાં બાળકો રહેતાં હતાં. બાલમંદિરનાં બાળકો જ્યારે એ ટેકરી ઉપર ફરવા જાય ત્યારે તેઓના ઘર પાસેથી પસાર થતી કેડીએ થઈને જ જવાનું થતું. એક દિવસ બાલમંદિરનાં બાળકો તે ટેકરી પર ફરવા ગયાં. ફરતાં ફરતાં વખત વધ્યેા તેમ તેમ તડકેા પણ વધ્યેા. ટેકરી ઉપર બાળકો તરસ્યાં થયાં. ત્યાં પાણીનું સાધન ન હતું. હવે શું કરવું તેનેા વિચાર અમે કરતાં હતાં.

ટોળામાંથી બે નાનાં બાળકો કમુબેન અને શારદાબેન આગળ આવ્યાં. બન્ને બહેનોએ પરસ્પરના મુખ સામે જોયું, કંઈક અંદર વાતો કરી અને તત્ક્ષણ નિશ્ચયપૂર્વક અમારી પાસે આવ્યાં ને કહ્યું, "તમે, મોંઘીબેન, જયાબેન, વિષ્ણુભાઈ અને બધાંય બાળકો, ચાલોને અમારે ઘેર. પાણી પીવા આવેા છેા ને? ઝટ આવેા હેાં! અમે ઘેર જઈએ છીએ."

આ પ્રસંગે લાંબેા વિચાર કરવાનેા વખત ન હતેા. પાણી પાણી થઈ રહ્યું હતું. બાલમંદિર સુધી જવું એ કસેાટી હતી. કમુબેન અને શારદાબેન તેા ઘેર પહોંચી ગયાં. બાળકો તેમની પાછળ ઉપડ્યાં. અમે એમાં વાંધેા લઈ શકીએ એવું કશું જ ન હતું.

ઘરમાં કમુબેનનાં બા કે બાપુજી ન હતાં. તેમણે બાળકોને ઓશરીમાં બેસાડ્યાં, કેટલાંક મેાટાં બાળકોને મદદમાં લીધાં. ઘરમાંથી પાંચ દસ પ્યાલા લાવી મેાટા લેાટાથી દરેક બાળકને વારા ફરતી પાણી પવાતું હતું.

આખીએ વ્યવસ્થા સ્વતઃ થયેલી હતી. ન હોતી ગડબડ, ન હોતી હો...હા...કે ન હોતી પડાપડી.

કમુબેને અને શારદાબેને બધાંને હોંશે હોંશે ખૂબ ખૂબ પાણી પાયું. બાળકો તરસ છીપ્યે અંદર અંદર આનંદ કરતાં હતાં. જેઓ મદદમાં હતાં તેઓ પણ આ પ્રસંગે ખૂબ હોંસમાં અને આનંદ ઘેલાં હતાં.

એક બાજુ હું, જયાબેન, મોંઘીબેન, અને બીજાંઓ ઊભાં ઊભાં આ દૃષ્ય જોઈ રહ્યાં હતાં.

બાળકો જ્યારે એક બીજાને ઘરે જાય છે ત્યારે જે ઘરનું વાતાવરણ તેમના હાથમાં હોય, અનુકૂળ હોય તો તેઓ સામાજિક જીવનમાંથી મળેલી તાલીમને કેટલી હદે પચાવી શકયાં હોય છે, અને દરેક વ્યક્તિ જવાબદારી પૂર્વક સામાજિક નિયમન આપમેળેજ જાળવી લઈ, પોતપોતાના વ્યક્તિત્વને સાંભળી લઈ પોતાના જ જેટલું સામી વ્યક્તિનું માન કેમ જાળવે છે તેનું પ્રત્યક્ષ પ્રતિબિંબ આ પ્રસંગે જોવા મળે છે. અહીં અમે મોટાંઓ તો પાછળથી જ આવેલાં હતાં એટલે અમારામાંથી તેમને કંઈ પણ સૂચના મળી ન હતી. તેઓ બેઠા હતાં ત્યાં સૂચક લાઈન-દોરી પણ ન હતી. બધાં બાળકોને તરસ ખૂબ લાગી હતી. બધાં જ બાળકો સાધન વિનાનાં હતાં. કોઇ પાસે પ્યાલા ન હતા. નાનાં કમુબેન અને શારદાબેન જે પ્યાલાઓ ઘરમાંથી લાવ્યાં હતાં તેટલાથી જ સૌ વારાફરતી વીંછળીને પી પીને એક બીજાંને આપ્યે જતાં હતાં. નહોતી ઉતાવળ કે નહોતી પડાપડી.

પ્રત્યેક બાળક સમવયસ્ક સહાધ્યાયીની સમજે એક બીજાંને ઘરે એમના આ કાળ દરમિયાન આવજા કરે તે પ્રસંગોમાંથી તેઓનો એક નવો-ભાવ કેળવાય છે. અને તે પોતાનાં બાબાપેાની જેમ તેમના બાલમિત્રોના બાબાપેા તરફ આદર અને સન્માનની લાગણીથી જોવાનો; તેમ જ વડીલ ભાવે જોવાનો. આવી ભાવના અસ્ખલિત વહે એ આવતી કાલના જગતમાં અત્યંત મહત્ત્વનું છે. આવા પ્રસંગે તેઓ સહજ બુદ્ધિથી પોતાના બાલ-મિત્રોનાં બા-બાપુજી હોય કે ન હોય છતાં કેવી સરળતાથી અને કુનહેથી સંભાળપૂર્વક રહે છે; તેમ જ તેમના અતિથિ મિત્રોને કોઈ પણ જાતની મુશ્કેલીમાં મુકાવું ન પડે તેની તેઓ સંભાળ લે છે.

કદાચ આ પ્રસંગે શારદાબહેન ના બા બાપુજી ઘરે હોત તો આપણે આ સરળતા ભર્યો બાલ વ્યવહાર જોઈ શકત કે કેમ ? હા, જો તેઓ બાલ સન્માન ભાવનાનાં સમજદાર હોત તો આથીએ સુંદર, આવકાર જોઈ શકાત. અને તેથી ઊલટી સમજનાં હોત તો ?

આવા પ્રસંગો આપણને સૂચવે છે કે જો આપણા તરફથી તેમને અનુકૂળતા મળે તો તેમાંથી કેટલાં સુંદર બીજારોપણ થાય !

નાના કમુબેને અને શારદાબેને બાળકોએ પાણી પી લીધા પછી અમને પણ હોંશે હોંશે પાણી પાયું. અને જ્યારે સૌએ તેમની વિદાય લીધી ત્યારે તેઓ ઘરના ઓટલા ઉપર ઊભાં ઊભાં નમ-સ્કાર કરી પ્રફુલ્લિત મને આજે જે અવસર સાધ્યો તેના ઉમંગમાં કૃતાર્થતા અનુભવતાં અમે એક બીજાંને દેખાતાં બંધ થયાં ત્યાં સુધી ટીકી ટીકીને જોઈ રહ્યાં હતાં.

ભગુભાઈ

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઈ ૪.
પ્રકાશક : તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

☆

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

☆

બધું કયારે થશે એનો વિચાર કરવાને બદલે બધું કરવા જ બેસી જવું જોઇએ. જેને કામ કરવું છે તેને વિચાર કરવાનો ચે અવકાશ નથી. વિચારમાં મૂંઝાવામાં જેટલો વખત માણસનો જાય છે તેટલો વખત કામમાં જતો નથી. કામ એ પ્રવાહ છે; એક વાર પ્રવાહ ચાલુ કર્યો કે તે અખંડ વહેવાનો જ.

—સ્વ. ગિજુભાઇ

બાલશિક્ષક સંમેલન

તારીખ ૧૩–૧૪ ફેબ્રુઆરી ૧૯૪૩, સ્થળ મલાડ.

નૂતન બાલશિક્ષણ સંઘની મુંબઇ શાખા તરફથી ફેબ્રુઆરીની ૧૩–૧૪ મી તારીખે મુંબઇના ઉપનગર–મલાડમાં નૂતન બાલશિક્ષકોનું એક શિક્ષકસંમેલન કરવાનું યોજ્યું છે. આ સંમેલનમાં બાલમંદિરોમાં હસ્તવ્યવસાય અને વિજ્ઞાનશિક્ષણ એ બે વિષયો રાખવામાં આવ્યા છે. એને અંગે નાનું એવું પ્રદર્શન ગોઠવાશે અને થોડાએક પ્રત્યક્ષ પાઠો પણ અપાશે. ઉપરાંત ચર્ચા અને વ્યાખ્યાનો પણ રહેશે.

આ સંમેલનમાં આ બે વિષયોની સંપૂર્ણ ચર્ચા થાય તેમજ પ્રયોગો જોવા મળે, એ ઉપરાંત બાલશિક્ષકો તેમજ સંઘના બીજા કાર્યકર્તાઓ એકબીજાના વિશેષ પરિચયમાં આવે અને વિચારની અને અનુભવની આપલે કરે એ પણ હેતુ છે. તેથી આ સંમેલન માટે સ્થળ તરીકે મલાડમાં આદર્શ દુગ્ધાલયનું આંબાવાડિયું પસંદ કરવામાં આવ્યું છે. આગલે દિવસે સાંજે ત્યાં જઇને રાત રહેવું અને બીજે આખો દિવસ ત્યાં ગાળીને છૂટા પડવું એવી યોજના છે. પ્રદર્શન પણ ત્યાં જ ગોઠવાશે, તથા સંમેલનની બેઠકો પણ ત્યાં જ ભરાશે. આથી બેઠકો ઉપરાંતના વખતમાં ભેગા થયેલા લોકોને એકબીજાનો પરિચય સાધવાની તથા વાતચીત કરવાની તક મળી શકશે.

નૂતન બાલશિક્ષણ સંઘ સાથે જોડાયેલી સંસ્થાના આચાર્ય, શિક્ષકો તથા પ્રતિનિધિને આ સંમેલનમાં હાજર રહેવા ખાસ આમંત્રણ છે; તેમજ સંઘના બીજા કાર્યકર્તાઓને પણ આમંત્રણ છે. આ સિવાયના બીજા કોઇ શિક્ષણરસિકોને આવવાની ઇચ્છા હોય તો તેમણે વ્યવસ્થામંત્રીને કાગળ લખીને પુછાવવું; જગ્યાની અને રહેવાની સગવડ મર્યાદિત પ્રમાણમાં જ છે, તેથી વેળાસર પત્રવ્યવહાર કરી નક્કી કરી લેવું એવી તેમને વિનંતી છે.

સંઘ સાથે જોડાયેલી સંસ્થાઓના આચાર્ય તથા શિક્ષકો સિવાયના બીજા બધા મહેમાનોને જમવાખાવાના ખર્ચ પેટે રૂા. ૧–૮–૦ આપવાના રહેશે. બધા શિક્ષકો તથા મહેમાનો પોતાની સાથે પોતાની પથારી તથા પ્યાલો કે વાટકો લેતા આવે એ અગત્યનું છે.

હસ્તવ્યવસાય તથા વિજ્ઞાનશિક્ષણ અંગે કોઇએ કાંઇ ખાસ પ્રયોગો કર્યા હોય તો તેઓએ તે સંમેલન વખતે રજૂ કરવા; તથા પોતાની શાળામાં જે બાબત ખાસ વિકસાવી હોય તેના નમૂના પ્રદર્શન માટે શાળાના આચાર્યે તા. ૧૦ ફેબ્રુઆરી ૧૯૪૩ સુધીમાં મોકલી આપવા. જેમને નિબંધો અથવા લેખો મોકલવા હોય તેઓ પોતાના લખાણો કાર્યક્રમમંત્રી તરફ મોકલી આપે.

આ સંમેલન માટે નક્કી કરેલા ખાસ બે વિષયો ઉપરાંત સંઘનું ધોરણ તથા કામકાજ અથવા બીજા કોઇ વિષય ઉપર કોઇ સભ્ય ચર્ચા કે પ્રશ્નો કાઢવા ઇચ્છતા હોય તો તેમણે તે આઠ દિવસ પહેલાં કાર્યક્રમમંત્રીને જણાવવું; એટલે વખતની ને બીજી સગવડ, તેમજ પ્રશ્નની જરૂરિયાત વિચારીને તેનો સમાવેશ શક્ય હોય તો કરવામાં આવશે.

મંત્રીઓનાં નામો અને સરનામાં :–

વ્યવસ્થામંત્રી:–**શ્રી સરોજબેન યોધ,**
સમુદ્રવીલા, દોરાબશા રોડ,
નેપીયન્સી રોડ, **મુંબઇ.**

કાર્યક્રમમંત્રી:—**શ્રી તારાબેન મોડક,**
૧૧૮, હિંદુ કૉલની, દાદર,
મુંબઈ–૧૪

એ વર્ષ પહેલાં ભાવનગરમાં ૧૯૪૦ માં ભરાયેલા બાલશિક્ષક સંમેલન પછી ઘણી ઇચ્છા છતાં અનેક કારણોથી સંમેલન થઈ શકયું જ ન હતું. આ વખતે પણ સંજોગો વિશેષ અનુકૂળ તો નથી જ. ઊલટા પ્રતિકુલ સંજોગોને લીધે નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી વિચારાયેલું મોટું સંમેલન તો મુલતવી જ રાખવું પડયું છે. આવી પરિસ્થિતિમાં મુંબઇ શાખાએ આ નાનું એવું બાલશિક્ષકોનું સંમેલન યોજ્યું છે તે માટે મુંબઇ શાખાને અભિનંદન ઘટે છે. આજની અનાજની મુશ્કેલી અને મોંઘવારીમાં તેમને જમવાની કે હળવામળવાની ગોઠવણ કરવામાં પણ ઘણી મુશ્કેલી નડવાની છે. આ બધું છતાં તેમણે આ સંમેલનની યોજના યોજી તે માટે તેમને ખાસ અભિનંદન આપીએ છીએ. સૌ બાલશિક્ષણ રસિકો અને શિક્ષકો એ સંમેલન યશસ્વી કરવામાં સાથ આપશે એવી આશા છે.

તંત્રી.

વિજ્ઞાનશિક્ષણ

(૨)

વૈજ્ઞાનિક સંગ્રહ

વૈજ્ઞાનિક દૃષ્ટિ અને વિચારશક્તિ મેળવવા માટે તેમ જ વૈજ્ઞાનિક ધીરજ અને સાતત્ય મેળવવા માટે વૈજ્ઞાનિક અવલોકનની જરૂર છે. તેવું અવલોકન કરવાની ટેવ પડે તે માટે શાળામાં શું શું કરી શકાય તે બાબતમાં ગયા લેખમાં લખ્યું હતું.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ જુદી જુદી જાતના સંગ્રહો કરવા એ પ્રાથમિક શાળાના વિજ્ઞાનશિક્ષણનું બીજું અંગ છે.

નાનપણમાં બાળકો અનેક જાતના સંગ્રહો કરે છે. ઘણી વસ્તુઓ તેમને સાચવી રાખવા જેવી લાગે છે એટલે જ તેમના ખીસામાં કાચના ટુકડા, પતરાંના ટુકડા, બિયાં, પથરા, ખીલા વગેરે જડી આવે છે. તેમને જો એકાદ પેટી કે કબાટ આપીએ તો તેઓ આવી જ વસ્તુઓથી તે ભરી મૂકે છે. મોટા માણસો આવું બધું કચરો ગણીને ફેંકી દે છે. મને મારા બાળપણનો એક પ્રસંગ યાદ આવે છે. અમે કયાંક ગયાં હતાં ત્યાં ચકચકીત સુંદર પથ્થર જડ્યા; એના ઉપર હીરા જેવા પાસા હતા; ગુલાબી, જાંબલી વગેરે અનેક રંગો અને આકૃતિઓ પણ હતી. એ બધા ભેગા કરીને સાચવી રાખવાનો મને ત્યાંથી શોખ લાગ્યો. એક વાર બોર્ડિંગથી ઘેર આવતી હતી ત્યારે પેટીમાં કપડાં સમાયાં નહિ, તેથી કપડાંનું એક જુદું પોટલું કરવું પડયું. મેટ્રન મને પૂછવા લાગ્યાં કે આ જુદુ પોટલું શા માટે કર્યું છે ? મેં કહ્યું, કપડાં પેટીમાં સમાતાં નથી. એમણે પૂછ્યું, આવ્યાં ત્યારે કપડાં સમાતાં હતાં કે નહિ ? મને આ બધા પ્રશ્નોના જવાબો આપવા અઘરા પડ્યા કેમકે પેટીમાં મેં પાછળથી પથરા ભર્યા છે એ કેમ કહેવાય ? કહીશ તો એ બધા નાખી દેવાનું કહેવામાં આવશે એવી મને બીક હતી; એટલે સાચું ખોટું કંઈક કહીને મે મારી પેટી બચાવી લીધી. પણ તે વખતે મને પ્રિય એવા પથરા જવાની જે બીક લાગી હતી તે મારાથી ભુલાતી નથી. ખરું જોતાં થરા ભેગા કરવામાં

કશોજ ગુનો હતો નહિ. પણ તે વખતે શિક્ષકો તેવું સમજતા ન હતા. ઘણાં વર્ષો પછી એક વાર મારાં એક વૃદ્ધ ડૉકટર બેનપણીએ જયપુર બાજુથી ખૂબ પથરા પેટીમાં ભરી આણ્યા ત્યારે મને ફરી વાર મારો નાનપણનો પેલો પ્રસંગ યાદ આવ્યો. પણ આ ડૉકટરને વૈજ્ઞાનિક દૃષ્ટિ હતી અને મારાં મેટ્રનને ન હતી, એટલે જ એ નાનપણનો પ્રસંગ બનેલો. બાળપણના આવા સંગ્રહોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ હોઇ શકે છે અને ન હોય તો આપી શકાય છે, એ વાત શિક્ષક અને મોટેરાંઓએ ધ્યાનમાં રાખવી જોઈએ. મારા નાનપણમાં હતી એવી સ્થિતિ આજે પણ ઘેર ઘેર ચાલુ જ છે. છોકરાંઓ કંઇ કંઇ એકઠું કરે છે અને મોટેરાંઓ તે નકામું ગણી નાખી દે છે. ખરું જોતાં શિક્ષકોએ આવા આવા સંગ્રહો ઉત્તેજવા જોઇએ અને સંગ્રહ કેમ કરાય તેની દિશા બતાવવી જોઇએ. ઘેર માબાપોએ પણ આ કાર્યને યોગ્ય રીતે ઉત્તેજન અને મદદ આપવી જોઇએ. છોકરાંઓને આંક ગોખવા બેસાડવા એ જેટલું મહત્ત્વનું માબાપ ગણે છે, તેટલું જ મહત્ત્વનું સાચી રીતે સંગ્રહ કરવાનું પણ છે.

સામાન્યતઃ નીચેના પ્રકારના સંગ્રહો થઇ શકે છે.

(૧) ફૂલ ને પાંદડાંનો સંગ્રહ સુંદર રીતે થઇ શકે છે. બાળકને એકાદ ફૂલ કે પાન ગમે તો તે તેને પોતાની ચોપડીમાં દબાવી રાખી શકે; અને તે સૂકાઇ જાય એટલે એકાદ નોટબુકમાં ગુંદર વડે તેને ચોટાડી દે, તથા નીચે તેનું નામ લખે. શરૂઆતમાં આટલી સૂચના બસ છે.

આ જાતના સંગ્રહો શાળામાં કરાવી લેવામાં આવે તો વધારે વ્યવસ્થિત અને પદ્ધતિસરના થઇ શકે છે. પાંદડું કે ફૂલ દબાવવાની સાચી રીત, ફૂલ અને પાંદડાનું વર્ગીકરણ, તેનું ટૂંકું વર્ણન લખવું, વગેરે કેમ કરાય તે બાળકો નજરે જુએ તો તે જ જાતનો સંગ્રહ તે પોતાને માટે ઘરે પણ સહેલાઇથી બનાવી શકે.

શિક્ષકે કોઇ પણ સંગ્રહ કરતા વખતે એક વાત ખાસ ધ્યાનમાં રાખવી. અનેક જાતની વસ્તુઓ માત્ર ભેગી કરીને રાખીએ તેથી તે વૈજ્ઞાનિક સંગ્રહ થતો નથી. વૈજ્ઞાનિક સંગ્રહ માટે વર્ગીકરણ એ ખાસ મહત્ત્વનું છે. ધારો કે બાળકો ૨૦–૨૫ જાતનાં પાંદડાં લાવ્યાં. ભલે તેનું વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ વર્ગીકરણ ન કરી શકીએ તોપણ સામાન્ય જ્ઞાનની દૃષ્ટિએ થોડુંએક વર્ગીકરણ તો સહેલાઇથી કરી શકાય. તેમાં જો જમરૂખ, આંબો, સીતાફળી, ચીકુ વગેરેનાં પાંદડાં હોય તો તે ફળઝાડનાં પાંદડાં એ વર્ગમાં આવી શકે. આલ્બમમાં પણ તેનો વિભાગ પાડીને તે પાંદડાં એક સાથે ચોટાડીએ અને તેમાં બીજાં પાંદડાં માટે એકાદ બે પાનાં ખાલી રાખીએ તો આગળ ઉપર બાળકોને દાડમ, સંતરાં, દ્રાક્ષ, વગેરેનાં પાંદડાં લાવીને એ વિભાગમાં મૂકવાનું સૂઝે અથવા સુઝાડી શકાય. બાળકો જાતજાતનું ઘાસ લાવ્યાં હોય તો તે સૂકવીને ચોટાડવું સહેલું હોય છે. આવા ઘાસ વિભાગમાં ચોખા, ઘઉં, બાજરી, વગેરે તૃણધાન્યનું ઘાસ શિક્ષક રાખે તો બાળકો એક મહત્ત્વની હકીકત જાણે. આ રીતે વર્ગીકરણની ટેવ પડે એ વધારે મહત્ત્વની વાત છે.

શિક્ષકો પાન અથવા ફૂલ દબાવે ત્યારે પાંદડાંને કરચલી ન પડે એ રીતે તેમણે કામ કરવું જોઇએ. બાળકોને આ જાતની સફાઇ ન આવડે તોપણ શિક્ષકો તેમને તે બતાવી શકે. આ કામ માટે શિયાળાના દિવસો સૌથી સારા હોય છે: જ્યાં ભેજવાળી હવા હોય ત્યાં ઋતુ જોવાની ખાસ જરૂર હોય છે, નહિ તો પાંદડાં સૂકાવાને બદલે સડી જાય છે.

સૂકવવાને માટે કુમળાં પાંદડાં લેવાં નહિ; તેમ જ દબાવતી વખતે પાંદડું બરાબર પહોળું કરીને દબાવવું. આને માટે એક મોટા શાહીચૂસ કાગળ ઉપર ભેગાં કરેલાં પાંદડાં અને ફૂલો સરખાં ગોઠવીને મૂકવાં. તેના ઉપર બીજો શાહીચૂસ કાગળ મૂકીને નીચે ઉપર બીજા થોડા નકામા કાગળો મૂકવા. તે બધું ટેબલ પર કે સપાટ જગાએ મૂકી તેના પર વજનદાર વસ્તુ મૂકવી. પાટલૂનનું પ્રેસ આ કામમાં સારી રીતે વાપરી શકાય છે. શાળામાં તો ફ્રેશ જેવાં મોટાં પુસ્તકો પણ દબાણ માટે વાપરી શકાય. નીચેથી અને ઉપરથી સપાટ હોય એવી પેટીઓ પણ આ કામમાં લઇ શકાય છે. ઉપરની પેટીમાં કપડાં હોય તો પૂરતું વજન આવતું નથી પણ ચોપડીઓ, વાસણો કે એવા ભારે સામાનની પેટીનો સારો ઉપયોગ થઇ શકે છે. આમ ચાર-છ દિવસ પાંદડાં દબાવ્યા પછી તે બહાર કાઢીને થોડો વખત તડકામાં રાખવાં. વધારે વખત તડકામાં રહે તો પાંદડાંનો રંગ બદલાઇ જાય છે એટલે તેમાં રહેલો ભેજ દૂર કરવા પૂરતો જ તડકો આપવો. ઘરમાં જે બાજુએ સારો તડકો આવતો હોય અને હવા ગરમ થતી હોય એવા ઓરડામાં કે ઓસરીમાં રાખવાથી પણ ઘણી વાર સૂકવવાનું કામ સારું થાય છે પછી ગુંદરથી આલ્બમમાં એને ચોંટાડી દેવાં.

આવા સંગ્રહોમાં ગમે તેટલી સંભાળ લઇએ તોપણ મૂળ રંગ ટકી રહેતા નથી. પણ આકાર અને રેસાઓનો ખ્યાલ તો આવી શકે છે.

(૨) ફૂલ અને પાંદડાંની જેમ જ જુદાં જુદાં ફળ–ફૂલનાં બિયાંનો સંગ્રહ કરી શકાય છે. બિયાં શીશીમાં ભરીને તેના પર નામો લખી રાખવાં એ પ્રારંભિક કામ છે. તેમાં ફળ, ફૂલ, શાકભાજી, વૃક્ષો વગેરે વિભાગ પણ પાડી શકાય છે. બિયાંના સંગ્રહમાં બિયાં ક્યાંથી અને કેવી રીતે મેળવવાં એ વાત જાણવા જેવી હોય છે. કેટલાંએક ફૂલો સૂકવવાથી તેમાંથી જ બિયાં મળી આવે છે, તો કેટલાંએકને ઝાડ ઉપર જ શોધવાં પડે છે. સૂરજમુખી, ગલગોટા, વગેરેને ફૂલમાં જ બી હોય છે એટલે બિયાં માટે તે ફૂલો જ સૂકવી રાખવાનાં હોય છે, જ્યારે ગલનાં ફૂલ સૂકાઇને નીચે પડે છે અને છોડ ઉપર મરી જેવું કાળું બી દેખાઇ આવે છે. તે પાકાં થયે ભેગાં કરી લેવાનાં હોય છે. બારમાસીનાં ફૂલોમાં ફૂલની નીચેની બાજુએ નાની નાની શીંગો આવે છે તે સૂકાય એટલે તેમાંથી બી નીકળે છે. ગુલાબનું બી મોટે ભાગે દેખાતું જ નથી. કેળનું બી હોય છે કે કેમ એ છોકરાંઓ માટે હંમેશની શંકા છે. કેરીનું બી કેવું હોય વગેરે મનોરંજક પ્રશ્નો થઈ પડ્યા છે, અને બાળકોને ખૂબ મજા પડે છે. આવા સંગ્રહોથી ઝાડ અને તેનાં ફૂલફળ તરફ શોધક દૃષ્ટિએ જોવાની ટેવ બાળકોને પડે છે.

(૩) પથ્થરોનો સંગ્રહ પણ રસિક બિના હોય છે. શાળા તરફથી કેટલાંએક વિશિષ્ટ પ્રકારના પથરાઓ ભેગા કરીને રાખવા. કોઇ પણ ભૂસ્તરશાસ્ત્રીને પૂછ્યું હોય તો થોડાએક પથરા સહેજે મળી શકે છે. આવા પથરાનાં નામો અને તેમનો મુખ્ય ઉપયોગ ચિઠ્ઠીઓ પર લખીને બાળકો રોજ જોઇ શકે અને વાંચી શકે એવી રીતે મૂકવાં. સંગ્રહ સાચવી રાખવાની દૃષ્ટિએ આવા પથરાઓ તાળાંકૂંચીમાં રાખવા નહિ કેમકે પથરાઓ તો હાથમાં લઇ બરાબર તપાસીને જોવાના હોય. શાળામાં જુદા જુદા પથરાઓ જોયા હોય તો બહાર ફરવા જાય ત્યારે બાળકોને પથરાઓ તરફ જોવાનું મન સહેજે થઇ આવે છે. બાળકોને નાની મોટી રજાઓ પડે ત્યારે શિક્ષક ખાસ સૂચના પણ આપી શકે કે "તમે બહાર-ગામ જાઓ ત્યાંથી સારા પથરા જડે તો લેતાં આવજો."

(૪) પક્ષીઓના માળાઓનો સંગ્રહ એ પણ એક પ્રકાર થઇ શકે છે. બાવળ ઉપર લટકતા સુઘરીના સુંદર ગૂંથેલા માળાઓ સહેલાઇથી મેળવી શકાય છે. દરજીડાનો માળો મેળવવો જરા અઘરો છે, પણ ધ્યાન રાખીએ તો મળી શકે છે. તેના ઉપર એ પક્ષીની સીવણકળા જોવા જેવી હોય છે. સક્કરખોરાનો માળો પણ બગીચામાં મળી આવે છે. સાહેબના ટોપા જેવું એનું ઢાંકણું જોવા જેવું હોય છે. આ પ્રમાણે જુદાં જુદાં પક્ષીઓની માળાઓ બાંધવાની જુદી જુદી રીતો હોય છે તે તરફ બાળકોનું ધ્યાન ખેંચ્યું હોય તો તેઓ ઘણું જોઇ જાણી શકે છે.

વળી જુદી જુદી જાતનાં લાકડાંનો સંગ્રહ, શંખલાંછીપલાં તેમજ પીંછાઓનો સંગ્રહ, વગેરે સુંદર સંગ્રહો થઇ શકે છે. પીછાં તથા શંખલાંછીપલાં એ તો બાળકોની અત્યંત પ્રિય વસ્તુઓ છે. મુંબઇ જેવાં શહેરોમાં તો સંગ્રહ કરવાની સારી સગવડ છે. અહીંના રાણીબાગમાં જાત જાતનાં પક્ષીઓ છે; તેમનાં પીછાં ખરે છે તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કરનારને મફત મળી શકે છે. દરિયાકિનારે શંખલાંછીપલાં ભેગાં કરવામાં બાળકો કલાકોના કલાકો ગાળે છે. દરિયાકિનારાનાં જુદાં જુદાં ગામોના કિનારા પાસે જુદી જુદી જાતનાં છીપલાં મળી આવે છે. બાળકોને જો દૃષ્ટિ અને સૂચના મળ્યાં હોય તો તેઓ સારો સંગ્રહ કરી આપે છે.

આ સિવાય કોઇ પણ નવી અથવા વિચિત્ર દેખાતી વસ્તુઓનો સંગ્રહ થઇ શકે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચિત્રનો સંગ્રહ પણ સારો થઇ શકે છે. પક્ષી, પ્રાણી, વનસ્પતિ તથા ફળફૂલનાં વિજ્ઞાન-માળાનાં ચિત્રો તો મળે છે જ; તે તો રાખવાં જ. પણ છાપાંઓમાં આવતી જાહેરાતોમાંથી ઘણી જાતનાં પક્ષીઓ અને પ્રાણીઓ મળી શકે છે. તેનો સંગ્રહ કરવાનું બાળકોને વધારે ગમે છે—'ફ્લીટ' કે 'કીલ-ઑલ'ની જાહેરાતમાંથી સરસ મચ્છર કે માખીનું ચિત્ર મળી આવે છે. ઊનની જાહેરાતમાં સારો કીંગફીશર મળે છે, ડૉગકૂડની જાહેરાતો ઘણી વાર કૂતરાનાં સુંદર ચિત્રો આપે છે. ઘોડા, હાથી, ગેંડો, વીંછી, ઘેટાં, ગાય, ફૂલો અને શાક-ભાજીનાં સુંદર રંગીન ચિત્રો પણ જાહેરાતોમાંથી મળી શકે છે. આમ કરવાથી બાળકો ચારે બાજુ સંગ્રહની શોધકવૃત્તિથી જોવા લાગે છે.

ટૂંકમાં આ જાતના અનેક સંગ્રહો કરવાથી જુદી જુદી જાતની માહિતી મળે છે, ક્યાં શું જોવું તેની ખબર પડે છે, તેમજ વર્ગીકરણ કેમ કરાય અને ટૂંકમાં માહિતી કેમ લખાય વગેરે મહત્ત્વની બાબતો બાળકો શીખે છે. અનેક વસ્તુઓ માત્ર એકઠી કરવી એ સંગ્રહ નથી, પણ બાલી નડતર છે. વર્ગીકરણ કરવું એ મહત્ત્વની બાબત છે, તેમ જ ટૂંકી માહિતી લખવાની પણ જરૂર છે. તે વગર બાળકોને તે વસ્તુ પરત્વે રસ ઉત્પન્ન થતો નથી.

તા.

("પ્રશ્નોત્તર" સાંધણ પાન ૧૩૨ થી પૂરૂં)

વાતાવરણ બાળકને કશી અસર કરી શકશે નહિ. ઊલટું બાળકના સર્વાંગી વિકાસની દૃષ્ટિએ જોઇએ તો ઘરની બહારની દુનિયાનો પણ અનુભવ લેવો, ભલું બૂરું શું છે તે જોવું અને પારખતાં શીખવું તેમ જ સમાજના ધક્કાધૂંબા ખાતાં ઘડાવું એ સારું છે આવશ્યક છે. કાળજી-પૂર્વક કાચનાં ઘરોમાં ઉછેરાતાં છોડો—ઝાડો જેવી કુમળી વૃત્તિ હોવી શા ખપની ?

તમે તમારા અનુભવો હમેશાં મોકલતાં રહેશો તો પત્રિકાના વાંચકોને જરૂર લાભ મળશે.

તા.

અંકગાણિતનું શિક્ષણ

લેખાંક ૬

દસ સુધીના સરવાળા–બાદબાકી બાળકોને બરાબર પાકા થઇ જાય એ માટે ડૉ. મોન્ટીસોરીએ ઘણાં સાધનો બનાવ્યાં છે. તેમાંથી નીચે બતાવ્યું સાધન સાદું છતાં મજાનું છે. એક તો એમાં દસ સુધી ગણવાનું પુનરાવર્તન અનેક વાર થયા કરે છે, સિવાય કઇ કઇ રકમો મળીને દસ થાય છે તે ગોખાય છે અને એકંદરે દસ સુધીની સંખ્યા ઉપર બાળકનો સરસ કાબૂ આવી જાય છે. આ સાધનમાં વધતા અને ઓછા (plus & minus) નો ખ્યાલ આવી શકે એવી પણ યોજના છે. બાળકો જરા મોટાં થતાં જ આ સાધન બુદ્ધિપૂર્વક વાપરી શકે છે.

આ સાધનનું નામ સ્નેક ગેઇમ–સાપની રમત છે. આ સાધનમાં એકથી નવ સુધીની વાળામાં ગૂંથેલી મોતીની માળા અથવા હાર હોય છે. દરેક હારનો રંગ ભિન્નભિન્ન રાખેલો છે. તારમાં મોતી પરોવી તેના બન્ને છેડા મોતી નીકળી ન જાય એટલા માટે ગોળ વાળીને આ મોતીની હારો બનાવાય છે. એક મોતી, બે મોતી, ત્રણ મોતી, એમ દરેક હારમાં એક જ રંગનાં મોતી હોય છે. રંગની બાબતમાં ડૉ. મોન્ટીસોરીએ નીચે પ્રમાણેની પસંદગી પોતાના સાધનમાં રાખી છે. એકની હારનું મોતી લાલ હોય છે; બેની હારનાં મોતીનો રંગ પોપટી હોય છે; ત્રણનો ગુલાબી, ચારનો પીળો, પાંચનો આસમાની, છનો ઘેરો જાંબલી, સાતનો સફેદ, આઠનો ઘેરો લીલો અને નવનો ઘેરો વાદળી હોય છે. ઉપરાંત સોનેરી રંગનાં દસ દસ મોતીની માળાઓ પણ હોય છે. આ સોનેરી રંગની હારો કુલ વીસથી પચ્ચીસ હોય છે જ્યારે એકથી નવ સુધીની હારો દરેક પાંચ પાંચ હોય છે.

સાપની રમતના સાધનમાં બીજી ડબ્બીમાં Substitute એટલે ગણવા માટે બદલ પૂરતી વાપરવાની થોડીએક બીજી માળાઓ પણ રાખવામાં આવી હોય છે. આમાં એક, બે, ત્રણ, ચાર, પાંચની એવી પાંચ માળાઓ સાવ કાળાં મોતીની બનાવેલી હોય છે; છની માળામાં પાંચ કાળાં અને એક ધોળું, સાતની માળામાં પાંચ કાળાં અને બે ધોળાં, આઠમાં પાંચ કાળાં અને ત્રણ ધોળાં તથા નવમાં પાંચ કાળાં અને ચાર ધોળાં એવી એકંદર આ બદલાવવાની માળાઓમાં નવ માળાઓ હોય છે.

આટલાં સાધનો 'પ્લસ'ની સરવાળા રમત માટે એટલે કે ગણવામાં આગળ ને આગળ ઉમેરતા જવા માટેનાં સાધનો છે.

આ રમતમાં બીજું એક 'માઇનસ'નું સાધન હોય છે એટલે કે તેમાં ઓછા કરવાની (બાદ કરવાની) બાબત આવે છે. ઉમેરવાનાં મોતી તદ્દન ગોળ પસંદ કરેલાં હોય છે અને બાદની રમતનાં મોતી પહેલવાળાં, ઉપર ગણાવ્યા તેવા જ વિવિધ રંગનાં પરંતુ પારદર્શક હોય છે. આમ કરવાનું કારણ સાધન પોતે જ કઇ જાતનું છે તે તરત ઓળખાઇ જવાનું છે. ગોળ મોતીની જેમ પહેલદાર મોતીની પણ ઉપર બતાવ્યા તેવા રંગની એકથી દસ સુધીની માળાઓ તેમ જ બદલાવવા માટેની નવ માળાઓ હોય છે. આ બદલાવવાની માળાઓમાં રંગનો જરાક ફરક કર્યો હોય છે, એટલે કે તેમાં એકથી પાંચ સુધીની માળાનાં મોતી ધોળાં અને ત્યાર પછીનાં નવ સુધી ઉમેરવાનાં મોતી લાલ રંગનાં લેવાયાં છે.

આ સાપની રમતમાં એકંદરે એક ડબ્બીમાં વધતા અને ઓછા માટેની એકથી નવ સુધીની

પાંચ પાંચ માળાઓ, બીજી ડબ્બીમાં દસની સોનેરી રંગની માળાઓ અને ત્રીજીમાં વધતા ઓછાની બદલાવવાની એટલે મિશ્ર રંગની માળાઓ હોય છે.

સાધન વાપરવાની રીત

રમતની રમતમાં સંખ્યા ઉમેરતા જવાની રમત છે. ડબ્બીમાંથી ગમે તેટલી અને ગમે તે જાતની માળાઓ લઇ બાળક પોતાના ટેબલ ઉપર કે જમીન ઉપર સાપની જેમ તેમને વાંકીચૂકી હારમાં ગોઠવે.

ધારો કે ૩, ૬, ૮, ૪, ૫, ૨, ૧ વાળી માળા લઇ સાપ બનાવ્યો, તો તેમાં ગુલાબી, જાંબુડિયો, લીલો, પીળો, પોપટી અને લાલ રંગવાળી માળાઓ આવશે.

રમત રમવામાં જ્યાંથી સાપ માંડ્યો ત્યાંથી એટલે સાધારણ રીતે ડાબી બાજુથી સંખ્યા ગણવાની અને દસ થાય ત્યાં અટકવાનું હોય છે. જેમકે ૩ અને ૬ વાળી માળા ગણી લઇ ૮ ની માળામાં પહેલા મોતી પાસે દસ સંખ્યા થાય ત્યાં અટકવાનું આવે. અહીં એ સાપની ઉપર પડખે દસવાળી સોનેરી મોતીની માળા મૂકવી. તે પછી ૩ અને ૬ વાળી ગણાઇ ગયેલી મોતીની માળા એક બીજી ખાલી ડબ્બીમાં મૂકવી. પણ ૮ વાળી માળામાંથી એક મોતી ઉપરની દસની માળામાં ગણાઇ ગયું છે; તેમાં હવે બાકી મોતી ગણતાં સાત રહ્યાં. તો ૮ વાળી હાર ઉપાડી લઇ બાકી રહેલાં સાત મોતીને બદલે પેલા કાળાં–ધોળાં મિશ્રિત મોતીની બદલે મૂકવાની માળાની ડબ્બીમાંથી ૭ વાળી માળા લઇ ત્યાં મૂકવાની, અને ૮ વાળી માળા, પેલી ૩ અને ૬ વાળી માળાની ડબ્બીમાં મૂકી દેવી.

વળી પાછાં દસ સુધી ગણવાની ક્રિયા કરવાની. ૭ વાળો મિશ્રિત માળા પછી દસ સુધી ગણતાં ૪ વાળી માળામાંથી એક મોતી વધશે. એટલે ત્યાં સુધી દસ ગણાયા. તેને બદલે અગાઉની પેઠે સોનેરી મોતીવાળી દસની બીજી માળા ઉપર પડખે મૂકવાની. પછી બદલે મૂકવાની ૭ વાળી માળા લઇ અલગ તેની પેટીમાં મૂકવાની; ૪વાળી માળા ઉપાડી લઇ બાકી રહેલ એકને સ્થળે બદલે મૂકવાનાં મોતીની એકવાળી કડી મૂકવાની અને એ ૪ વાળી માળા પેલી ૩–૬–૮ વાળી ભેગી કરેલી માળાની ડબ્બીમાં મૂકી દેવાની. વળી પાછાં એકથી માંડી આગળ ગણતાં જવાનું. મૂળ સાપની લાલ મોતીવાળી છેલ્લી કડી સુધી ગણતાં હવે બધાં મળી નવ સુધી ગણાય છે. તો તેને બદલે પેલી મિશ્રિત રંગનાં મોતીની ૯ વાળી માળા સોનેરી રંગનાં મોતીની દસની હારો લગત મૂકવાની, અને પેલું કાળું એક મોતી મિશ્ર મોતીની બદલે મૂકવાની માળાની ડબ્બીમાં મૂકી દેવું; તથા ૫, ૨, અને ૧ વાળી મૂળ સાપની માળાઓ પેલી ડબ્બીમાં સાપની માળાઓ એકઠી કરેલી છે તેની જોડે મૂકી દેવાની.

આ રીતે સાપને બદલે ગણીને મૂકેલાં મોતીમાં એ દસની માળા અને નવ એટલે પ્રચલિત અર્થમાં ૨૯ થયા. જો બાળકોને દસથી આગળ ગણતરી કરવાનું આવડતું નહિ હોય તો તેઓ એ દસ અને નવ થયા એમ કહેશે.

આ રીતે લાંબા લાંબા સાપ માંડીને મોતીની માળાઓની દસની હાર મૂકતાં મૂકતાં પાંચ દસ અને ચાર, અથવા આઠ દસ અને છ, વગેરે સંખ્યાઓ બાળકો ગણશે.

તાળો મેળવવાની રીત

આ સાપનાં મોતી ગણ્યાં તે બરાબર છે કે તેમાં ભૂલ રહી ગઇ છે તેનો તાળો મેળવવાનું પણ બાળકોને શીખવી શકાય છે. ઉપર બનાવેલ સાપવાળું જ ઉદાહરણ લઇએ.

ધારો કે આપણે છવાળી હાર અને આઠવાળી હાર લીધી. તો છ થી આગળ ગણતાં

આડમાંથી ચાર લેવાના થાય અને બાકી ચાર વધે. તો આડવાળી હાર રમતની મૂળ ડબીમાં મૂકી દઇ એને બદલે ચારની એક હાર અને વધેલ ચારની બીજી હાર લીધી. તેમાંથી છ અને ચારવાળી હારો મળી દસ થાય છે તે સોનેરી દસની એક માળા સાથે મૂકવા. બાકીની માળા ગણવામાં લેતાં બારો કે ચાર પછી ત્રણ અને પાંચવાળી માળાઓ લીધી; તો ચાર અને ત્રણ સાત અને પાંચમાંથી ત્રણ ગણતાં દસ થયા, અને બે વધ્યા. તો પાંચવાળી માળાને બદલે અસલ ડબીમાંથી ત્રણ અને બેની માળાઓ લેવી અને ૪, ૩, ૩ એમ અડાડીને મૂકી બીજી દસની હાર સોનેરી માળા પાસે મૂકી દેવાની. હવે બાકી ગણવામાં ૨, ૪, ૨, ૧ એટલી માળાઓ રહી. એ બધી ગણતાં નવ થાય છે, તે અગાઉ બે દસની માળા પાસે બાકી રહેલ નવની બરોબર નીચે ગોઠવાઇ જાય છે. એટલે બંને રીતે ગણતરી સરખી થતાં તાળો મળી રહે છે.

આ રમતની એ ખૂબી છે કે બાળકો રસપૂર્વક અનેક પુનરાવર્તનો કર્યા કરે છે. અને રોજ એક જ વાર રમે તોપણ દસ સુધી જે અનેક રીતની ગણતરી થઇ શકે તે કરવાનો તેને મહાવરો થયા જ કરે છે. સિવાય દસ થતાં વળી માળાના બે ભાગ કરી બદલાની માળાઓ મૂકતા જવાની અને એ રીતે ૭ અને ૩ દસ અથવા ૫ અને ૫ દસ, વગેરે દસ કરવાની જોડીઓ અનેક વાર ભિન્ન ભિન્ન ગોઠવણમાં તેના મગજ આગળ ખડી થવાની. વળી જુદી જુદી ડબીઓમાંથી મોતીની માળાઓ લેવાની, મૂકવાની, એકને બદલે તેટલી જ સંખ્યાની બીજી લેવાની, અને તેમાં ય મૂકવા-લેવામાં ભૂલ ન કરવાની, વગેરે કાળજી રાખવામાં બાળકને અવધાન રાખવાં પડે છે અને બધી ક્રિયાઓ બુદ્ધિપૂર્વક (intelligently) કરવી પડે છે એ પણ મોટો લાભ છે. બાલી એકથી સો સુધી મોપાટ લઇ જવામાં કે છ ને ચાર દસ અથવા સાત અને ત્રણ દસ એમ ગોખવામાં બુદ્ધિની ક્રિયા મંદ પડી જાય છે, અને માત્ર યાંત્રિક ગોખણનું કામ જ ચાલે છે. ઉપરની રમતમાં બાળક એકાગ્રતાથી અને બુદ્ધિ પુરઃસર કામ કરે છે, અને ગણિતની દૃષ્ટિએ વિચાર કરતું થાય છે. ખરું જોતાં ગણિતના શિક્ષણમાં આ દૃષ્ટિનો વિકાસ જ મહત્ત્વનો છે, પણ દુઃખની વાત એ છે કે બાળક જ્યારે આ રીતે ગણિતનું સાચું જ્ઞાન હોંશથી અને પોતાની મેળે જ લઇ રહ્યું હોય છે ત્યારે માબાપો ઉતાવળાં થાય છે અને બાળકને હજુ ૧૦૦ સુધી ગણતાં પણ આવડતું નથી, આંક આવડતા નથી, લખતું નથી, વગેરે ફરિયાદો લાવે છે. તેમને બીક લાગે છે કે બીજાં બાળકોની તુલનામાં પોતાનું બાળક બહુ પછાત રહી જશે. અને એ કારણે ઘણાં માબાપો પોતાનાં બાળકોને અમારી શાળામાંથી ઉપાડી પણ લે છે. અમારી શાળામાં ગણિત બહુ ઓછું ભણાવાય છે એમ કહી માબાપ પોતે જ બાળકોને પા, અરધા, વગેરે આંકો શીખવવા મંડી પડે છે. વળી આવી ફરિયાદ લાવનાર માબાપો મોટે ભાગે શિક્ષણશાસ્ત્રનાં પદવીધરો B. A., B. T. કે એવાં જ હોય છે. આવી હકીકતો જાણીએ ત્યારે આપણને પારાવાર દુઃખ થાય છે

ગણિતની બુદ્ધિનો વિકાસ અને ગણિતની દૃષ્ટિએ વિચાર કરવાની ટેવ કેળવાય અને બાળકોને એ બધું રસપૂર્વક કરવું ગમે એ જ પ્રારંભના ગણિતશિક્ષણનું ધ્યેય હોવું જોઇએ. એક વાર ગણિતની આ ક્રિયાઓની પાકી સમજણ આવે પછી ગોખવું વ્યાજબી ગણાય; અને એ તો આપોઆપ આવી જ જાય છે. ભય એટલો જ છે કે શિક્ષણની તાલીમ પામેલાં અને કેળવાયેલ માબાપો પણ જો લોકાચાર અને ગતાનુગતિક માન્યતા પ્રમાણે જ ચાલે તો આવી રીતિઓનો અમલ શી રીતે પ્રચલિત થઈ શકે? તા.

ગામડું અને હસ્તવ્યવસાયની કેળવણી

બહારગામથી એક શિક્ષકભાઈ અમારી શાળા જોવા આવ્યા હતા. વાતચીત દરમિયાન બાળકોને હસ્તવ્યવસાયની તાલીમ આપવા સંબંધે પ્રશ્ન નીકળ્યો. બાળકોની સર્જનશક્તિને પુષ્કળ અવકાશ મળવો જોઈએ, તેમને થોડા-એક ઉદ્યોગો પણ આપવા આવશ્યક છે, વગેરે મુદ્દાઓનો સ્વીકાર તો તેમણે પહેલેથી જ કર્યો હતો. પણ તેમના દિલમાં હજુ શંકા રહી જતી હતી. તેમણે કહ્યું: "મુંબઈ જેવા શહેરમાં આ બધું કરવાનું સુલભ છે. ગમે તે ચીજ મળી શકે છે, તેમજ તેની પાછળ તમે પૈસા પણ ખરચી શકો છો. પણ અમારે ત્યાં ગામડામાં આ બધું શી રીતે બને? ત્યાં શી રીતે હસ્તવ્યવસાયો હાથ ધરી શકાય? પૈસાની જોગવાઈ જોઈએ ના?"

મેં કહ્યું: "મારી તો ત્યારે એવી માન્યતા છે કે શહેર કરતાં ગામડામાં જ આવું વધારે બની શકે. ખરું કહું તો હું આ મુંબઈ જેવા શહેરમાં આવી પડી છું તેથી ઊલટી પસ્તાઉં છું."

શિક્ષકે કહ્યું: "એમ કેમ કહો છો? અહીં શહેરમાં છો માટે તો તમે આ બધું કરી શક્યાં છો. આવી શાળાઓની કદર ગામડા કરતાં શહેરનો કેળવાયેલ સમાજ જ વધારે કરી શકે."

મેં જવાબ આપ્યો: "તમે છેક ભૂલો છો. તમે શું એમ માનો છો કે આ હસ્તવ્યવસાયની કેળવણી માબાપોને રુચે છે? જરાય નહિ. તેમની માન્યતા તો એવી છે કે આવું કરીને અમે બાળકોનો પુષ્કળ વખત નકામો બગાડીએ છીએ. બીજું તમે એમ માનતા હો કે અમને અહીં પુષ્કળ ખર્ચ કરવાની અનુકૂળતા છે તો તે પણ બરાબર નથી. જ્યાં માબાપોને આવી તાલીમની જરાય કદર નથી ત્યાં એના સારુ પૈસા કોણ આપે? ખરું પૂછો તો આ હસ્તવ્યવસાય સારુ એક ખાસ શિક્ષકની અમારે જરૂર છે, પણ અમે તે રોકી શકીએ એમ નથી.

"પણ અમારી મુખ્ય મુશ્કેલીઓ આ નથી. માબાપો માગે છે તે જાતનું ભણતર તેમના સંતોષ ખાતર બાળકોને ભણાવવા ઉપરાંત ગમે તેમ વખત મેળવી અમે આ જાતની કેળવણી આપીએ છીએ. એને માટે પૈસા પ્રાપ્ત કરવામાં તકલીફ પણ પણ પડે છે પણ ગમે તેમ કરી તે પણ મેળવી લઈએ છીએ."

શિક્ષક: "ત્યારે તમારે બીજી શી મુશ્કેલીઓ છે?"

મેં કહ્યું: "અમારી મુખ્ય મુશ્કેલી શહેરની જ છે. અહીં જગ્યાની જરા ય છૂટ નથી. સિવાય અહીં નાનીશી ચીજ પણ પૈસા વિના મળતી નથી; અને ઘણીં વાર તો નજીવી ચીજ પણ પૈસો નાખતાં ય મળવી દુર્લભ હોય છે."

શિક્ષક: "હું તમારો બીજો મુદ્દો ન સમજ્યો. હું તો એમ ધારું છું કે મુંબઈમાં તો ગમે તે ચીજ મળી શકે છે."

મેં કહ્યું: "હા; અહીં ચીજો તો મળે છે, પણ તે વિલાયતી જાતની અને વિલાયતની બનેલી ખરીદીએ તો જ. બ્લૅકી કંપનીમાં જઈ રફિયા આણીએ કે રંગીન કાગળો આણીએ તો મળે ખરા. પણ હું મુદ્દાની વાત કરું. અમે કુંભારકામ શરૂ કરવાનો વિચાર કર્યો, પણ અમારે ત્યાં જગ્યાની જ મુખ્ય તાણ છે. માટી એકઠી કયાં કરવી અને કચરો (ગારો) કયાં તૈયાર કરવો એ જ સવાલ થઈ પડે છે. વર્ગના ઓરડામાં એ કામ કરતાં શાળાની શોભા બગડી જાય! એમ કરતાં પાછળના ફળીમાં જગ્યા જુદી કાઢી તો માટી મળવાનાં જ સાંસાં! અહીં કાંઈ છાલકામાં ગોરમટી થોડી જ આણી શકાય છે? બધું કરી એ

કામ શીખવવા એક કુંભારને બોલાવ્યો, તો તે કહે, 'રોજના બે રૂપિયા હોય તો આવું, ને ઈંટોની ભઠ્ઠી (નિભાડો) કરવાનું બતાવું.' સિવાય ભઠ્ઠી માટેનાં જે સાધનો જોઈએ તે તો અમારે જ વસાવવાનાં. અને હિસાબ ગણ્યો તો એના જ ૨૦–૨૫ રૂપિયાનો આશરો થયો. મેં કહ્યું, પણ તારો ચાકડો જ ફેરવવાનું શીખવ; તો કહે, રોજના બે રૂપિયા તો ખરા જ ! મહિને ૬૦ રૂપિયાનો પગાર કાઢવો ક્યાંથી ? આમ મારે એ હસ્તવ્યવસાય લેવાનો વિચાર જતો કરવો પડ્યો. એને બદલે ગામડામાં આવું કરવું હોય તો કેટલે ઓછે ખર્ચે ને સહેલાઈથી બની શકે ?"

શિક્ષકે તુરત કહ્યું : "ઓહો, ગામડાની શી વાત ? ૩–૪ રૂપિયામાં ગમે તે કુંભાર તમને બધું બતાવી દેત; અને જો બાળકોને તેને ઘેર લઈ ગયાં હોત તો તો મફત બતાવત !"

મેં કહ્યું : "બરાબર છે. અને એટલે જ અમારી શી મુશ્કેલી છે તે તમે સમજી શકશો. શહેરમાં બધું દેખાવ પૂરતું અને તે પણ સાવ થોડું જ બની શકે. સાચું હાથકામ કે કોઈ ઉદ્યોગ વા સર્જનને બહુ ઓછો અવકાશ છે. કુંભાર જ સાચો વિશ્વકર્મા–સર્જનહાર છે. કુંભારકામને અંગે પુષ્કળ ઉદ્યોગ, કલા અને અનેક વ્યવસાયોને જોડવી શકાય. પણ મારે તો અહીં શહેરમાં રહીને ગામડાનાં ખાલી સ્વપ્નાં જ રચવાનાં; તેમાં ખરું કાર્ય કશું જ ન બની શકે. અહીં અમે જે હસ્તવ્યવસાયો રાખ્યા છે તેથી મારા દિલને કદી પણ સંતોષ થયો નથી. આ બધા ઉદ્યોગો ચેતનહીન, નિરુપયોગી અને જેમાં કશું કરવાનું ઓછું હોય અથવા ન હોય એવા છે."

શિક્ષક : "એમ કેમ કહો છો ?"

મેં કહ્યું : "અમારાં બાળકો કાગળ અને કાતર લઈ અનેક જાતનાં કાતરકામ કરે છે અને જાળીઓ પાડે છે. આ કામમાં તેમની પોતાની કલ્પનાને પૂરતો અવકાશ મળે એવું ઘણું ગોઠવીએ છીએ, અને એ કારણે અન્ય શાળાઓ કરતાં અમારી શાળાનાં બાળકોમાં કલ્પના અને સર્જનશક્તિનું દર્શન વિશેષ થાય છે. પણ આમ કાગળો કાપ્યા કરવાનો જીવતરમાં શો ઉપયોગ ? જમીન ખોદીને ગમેતેમ ચાર–છ દાણા વાવીએ અને થોડું કે કાંઈક ઊગે તો તેમાંથી પેટ ભરવાનો માર્ગ હાથ લાગતો જણાય છે. કપાસનો છોડ ઉગાડી કપાસ ઉતારી તેમાંથી થોડું કે સૂતર કાંતીએ એટલે શરીરે ઓઢવા પહેરવાના કાપડનો વિચાર થઈ શકે છે. રાડાં કે સાંઠીકડાં, વાંકીચૂંકી ઈંટો, દોરી અને હાથે ગૂંથેલી ટટ્ટી વગેરેનો ઉપયોગ કરી નાનીશી ઝૂંપડી કે ફક્ત કબૂતરને રહેવાની ઓરડી બનાવવામાં ટાઢતડકામાં છાંયો આપનાર ઘરની કલ્પના કરી શકાય છે. કુંભારને ત્યાંથી માટી આણી એચાર કુલડીઓ બનાવાય તો તે પરથી ઘરમાં વપરાતાં વાસણો ઉપર નજર ઠરે. સુતારી ઓજારોનો વપરાશ જો થોડોઘણો પણ આવડી જાય તો રોજિંદા ઉપયોગમાં વપરાતી નાની મોટી વસ્તુઓ કેવી રીતે બનાવાતી હશે તેનો ખ્યાલ આવી શકે. તમને પણ એમ નથી લાગતું?"

શિક્ષકે કહ્યું : "હા બહેન ! તમારી વાત તો સાચી લાગે છે. આ રીતે વિચાર કરતું મેં હજુ સુધી કોઈને જાણ્યું નથી. હું તો એમ જ માનતો હતો કે હસ્તવ્યવસાયનું કામ સાચેસાચું માત્ર શહેરની શાળાઓમાં જ થઈ શકે છે."

મેં કહ્યું : "આમ જ લોકો ભૂલ ખાય છે. હું તો હસ્તવ્યવસાયનાં કામોમાં બાગકામ, સુતારીકામ, માટીકામ (કુંભારકામ) કાંતવાનું, રસોડાનું, વગેરે કામોને પહેલી પસંદગી આપવી જોઈએ એમ માનનારી છું. અહીં મારી શાળામાં આ બધાને દાખલ કરવાનું શક્ય નથી. છતાં જે બને છે તેટલું કરું છું."

શિક્ષકે કહ્યું: "ત્યારે તમે શું એમ માનો છો કે તમે ગણાવી તે બાબતોમાં કલાનો પણ સમાવેશ થઇ જાય છે? હસ્તવ્યવસાય એટલે હાથકારીગરીની પૂર્ણ તૈયારી નથી શું?"

મેં કહ્યું: "અલબત્ત છે. તમે એમ તો નથી માનતા ને કે ગામડામાં કલાના શોખને જરા ય સ્થાન જ નથી? હું તો એને માટે ભારે અવકાશ દેખી રહી છું. પણ આપણે આ સંબંધે વિગતથી નિરાંતે વાત કરશું."

"ભલે" કહી શિક્ષકભાઈ એ રજા લીધી.

—◇— તા.

પ્રશ્નોત્તર

(અનુસંધાન અંક ૭ મો પાનું ૮૪ થી)

ત્રીજી વાત એ છે કે જૂઠું બોલવું અને ભૂલથી હોય તેથી અન્યથા કહેવું એ બન્નેમાં ફરક છે, એ વાત અશોકને સમજાવવાની જરૂર છે. હું માનું છું કે તમારે "કઢી ગરમ હતી માટે મેં એમ કહ્યું" એક કહેવું જોઈતું હતું. ખરું જોતાં તમે જે એમ કહ્યું કે "જરા ધીરો થા, દાળ ગરમ છે." તેને બદલે "દાળ ગરમ હશે." અથવા તો "જો જોઇએ, ગરમ છે? પછી હાથ બોળજે." એવી જાતનું વાકય વાપર્યું હોત તો ઠીક થાત. બુદ્ધિશાળી બાળકો ઘણી વાર વડીલોને બહુ ઝીણવટથી ભાષા વાપરવાનું શીખવે છે તેનું આ એક ઉદાહરણ છે.

મુદ્દાની વાત એ છે કે 'બા જૂઠું નથી બોલી પણ ભૂલથી બોલી હતી' એટલી તેની ખાત્રી થવી જોઇએ. 'જુઠ્ઠું બોલવાનું' ભાન તેને કયાંથી થયું, એ તો તેને થોડાએક સવાલો પૂછવાથી જાણી શકાય. જેમકે "હેં ભાઈ, જૂઠું એટલે શું? કોણ જૂઠું બોલે છે? તું કદી જૂઠું બોલે છે ખરો? નોકર કદી જૂઠું બોલે છે? શા માટે બોલે છે?" વગેરે.

નીતિશિક્ષણની દૃષ્ટિએ "જૂઠું કદી બોલવું નહિ" એમ શીખવવું એને કેળવણીશાસ્ત્રની દૃષ્ટિએ યોગ્ય ગણવામાં નથી આવતું. સ્વાભાવિક રીતે પોતાના અનુભવોમાં સાચું બોલવાથી નુકસાન થતું લાગે છે ત્યારે જ બાળકો જૂઠું બોલવા પ્રેરાય છે; અથવા તો જ્યારે ઘરના વડીલો બાળકની સાથે જૂઠું બોલે છે ત્યારે તેમના અનુકરણમાં બાળકો પણ જૂઠું બોલતાં શીખે છે.

મને લાગે છે કે જૂઠું બોલવું એટલા શબ્દોનું જ જ્ઞાન અશોકને છે; એનો પૂરો અર્થ તે સમજતો નહિ હોય. અને આવી રીતે જે શબ્દોના સંપૂર્ણ અર્થોનો ખ્યાલ બાળકને નથી એમ લાગે, એવી બાબતમાં બહુ ચોળાચોળી ના કરવી એ સારું છે.

વળી ઘરની બહારના વાતાવરણમાંથી થોડા ઘણા મોળામીઠા સંસ્કારો પણ મળ્યા જ કરવાના; તેથી ગભરાયે પાલવે નહિ. શરીરની બાબતમાં જેમ રોગના જંતુઓથી હંમેશાં દૂર રહેવામાં સાચું આરોગ્ય નથી પણ શરીરમાં પેઠેલા જંતુઓ સામે ટકવાની શક્તિ હોવામાં નિરોગિતાનું સાચું લક્ષણ છે, તેમજ નૈતિક બાબતોમાં પણ સમજવું? બાળકને પણ જો ઘરના સારા સંસ્કાર હોય, માબાપ તથા ઇતર વડીલોનાં વર્તન શુદ્ધ હોય, બાળકના સંપૂર્ણ વિકાસને પૂરો અવકાશ હોય, તેની સાચી મહત્ત્વાકાંક્ષાઓને દાબી દેવામાં આવતી ન હોય, તો સમાજનું બહારનું દૂષિત

(જુઓ પાનું ૧૨૬)

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨–૧–૪૩.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

☆

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

☆

મતભેદ

મતભેદ એ જીવનજાગૃતિની નિશાની છે. નિખાલસતા, પરમતસહિષ્ણુતા, કાર્યસિદ્ધિની આસક્તિ, અને પરસ્પર સદ્‌ભાવની મદદ વડે મતભેદનો ઉત્તમ લાભ મેળવી શકાય. માત્ર સ્વમતાગ્રહ, સ્વપ્રતિષ્ઠા, સ્વાભિમાન કે સ્વાર્થ જેવા અડકોથી કાર્યનું નાવ બચાવવું જોઈએ.

વર્ષ ૧૭ / ૧૯૯૯ — :: કાર્યાલય :: રાવપુરા : વડોદરા — અંક ૧૨ / માઘ

બાલશિક્ષક સંમેલન

[નૂતન બાલશિક્ષણ સંઘ–મુંબઇ શાખા તરફથી યોજાયેલું]

બાલશિક્ષક સંમેલન મલાડમાં તા. ૧૩–૧૪ ફેબ્રુઆરીના દિવસોમાં ભરાયું હતું. તે યશસ્વી રીતે પાર પાડવા બદલ મુંબઈ શાખાના કાર્યવાહકોને અભિનંદન ઘટે છે.

આ સંમેલનમાં હાજરી આપવા સંઘનાં પ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઇ ખાસ અમદાવાદથી આવ્યાં હતાં. મુંબઇ શાખાનાં પ્રમુખ શ્રી. તારાબેન પ્રેમચંદે પોતાની નાદુરસ્ત તબિયતમાં પણ સંમેલનનું અધ્યક્ષપદ સ્વીકારીને હાજરી આપી હતી.

મુંબઇ શાખાના કાર્યકર્તામંડળના ઘણાખરા સભ્યો હાજર હતા. તે ઉપરાંત સંઘના કોષાધ્યક્ષ શ્રી. ચંદુલાલ ઝવેરી પણ હાજર હતા. દેકદેકાણેથી આવેલા મહેમાનોમાં નીચેની વ્યક્તિઓની હાજરી તરી આવતી હતી.

ડૉ. કાશીબાઇ નવરંગે, સૌ. માલિનીબાઇ પરાંજપે, મિસ ઝિરાડ, શ્રી. ભાસ્કરરાવ ધોં. કર્વે, સૌ. કાવેરીબાઇ કર્વે, શારદામંદિર અમદાવાદનાં શ્રી. સવિતાબેન ત્રિવેદી, દાદર પારસી સ્કૂલનાં પ્રિન્સિપાલ મિસ હુંગાજી તથા મિસ હુબાશ, મિસ રૂબેન, મિસ સેઠના, શ્રી. વા. રા. પટવર્ધન, પ્રો. શ્રી. બા. રાનડે, શ્રી. રાઉત અને શ્રી. આવટી.

સંઘ સાથે જોડાયેલી તેમજ સંઘની મિત્રસંસ્થાઓનાં શિક્ષક-શિક્ષિકાઓ મળીને સોએકની મંડળી હાજર હતી.

મુંબઇ મ્યુનિસિપાલિટી, સેવાસદન અને વનિતા વિશ્રામની ટ્રેનિંગ કૉલેજનો અધ્યાપકવર્ગ તથા વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓ પણ પ્રેક્ષકવર્ગમાં દેખાતાં હતાં.

તા. ૧૩ શનિવારે બપોરે બે વાગે કાર્યક્રમની અવિધિસરની શરૂઆત થઇ હતી.

બાળકોનું કામ

પહેલો કાર્યક્રમ બાળકોનાં કામો નિહાળવાનો હતો. વૈજ્ઞાનિક રમતથી શરૂઆત થઇ હતી. બે ટેબલ પર બે વર્ગોનું કામ ચાલતું હતું.

નાનાં બાળકોના વર્ગમાં લોહચુંબક, સ્ટીરિયોસ્કોપ, સપ્તરંગીચક્ર, દૂરબીન, આદિ રમતો બાળકો રમતાં હતાં. ઘણાં બાળકો આ સાધનોનો પોતે ઉપયોગ કરતાં હતાં. જોવા આવેલાં બહારનાં નાનાં બાળકોએ પણ આ રમતમાં અતિશય ઉત્સાહથી ભાગ લીધો હતો.

મોટા વર્ગનાં બાળકો પેરિસ્કોપ, સાયફન, ગોલ્ડલીફ, ઇલેક્ટ્રોસ્કોપ, પીચ બોલ, કેટસ્કીન અને રોડ, વગેરે સાધનોથી રમતાં હતાં. તે સિવાય ગાજર, બીટ, મૂળા, હુંગળી, લસણ ઇત્યાદિ કંદમૂળ રકાબીમાં ઉગાડી મૂક્યાં હતાં તેને મેગ્નિફાઇંગ કાચથી બાળકો જોતાં હતાં.

સાયફન તો બધાં બાળકોને ખૂબ ગમ્યું. દરેક જણ તેનો પ્રયોગ કરી જોતું હતું. કેટલાંક મેગ્નિફાઇંગ કાચની મદદથી રોપાનાં મૂળ તથા કુંપળો કેથાં દેખાતાં હતાં તે લખી કાઢતાં હતાં. એક બાળકે કાંદાની માહિતી લખતી વખતે કાંદાની નીચે દાઢી તથા ઉપર મૂછ ઊગી છે એમ લખ્યું હતું.

બાળકો ખૂબ જ છૂટથી રમતાં હતાં. પ્રેક્ષકવર્ગની પુષ્કળ ભીડ હોવા છતાં પણ બાળકો તો પોતાની રમતામાં જ એકાગ્ર હતાં એ જોઇને આશ્ચર્ય થતું હતું.

અડધા કલાક પછી કામો બદલાઇ ગયાં. નાનાં બાળકો ચોગાનમાં રાંગોળી પૂરતાં હતાં અને મોટાં બાળકો પાસેના આમ્રવૃક્ષ નીચે જુદા-જુદા હસ્તવ્યવસાયનાં કામો કરતાં હતાં. નાનાં બાળકોની રાંગોળી કોડી, શંખ, છીપલાં, બિયાં, ચણોઠી ઇત્યાદિથી પૂરાઇ હતી. મોટાં બાળકો લાકડાના રંગીન વેરથી જુદીજુદી જાતની રાંગોળી પૂરતાં હતાં, અને આઠ-નવ વર્ષનાં મોટાં મોટાં બાળકો રંગથી રાંગોળી કરતાં હતાં.

આમ્રવૃક્ષ નીચે કેટલાંક બરૂ પર પડીકાના દોરા વીંટતાં હતાં ત્યારે કેટલાંક તકલી કાંતતાં હતાં. સુતારીકામના વિભાગમાં તો ઘણાં બાળકો કામ કરતાં હતાં. કોઇ પાનું લઇ રંધો કાઢવામાં મશગૂલ હતું તો કોઇ કરવતી ઘસવામાં તલ્લીન હતું. કેટલાંક બાળકો સફેદ માટી તથા કાગળના માવાને એકત્ર કરી નાના નાના મણકા તૈયાર કરતાં હતાં અને દોરામાં પરોવી માળા બનાવતાં હતાં.

એક તરફ ઘંટી ચલાવવાનું કામ પણ ચાલતું હતું. બીજી તરફ બાળકો પલાળેલા કાગળનો માવો બનાવી વાટકો બનાવતાં હતાં. એક બાળક પાસે નાળિયેરની ચોટલી; તૂટેલાં બ્રશના હાથા વગેરે પડેલાં હતાં, તેમાંથી તેણે ત્રણ ચાર બ્રશ તૈયાર કર્યાં.

ત્રીજે ઠેકાણે બાળકોની એક નાની ટોળી સૂતર કાંતતી હતી. રૂ પીંજવાનું, પૂણી બનાવવાનું તથા તેમાંથી સૂતર કાંતવાનું એમ ત્રણેય ક્રમિક ક્રિયાઓ ત્યાં ચાલતી હતી. વિદ્યાર્થીઓ તથા શિક્ષકોના સૂતરના નમૂનાઓ, તથા કામની પ્રગતિના તખતાઓ ખાસ ધ્યાન ખેંચતા હતા. બાળકોને હોંશથી ને એકાગ્રતાથી સડસડાટ કાંતતાં જોવાનું દૃશ્ય ખરેખર મનોરમ હતું. આ પ્રયોગને યશસ્વી બનાવવાનું બધું શ્રેય ખારના આદર્શ બાલમંદિરના આચાર્ય શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાય અને તેમનાં પત્ની સૌ. ધનુબેનને છે. બાળકોના હસ્તવ્યવસાયમાં કાંતણ-પીંજણને મહત્ત્વનું સ્થાન છે, એ સંબંધમાં મતભેદ નથી. પરંતુ આ કામ શાળાઓમાં યશસ્વી રીતે કેમ સફળ બનાવવું એ સવાલ છે. અને એ દૃષ્ટિથી પ્રભુભાઇનો પ્રયત્ન ખૂબ જ પ્રસંશાપાત્ર છે.

આ ઉપરાંત દૂરના આમ્રવૃક્ષની નીચે બાળકોનું મજૂરીકામ ચાલતું હતું. નાનાં નાનાં બાળકો ઘાસ કાપવામાં, પાદડાં વીણવામાં અને તે ટોપલામાં ભરી એક ખાડામાં નાખવામાં મશગૂલ બન્યાં હતાં. વચ્ચે શિક્ષિકાની ગેરહાજરી દરમિયાન પણ આ કામ વ્યવસ્થિત ચાલતું હતું.

થોડાં મોટાં બાળકો હાથમાં મોગરી લઇને જમીનને ટીપીને સરખી કરતાં હતાં. કેટલાંક બાળકો, પાવડાથી કયારા બનાવતાં હતાં. મોટાં બાળકો તો ઇંટો પાડવામાં જ રોકાઇ ગયાં હતાં, અને પકાવેલી ઇંટોની ભીંત બાંધતાં હતાં. પકાવેલી ઇંટો સાચી મોટી ઇંટોની જેવી જ લાલ દેખાતી હતી તેથી બાળકોને ખૂબ આનંદ થયો હતો.

પ્રદર્શન

પછી પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું.

શરૂઆતમાં ડાબી બાજુ એક મોટા ટેબલ ઉપર અંગ્રેજી, ગુજરાતી અને મરાઠી ભાષાનાં બાળકો તેમ જ બાલશિક્ષકો માટેનાં પુસ્તકો હતાં. બેશક આ પુસ્તકો વિજ્ઞાન તેમ જ હાથકારીગરીના વિષય અંગેનાં જ હતાં.

પત્રવ્યવહારમાં ગ્રાહકો પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખે.

પહેલા ઓરડામાં વચ્ચેના ભાગમાં જાત-જાતની રાંગોળીઓનો જાણે ગાલીચો બિછાવ્યો હતો. રાંગોળીની વિશિષ્ટતા તેને માટે વપરાયેલ ચીજોની હતી. મધ્ય ભાગે પીળા, ઘેરો તપખીરિયો અને રતાશ પડતો લાકડાનો વહેર–ભૂકો વાપરીને ગાલીચો બનાવ્યો હતો. વહેરનો રંગ લાકડાનો અસલ હતો તે જ રાખ્યો હતો. ગાલીચાની એક કિનાર ફૂલ, પાન, કાચા પોપૈયાનાં ધોળાં બી, સોનચંપાનાં ગુલાબી બી, વગેરેથી બનાવી હતી. અનાજમાં જે જુદાજુદા સ્વાભાવિક રંગો મળે છે તેની સહાયથી ગાલીચા જેવી બીજી રાંગોળી પણ યોજેલી હતી, અને બાજુ પર વધેલી જગ્યા પૂરવા માટે લાલ વાલ અને ચણોઠીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વચ્ચે વચ્ચે રાંગોળી પૂરવામાં મદદગાર થાય તેવી રંગબેરંગી પણ લગભગ મફત મળી શકે તેવી ચીજો કોડિયાંઓમાં ભરી રાખી હતી. આવી ચીજોમાં સંચાથી પેન્સિલ છોલતાં નીકળેલ ઝીણો વહેર, જંગલી ઝાડોનાં વીણી એકઠાં કરેલાં રંગબેરંગી બિયાં, આંબલિયા, કોડીઓ, છીપલીઓ, વગેરે ચીજો ધ્યાન ખેંચતી હતી. આખા યે ગાલીચા ફરતો ચારે બાજુ બકીથી ધોળો પટ્ટો પાડયો હતો.

ડાબી બાજુ ટેબલ ઉપર હસ્તવ્યવસાયના નમૂનાઓ ગોઠવ્યા હતા. આ નમૂનાઓની વિશિષ્ટતા, તે જે ચીજોમાંથી બનાવ્યા હતા તેમાં હતી. ઊંચી જાતની મોંઘી કોઇ પણ સાધન-સામગ્રી તેમાં વાપરેલી નહોતી, પણ કાચલીઓ, કેળના થડનાં છાલાં, કપાસિયા, બકરીની લીંડીઓ, બાવળના કાંટા, વગેરે સાદી સસ્તી ચીજો હતી. ગુણપાટ પરનું શીવણકામ અને કેળની છાલોનો કેનવાસ તરીકે ઉપયોગ કરીને કરેલું ભરતકામ એના રચનારની યોજના-શુદ્ધિનો અચ્છો પરિચય આપી રહ્યાં હતાં. હસ્તવ્યવસાયનાં સાધનો બહુ મોંઘાં હોય છે; શીવણ અથવા ભરતકામના થોડા નમૂના તૈયાર કરવા સારુ કિંમતી ઊંચી જાતનું પરદેશી રેશમ, કેનવાસ, ક્રેપ પેપર, રંગીન કાગળો, વગેરે સાધનો જોઇએ જ એવી સામાન્યતઃ બધી શાળાઓની પ્રચલિત માન્યતા છે. અને આ બધી ચીજો મોંઘી હોવાથી ગામડાંની શાળાઓ આમાંથી ઘણું ખરું કશું જ કરી શકતી નથી એવી વસ્તુસ્થિતિ છે. ખરું જોતાં ઊંચી જાતના રેશમ વડે શ્રેષ્ઠ કેનવાસ ઉપર સાવ સાદા આડાઅવળા બે ટેભા ભર્યા હોય તોપણ સુંદર લાગે; પણ એમાં કશું હસ્તકૌશલ્ય નથી. બીજી રીતે ઉપર ગણાવી તેવી સાદી ચીજોના વપરાશમાં હાથકારીગરી ઉપરાંત તૈયાર કરનારની યોજનાશક્તિની પણ સારી પિછાન થાય છે. કાચા નાળિયેરનું પાણી પીને ફેંકી દીધેલ કાચલીમાંથી કિટલી અને દૂધ-બાંડ રાખવાની વાટકીઓ બનાવવામાં ખરી કલ્પનાશક્તિ રહેલી છે; કલા પણ છે. બીજી રીતે એમાં ખર્ચનો પ્રશ્ન જ આવતો નથી. નાળિયેરની ચોટલીમાંથી જાતે બનાવેલ સાદી પીંછીઓ વડે પીળી અને લાલ માટી તથા ચૂનાના રંગથી રંગેલી માટલીઓ તથા કુલડીઓ પણ દેખાતી હતી. બાળકોએ કરેલું આ રંગકામ સાદું છતાં આકર્ષક હતું. આજની કાગળ કે રંગીન પેનસિલોની અત્યંત મોંઘવારીની સ્થિતિમાં આ જાતનું રંગકામ ઉત્તેજનપાત્ર ગણાય. ભીતો, ઓટલાઓ કે ભોંયતળિયાં તેમ જ માટલીઓ, કૂંજાઓ વગેરેને ફલક (ground) તરીકે વાપરીને ચિત્રકામ કરવાનો રિવાજ આપણે ત્યાં અતિ પ્રાચીન કાળથી પ્રચલિત છે. શાળાઓમાં આજે આવી જાતના ચિત્રકામને ઉત્તેજન આપવાથી ખર્ચનો બચાવ થશે જ,

સિવાય શોભા પણ થઈ શકશે. આ દિશામાં હજુ પ્રયોગોને પુષ્કળ અવકાશ પણ છે. બાલ-મંદિરના શિક્ષકોનું લક્ષ આ બાજુ ખેંચવાની ખાસ જરૂર છે. નકામાં છાપાંઓને ગેરૂ અથવા ચૂનાનો એક હાથ મારી તે પર કપાસની વાટ વડે દોરેલાં ચિત્રો પણ નજરે પડતાં હતાં. આખા ય વિભાગની યોજના પાછળ પ્રેક્ષકવર્ગનું ધ્યાન કયા મુદ્દા તરફ દોરવામાં આવતું હતું તે સહજ સમજાય તેવું હતું.

ઓરડામાં આગળ વધતાં ડાબી બાજુએ જુદીજુદી જાતનાં શાકોની મદદ વડે બનાવેલા નમૂનાઓ હતા. દૂધીમાંથી બનાવેલ માણસ, કાગડો, મોર, કાચબો વગેરે જાતજાતની મનોરંજક ચીજો પ્રેક્ષકોને હસાવી રહી હતી. આ નમૂનાઓમાં પણ હાથકલા ને યોજનાશક્તિ જ મુખ્યત્વે તરી આવતાં હતાં. રીંગણાં, રતાળુ, વગેરે રોજનાં શાકોમાંથી જ આ નમૂના બન્યા હતા; વળી આ બધાં શાકો આખરે શાક તરીકે તો વપરાય તેમ હતાં જ. એટલે શાક જેવી નવો ખર્ચ ન માગતી ચીજોમાંથી પણ કલાના નમૂના બની શકે છે તે તરત દેખાઇ આવે તેવું હતું. ખાસ કરીને જે શાળાઓને પોતાનાં વસતિગૃહો હોય ત્યાં રોજ વપરાશમાં આવતાં આવાં શાકોમાંથી આવી જાતની હાથકારીગરીના નમૂનાઓ કશો ય નવો ખર્ચ કર્યા વિના અવશ્ય બનાવી શકાય.

આગળ જતાં એક ખેતરનું આખું દૃશ્ય યોજેલું દેખાતું હતું. આ નાનકડા દૃશ્યમાં ખેડૂતની ઝૂંપડી, કૂવો, કોસ, ગાહું, ઘોરિયા, શેરડીનું ખેતર, જારનું ખેતર, શાકની વાડી, વગેરે જાતજાતના દેખાવો ગોઠવ્યા હતા. ઉપરાંત ખેતરમાં હરહમેશ નજરે પડતા બળદ, કૂતરાઓ, પક્ષીઓ, દેડકાઓ વગેરે પશુપક્ષીઓ પણ અહીં મૂકયાં હતાં. કાગળ પર દોરેલ ચિત્રો કરતાં નાનાં બાળકો માટે આવાં દૃશ્યો વધારે સારાં ગણાય કેમ કે આવાં દૃશ્યો ચિત્રની ગરજ સારવા ઉપરાંત એવી ચીજો વધારે પ્રત્યક્ષ રીતે બાળકો જોઇ શકે તેવી હોય છે, અને પાસે એવી નાની વિગતો શોધી કાઢવાનું બાળકોને બહુ ગમે છે. શહેરી બાળકો માટે આવાં દૃશ્યો આનંદદાયક થવા ઉપરાંત માહિતી આપવાનાં સાધન પણ બને છે.

જમણી બાજુ પરનું એક ટેબલ જાતજાતના પથરાઓથી ભરેલું હતું. ત્યાં મૂકેલા નમૂનાઓ એટલા ચિત્તાકર્ષક હતા કે ઘણા પ્રેક્ષકો એ ટેબલથી દૂર ખસવાને જરા ય રાજી ન હતા. પથરા જેવી નકામી જણાતી ચીજ આટલી આકર્ષક થશે એમ અમે પણ ધારેલું નહિ. આમાંના કેટલાક પથરાઓ શિક્ષકોએ એકઠા કરેલા હતા, પણ મોટો વિભાગ તો શ્રી. આવટીના પથ્થર-સંગ્રહનો જ એક વિભાગ હતો તે હતો. બાળકોને લગોટીઓ તેમ જ રંગીન પથરાઓ પુષ્કળ ગમે છે. બાલમંદિરના પ્રવાસોમાં પથરાઓ, છીપલીઓ અને જાતજાતનાં બિયાં એકઠાં કરવાનાં પર્યટનો ગોઠવવાં જોઇએ. જાતે મહેનત કરી રખડીને એકઠી કરેલી ચીજો જ્યારે બાળકો બગીચામાં અથવા રાંગોળીમાં શોભા તરીકે વપરાયેલી જુએ છે ત્યારે તેઓ અપાર આનંદ અનુભવે છે. વૈજ્ઞાનિક માહિતી મળવા ઉપરાંત બાળકોની કુતૂહલવૃત્તિ જાગ્રત થાય છે એ આનો બીજો લાભ છે.

તે પછીનાં ટેબલો ઉપર શાળાઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ કરેલા સંગ્રહો ગોઠવ્યા હતા. વિજ્ઞાન-શિક્ષણમાં આવા સંગ્રહો કેવો રસિક વિભાગ બને છે તે વિષે લંબાણથી શિક્ષણપત્રિકાના આગલા અંકોમાં લખાયેલું જ છે.

એક બીજો વિભાગ પણ ધ્યાન ખેંચતો

હતો. આમાં રકાબીઓમાં ઉગાડેલાં કંદમૂળો અને ગ્લાસમાં ઉગાડેલાં અનાજ હતાં. વર્ગમાં અથવા ઘેર પણ આ જાતની યોજના થઇ શકે એટલું એ સહેલું છે. રકાબીઓમાં પાણી ભરી અંદર ગાજર, મૂળા, રતાળુ, બટાટા, આદું, બીટરૂટ, હુંગળી, લસણ વગેરેનાં માથાં-ગાંઠો કાપીને રાખી મૂકીએ અને રોજ થોડું થોડું પાણી રેડતા રહીએ તો થોડા દિવસોમાં એમાંથી પાંદડાં ફૂટવા માંડે છે. આ ગાંઠો લગભગ ત્રણ કે ચાર અઠવાડિયાં સુધી પણ જળવાઇ રહે છે. ગ્લાસમાં વાવેલાં ધાન્યોને પણ ફણગા, મૂળ, પાંદડાં વગેરે ઊગેલાં દેખાય છે. બાટલીઓમાં રોપાઓ હતા, તેમ જુદી જુદી ફ્રેમોમાં દાબીને સૂકવેલાં પાન-ફૂલો વગેરે જોઇ શકાતાં હતાં. ટૂંકમાં હરકોઇ શાળામાં સહેલાઇથી બની શકે તેવા સંગ્રહો અહીં યોજેલા હતા. જાતજાતનાં જંગલી ફૂલો અને ફળોનાં બનાવેલાં તોરણો પણ લટકતાં હતાં. જાતજાતનાં બિયાં સંગ્રહની શોભામાં ઉમેરો કરતાં હતાં.

તે પછીના ઓરડામાં જમીન ઉપર કપાસના ખેતરથી માંડીને શાળ પર કપડું વણાઇને તૈયાર થતાં સુધીની કાપડની બધી અવસ્થાઓ દર્શાવતાં દશ્યો હતાં. એ જ ઓરડામાં એક ટેબલ ઉપર વૈજ્ઞાનિક રમતોનાં સાધનો હતાં. વિજ્ઞાનશિક્ષણની ચાલુ લેખમાળામાં આને અંગે સવિસ્તર લખવામાં આવ્યું છે.

આ પછીનો વિભાગ સૃષ્ટિજ્ઞાનનો હતો. આ વિભાગમાં પ્રો. રાનડેએ ઇસ્માલ કૉલેજમાંથી તેમજ પોતાને ઘેરથી આણેલા જાતજાતના સુંદર નમૂનાઓ હતા. એ જ પ્રમાણે સેવાસદન ટ્રેનિંગ કૉલેજના વૈજ્ઞાનિક સંગ્રહમાંથી કેટલાંએક પક્ષીઓ અને ચીજો પ્રો. રાઉતે આણી હતી તે પણ હતી. પ્રેક્ષકોનું ધ્યાન આ સંગ્રહોએ પુષ્કળ ખેંચ્યું હતું. આ સંગ્રહો ગોઠવવાનો હેતુ એટલો જ હતો કે પ્રેક્ષક-શિક્ષકોના જ્ઞાનમાં થોડોક પણ ઉમેરો થાય. આજની ઘડીએ પ્રાથમિક શાળાઓમાં જે જાતનું સૃષ્ટિજ્ઞાનનું શિક્ષણ અપાય છે, તેમાં છાપેલ ચોપડીઓમાંથી પાઠો વાંચી સંભળાવવા અને તેની પરીક્ષા લેવી એટલાનો જ સમાવેશ થાય છે. એનું કારણ એ પણ છે જ કે ખુદ શિક્ષકોનું જ જ્ઞાન આ વિષયમાં બહુ મર્યાદિત હોય છે. શિક્ષકોને આ વિષયનો ખાસ શોખ હોતો નથી કે એને અંગે વાચનનું સાધન કશું મળતું નથી. અમને લાગે છે કે આ વિભાગ જોવાથી શિક્ષકોને પુષ્કળ લાભ મળ્યો હતો.

પ્રદર્શનનું આટલું ટૂંકું વર્ણન બસ થશે. બાલશિક્ષકોને આ પ્રદર્શન જોયા પછી ઘણું નવું નવું સૂઝયું હશે. એનો ઉપયોગ શિક્ષકો પોતાની શાળામાં બાળકોના શિક્ષણમાં કરે એવી આ સંમેલનના યોજકોની ઇચ્છા છે. આવતે વર્ષે આવું સંમેલન ભરાય તેમાં આવા સંગ્રહો અનેક ગણા વધારે ઉપયોગી અને રસિક રીતે તૈયાર થાય એમ માનીએ. આ વખતે તો એક-બે શાળાઓ તરફથી જ પ્રદર્શનમાં નમૂનાઓ રજૂ થયા હતા. જો બધાં બાલમંદિરો આ સંમેલન પછી આ દિશામાં કામ કરતાં થઇ જાય તો આવતે વર્ષે જે મોટી આશા સેવીએ છીએ તે જરૂર સફળ થાય, અનેક નવી નવી બાબતો શોધાય અને ઘણાને લાભ મળે.

હસ્તવ્યવસાય અને વિજ્ઞાનશિક્ષણની નવી દૃષ્ટિ સૂચવવાનો પ્રયત્ન આ પ્રદર્શન દ્વારા યોજકોએ કર્યો હતો. એની સફળતાનો ખરો આંક તો હવે પછી જે જવાબો શિક્ષકો તરફથી કાર્યરૂપે આવશે તેના પરથી જ મૂકી શકાશે. આશા રાખીએ કે તે ઘણે અંશે સફળ થાય.

આમ્રકુંજમાં બે દિવસ

માલાડના આદર્શ દુગ્ધાલય પાસે મોટી વિશાળ જમીન છે. આમાં આંબાવાડી, જુવારનાં ખેતરો, શાકવાડી અને ખુબ શિતળ છાયા આપનાર લીલાંછમ વૃક્ષોથી વાતાવરણ આલ્હાદ-જનક લાગતું હતું. પ્રદર્શન જોયા પછી મહેમાનો કુદરતનું એ પ્રદર્શન જોવા આમતેમ ફરતા હતા. અનેક ઠેકાણેથી ભેગી થયેલી મંડળી ત્યાં એકબીજાને મળી તેથી વાર્તાલાપ ચાલતો હતો. આમ્રકુંજમાં દુગ્ધાલયનાં સંચાલકોએ મહેમાનો માટે વિશ્રાંતિગૃહ પણ રાખ્યું હતું. ત્યાં તાજગી મેળવી એકબીજા વચ્ચે વાતો-ચીતોથી આનંદ મેળવવાની સુંદર તક મળતી હતી. કામ કરી થાકી ગયેલાં બાળકોના થાક ઉતાર માટે અહીં આમ્રકુંજમાં જ આઇસ્ક્રીમ તથા ફલાહાર આપવામાં આવ્યો હતો.

આમ્રકુંજની ઘટાની છાયા નીચે જ સાંજના ભોજનનો આનંદ મહેમાનોએ મેળવ્યો હતો. તે વખતે શ્રી. દેવીકારાણી તથા તેમના સહકાર્ય-કર કલાકારોએ પણ પ્રદર્શનની મુલાકાત લીધી. ભોજનનાં અત્યાગ્રહને વશ થઇ તેઓએ પણ તેમાં ભાગ લીધો. તેમના તરફથી ઘણો સામાન આ સંમેલનના ઉપયોગમાં લેવા મળ્યો હતો. તે ઉપરાંત પોતે આવીને પણ બાલશિક્ષણમાં પોતાનો રસ વ્યક્ત કર્યો હતો. તેમના જેવા જો આ શિક્ષણની બાબતમાં રસ લઇ ધ્યાન પર લે તો કેળવણી વિષયક ચિત્રપટો તૈયાર કરવામાં ઘણી પ્રગતિ થઇ શકશે.

ભોજન પછી રાત્રે વચ્ચેના ચોકમાં સૌ એકત્ર થયાં હતાં. મહેમાનોએ પ્રથમ પોત-પોતાનો પરિચય આપ્યો હતો. પછી બાળગીતો અને ગાયનોની શરૂઆત થઇ હતી. શ્રી. પિનાકીન ત્રિવેદી, શ્રી. અવિનાશ વ્યાસ, શ્રી. સૈા. પુષ્પાબેન પકવાસા, શ્રી. રમેશ દેસાઇ, સૈા. સરલાતાઇ દેવધર, શ્રી. કિશોર મહેતા વગેરે લોકોએ જલસામાં ભાગ લીધો હતો. શ્રી. પિનાકીન ત્રિવેદી તથા શ્રી. અવિનાશ વ્યાસે પોતે રચેલાં બાલગીતો ગાઇને શ્રોતાઓને તલ્લીન કર્યા હતા. બે કલાકનો આ રંજનકાર્યક્રમ ખૂબ આનંદથી પાર પડ્યો. પછીથી એક નાની શાળામાસ્તરની નાટિકા સ્વયંસ્ફૂર્તિથી ભજવી બતાવવામાં આવી હતી. વિધિપુરઃસરનો કાર્ય-ક્રમ પૂરો થયા પછી સૌ રાત્રિના આરામ માટે પોતાને સ્થાને ગયાં. ત્યાર પછી બાલમંદિરના કેટલાક શિક્ષકોએ પોતપોતાની શાળામાં આવશ્યક સુધારાની શકયાશકયતા સંબંધે બે કલાક ખુલ્લા દિલથી ચર્ચા કરી હતી. ઘણાઓને તો સંમેલનનો એ જ મુખ્ય કાર્યક્રમ હોય એમ લાગ્યું.

બીજે દિવસે સવારે ૭ વાગે જીવનમંદિર-(પ્રાર્થના)નો કાર્યક્રમ થયો. સુંદર રમ્ય પ્રભાતની એ શાંત પળોમાં ભજનના મધુર અને ભાવવાહી સંગીતના સૂરમાં ઘડીભર સૌ પોતાની જાતને ભૂલી સૃષ્ટિનિર્માતાના જીવંત સ્વરમાં લય પામ્યા હોય એમ લાગતું હતું.

ત્યાર પછી આઠ વાગે કાર્યક્રમની શરૂઆત થઇ હતી. પ્રથમ શ્રી. તારાબેન મોડકે વૈજ્ઞાનિક રમતોનાં સાધનો સમજૂતી સાથે દેખાડ્યાં હતાં. કેળની છાલ ઉપરના પ્રયોગની હકીકત કહી હતી; નાની વનસ્પતિ કેમ ઉગાડવી તે પણ સમજાવ્યું હતું; પાન, ફૂલ વગેરેને દાબી સૂકવીને તેનો સંગ્રહ કરવાની રીત પ્રત્યક્ષ દેખાડી હતી. પછી ભાવનગરના શ્રી. દક્ષિણામૂર્તિ બાલ-મંદિરના આચાર્ય શ્રી. હેમુભાઇએ ઈયળ અને તેમાંથી થતા પતંગિયાની સચિત્ર માહિતી આપી હતી. તેમણે પોતાની જાતે મહેનત કરી,

અવલોકન કરી બધી માહિતી મેળવી હતી તથા ચિત્રો દોર્યાં હતાં. પોતાના અનુભવથી જ બધું જ્ઞાન મેળવ્યું હતું. અનુભવસિદ્ધના બોલ હમેશાં જીવંત તથા પરિણામકારક જ હોય છે. પછી શ્રી. મંજુ મંત્રીએ નાનાં બાળકોને સ્ક્રેપ્રિન્ટિંગ ક્રેમ શીખવવું તે સમજાવ્યું હતું. ત્યાર બાદ કાગળના માવામાંથી અને કાગળમાંથી વસ્તુઓ કેવી રીતે તૈયાર કરવી તે સમજાવ્યું હતું. આ બન્ને ઉદ્યોગો તદ્દન સહેલા તથા નાનાં બાળકોને આવડે તેવા જ છે.

શ્રી. નામલેનું વિજ્ઞાનશિક્ષણ ઉપર વિચારપૂર્ણ ભાષણ થયું. શ્રી. આવટેના ભાષણથી આ કાર્યક્રમની સમાપ્તિ થઇ. શ્રી. આવટે પોતાની સાથે સુંદર પથ્થરોના નમૂના લાવ્યા હતા. ભૂગર્ભશાસ્ત્રની નમૂના દેખાડીને માહિતી આપી હતી. શિક્ષકોને માટે એ શાસ્ત્ર નવું હતું તેથી તે બાબતમાં તેમની જિજ્ઞાસા ખૂબ હતી.

સંમેલનની પહેલી બેઠક

બપોરના ૧૨॥ વાગતાં આમ્રઘટાની શીતલ છાયા નીચે સંમેલનની બેઠક રાખવામાં આવી હતી. પ્રમુખશ્રીની જમણી બાજુએ ગાંધીજીનો ફોટો હતો. ડાબી બાજુએ બાલશિક્ષણના આદ્ય પ્રણેતા સ્વ. શ્રી. ગિજુભાઇની ગુજરાત વિદ્યાપીઠના શિલ્પકાર શ્રીદત્તામહાશે માટીમાંથી બનાવેલી પ્રતિમા હતી. પાંચ ફૂટ ઊંચી અને ચાર ફૂટ પહોળી એ ભવ્ય પ્રતિમા છાતી સુધીની જ હતી. એમની આશીર્વાદાત્મક દૃષ્ટિ નીચે જ જાણે સંમેલનનું કામ ચાલતું હોય તેમ લાગતું હતું. આ કાર્યની પ્રેરણા આપનાર શક્તિ ત્યાં પ્રતિમાના રૂપમાં હાજર હતી, તેથી સૌમાં તાજગી અને સ્ફૂર્તિ આવતી હતી.

સંમેલનની શરૂઆતમાં શ્રી. મેધા ચોધે સંગીતશાસ્ત્રી પંડિત ભીમરાવના દીલરૂબાના મીઠા સૂરો સાથે 'અંતર મમ વિકસિત કરો' એ પદ ગાયું. ત્યાર પછી પૂજ્ય ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવ જન' શ્રી. સુશીલાબેને આસરે ગાયું. શ્રી. સરલાદેવી સારાભાઇએ મહાત્માજીને દીર્ઘાયુ ચિંતન કરતાં એક મિનિટ શાંત બેસી સભાને પ્રાર્થના કરવા સૂચવ્યું. એક મિનિટ સર્વત્ર પૂર્ણ શાંતિ પ્રસરી. બાપુજીના કામમાં યશ તથા દીર્ઘાયુની પ્રાર્થનાથી સંમેલનના કામકાજનો પ્રારંભ થયો.

સંઘના મુંબઇ શાખાના મંત્રી શ્રી. બાબીબેન મૂળજીએ સ્વાગત કરતાં કહ્યું હતું કે, 'આવા મુશ્કેલ સમયમાં બહારગામથી આટલા બધા લોકો આવશે એવી અમારી ધારણા ન હતી. મલાડ જેવા દૂરના સ્થળે મુંબઇના લોકો માટે આવવું એ પણ કઠિન હતું. છતાં અમારા આમંત્રણને માન આપી આપ સૌ અહી પધાર્યાં છો તેથી આપ સૌનું સ્વાગત કરતાં મને અત્યંત આનંદ થાય છે.'

સંમેલનની પહેલી બેઠકનો વિષય વિજ્ઞાનશિક્ષણ હતો. તે વખતે નીચેના વક્તાઓએ વ્યાખ્યાનો આપ્યાં હતાં:

શ્રી. તારાબેન મોડક—વિજ્ઞાનશિક્ષણનો હેતુ
શ્રી. માધવરાવ રાઉત—વિજ્ઞાનશિક્ષણની પરિભાષા
શ્રી, શેષનાગ નામલે—બાળકોનું વિજ્ઞાનશિક્ષણ
શ્રી. વજુભાઈ દવે—વિજ્ઞાનનું આદિકરણ
પ્રો. શ્રી. બા. રાનડે—વિજ્ઞાનશિક્ષણ ક્રેમ રસિક બનાવવું.

સંમેલનની બીજી બેઠક

બપોરે ચાર વાગે હસ્તવ્યવસાય વિષયની બીજી બેઠક શરૂ થઇ હતી તે વખતે નીચેના વક્તાઓએ ભાષણો કર્યાં હતાં:

મિસ સેટના—બાળવિકાસમાં હસ્તવ્યવસાયનું મહત્વ.

મિસ રૂબેન– બાળશિક્ષણમાં સૃષ્ટિનિરીક્ષણ અને હસ્તવ્યવસાયનું સ્થાન

શ્રી. શેલત– વેડછી ગ્રામશાળાના પ્રયોગ

શ્રી વિનાયક પંડ્યા– હસ્તવ્યવસાયમાં ચિત્ર-શિક્ષણની ઉપયોગિતા

શ્રી. કિશોર મહેતા– ગામડાની શાળાનો મારો અનુભવ

ત્યાર પછી સંઘનાં પ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઇએ સંમેલનના કામથી સંતોષ દર્શાવ્યો હતો અને બાલશિક્ષણનું કામ વધવું જોઇએ એવી ઇચ્છા વ્યક્ત કરી હતી. સંઘની સામે હાથમાં લેવા જેવાં ઘણાં કામો છે કે જે સંઘે હવે હાથમાં લેવાં જોઇએ. પરંતુ બધાના સહકારથી જ તે પાર પડે તેમ છે. છેવટે અધ્યક્ષસ્થાનેથી શ્રી તારાબેન પ્રેમચંદે ઉપસંહાર કરતાં માતાની દૃષ્ટિએ શિક્ષણમાં હસ્તવ્યવસાયનું મહત્ત્વ સમજાવ્યું હતું. શિક્ષકોને માર્ગસૂચન ન મળવાથી ઘણી મુશ્કેલી ઊભી થઇ છે તે સાચું પણ તેથી નિરાશ થઇ પ્રયત્ન ન છોડવાની વિનંતી કરી હતી. સ્વ. ગિજુભાઇના આત્માને શાંતિ આપવા માટે એમનું રહેલું અપૂર્ણ કામ પૂર્ણ કરવાની જવાબદારી આપણા ઉપર જ છે, અને કોઇ પણ સંજોગોમાં આ કામ પૂર્ણ કરવાનું આપણું કર્તવ્ય છે. સાધન તથા પૈસાની વિપુલતા સિવાય કામ નથી ચાલતું એવી આપણી સમજને અવિધા તથા વેડછી બાલવાડીના પ્રયોગોએ તદ્દન ખોટી સાબિત કરી છે. આ વસ્તુની સફળતાનો મૂળ આધાર પૈસા કે સાધન નથી પણ પ્રબળ ઇચ્છાશક્તિવાળા કાર્યકર્તા મેળવવા એ જ મુશ્કેલી છે. બધાનો આભાર માની પોતાનું ભાષણ પૂરું કર્યું હતું.

ત્યાર પછી મુંબઇ શાખાના મંત્રી તરફથી સૌનો આભાર માનવામાં આવ્યો. સંમેલનની બધી ગોઠવણો કરવામાં આદર્શ દુગ્ધાલયના નિવાસીઓ અને સંચાલકોએ ઘણી જહેમત ઉઠાવી હતી. દૂધ તથા તાજી શાકભાજી વિનામૂલ્યે તેમણે પૂરી પાડી હતી. ત્યાંના જ વિદ્યાર્થીઓએ સવાર-બપોરના નાસ્તા-પાણી માટે એક નાના પણ વ્યવસ્થિત નાસ્તાગૃહની ગોઠવણ કરી હતી. દુગ્ધાલયના સંચાલકોએ જે ઉત્સાહ અને પ્રેમથી અમને મદદ કરી તે તો સદાને માટે અંતઃકરણમાં સ્થાન ભોગવશે.

બધા વક્તાઓએ અગવડ સહન કરીને આટલે દૂર આવવાનું કબૂલ કરી પોતાના વ્યાખ્યાન આપ્યાં તે માટે તથા પ્રદર્શનમાં મૂકવાના નમૂના તૈયાર કરી આપીને જે સહકાર આપ્યો છે તે બદલ આભારની લાગણી દર્શાવવામાં આવી હતી.

આવા પ્રસંગોએ સ્વયંસેવકવર્ગને ખૂબ જ હાડમારી વેઠવી પડે છે; એમ છતાં પણ આ લોકો તો પાર્શ્વભૂમિમાં જ રહે છે. એમનો શ્રમ ખરેખર સેવાવૃત્તિથી સંપૂર્ણ કરેલી સેવા જ હોય છે. તેમનો પણ આભાર માનવામાં આવ્યો હતો. એ સિવાય બૉમ્બે ટાઇમ્સ નર્સરી તથા પ્રાયમરી નિશાળો તરફથી જે સહકાર મળ્યો તે બદલ તે તે સંસ્થાઓના આભાર માનવામાં આવ્યા.

છેવટે વંદેમાતરમના ગીતથી સંમેલનની પૂર્ણાહૂતિ થઇ.

વિજ્ઞાનશિક્ષણ

(૩)

વૈજ્ઞાનિક રમતો

નાનાં બાળકોને વૈજ્ઞાનિક રમતો દ્વારા બીજી સોય, તેને ત્રીજી, તેને ચોથી, એમ વિજ્ઞાનનો રસ લગાડી શકાય છે. રમતાં રમતાં અનેક વૈજ્ઞાનિક વાતો તેમના મન પર ઠસે છે. બાળકોને બીજાં સામાન્ય રમકડાં કરતાં આ રમકડાંથી રમવું વધારે પ્રિય લાગે છે કારણ આની મારફત તેમની બુદ્ધિ કસાય છે.

આવાં ઘણાં રમકડાં હોઇ શકે છે. આ બાબતમાં વૈજ્ઞાનિકોએ આપણને મદદ કરવી જોઇએ. બાલશિક્ષકોએ પોતાનાં ગામની શાળા કે કૉલેજના B. Sc. અને M. Sc. લોકોની આ બાબતમાં મદદ લેવી જોઇએ.

નીચેની રમતો બળકો સહેલાઇથી રમી શકે શકે તેવી છે. તેમાં અકસ્માતનો કાંઇ ભય હોતો નથી. બહુ તો કાચની વસ્તુઓ ફૂટી જવાનો ભય રહે છે. તેના ટુકડા બાળકોને હાથ-પગમાં લાગે નહિ એટલી સંભાળ રાખવાનું કહીને બાળકોને રમવા દેવાં. એક વાર આપણે સાધનોની રમત એમને બતાવી દેવી.

(૧) લોહચુંબક અને લોખંડની ભૂકી

રમત પહેલી. લોખંડની ભૂકીની અંદર લોહચુંબકને ભૂકી બહાર કાઢવાથી ભૂકી લોહ-ચુંબકને ચોંટી દાઢી જેવું બને છે. ઘણું મજાનું દેખાય છે બાળકોને રમવાની મજા આવે છે.

રમત બીજી. કાગળ ઉપર ભૂકી રાખીને નીચે લોહચુંબક ધરવાથી ઉપર સરસ ખેતર જેવું થાય છે. જોવામાં ગમ્મત આવે છે.

રમત ત્રીજી. સોય, ટાંકણી, માથાના ચીપિયા, પીનો, વગેરે લોહચુંબકથી ઉપાડવાની. એક સોયને એકબીજાને વળગી માળા બને છે.

(૨) હોકાયંત્ર

એક નાની એવી ડબી, જેમાં ઉત્તરદક્ષિણ દિશા બતાવનારી સોય હોય છે.

રમત: ડબી ગમે તેમ હલાવીને નીચે મૂકીએ એટલે સોય ઉત્તરદક્ષિણ જ સ્થિર થાય છે. નીચે મૂકેલી ડબી ગોળ ગોળ ફેરવીએ તોપણ સોય ઉત્તરદક્ષિણ જ રહે છે. જોયા કરવાની મજા પડે છે.

(૩) રુકિમણી–કૃષ્ણ અને શિશુપાલ, અથવા સીતા-રામ અને રાવણની ડબ્બી.

મેળામાં ઘણી વાર આ જાતનાં રમકડાં મળી આવે છે. એક ડબી ઉપર રુકિમણી અથવા સીતાની ઢીંગલી ઊભી રાખેલી હોય છે. તે ગોળ ગોળ ફરી શકે છે. બીજી ડબી ઉપર બે બાજુએ કૃષ્ણ અને શિશુપાલ અથવા રામ અને રાવણનાં ચિત્ર ઊભા કરેલાં હોય છે.

રમત:–ઢીંગલીની સામે રામ અથવા કૃષ્ણનું ચિત્ર લાવી ધરવામાં આવે છે તો સીતા અથવા રુકિમણી સામે ફરી સામે મોં લાવી ઊભીક રહે છે; પણ જો શિશુપાળ અથવા રાવણનું ચિત્ર ધરવામાં આવે છે તો ગોળ ફરી ચિત્ર સામે પૂંઠ કરી ઊભી રહે છે. આ રમત ઘણાં વર્ષો પહેલાં જોવામાં આવી હતા. હાલ તેની મારે જરૂર છે પણ મળી શકી નથી. વાચકવર્ગમાંથી કોઇને આની માહિતી હોય તો મને જણાવવા કૃપા કરશે એવી વિનંતી છે. કોઇ વૈજ્ઞાનિક સાધનો બનાવનારી કંપની પણ આવાં સાધનો તૈયાર

કરી શકે છે. સીતા રુકિમણીની ડબ્બી નીચે હોકાયંત્ર જેવી સોય હોય છે અને શિશુપાલ-કૃષ્ણ અથવા રાવણ-રામની ડબ્બી નીચે લોહચુંબક હોય છે. આવી રમત જરૂર તૈયાર કરી શકાય.

(૪) સપ્તરંગી ચક્ર

પૂંઠાનું એક ગોળ ચક્ર હોય છે. તેના પર મેઘધનુષના સાત રંગો રંગેલા હોય છે. તેને ચક્કર ચક્કર ગોળ ફેરવી શકાય એવી હાથાની સગવડ હોય છે.

રમતઃ—હાથાને હાથમાં પકડી ચક્રને જોરથી ચક્કર ચક્કર ફેરવવાથી ખૂબ ગતિમાં આવે છે ત્યારે બધા રંગો દેખાતા બંધ થઈ એક જ સફેદ રંગ દેખાવા લાગે છે. હાથો છોડી દઈ ગતિ આપવાનું બંધ કરવાથી જેમ જેમ ચક્રની ગતિ ધીમી પડતી જાય છે તેમ તેમ સફેદ રંગ દેખાતો બંધ થતો જાય છે અને બીજા જુદા જુદા રંગો દેખાવા લાગે છે.

(૫) લોલક અથવા હીરા

પહેલાં દીવાનખાનામાં હાંડીઓ તથા ઝુમ્મર લટકાવવાની પ્રથા હતી. તે વખતે એવાં ઝુમ્મરોમાં બિલોરી કાચના લોલકો આવતા હતા, આ લોલકમાંથી પ્રકાશ તરફ જોવાથી મેઘધનુષના સાત રંગો દેખાય છે. આ જોવાની બહુ મજા પડે છે. જૂની કાચની વસ્તુઓ વેચનાર પાસે આવા ટુકડા મળી આવવાનો સંભવ છે. બજારમાં ઝુમ્મરનાં જૂના લોલક પણ મળી શકશે. કેટલાંક સારાં કુટુંબોમાં હાલ પણ આવાં ઝુમ્મરો કબરામાં ધૂળ ખાતાં પડેલાં હશે. તેની તપાસ કરી તેમની પાસે તેની થોડી ભીખ માગવામાં કાંઈ હરકત નથી. ઝુમ્મર બનાવનારા લોકો પણ તેવા ટુકડા આપણને આપી શકશે.

(૬) પાણી અને તેલ

પાણી ઉપર તેલનાં ટીપાં નાખવાથી પણ મેઘધનુષના સાત રંગો થાય છે.

ગોમાસામાં ઘણે ઠેકાણે નાનાં નાનાં પાણીનાં ખાબોચિયાં ભરાઈ રહે છે. આમાં થોડાં તેલનાં ટીપાં નાખવાં. કાઠિયાવાડમાં આ રમતને પાણીમાં ચૂંદડી કાઢવી એમ કહે છે. ચૂંદડી નામની સાડીની જાતમાં જુદા જુદા રંગનાં છાપકામ થાય છે, અને પાણીમાં તેલનાં ટીપાં નાખવાથી પણ જુદા જુદા રંગો થાય છે તેથી આ રમતનું નામ પાણીમાં ચૂંદડી કાઢવી એવું પડ્યું છે.

(૭) કેલિડોસ્કોપ

આ સાધન તદ્દન સાદું અને મેળામાં એકએ આનામાં મળી શકે તેવું છે. તે ઘેર પણ બનાવી શકાય છે.

કાગળ અથવા એક પિત્તળની નળીમાં એક બાજુ કાચ અને અંદરની બાજુએ બંગડીઓના જુદા જુદા રંગના કાચના ટુકડાઓ નાખેલા હોય છે. બીજી બાજુ જોવા માટે કાચ રહે છે. એ કાચની નજીક આંખ રાખી પ્રકાશ તરફ જોવાનું. તેને ધીમે ધીમે ફેરવતા જવાથી વિવિધ પ્રકારની આકૃતિઓ થતી જાય છે. દરેક વખતે જુદી જુદી રચના થતી જાય છે અને તે ઘણી સુંદર દેખાય છે.

કિંમતી પરદેશી કેલિડોસ્કોપ પણ મળે છે.

(૮) સ્ટીરિયોસ્કોપ

લાકડાની ફ્રેમમાં ચશ્માંની માફક બે મોટા કાચ લગાડેલા હોય છે. તેનાથી સહેજ દૂર લાકડાની ફ્રેમને છેડે ચિત્રો મૂકવાની વ્યવસ્થા કરેલી હોય છે. તેને આઘુંપાછું ઘસેડી દૃષ્ટિબિંદુ (Focus) માં લાવવાની સગવડ હોય છે. જુદા જુદા પ્રકારનાં ચિત્રો સામે મૂકી જોઈ શકાય છે. સામે રાખવાનાં ચિત્રો બે વિભાગમાં પણ એક જ જાતનાં હોય છે. તે જોવાથી આખું દૃશ્ય એક જ દેખાય છે. અને ઊંડાઈ, અંતર, ઊંચાઈ, નીચાઈ વગેરે દેખાતું

હોવાથી એક સપાટ ચિત્ર જેવું જ દેખાતું નથી પણ આબેહૂબ દૃશ્ય દેખાય છે તે જોવાની મજા પડે છે. બાડી આંખોવાળાની દૃષ્ટિ સુધારવા ઘણી વાર ડૉક્ટરો આ ચિત્રો જોવાની ભલામણ કરે છે.

પોતાના દૃષ્ટિબિંદુ પ્રમાણે ચિત્રને આધુંપાછું કરી લેવું જોઇએ. એમ જો ન કરવામાં આવે તો આંખને નુકસાન થવાનો સંભવ છે. ચિત્રને દૃષ્ટિબિંદુમાં લાવવું સહેલું છે; બાળકો પોતે પણ તે કરી શકે તેટલું સહેલું હોય છે.

(૯) દૂરબીન

આ સાધન ખૂબ પ્રચારમાં છે. ક્રિકેટ મૅચ જોવા માટે ઘણા લોકો વાપરે છે. દૂરનો દેખાવ જોવા માટે આ ઘણું ઉપયોગી છે. એનો સૌથી સારો ઉપયોગ તો પક્ષી જોવામાં થઇ શકે છે. પાસે જવાથી પંક્ષી ઊડી જાય છે તેથી દૂરથી તેમનું નિરીક્ષણ કરવામાં દૂરબીન ઘણું ઉપયોગી છે. પંક્ષીનો આકાર, રૂપ, રંગ, ઊડવાની રીત, વગેરે બાબતો ઝીણવટપૂર્વક નિહાળી શકાય છે. દૂરની વસ્તુ પાસે દેખાય છે અને મોટી દેખાય છે તેથી બાળકોને બહુ મજા પડે છે. તેમને આ રમકડું હાથમાં લઇને ફરવાનું બહુ ગમે છે.

(૧૦) મેગ્નિફાઇંગ ગ્લાસ

દૂરબીનથી પણ વધારે સરળ આ રમકડું છે. દૂરબીનમાં તો થોડુ ઘણું દૃષ્ટિબિંદુ મેળવવું પડે છે પણ આમાં તો એ પણ કરવાનું નથી હોતું. તદ્દન નાનાં બાળકો પણ આ વાપરી શકે છે. કીડીઓ, ઇયળ, ફૂલો, વગેરે વસ્તુઓ તપાસીને જોવામાં આનો ઉપયોગ થાય છે.

સૂર્યપ્રકાશમાં આ કાચ ધરીને કાગળ ઉપર તેનું કિરણ લેવાથી થોડી વારમાં કાગળ કે રૂ જેવી ચીજો બળવા લાગે છે. [ક્રમશ:]

તા.

શિક્ષણ સમાચાર

નીચેના ગૃહસ્થો તાજેતરમાં સંઘના આજીવનસભ્ય તરીકે ઉમેરાયા છે:—
(૧) ડૉ. આર. જી. મોડક, દાદર. (૨) શ્રી. જમનાદાસ ચુનીલાલ જીવનવાળા, ડભોઇ. (૩) શ્રી. મનુભાઇ મગનલાલ ધ્રુવ, રાજપીપળા.

નીચેની સંસ્થાઓ સંઘ સાથે જોડાઇ છે:—
(૧) શ્રી સરસ્વતી વિદ્યાલય, મુંબઇ–૪
(૨) શ્રી. એલેમ્બિક શિશુકુંજ, વડોદરા

સંઘનાં મંત્રી શ્રી. તારાબેન મોડકે ચાલુ ફેબ્રુઆરી માસમાં તા. ૨૫ થી ૨૮ સુધીમાં સંઘ સાથે જોડાયેલાં રાજપીપળા, ડભોઇ તથા વડોદરાનાં બાલમંદિરોની મુલાકાતો લીધી હતી.

શિક્ષણ પત્રિકાનું લવાજમ.

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે એક રૂપિયો.
વર્ષની શરૂઆત માર્ચ મહિનાથી ગણાય છે.
પરદેશ માટે લવાજમ દોઢ રૂપિયો અથવા બે શિલિંગ લેવાય છે.

લવાજમ નીચેને સરનામે મોકલવું:—
ગોપાળરાવ ગ. વિદ્વાંસ, વ્યવસ્થાપક, શિક્ષણપત્રિકા,
મહાજન ગલી, જ્ઞાનમંદિર, રાવપુરા, વડોદરા.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, બાજીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૬–૩–૪૩.

શિક્ષણપત્રિકા



ગલીઆરા સ્મારક અંક

વિમાનની સફર

શિક્ષણપત્રિકા ભેટ અંક

૧૯૪૨-૪૩

વર્ષ સત્તરમું

સંપાદક

તારાબેન

[નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી]

શિક્ષણ પત્રિકા: ભેટ અંક
વર્ષ સત્તરમું: ૧૯૪૨-૪૩

—:o:—

વિમાનની સફર

હમણાં હમણાં મનુ અને લીલુને વિમાનનું ઘેલું લાગ્યું છે. રમકડાંની દુકાને જાય તોપણ બેઉ વિમાનો જ ખરીદી લાવે.

જમીન ઉપર ચાલતાં વિમાનો લાવ્યા ત્યારે મનુ કહે: "બાપુજી, આકાશમાં ઊડે તેવાં વિમાન લાવી આપોને?"

લીલુ કહે: "શું બાપુજી, તમેય તે! વિમાનો તે કાંઈ જમીન ઉપર ચાલતાં હશે બરાં? અમારે તો આકાશમાં ઊડે તેવાં વિમાનો જોઈએ."

બાપુજીએ ઊંચે ઊડીને આખરે પાછું નીચે આવી જાય તેવા વિમાનનું રમકડું આણી આપ્યું.

થોડા દિવસો બંને ભાઈબહેન આ રમકડાંથી સંતોષ પામ્યાં. બગીચામાં અથવા ગામબહાર મેદાનમાં વિમાન લઈ જાય ને રમ્યા કરે. ઘર્‌ર્‌ કરતું વિમાન ઊંચે ચડે તે વખતે બંનેને અપરંપાર આનંદ થતો; વિમાન પાછળ દોડવા જ મંડતાં.

પણ આખરે આ રમકડાથી પણ તેઓ થાકી ગયાં. મૂળે રમતિયાળ સ્વભાવનાં એટલે બન્નેને સાચેસાચા વિમાનમાં રખડવાનું મન થઈ આવ્યું. મનમાં થાય, ઊંચે જઈશું, ચંદ્રને અડી આવશું, તારાઓ સાથે વાતો કરીશું અને મજા કરીશું.

બંનેએ બાપુજી પાસે સાચા વિમાનની જોરપૂર્વક માગણી ચાલુ કરી દીધી. બાપુજી પોતે એક વિમાનના કારખાનાના માલેક હતા એટલે બાળકોને વિમાન આપવું તેમને સાવ સહેલું હતું. પણ તેમને ડર રહેતો કે બાળકો કયાંઈ પડી જાય તો? કયાંઈ અકસ્માત કરી બેસે તો?

પણ મનુ અને લીલુને તો હવે વિમાનનાં જ સ્વપ્નાં આવતાં. ઊંઘતાં જાગતાં તેમને બસ વિમાન, વિમાન, થયા કરતું. વાતો નીકળે તે પણ વિમાનની જ હોય! મનુએ તો કારખાનામાં જઈ વિમાન કેમ ચલાવવું તે પણ જાણી લીધું.

આખરે બાપુજીએ તેમને એક વિમાન કાઢી આપ્યું.

"બસ, હવે વિમાનમાં ઊડશું!" બાળકોના આનંદનો પાર ન રહ્યો. મનુ-લીલુને થયું, પણ આકાશમાં શું શું હશે? લીલુએ પિતાની મોટી દૂરબીન આણી તે વડે આકાશનું નિરીક્ષણ કરવા માંડ્યું.

મનુએ પણ પોતાનું દૂરબીન કાઢયું; અને ડાધિયો કાંઈ પાછળ રહી જાય? રમકડાંમાંથી બાનયોકયુલર લઈ તે પણ મોટી દૂરબીન પર ચઢી બેઠો અને જોવા માંડ્યો! ડાધિયાનો રોફ તો માય નહિ!

આકાશનો અદ્‌ભુત દેખાવ જાણે તેમને તાદેશ થયો. દૂરના તારામાં રહેલાં માણસો હાથ ઊંચા કરી, રૂમાલ હલાવી તેમને જાણે બોલાવી રહ્યાં હતાં! શનિગ્રહનાં તેજોવલય જોયાં; ચંદ્રની અંદર બેઠેલો માણસ હસતો હોય એમ લાગ્યું, અને સૂર્યનો ગોળો તો પુષ્કળ મોટો દેખાયો.

બીજે જ દિવસે તૈયાર થઈ વિમાનની સફરે નીકળવાનો તેમણે નિશ્ચય કર્યો.

મનુએ જરૂરી બધાં ઓજારો લઈ લીધાં. બાપુજીએ કહ્યું હતું કે કશો અકસ્માત થાય તો તુરત ખબર આપવા; એટલે મનુએ પોતાના વિમાનમાં એક નાનકડો વાયરલેસનો સેટ પણ ગોઠવી દીધો.

વધારે શી શી ચીજો લેવી તેની યાદી બધાંએ કરવા માંડી.

લીલુ કહે: "મારે તો ફક્ત મુરબ્બાનો ડબો જ જોઈશે. નાહક વિમાનમાં શેનો ભાર ભરવો?"

મનુ કહે: "આપણે તો પેંડા જોઈશે; અને ચૉકલેટ વિના તે કાંઈ ચાલે? વિમાન હાંકતાં થાકી જવાય ત્યારે વચ્ચે વચ્ચે કાંઈક નાસ્તો કરવો પડે ને!"

ડાધિયો તો શું બોલે? પણ તેણે ય મૂંગા મૂંગા બેગમાં હાડકાં ભર્યાં, અને સાથે સાથે પોતાનાં બાસ બિસ્કિટનો ડબો પણ અંદર ગોઠવી દીધો.

× × ×

ઘરર્‌ કરતું વિમાન ઊપડ્યું.

વિમાન હાંકવા મનુ બેઠો હતો; લીલુ પાછળના ભાગમાં બેઠી. ડાધિયાએ વિમાનના આગલા નાકા પર બેસવું એવું ઠર્યું હતું.

વિમાન ઊંચે ચઢવા માંડ્યું; પૃથ્વી નીચે નીચે દૂર દૂર સરકી જતી લાગી. ઊંચેથી પૃથ્વીનો ગોળો મજેદાર લાગતો હતો: જાણે નિશાળમાં વર્ગમાં બતાવવાનો પૃથ્વીનો ગોળો ન ગોઠવ્યો હોય! નકશામાં આફ્રિકા અને યુરોપ નાના દેખાય તેવા નાના જણાવા લાગ્યા.

મનુ પૃથ્વીનાં બધાં આ નવી જાતનાં દૃશ્યો લીલુને બતાવતો હતો. દરમિયાન ડાધિયો ભારે ગમ્મત કરતો હતો. આકાશમાં ઊડતાં પડખેથી જ્યારે પક્ષીઓ પસાર થતાં તેણે જોયાં ત્યારે તેમને પકડવાનું તેને તો મન થઈ આવ્યું! વિમાનના આગળના નાકા પરથી તે સરકતો સરકતો વિમાનની પાંખો પર ઊતરી પડ્યો; જીભ કાઢી સાવ પડખેથી પસાર થતાં પક્ષીઓ તરફ આશાભરી નજરે તાકવા માંડ્યો. ત્યાં તો એક સમડી પસાર થઈ. જોરાવર સમડીએ ડાધિયાના નાકનું ટેરવું ઉપાડી લેવાનો વિચાર કરી ચાંચ લંબાવી પણ ત્યાં તો વિમાન ઘરર્‌



કરતું ઊંચે ચડી ગયું, નહિ તો ડાઘિયા-ભાઈને અણર પડી જાત સમડીની ધારદાર ચાંચ કેવી તીક્ષ્ણ હોય છે તેની ! અથવા સમડી અને ડાઘિયો બંને આકાશમાં જ લટકી પડત, ને પછી કોણ જાણે કયાં જાત ?

મનુએ ડાઘિયાને ડરાવીને સરખો બેસાડ્યો. "ડાઘિયા ! સરખો બેસ, નહિતર અહીં જે આવાં અટકચાળાં કરવા માંડયો તો ભફાંગ કરતો નીચે ! "

હવે બધાંને ભૂખ લાગી. અંદરના ભાગમાં બેસી લીલુએ સ્પિરિટ લૅમ્પ ઉપર ચા બનાવી. દરમિયાન મનુએ વિમાનને આકાશમાં તરતું લટકતું રાખી દીધું. બધાં નાસ્તો કરવા બેઠાં.

લીલુ કહે : " મનુભાઈ ! તેં પેંડા આણ્યા તે બહુ સારું કર્યું. મને તો એવી કકડીને ભૂખ લાગી છે કે ન પૂછો વાત ! "

બધાં ચાનાસ્તો કરતાં હતાં એટલામાં ઘરૂર્ એવો અવાજ સંભળાયો. મનુએ પોતાનું દૂરબીન માંડયું. લીલુને પોતાના નાનકડા દૂરબીનમાંથી કશું સ્પષ્ટ તો ન દેખાયું પણ કોઈક હશે એમ સમજીને તેણે પોતાનો રૂમાલ ઊંચો કરી હવામાં ફર-કાવ્યો. ડાઘિયાએ તો માછલાં પકડવાનો દોર ફેંકયો. દૂર દેખાતું વિમાન માછલી આકારનું હતું એથી એ ભુલાવામાં પડ્યો હતો. હમણાં દોરમાં માછલી પકડાશે અને આપણે મિજબાની ઉડાવશું એમ એની અંદરબહાર થતી જીભ એના મનનો ભાવ બતાવતી હતી. ડાઘિયાનું આ દૃશ્ય જોઈ મનુ-લીલુ પેટ પકડીને હસવા માંડ્યાં.

આકાશમાં ઊડતી પરીઓએ મનુ-લીલુનું વિમાન જોયું. વિમાન લટકતું હતું એટલે તે જોવાની પરીઓને મજા પડી. અમસ્થું તો વિમાન ઘરૂર્ કરતું પરીઓની પાંખોને ઘસીને સડસડાટ નીકળી જાય, પણ આજે તો આ લટકતું વિમાન જોઈ પરીઓના હર્ષનો પાર ન રહ્યો. મનુ-લીલુના વિમાનની પાંખો ઉપર ઊડવા-બેસવાની અનેક જાતની રમતો તેમણે રમી લીધી !

× × ×

નાસ્તો પૂરો થયો. મનુએ નવેસરથી વિમાનને ઘરઘરાટ કરતું જવા દીધું. આ વખતે ડાઘિયો વિમાનના પાછળના ભાગમાં વાળા પકડીને બેઠો હતો. વિમાન

જોસભેર આગળ ઊડતું હતું.

પણ ત્યાં તો કશોક અવાજ આવતો સંભળાયો. કશુંક ફુસ ફુસ થતું હોય એમ સંભળાતું હતું. મનુએ વિમાનનું સુકાન લીલુને સોંપી દીધું અને પોતે દૂર-બીન લઈ જોવા માંડયો.

દૂર એક અણીદાર તારાની અણી સાથે એક ગૅસનું બલૂન અથડાયું હતું એમ દેખાયું. બલૂનની ગૅસની થેલીને કાણું પડયું હતું અને તેમાંથી ગૅસ ઝપાટાભેર બહાર નીકળતો હતો. ધીમે ધીમે બલૂન નીચે ઊતરતું જતું હતું. બધો ગૅસ બહાર નીકળી જતાં જ બલૂન ધબાક કરતું પૃથ્વી પર પટકાઈ પડવાની તૈયારીમાં હતું.

નિશાનીથી ધીરે ધીરે મનુએ લીલુને સમજણ પાડી આસ્તેથી પોતાનું વિમાન એ બલૂનની નજીક આણ્યું લીલુએ પણ ભારે કરી! એવી ચાલાકીથી પોતાના વિમાનને હંકાર્યું કે એની પાંખ બરાબર પેલા બલૂનની ટોપલી નીચે જ આવે.

બલૂનની ટોપલીમાં એક કિશોર અને તેનો કૂતરો બે જ હતા. ડાઘિયાએ પોતાના જાતભાઈને જોઈને હંમેશનો રિવાજ તજી દઈ ઊલટો હર્ષ વ્યક્ત કર્યો. મનુ-લીલુની પેઠે તેણે પોંસાફમાલ હલાવી પરોણાનું સ્વાગત કર્યું.

મનુએ પાંખ પર ઊભા થઈ કિશોરને હાથ પકડી સહીસલામત પોતાના વિમાન ઉપર ઉતારી લીધો. તેનો વાઘિયો પણ કૂદી પડવા તૈયાર થયો, અને જો મનુએ તેનો પટ્ટો પકડી લીધો ન હોત તો તે ક્યાંઈ જઈ પડત—આકાશના પેટાળમાં!

બન્ને નવા મેમાનને પોતાના વિમાનમાં સહીસલામત દેખી સહુને આનંદ થયો. મેમાનો માટે ડાઘિયાની બૅગમાંથી થોડાં હાડકાં અને બિસ્કિટો તથા લીલુના ડબ્બામાંથી મુરબ્બો અને મનુના થોડા પેંડા પણ ઓછા થયા. બધાએ મળી પેંડા, મુરબ્બો, ચૉકલેટ, ચા મન્તથી ઉડાવ્યાં!

નવરાશ મળતાં જ એક નવો વિચાર થઈ પડયો. મનુ અને લીલુવાળું વિમાન બે જ માણસો માટેનું હતું; તેમાં માંડ કરી ડાઘિયા સારુ જગ્યા કરી હતી. એટલે હવે વાઘિયો અને કિશોર એમાં સમાઈ શકે તેમ રહ્યું નહોતું. બધાને ભારે ચિંતા થઈ પડી: "હવે શું કરવું?" પણ કિશોરે તેમાંથી તુરત રસ્તો કાઢ્યો. તેણે કહ્યું: "અરે ભલા માણસ! એમાં ગભરાઓ છો શા માટે? હું તમારા વિમાનમાં રહી તમારી ભીડ નહિ વધારું. અમારા બંને પાસે નીચે ઊતરવાની છત્રીઓ બાંધેલી છે. તે બોલી અમે હમણાં નીચે ઊતરી પડીએ છીએ! તમે તમારે તમારી સફર ચાલુ રાખજો!"

લીલુને જરા નિરાંત થઈ. તે બોલી: હું તો એ જ વિચાર કરતી હતી કે વિમાન ચલાવતી વેળા કિશોરભાઈ હવે બેસશે કઈ જગ્યાએ? ડાઘિયો તો વિમાનના આગલા ભાગ પર, પાછલા ભાગ પર કે પાંખો પર બેસી શકે છે; પણ કિશોરભાઈને કાંઈ એમ બેસાડાય? હું



તો બાપુજીને હવે આથી મોટું વિમાન આપો એમ જ કહેવાની છું. અને પછી કિશોરભાઈને પણ સાથે ઉપાડશું, કેમ મનુભાઈ?"

મનુને કિશોર વિષે ચિંતા રહેતી હતી. તેણે પૂછ્યું: "કિશોર ભાઈ! પણ તમે નીચે સહીસલામત જઈ શકશો? પૃથ્વીના કયા ભાગ ઉપર ઊતરશો? અને કદાચ જમીન ઉપર ન પડતાં પાણીમાં પડ્યા તો.....?"

"તમે જરાય ચિંતા ન કરો, મનુભાઈ!" કિશોરે તુરત જ કહ્યું. "અમે સીધા જમીન ઉપરજ ઊતરશું. સિવાય મારી પાસે ખીસામાં પૈસા પણ છે. ગમે તે દેશમાં પહોંચાય તોપણ રેલ્વે અથવા તો સ્ટીમર રસ્તે અમે અમારે ગામ જરૂર પહોંચી જઈશું."

"તમને દુનિયાની ભૂગોળ આવડે છે?"

"હોવે! પૃથ્વીના પાંચે ખંડો કયા કયા છે ને કયાં આવ્યા તે બધું જાણું છું. પૈસા હોય તો ટિકીટ કઢાવીને ગમે ત્યાં પહોંચી જવાય. ગાર્ડને અથવા સ્ટીમરના કૅપ્ટનને પૂછીએ તો તે બધી માહિતી આપે છે, ને કયું ગામ કયાં આવ્યું તે સમજાવી બરોબર

ત્યાં જ ઉતારી દે છે. પછી શો વાંધો ?"

"બહુ સારું, હવે ચિંતા નથી. ખુશીથી ઊતરી પડો. પણ આ વાઘિયો પણ ધારેલે સ્થળે પહોંચી જશે ?"

"હા જરૂર. અને વિખૂટો પડી જશે તો મને શોધી કાઢશે. સિવાય તેના પટ્ટા ઉપર માલેકનું નામ અને ઠેકાણું કોતરી રાખેલાં છે, એટલે જો અમે જુદા પડી જઈશું તો છાપામાં જાહેરખબર આપીશ એટલે જેની પાસે વાઘિયો પહોંચ્યો હશે તેઓ મને માહિતી પહોંચાડશે."

જુદા પડતાં પહેલાં સહુએ મળી ફરી વાર નાસ્તો ઉડાવ્યો. મનુએ કિશોરની ના છતાં તેનાં બંને ખીસાં ચૉકલેટ અને પીપરમીટથી ભરી દીધાં; થોડાં બિસ્કીટો વાઘિયાના ગળામાં પણ બાંધ્યાં, અને બંનેને ઊતરવાની છત્રીઓ પણ બાંધી.

"આવજો, સાચવજો!" ના પોકારો અને નમસ્કાર કરતાં કરતાં કિશોર વિમાન છોડી ઊતરી પડ્યો, તે સાથે તેની છત્રી ઊઘડી ગઈ એટલે તે આકાશમાં ધીરે ધીરે નીચે સરકવા લાગ્યો. વાઘિયાએ પણ કૂદકો મારી કિશોરની સાથે જ ઊતરવાનું શરૂ કર્યું. આકાશમાં ઊડતાં પક્ષીઓ વાઘિયાને સતાવવા લાગ્યાં; તેનાથી કશું થઈ શકે તેમ નહોતું, કેમકે તે તો સતત નીચે જ સરતો હતો. છતાં બચાવ અર્થે તેણે મોં ફાડી ડાઉ ડાઉ કરવું શરૂ કરી દીધું એટલે પક્ષીઓ બીને દૂર બસી ગયાં.

× × ×

મનુ-લીલુનું વિમાન તો ઊંચે ચઢતું હતું. તેમની ઇચ્છા ચંદ્રલોકની સફર કરવાની હતી.

પણ ત્યાં તો ચારે તરફ ઘાટો અંધકાર ફેલાઈ ગયો ! આકાશમાં કશું દેખાતું સાવ બંધ જેવું થઈ ગયું.

લીલુના અવાજમાં જરા ગભરાટ હતો. તેણે કહ્યું: "મનુભાઈ! આ એકાએક શું થઈ ગયું ? આટલું બધું અંધારું કાં ? આકાશમાં કયાંઈ વાદળાં તો છે નહિ ?"

મનુએ ઊંચે જોયું તો સૂર્ય દેખાતો નહોતો. તેણે સ્વસ્થ ચિત્તે જવાબ આપ્યો: "બરાબર છે. અત્યારે સૂર્યગ્રહણ શરૂ થયું છે. જો પેલો ચંદ્ર ફરતો ફરતો સૂર્યની આડે આવી ગયો છે એટલે સૂર્ય દેખાતો જ નથી. પણ ફિકર નહિ. આપણા વિમાનમાં સર્ચલાઈટ (વીજળીની શક્તિશાળી બત્તી) છે તે સળગાવું. તું જરા આ ચક્કર પાસે હાંકવા આવી જા."

મનુએ સર્ચલાઈટ ચાલુ કરી ત્યાં તો પ્રકાશનો લાંબો પટ્ટો દૂર દૂર સુધી આકાશમાં અજવાળું ફેંકતો દેખાયો.

સૂર્ય દેખાતો બંધ થતાં મનુ-લીલુએ ઊડતી પરીઓ જોઈ. પરીઓથી મનુની સર્ચલાઈટનો પ્રકાશ સહી શકાતો નહોતો; તેઓ અંજાઈ ગઈ હતી, તેથી આમતેમ ગમે ત્યાં ઊડતી હતી. ગભરાયેલ પરીઓ જોવાની મનુ-લીલુને ભારે મજા પડી.

થોડી વારમાં ગ્રહણ પૂરું થયું અને

સૂર્યનો પ્રકાશ પથરાવા માંડ્યો. તુરત મનુએ સર્ચલાઈટ માટેનો વીજળીનો કરંટ બંધ કર્યો અને પોતાની વિમાન હાંકવાની જગ્યાએ આવી પહોંચ્યો.

પણ ત્યાં તો એક નવું જ સંકટ ઊભું હતું.

એક મોટા ગરુડ પક્ષીએ વિમાનની પાંખ પર બેઠેલા ડાઘિયાને પોતાનાં નહોરમાં ઊંચકી લીધો હતો.

લીલુએ બૂમાબૂમ કરી મૂકી. શું કરવું તે તેને સૂઝતું નહોતું. ડાઘિયાની કરુણ ચીસો અને કારમા મૃત્યુની કલ્પનાથી તે બેબાકળી થઈ ગઈ.

પણ મનુએ પોતાની સ્વસ્થતા ગુમાવી નહોતી. વિમાનની અંદર સાચવી મૂકેલી લાંબી મજબૂત દોરી આણી તેણે એક ફાંસો તૈયાર કર્યો, અને વિમાનની પાંખ પર બરાબર પગ ઠેરવી ફાંસાને ચક્કર ચક્કર ફેરવી ગરુડ ઉપર ફેંક્યો. ફાંસો બરાબર ગરુડના ગળામાં જ આવી ગયો; મનુએ ઝપાટાબંધ દોરી ખેંચવા માંડી, અને ભારે સાવચેતી અને હોંશિયારીપૂર્વક તેણે ડાઘિયાને જીવતો બચાવી લીધો!

વિમાનમાં ડાઘિયો ઘણા વખત સુધી બેભાન રહ્યો. ધીરે ધીરે શુદ્ધિ આવતાં આંખો ખોલી તો મનુ સામે જ બેઠો હતો. પ્રેમથી ડાઘિયો મનુનો હાથ ચાટવા માંડ્યો. મનુએ તેને પોતાની છાતી સરસો ચાંપ્યો.

× × ×



હવે વિમાન આસાનીથી ઊડી રહ્યું હતું. મનુ થાકી જાય ત્યારે વિમાનનું સુકાન લીલુ સાચવતી. ગરુડના બનાવ પછી ડાઘિયો ગભરાઈ ગયો હતો તેથી તે મનુ અથવા લીલુને છોડીને જરા ય દૂર બસતો નહોતો.

ચંદ્રલોકમાં જવું કે બીજે કયાંઈ એનો વિચાર ચાલતો હતો ત્યાં તો નવી જ આપદા ઊભી થઈ. એંજિનનો અવાજ બદલાઈને ઘેરો થતો હતો તે તરફ મનુનું ધ્યાન ગયું. મનુએ લીલુને પેટ્રોલના મિટર તરફ જોવાનું કહ્યું. લીલુ ગર્જી ઊઠી: "પેટ્રોલ બલાસ! પૂરી ૧૫ મિનિટ પણ હવે તે પહોંચે એમ નથી."

મનુએ તરત જ વાયરલેસનું બટન દાબ્યું. બાપુજીને સંદેશો મોકલ્યો:

"૧૨ ગેલન પેટ્રોલ મોકલો."

સદ્‌ભાગ્યે એ વખતે બાપુ ઑફિસના વાયરલેસ યંત્ર પાસે જ બેઠા હતા. તેમણે જવાબ મોકલ્યો:

"પાંચ મિનિટમાં પેટ્રોલ પહોંચે છે. તમારા સ્થળની ચોકકસ માહિતી આપો."

મનુએ ચાર્ટ અને હોકાયંત્ર જોઈ તુરત જવાબ મોકલ્યો: "ચંદ્રથી બરાબર પૂર્વે; ૩૫ અંશ."

લીલુ અને ડાઘિયો પૃથ્વી તરફ જોતાં હતાં. મનુ તો વાયરલેસના યંત્ર પાસે કાન માંડી બેસી રહ્યો હતો.

સનનન કરતું એક બાણ તેમના તરફ આવતું જણાયું. લીલુ તાળી પાડવા મંડી. બાપુજીએ નીકળતા પહેલાં જ કહી રાખ્યું હતું: "જરૂર પડતાં હું પેટ્રોલના ડબા બાણ સાથે બાંધી બંદૂકની મદદ વડે તેને ફેંકીશ. તમે બાણ પકડી લેજો."

બાણ પાસે આવી પહોંચતાં જ લીલુએ પોતાના હાથ લંબાવ્યા. પણ ત્યાં તો ગમ્મત થઈ પડી. બાણ સાથે એક બટુક હતો; એને માથે લાંબી ચોટલી હતી, બે પાંખો હતી અને એણે કપડાં પહેર્યાં જ નહોતાં! બાણના ફળા ઉપર આ બટુક બરાબર ચોંટીને બેઠો હતો. હાથમાં બે પેટ્રોલના ડબા પકડીને બડબડાટ હસતો હતો. બાણને છેડે બીજા ચાર ડબા બાંધ્યા હતા. વાદળોમાંથી પસાર થતાં બટુકને ભારે મજા પડતી હતી, તે તેના ખુશમિજાજ ઉપરથી દેખાઈ આવતું હતું.

બધાનું ધ્યાન પેટ્રોલના ડબાઓ સહીસલામત પકડીને ટાંકીમાં ચડાવી દેવામાં પરોવાયું હતું. લીલુએ ડબાને હાથ દેવા માંડ્યા; ડાઘિયો તો મોં ફાડીને જ જોતો હતો. પેટ્રોલ ઉતારી લેતાં જ મનુએ બાપુજીને સંદેશો પાઠવ્યો: "બાપુજી, બાણ: છ ડબા: સુંદર! ચિંતા કરશો નહિ; મજામાં. બાને ખુશી પ્રણામ."

બસ, હવે કશી અડચણ રહી નહિ. પેટ્રોલ પણ પૂરતું આવી પહોંચ્યું હતું; નાસ્તો તો બે વાર પતાવ્યો હતો એટલે મનુએ વિમાનને પૂર વેગમાં છોડી દીધું. ઘરઘરાટ ઊડતા વિમાનના ચક્ર પાસે થોડી વારે લીલુને બેસાડી મનુએ કેમેરા

કાઢયેા. ડાઘિયેા પાસે રહ્યો મોં વાંકું ચૂંકું કરી પૂંછડી પટપટાવી રહ્યો હતેા.

ધીરે ધીરે વિમાન વાદળાંમાંથી ઉપર ચડયું. વધારે ને વધારે ઊંચું જતાં હવા પણ પાતળી આવી ને શ્વાસ લેતાં મુશ્કેલી જણાવા માંડી. મનુ-લીલુએ સાથે આણેલી પ્રાણવાયુની નળીઓ ચડાવી; ડાઘિયાને મોંએ પણ એક નળી જોડવી પડી.

વિમાન ઉપર ને ઉપર ચઢતું હતું..

ઠેઠ ચંદ્રલેાકમાં વિમાન પહોંચ્યું.

વિમાનને લટકતું રાખી ત્રણે જણાં ચાંદા ઉપર ઊતરી પડયાં. ચંદ્ર-કિરણેા-માંની નાની નાની પરીઓ ચેાતરફ નાચતી-કૂદતી તાળીઓ પાડી હસતી હતી.

થેાડી વારે સહુથી મેાટી પરી ઊડી ગઈ; તેની પાછળ બીજી પણ ઊડીને અદૃશ્ય થઈ ગઈ. બધું સામસૂમ બની ગયું. લીલીને તે ગમ્યું નહિ. તે કહેઃ "અરેરે! આ બધી પરીઓ કયાં નાસી ગઈ? તેમના વિના મને તેા જરા ય ચેન પડતું નથી. ચાલેા મનુભાઈ આપણે વિમાનમાં પાછાં ચાલ્યાં જઈએ."

મનુએ માર્ગ કાઢ્યો. "ચાલ, લીલુ! આપણે જરા ચાંદા ઉપર લટાર મારી આવીએ. ચંદ્રની દુનિયા કેવી છે તે જરા જોઈ લઈએ. અમારા માસ્તર કહેતા હતા કે ચાંદા ઉપર તેા મેાટી મેાટી ખાઈઓ ને ભોંયરાં પણ છે."

લીલુ નાચી ઊઠી. "હા હા, ચાલ જઈએ. મારે પણ ઝાડ નીચે ખાટલી ઉપર બેસીને ડોશી રૂ કાંતે છે તે જોવું છે. અને પેલું હરણ પણ જોવું છે. હરણ તેા આપણી પૃથ્વી ઉપરથી પણ દેખાય છે. એ તેા મેાટું જબરું હશે, બરું?"

બધાં થેાડેક આગળ ચાલ્યાં તેા મૃદુ ઝીણેા ઝણઝણ અવાજ આવતેા સંભળાયેા. સાથે સાથે શાંત મંદ પ્રકાશ પણ દેખાયેા. સામેજ ચંદ્રકિરણેા નાચી રહ્યાં હતાં. ફરી પરીઓની પાંખેા ફફડતી દેખાતી હતી. તેમનું મનેારમ મૃદુ હાસ્ય પણ સંભળાયું. પરીઓના હાથમાં એક માળા હતી. એ લાંબી માળા ઊંચે ઉપાડવામાં દરેક પરી મદદ કરી રહી હતી. ધીરે ધીરે પરીઓ નજીક આવી. પેલી માળાને છેડે એક મેાટેા પતંગ હતેા. પતંગ મનુ કરતાં બમણેા મેાટેા હતેા. એવડેા મેાટેા પતંગ અને માળા ઊંચકતી પરીઓ નાચતી આવતી હતી. મનુ-લીલુને એ પતંગ ભેટ આપવા સારુ તે લાવી હતી. પેલી માળા તેા પતંગનું પૂંછડું હતું. પતંગ ઉપર હસતા ચંદ્રનું ચિત્ર હતું.

મનુ-લીલુએ પરીઓનેા આભાર માન્યેા. પતંગને આકાશમાં શી રીતે ચગવવેા તે પણ તેમણે પરીઓ પાસેથી જાણી લીધું.

પરીઓએ કહ્યું: "પતંગ ઊડે ત્યારે જોજો! બરાબર ચંદ્ર જેવેા જ દેખાશે."

પતંગ કયાં રાખવેા એ મેાટેા સવાલ થઈ પડયેા. વિમાનમાં તે કેાઈ રીતે માય તેમ નહેાતું. વિમાન સાથે બાંધીને લટકતેા રાખવામાં આવે તેા ફાટીને તૂટી જવાનેા ભય હતેા.

પરીઓ કહે: "અરે, ગભરાવ છો શા માટે? આ પતંગ તો ચંદ્રકિરણોનો જ બનેલો છે. એ ફાટી જશે તોપણ આકર્ષક જ દેખાશે."

મનુ-લીલુ પરીઓ સાથે ચાંદા ઉપર પુષ્કળ ફરી આવ્યાં. આટલું બધું રખડ્યા છતાં જરાય થાક કેમ ન લાગ્યો તેનું તેમને રહી રહીને આશ્ચર્ય થતું હતું. પરીઓએ કહ્યું: "થાક શી રીતે લાગે? ચંદ્રનાં કિરણો ઉપર તમે તો લપસતાં જ હતાં! તમારે ક્યાં ચાલવું પડ્યું છે? પણ હવે આ વાદળાં પર બેસી અમે સરકસના ખેલ કરીએ છીએ તે જુઓ."

મનુ, લીલુ અને ડાઘિયો વાદળાંના રૂના પોલ જેવી ભુરશીઓ પર અઢેલી પરીઓની રમત જોવા લાગ્યાં. જાતજાતના નાચ પરીઓએ તેમને બતાવ્યા. મનુ-લીલુએ તાળીઓ પાડી પોતાનો આનંદ વ્યક્ત કર્યો. બધાંને ખૂબ મજા પડી.

× × ×

પરીઓની રજા લઈ મનુ તથા લીલુ પાછાં વિમાનમાં જઈને બેઠાં. વિમાન પાછું ચાલુ થયું. ઊડતાં ઊડતાં તેઓ હિમનગરના રાજમાં આવી પહોંચ્યાં. હિમનગરમાં ચારે તરફ બસ બરફ જ પથરાયેલો પડ્યો હતો: ચોતરફ સફેદ હીરાકણી જેવી ઠંડીગાર શિલાઓ દેખાતી હતી.

મનુ-લીલુએ થર્મોસ કાઢી અંદરથી આંડ નાખેલું દૂધ પ્યાલામાં રેડ્યું. પણ ત્યાં તો પ્યાલાઓ આઇસક્રીમથી ભરાઈ ગયા! બંને નવાઈ પામ્યાં. આખરે ગરમ દૂધને બદલે મનુ-લીલુએ આઇસક્રીમના પ્યાલાઓ ખાલી કર્યા.

હિમનગરમાં હિમરાજ અને તેમના નોકરો ફરતા હતા. તેમના દેહ અને કપડાં બધું જ બરફનું બનેલું હતું. જાણે બરફની નાની નાની શિલાઓ ફરતાં નીકળી પડી!

મનુ-લીલુએ હિમરાજને પ્રણામ કર્યા. રજા લઈ તેઓ તુરત પાછાં ફરવા માગતાં હતાં.

ડાઘિયે ગરમ કોટ ચઢાવ્યો હતો તે પર પણ બરફના થર જામી ગયા હતા. પોતે ક્યાં આવી પહોંચ્યો છે તે જ તે સમજી શકતો નહોતો. મનુ-લીલુ હિમરાજ સાથે વાતોમાં પડ્યાં હતાં. ડાઘિયો તેમના બંડમાં આંટો મારી નકશો ક્યાં છે તે જોઈ આવ્યો. પાસે જ પૃથ્વીના એક ગોળા જેવો આકાર હતો; પણ એ ગોળો સાવ ચપટો દેખાતો હતો. ગોળાના મધ્ય ભાગે બરફનાં શિખરો જણાતાં હતાં.

ડાઘિયે મનુનું ધ્યાન એ નકશા તરફ દોર્યું. પહેલાં તો મનુ અને લીલુ પણ એ શું છે તે સમજી શક્યાં નહિ. આખરે મનુને સૂઝી આવ્યું. તેણે હિમરાજને પૂછ્યું: "હિમરાજ! આ ગોળો તો પૃથ્વીનો છે ના? તો તે આવો ચપટો કેમ દેખાય છે?"

હિમરાજએ કહ્યું: "જે જાતની પૃથ્વી અમે જોઈ શકીએ છીએ તેવો જ આકાર અમે બનાવ્યો છે. આ જુઓ

કાઢયેા. ડાધિયેા પાસે રહ્યો મેાં વાંકુંચૂંકું કરી પૂંછડી પટપટાવી રહ્યો હતેા.

ધીરે ધીરે વિમાન વાદળાંમાંથી ઉપર ચડયું. વધારે ને વધારે ઊંચું જતાં હવા પણ પાતળી આવી ને શ્વાસ લેતાં મુશ્કેલી જણાવા માંડી. મનુ-લીલુએ સાથે આણેલી પ્રાણવાયુની નળીઓ ચડાવી; ડાધિયાને મેાંએ પણ એક નળી જોડવી પડી.

વિમાન ઉપર ને ઉપર ચઢતું હતું. ઠેઠ ચંદ્રલેાકમાં વિમાન પહેાંચ્યું.

વિમાનને લટકતું રાખી ત્રણે જણાં ચાંદા ઉપર ઊતરી પડયાં. ચંદ્ર-કિરણેામાંની નાની નાની પરીઓ ચેાતરફ નાચતી-કૂદતી તાળીઓ પાડી હસતી હતી.

થેાડી વારે સહુથી મેાટી પરી ઊડી ગઈ; તેની પાછળ બીજી પણ ઊડીને અદૃશ્ય થઈ ગઈ. બધું સામસૂમ બની ગયું. લીલીને તે ગમ્યું નહિ. તે કહેઃ "અરેરે! આ બધી પરીઓ કયાં નાસી ગઈ? તેમના વિના મને તેા જરા ય ચેન પડતું નથી. ચાલેા મનુભાઈ આપણે વિમાનમાં પાછાં ચાલ્યાં જઈએ."

મનુએ માર્ગ કાઢ્યો. "ચાલ, લીલુ! આપણે જરા ચાંદા ઉપર લટાર મારી આવીએ. ચંદ્રની દુનિયા કેવી છે તે જરા જોઈ લઈએ. અમારા માસ્તર કહેતા હતા કે ચાંદા ઉપર તેા મેાટી મેાટી ખાઈઓ ને ભેાંયરાં પણ છે."

લીલુ નાચી ઊઠી. "હા હા, ચાલ જઈએ. મારે પણ ઝાડ નીચે ખાટલી ઉપર બેસીને ડેાશી રૂ કાંતે છે તે જોવું છે. અને પેલું હરણ પણ જોવું છે. હરણ તેા આપણી પૃથ્વી ઉપરથી પણ દેખાય છે. એ તેા મેાટું જબરું હશે, બરું?"

બધાં થેાડેક આગળ ચાલ્યાં તેા મૃદુ ઝીણેા ઝણઝણ અવાજ આવતેા સંભળાયેા. સાથે સાથે શાંત મંદ પ્રકાશ પણ દેખાયેા. સામેજ ચંદ્રકિરણેા નાચી રહ્યાં હતાં. ફરી પરીઓની પાંખેા ફફડતી દેખાતી હતી. તેમનું મનેારમ મૃદુ હાસ્ય પણ સંભળાયું. પરીઓના હાથમાં એક માળા હતી. એ લાંબી માળા ઊંચે ઉપાડવામાં દરેક પરી મદદ કરી રહી હતી. ધીરે ધીરે પરીઓ નજીક આવી. પેલી માળાને છેડે એક મેાટેા પતંગ હતેા. પતંગ મનુ કરતાં બમણેા મેાટેા હતેા. એવડેા મેાટેા પતંગ અને માળા ઊંચકતી પરીઓ નાચતી આવતી હતી. મનુ-લીલુને એ પતંગ ભેટ આપવા સારુ તે લાવી હતી. પેલી માળા તેા પતંગનું પૂંછડું હતું. પતંગ ઉપર હસતા ચંદ્રનું ચિત્ર હતું.

મનુ-લીલુએ પરીઓનેા આભાર માન્યેા. પતંગને આકાશમાં શી રીતે ચગવવેા તે પણ તેમણે પરીઓ પાસેથી જાણી લીધું.

પરીઓએ કહ્યું: "પતંગ ઊડે ત્યારે જોજો! બરાબર ચંદ્ર જેવેા જ દેખાશે."

પતંગ કયાં રાખવેા એ મેાટેા સવાલ થઈ પડયેા. વિમાનમાં તે કેાઈ રીતે માય તેમ નહેાતું. વિમાન સાથે બાંધીને લટકતેા રાખવામાં આવે તેા ફાટીને તૂટી જવાનેા ભય હતેા.

પરીઓ કહે: "અરે, ગભરાવ છો શા માટે? આ પતંગ તો ચંદ્રકિરણોનો જ બનેલો છે. એ ફાટી જશે તોપણ આકર્ષક જ દેખાશે."

મનુ-લીલુ પરીઓ સાથે ચાંદા ઉપર પુષ્કળ ફરી આવ્યાં. આટલું બધું રખડ્યા છતાં જરાય થાક કેમ ન લાગ્યો તેનું તેમને રહી રહીને આશ્ચર્ય થતું હતું. પરીઓએ કહ્યું: "થાક શી રીતે લાગે? ચંદ્રનાં કિરણો ઉપર તમે તો લપસતાં જ હતાં! તમારે ક્યાં ચાલવું પડ્યું છે? પણ હવે આ વાદળાં પર બેસી અમે સરકસના ખેલ કરીએ છીએ તે જુઓ."

મનુ, લીલુ અને ડાઘિયો વાદળાંના રૂના પોલ જેવી ખુરશીઓ પર અઢેલી પરીઓની રમત જોવા લાગ્યાં. જાતજાતના નાચ પરીઓએ તેમને બતાવ્યા. મનુ-લીલુએ તાળીઓ પાડી પોતાનો આનંદ વ્યક્ત કર્યો. બધાંને ખૂબ મજા પડી.

× × ×

પરીઓની રજા લઈ મનુ તથા લીલુ પાછાં વિમાનમાં જઈને બેઠાં. વિમાન પાછું ચાલુ થયું. ઊડતાં ઊડતાં તેઓ હિમનગરના રાજમાં આવી પહોંચ્યાં. હિમનગરમાં ચારે તરફ બસ બરફ જ પથરાયેલો પડ્યો હતો: ચોતરફ સફેદ હીરાકણી જેવી ઠંડીગાર શિલાઓ દેખાતી હતી.

મનુ-લીલુએ થર્મોસ કાઢી અંદરથી બાંડ નાખેલું દૂધ પ્યાલામાં રેડ્યું. પણ ત્યાં તો પ્યાલાઓ આઇસક્રીમથી ભરાઈ ગયા! બંને નવાઈ પામ્યાં. આખરે ગરમ દૂધને બદલે મનુ-લીલુએ આઇસક્રીમના પ્યાલાઓ ખાલી કર્યા.

હિમનગરમાં હિમરાજ અને તેમના નોકરો ફરતા હતા. તેમના દેહ અને કપડાં બધું જ બરફનું બનેલું હતું. જાણે બરફની નાની નાની શિલાઓ ફરતાં નીકળી પડી!

મનુ-લીલુએ હિમરાજાને પ્રણામ કર્યા. રજા લઈ તેઓ તુરત પાછાં ફરવા માગતાં હતાં.

ડાઘિયે ગરમ કોટ ચઢાવ્યો હતો તે પર પણ બરફના થર જામી ગયા હતા. પોતે ક્યાં આવી પહોંચ્યો છે તે જ તે સમજી શકતો નહોતો. મનુ-લીલુ હિમરાજા સાથે વાતોમાં પડ્યાં હતાં. ડાઘિયો તેમના બંડમાં આંટો મારી નકશો ક્યાં છે તે જોઈ આવ્યો. પાસે જ પૃથ્વીના એક ગોળા જેવો આકાર હતો; પણ એ ગોળો સાવ ચપટો દેખાતો હતો. ગોળાના મધ્ય ભાગે બરફનાં શિખરો જણાતાં હતાં.

ડાઘિયે મનુનું ધ્યાન એ નકશા તરફ દોર્યું. પહેલાં તો મનુ અને લીલુ પણ એ શું છે તે સમજી શકયાં નહિ. આખરે મનુને સૂઝી આવ્યું. તેણે હિમરાજાને પૂછ્યું: "હિમરાજ! આ ગોળો તો પૃથ્વીનો છે ના? તો તે આવો ચપટો કેમ દેખાય છે?"

હિમરાજાએ કહ્યું: "જે જાતની પૃથ્વી અમે જોઈ શકીએ છીએ તેવો જ આકાર અમે બનાવ્યો છે. આ જુઓ

તમારો ઉત્તરધ્રુવ દેખાય છે. ત્યાં બરાબર વચમાં જે બરફના ડુંગરા દેખાય છે તે મારા તાબામાં છે.”

મનુએ કહ્યું : “હાં, હવે સમજ્યો. તમે ઉત્તરધ્રુવ ઉપરના આકાશમાં રહો છો; કેમ બરું ના ?”

“હા. પરંતુ મારો રાજ્યવિસ્તાર તો ઘણે દૂર સુધી છે. ઠેઠ હિંદુસ્તાનમાં હિમાલયનાં શિખરો છે ત્યાં હું ઉનાળામાં પણ પહોંચી જાઉં છું.”

મનુ–લીલુએ નક્કી કર્યું કે પોતાનું વિમાન તે વખતે ઉત્તરધ્રુવ ઉપરથી પસાર થતું હતું. આખરે હિમરાજની રજા લઈ તેમણે વિમાન ચાલુ કરી દીધું.

નીચે ઊડીને તેમને જુદા જુદા દેશોનું નિરીક્ષણ કરવાની મરજી હતી તેથી તેમણે વિમાન બહુ ઊંચે ન હાંકતાં નીચે નીચે હાંકવા માંડ્યું. ધીરે ધીરે રશિયા, નૉર્વે, સ્કૉટલૅન્ડ, કૅનેડા વગેરે જુદા જુદા દેશો તેઓ ફરી વળ્યાં. લગભગ બધા દેશોમાં તેમણે નાતાલનાં રમકડાંનાં ઝાડો અને બરફ જોયાં. નાનાં બાળકો પણ નાતાલના તહેવારોની મજા માણી રહ્યાં હતાં. તેમને જોતાં જ મનુ-લીલુના ધ્યાનમાં આવ્યું કે પોતાની શાળામાં પણ અત્યારે નાતાલની રજાઓ જ ચાલે છે.

ફરતાં ફરતાં આખરે તેઓ પોતાને ગામ આવી પહોંચ્યાં. તેમની મરજી વિમાનને પોતાના જ ફળિયામાં ઉતારવાની હતી. આથી તેઓ છેક નીચેથી ઊડી રહ્યાં હતાં. પોતાના ઘર પાસે આવી પહોંચતાં જ તેમણે વિમાનને ઘણું નીચે આણ્યું.

વિમાનના ઘરઘરાટથી બગીચાનાં મોટાં ઝાડો પરનાં પક્ષીઓ ત્રાસીને ઊડી ગયાં. કાગડા અને સમડીઓએ ફરતાં ચક્કર મારવાનું શરૂ કરી દીધું. છાપરા પર બેઠેલી લીલુની પાળેલી મીનીમાશી તો જરા ય અવાજ કર્યા વિના મખમલિયા પગે દોડીને રસોડામાં જ ભરાઈ ગઈ. મીનીને જોઈ ડાઘિયાની ધીરજ ખૂટી પડી; તેણે વિમાનમાંથી ભૂસ્કો માર્યો. સદ્‌ભાગ્યે વિમાન ઘણું નીચે આવી ગયું હતું તેથી ડાઘિયો સહીસલામત તો રહ્યો, પણ તેને સારી રીતે લાગ્યાનું દુઃખ તેણે વાઉ વાઉ કરી જાહેર કર્યું !

વિમાનમાંથી ઊતરી લીલુએ ડાઘિયાને ઊંચકી લીધો અને બન્ને ભાઈબહેન દોડીને બા-બાપુજીના ખોળામાં ભરાઈ ગયાં ! —તારાબેન

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે, બી. એ., એમણે
આત્મારામ પ્રિંટીંગ પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. ૨૨–૨–૪૩.

22973

22973

22974

খিড়কি পত্রিকা

বর্ষ ৫৫

22974